મહાવીર સ્તવન વિશેષાંક

# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૬૧ • અંક-૪ • એપ્રિલ ૨૦૧૩ • પાના ૮૪ • કીમત રૂા. ૨૦



વિશ્વના સમસ્ત જડ-ચેતન દ્રવ્યો અને ત્રૈકાલિક પર્યાયો-અવસ્થાઓનું
સંપૂર્ણ જ્ઞાન કરાવનાર કેવલજ્ઞાન (સર્વજ્ઞતા)ની પ્રાપ્તિ
Bhagwan Mahavira attains omniscience (kevala-jnana) while absorbed in the highest type of maditation

## જિન-વચન

**સમયં ગોયમ મા પમાયએ**

दुमपत्तए पंडुयए जहा निवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं समयं गोयम मा पमायए ।।
(उ. १०-१)

**જેમ વૃક્ષનું પીળું થઈ ગયેલું પાંદડું રાત્રિઓ વીતતાં ખરી પડે છે, તેમ મનુષ્યના જીવનનો પણ અંત આવે છે. માટે હે ગૌતમ ! ક્ષણ માત્રનો પ્રમાદ ન કર.**

A withered leaf of a tree falls down after some nights go by. Similarly the life of a man comes to an end. Therefore, O Gautama! do not be careless even for a moment.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૪ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૩ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૧મા વર્ષમાં પ્રવેશ

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

### પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | તંત્રી સ્થાનેથી.... | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | આ વિશિષ્ઠ અંકના માનદ સંપાદિકા : ડૉ. કલા શાહ | ધનવંત શાહ | ૪ |
| (૩) | જૈન સ્તવન સાહિત્ય-એક ઝલક | ડૉ. કલા શાહ | ૫ |
| (૪) | अणुत्तरे सव्वजगंसि - સંપૂર્ણ જગતમાં અનુત્તર શ્રેષ્ઠ છે | ડૉ. જિતેન્દ્ર બી શાહ | ૧૧ |
| (૫) | શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું સ્તવન | ડૉ. કવિન શાહ | ૧૩ |
| (૬) | વીર કુંવરની વાતલડી કોને કહીએ રે! (હાલરડું) | શ્રીમતી અનિલા હસમુખ શાહ | ૧૭ |
| (૭) | શ્રી મહાવીર પ્રભુનું હાલરડું (પારણું) | શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી | ૨૧ |
| (૮) | ઊભો મદ મોડી | ડૉ. પ્રફુલ્લા વોરા | ૨૫ |
| (૯) | શ્રી મહાવીર સ્વામીનું પંચ કલ્યાણક સ્તવન | પૂ. સાધ્વી વૃદ્ધિયશા | ૨૮ |
| (૧૦) | વીર સ્તુતિ – પુચ્છિંસુણં | ડૉ. ધનવંતીબેન શાહ | ૩૨ |
| (૧૧) | 'ગિરુઆ રે ગુણ તુમ તણા...' | ડૉ. કાન્તિભાઈ બી. શાહ | ૩૬ |
| (૧૨) | તાર હો તાર | યાત્રિકભાઈ ઝવેરી | ૩૮ |
| (૧૩) | તુમ દીઠે અતિહિ આનંદ! | ડૉ. કુમારપાળ દેસાઈ | ૪૧ |
| (૧૪) | સિદ્ધારથના હે નંદન વિનવું | ડૉ. માલતીબહેન શાહ | ૪૪ |
| (૧૫) | આજ મહારા પ્રભુજી સ્હામું જુઓ | ડૉ. અભય દોશી | ૪૫ |
| (૧૬) | વર્તમાન જીનવરને ધ્યાને | ડૉ. ફાલ્ગુની ઝવેરી | ૪૮ |
| (૧૭) | વિદાય | ડૉ. રેખા વોરા | ૫૦ |
| (૧૮) | દીન દુઃખીયાનો બેલી | ડૉ. આરતી વોરા | ૫૨ |
| (૧૯) | દુર્લભ ભવ લહી દોહ્યલો | ડૉ. પાર્વતી ખીરાણી | ૫૬ |
| (૨૦) | ભવદધિ પાર ઉતારણી | ડૉ. રતનબેન છાડવા | ૫૯ |
| (૨૧) | મહાવીર સ્તવના | ડૉ. પુષ્પાબેન નિસર | ૬૨ |
| (૨૨) | ભવિષ્યવાણી | ડૉ. રેણુકા પોરવાલ | ૬૪ |
| (૨૩) | મહાવીર સ્તવન | ડૉ. કેતકીબેન શાહ | ૬૬ |
| (૨૪) | સિદ્ધશિલા | સાધ્વી ચૈત્યયશા | ૬૯ |
| (૨૫) | મહાવીર ચાલીસા | ડૉ. હંસા એસ શાહ | ૭૪ |
| (૨૬) | મહાવીર સ્વામી જીવન દર્શન | પ.પૂ.આ. વાત્સલ્યદીપ સૂરીશ્વરજી | ૭૮ |
| (૨૭) | જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૯ દેવલાલીમાં સંપન્ન | — | ૮૦ |
| (૨૮) | Thus HE Was, Thus HE Spoke—Lord Mahavir | Reshma Jain | 81 |
| (૨૯) | Bhagwan Mahavir : Fearless Child | Pushpa Parikh | 81 |
| (૩૦) | Shantilal Shah's Mahavir Stavan | Pushpa Parikh | 82 |
| (૩૧) | A beginner's guide to Lord Mahavir | Reshma Jain | 83 |


**આ અંકના ચિત્રો કવર પેજ પહેલું, ત્રીજું અને ચોથુંના સૌજન્યદાતા**
**મેંદરડાનિવાસી સ્વ. શિવુભાઈ વસનજીભાઈ લાઠિયાની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે**
**હસ્તે શ્રીમતિ હેમલતા શિવુભાઈ લાઠિયા પરિવાર-જુહુ-મુંબઈ**
**ચિત્રકાર :**
**ગોકુલદાસ કાપડિયા, આચાર્ય યશોવિજયજી સંપાદિત તીર્થંકર ભગવાન શ્રી મહાવીર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૧ ● અંક : ૪ ● એપ્રિલ ૨૦૧૩ ● વિક્રમ સંવત ૨૦૬૯ ● વીર સંવત ૨૫૩૯ ● ચૈત્ર સુદિ ● તિથિ-૬ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૪મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●　　● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## આ મહાવીર સ્તવન અંકના માનદ સંપાદિકા
## ડૉ. કલા શાહ

### તંત્રી સ્થાનેથી...✍

'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથો', 'જૈન સાહિત્ય કથા વિશ્વ', 'ભગવાન મહાવીર જન્મ કલ્યાણક દિન વિશેષાંક', 'નવપદ', 'આગમસૂત્ર પરિચય' અને 'ગાંધી ચિંતન', આ છ વિશિષ્ટ અંકો પછી આ સાતમો 'મહાવીર સ્તવન' અંક 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોના કરકમળમાં સમર્પિત કરતા અમે આનંદ અનુભવીએ છીએ. 'પ્રબુદ્ધ જીવન'ને આર્થિક કટોકટી હોવા છતાં આવા સાહસો થઈ જાય છે એનું કારણ વાચકોનો પ્રેમ અને પ્રોત્સાહન.

જૈન ભક્તિ સાહિત્ય સાગર જેટલું વિશાળ છે. એમાં કાવ્યત્વ છે, અર્થ છે, ભગવાનનો ગુણાનુરાગ છે અને સમર્પણ દ્વારા કર્મક્ષય અને અંતે મોક્ષ માર્ગનું પથદર્શન છે. જ્ઞાન અને તપ કદાચ સર્વ માટે શક્ય ન બને, પણ ભક્તિ તો સર્વ માટે સરળ માર્ગ છે, સૌ પ્રથમ એમાં 'અહમ્'નું વિગલન છે અને પછી તીર્થંકરના ગુણોને પોતાનામાં પ્રવેશાવવાની વિનંતિ સાથે સર્વ સમર્પણ છે.

**આ અંકના સૌજન્યદાતા**

**જશવંતભાઈ મણિલાલ શાહ પરિવાર**

**સુરેખાબેન ● રાજેશ ● હિતેશ ● જિતેશ**

વર્તમાનમાં જૈન મંદિરોમાં જે ક્રિયા થઈ રહી છે એ હિંદુ ધર્મની ક્રિયાનું અનુસરણ હોય એમ લાગે છે. આરતી સમયે આરતીની દીપ શિખાઓ અને ઘંટ નગારાના નાદથી કેટલાં વાયુકાય જીવોની હિંસા થાય છે એનો કોઈએ વિચાર કર્યો છે? ભાવનાના સમયે સંગીત ઘોંઘાટિયું એ હદે બની ગયું છે કે સ્તવનના શબ્દો સંભળાય જ નહિ, ઉપરાંત સ્તવનોમાં શબ્દોને ફિલ્મી ગીતોના ઢાળમાં તો એવી રીતે મારી મચડીને ગોઠવાય છે કે હૃદયમાંથી ભક્તિભાવ ઉત્પન્ન જ ન થાય, ફિલ્મનું દૃશ્ય જ નજરે પડે, અને બધા સંગીત સંયોજકો કવિ બની જાય!! ભાવની આશાતના ક્યાં સુધી સહન કરીશું?

ભક્તિ અને ભગવાન પ્રત્યેના સમર્પણના શુદ્ધ ભાવો સ્તવન કવિત દ્વારા ધ્યાનની કક્ષાએ જન્મે તો નાનું સ્તવન પણ સમાધિ બની જાય.

જૈન સ્તવનો વિશેનો કલાબેનનો આ અંકમાં પ્રસ્તુત લેખ અભ્યાસનિષ્ઠ છે.

ડૉ. કલાબેને ખૂબ જ ઓછા સમયમાં ખૂબ જ પરિશ્રમથી આ અંકનું સંપાદન કર્યું છે. વિદ્વાન-વિદુષીઓને આમંત્રણ આપી વિવિધ વિષયો અને ભાવો ઉપરના સ્તવનો નિમંત્રી એ કૃતિનું સરળ ભાષામાં આસ્વાદ કરાવ્યું છે.આ આસ્વાદ આપણી ભક્તિ પ્રેરણાને ગુંજતું રાખશે એવી શ્રદ્ધા છે.

**☐ધનવંત શાહ**

drdtshah@hotmail. com

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

## મહાવીર સ્તવનો

# આ વિશિષ્ટ અંકના માનદ સંપાદિકા ડૉ. કલાબેન શાહ

મોટીબેન જેવું જેમનું વાત્સલ્ય અર્ધી સદીથી સતત અવિતરપણે આ લખનારે માણ્યું હોય એવી બા. બ્ર. વિદુષી શ્રાવિકા ડૉ. કલાબેન વિશે જેટલાં શબ્દો લખું એટલાં ઓછા પડે. સ્મરણો અને સિદ્ધિનો ખજાનો પડ્યો હોય સ્મૃતિમાં, એમાં કોને કોને શબ્દ આકાર આપવો!

ડૉ. કલાબેન, વિદ્વાન મિત્ર કિશોર પારેખ, જિજ્ઞાસુ, સાહિત્ય પ્રેમી અનિલા અને આ લખનાર, વયમાં આ ત્રણથી નાનો એટલે લાડકો પણ ખરો, અમારી ચારની મિત્ર ચોકડી–અમે એને સ્વસ્તિક કહેતા. ફોર્ટની સિદ્ધાર્થ કૉલેજ અમારા મૈત્રી સંબંધોનું જન્મ સ્થાન, અને અભ્યાસ અધ્યયન માટે આજ ફોર્ટમાં આવેલી પેટિટ લાયબ્રેરી, અને ખાદી ભંડાર અમારું મિલન સ્થાન અને સામેની ગલીની મદ્રાસી વેસ્ટ કોસ્ટ હૉટલ-જે અત્યારે બંધ થઈ ગઈ છે-એ અમારું ભોજન સ્થાન. પંદર પૈસાનો ઢોસો અને જલસો અને બધું.

અમે ચારેય ઈસમોએ ત્યારે ઘણાં ઘણાં સ્વપ્ના ઘડ્યાં, સાહિત્યના પ્રોજેક્ટો વિચાર્યાં, અને ઘણું બધું, પણ જીવનની વાસ્તવિકતામાં એ બધાનું થયું બાષ્પિભવન.

અમારો કિશોર વિદ્વતાનો પર્યાય. પ્રત્યેક પ્રશ્નોના ઉત્તર અને સમસ્યાઓનો ઉકેલ અમને એની પાસેથી મળે. અભ્યાસ પૂરો કરી એ બેઠો બાપાની દુકાને સોપારીના ધંધામાં, પણ સાહિત્ય સાથે પાર્ટ ટાઈમ સંબંધ રાખી પુસ્તકો અને 'મુંબઈ સમાચાર'માં કોલમો લખે, અમારા કલાબેન એની ફિરકી ઉતારે. એ હસે અને એમાં પૂરતી કરી અમને બધાંને હસાવે. બે વરસ પહેલાં જ એ આ દુનિયામાંથી ફરાર થઈ ગયો! અમારા સ્વસ્તિકની એક પાંખ ઓગળી ગઈ!! જીવનની જડીબુટ્ટી જેવો આવો વિદ્વાન અને નિખાલસ મિત્ર હોવો એ અમારું પરમ સદ્ભાગ્ય.

અનિલા નસીબદાર. એને તો સુખ માટે દોડવા ઢાળ મળ્યો, દોડી અને મોટા ઘરની વહુ બની, અને એણે શ્રાવિકા ધર્મ ઉજાળ્યો, સાહિત્યને જીવન જીવવા માટે અનિલાએ કામે લગાડ્યું.

હું પણ અડધો ઉદ્યોગ-વેપારમાં અને અડધો અધ્યાપન અને સાહિત્યમાં.

પણ અમારા કલાબેન પૂરેપૂરા સાહિત્ય અને જ્ઞાનના આજીવન આરાધક બન્યા.

ડૉ. રમણભાઈ મારા અને કલાબેનના ગુરુ. આજે અમે જ્ઞાન-સાહિત્ય ક્ષેત્રે કાંઈ પણ યત્કિંચિત કરી રહ્યા છીએ તો એ આ અમારા પૂ. ગુરુના કારણે.

મુંબઈની ગુલાલવાડીમાં ચિંતામણિ બિલ્ડિંગના પાંચમે માળે કલાબેનના ઘરે અમારી ચારની મહેફિલ જામે. કલાબેનના પૂ. બા. અમારી હેતે હેતે એવી સરભરા કરે કે અમને એમનામાં અમારી માતાનું દર્શન થાય. પછી ઘણાં વરસે અમને ખબર પડી કે આ માતા કલાબેનના અપર માતા હતા!! બધી માતાઓથી પર તે આ અપર માતા. કલાબેને તો બાળપણમાં જ પોતાની માતા ગુમાવેલા. પણ આ માતાએ કલાબેનને એવો પ્રેમ આપ્યો કે કલાબેનને પોતાની માતાનું સ્મરણ પણ ન થાય, અને આ માતાની કલાબેને એવી સેવા કરી કે એમની સગી દીકરી પણ કદાચ આવી સેવા ન કરી શકે.

માતા-પિતાનો વિયોગ થતાં ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોની જવાબદારી કોઈ પણ ભેદભાવ વગર, કલાબેને સ્વીકારી, અને નીભાવી.

ડૉ. કલાબેને મુંબઈ યુનિ.માં લીંગ્વીસ્ટિક અને સાહિત્ય સાથે એમ.એમ. કર્યું, પછી પીએચ.ડી.ની ડીગ્રી પણ પ્રાપ્ત કરી.

મુંબઈની એમ.ડી. કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે દીર્ઘ સેવા આપી. તેંત્રીસ વર્ષની ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ઘડી.

સાહિત્ય અને જૈન તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો. પીએચ.ડી.ના ગાઈડ તરીકે મુંબઈ યુનિવર્સિટીએ એમની નિમણૂક કરી અને અત્યાર સુધી વીસ વિદ્યાર્થીઓએ એમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. આ ઉમદા કાર્ય માટે જ્ઞાનીજગત કલાબેનનું ઋણી રહેશે.

આ સમય દરમિયાન એમણે વર્તમાનપત્રો અને સામયિકોમાં કોલમ લખી અને 'પ્રથમ પુનિત પદાર્પણ', 'જૈન ધર્મની પ્રમુખ સાધ્વીઓ', 'સદ્ભાવના સેતુ', 'પરમ તત્ત્વને ધ્યાવા–શ્રીમદ્ દેવચંદ્રજીનું જીવન', 'રત્નવંશના ધર્માચાર્યો', 'જ્ઞાન સાગરના મોતી'-ભાગ ૧ થી ૩, 'ચંદરાજાનો રાસ'–મહા નિબંધ, 'સમ્રાટ સંપ્રતિની યશોગાથા' શીર્ષકથી દશેક ગ્રંથોનું સર્જન કર્યું.

વિદૂષી લેખિકા, પત્રકાર, પ્રખર વક્તા, સંશોધક, પ્રેમાળ શિક્ષિકા, જ્ઞાન માર્ગદર્શક, જૈન તત્ત્વના જ્ઞાતા એવા આ ડૉ. કલાબેનનું અનેક સંસ્થાઓએ જાહેર સન્માન કર્યું છે અને પારિતોષિકોથી નવાજ્યા છે.

આજે પંચોતેરની વયે પણ એઓ અવિરત જ્ઞાન સાધના કરી વિદ્યા તપની આરતી ઉતારી રહ્યાં છે, એ સર્વ માટે પ્રેરક છે.

આવા પ્રેરણા સ્થાનને પરમાત્મા દીર્ઘ અને સ્વસ્થ આયુષ્ય અર્પે અને મા સરસ્વતીની સેવા કરવાની સુવર્ણ તકો કલાબેનને મળતી રહે એવી પ્રાર્થના.

'મહાવીર સ્તવન'ના આ વિશિષ્ટ અંકનું સંપાદન કરવા માટે ડૉ. કલાબેનને થોડો જ સમય મળ્યો, છતાં ખૂબ જ પરિશ્રમ કરી આ અંકને ભક્તિ અને તત્ત્વ તેમજ કવિતાથી સમૃદ્ધ કર્યો છે. વાંચકના મનમાં અવશ્ય દિવ્ય ભક્તિની ભાવનાના વલયોનું સર્જન થશે એવી અમને શ્રદ્ધા છે.

☐ **ધનવંત શાહ**

# જૈન સ્તવન સાહિત્ય-એક ઝલક

❑ ડૉ. કલા શાહ

સ્તવનની વાત કરતાંની સાથે જ મારું મન બાળપણની સ્મૃતિઓમાં સરી પડે છે. નાની હતી ત્યારે દાદીમા સાથે (મારા મોસાળના ગામના) દેરાસર જવાનું નિયમિત થતું. નિયમ એવો હતો કે પ્રથમ બા સાથે ભગવાનના દર્શન કરી પછી બાની બાજુમાં ચૈત્યવંદનની મુદ્રામાં બેસી ચૈત્યવંદન કરવાનું...એકાગ્ર ચિત્તે સાંભળવાનું. પણ મારા બા જ્યારે પ્રભુની મૂર્તિ સામે જોઈ ચૈત્યવંદન કરતા ત્યારે મારું ધ્યાન ભગવાનની મૂર્તિને બદલે મારા દાદીમાના ચહેરા પર ચોંટી જતું. એમનો મધુર કંઠ, એમના મનોભાવ, અને એમના નયનોમાંથી વ્યક્ત થતી પ્રભુ પ્રત્યેની નિર્મળ ભક્તિભાવના... એમના હૃદયની તૃષ્ણા, તડપ, તલબ અને મારા કાનમાં પેલો મધુર કંઠ આજે ય ગૂંજે છે.

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મૂરતિ
મારું મન લોભાણું જી...
કે મારું દિલ લોભાણું જી...

અને સ્તવન પૂરું થાય ત્યારે તેમની આંખો ભીની થઈ ગઈ હોય. આવો એમનો નિર્ભેળ ભક્તિભાવ.

બીજું એક સ્મરણ માનસપટ પર જીવંત થાય છે. મધુર ભાવભર્યા શાસ્ત્રીય રાગો સાથે માનનીય ચીમનભાઈ ભોજકનો વાજીંત્રો સાથે (શાસ્ત્રી રાગ-રાગિણીઓમાં) ગવાતો...ગૂંજતો કંઠ.

વર્તમાનમાં તો શેરીએ શેરીએ, પોળે પોળે જૈન શ્રાવિકોના ભક્તિ-મંડળોમાં વાર-તિથિએ અને પર્વો દરમિયાન ઉજવાતા ઉત્સવો-મહોત્સવો અને પૂજાઓમાં તેમના મધુર કંઠે ગવાતા સ્તવનોનો ગુંજારવ રણકે છે. આ સ્મરણો કદી ભુલાય નહીં એવા સંસ્મરણો છે.

સ્તવનની વાત કરવી હોય તો ભક્તિની વાત તો કરવી જ રહી. ભારત દેશ, ભારતની સંસ્કૃતિ એટલે ભગવાન, ભક્ત અને ભક્તિના દેશની સંસ્કૃતિ. આ દેશમાં રહેતી દરેક પ્રજા ધર્મને માને છે. ભગવાનને એક યા બીજા સ્વરૂપે પૂજે છે.

''ઈશ્વરમાં અનુરાગ એનું નામ જ ભક્તિ. તે ઈશ્વરમાં સર્વોત્કૃષ્ટ અનુરાગ જેને પ્રીતિ કહેવાય તેવો અનુરાગ, અતિ નિર્ભર, એટલે બીજા રાગોનું વિસ્મરણ કરાવનાર તેમજ તેમના મહાત્મ્યનો જ્ઞાનપૂર્વકનો સ્નેહ તે જ ભક્તિ. ગુણોના બહુમાનથી હૃદયમાં ઉત્પન્ન થતા પ્રીતિરસને 'ભક્તિ' શબ્દથી વર્ણવવામાં આવે છે.'' (શાંડિલ્ય સૂત્ર ભાષ્ય)

ભક્તિનો પર્યાયવાચી શબ્દ શ્રદ્ધા પણ છે. જ્યાં સુધી શ્રદ્ધાભક્તિનો જન્મ ભક્તના મનમાં ન થાય ત્યાં સુધી આત્મસ્વરૂપના દર્શન થવા અશક્ય છે. તેથી ભક્તને ભગવાન પ્રત્યે શ્રદ્ધા પ્રકટ થાય ત્યારે જ તેના સ્વરૂપનું દર્શન થાય છે.

ભક્તિ એટલે આત્માનો પરમાત્મા પ્રત્યેનો પ્રેમ.

ભક્તિપથમાં હૃદય આધાર સ્વરૂપ છે. હૃદયમાં અનુભવાતો ભાવ એ ભક્તિયોગના પાયામાં છે. ભાવની વ્યાખ્યા આપવાનું શક્ય નથી. જે અનુભવગમ્ય છે. આ ભાવ હૃદયમાંથી વહેતી સંવેદના છે. સ્પંદન છે, જ્યારે હૃદયની આ ભાવધારા ભગવાન તરફ વહે છે ત્યારે તે ભગવદ્ પ્રેમ ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે.

પ્રેમ તત્ત્વ ભક્તિમાર્ગની આધાર શિલા છે. પ્રેમ એટલે જ ભક્તિ. પ્રેમ એટલે જ જીવનું પ્રભુ પ્રત્યે આકર્ષણ. પ્રભુ તરફનું આ ખેંચાણ એ જ ભક્તિનું આદિ સ્વરૂપ છે.

શ્રદ્ધા, પ્રેમ અને સમર્પણની ત્રિપુટી એ ભક્તિપથના ત્રણ દેવતા છે. ત્રણે અરસપરસ રીતે અનિવાર્ય રીતે જોડાયેલા છે.

શ્રદ્ધા એ ભક્તિનું ઉદ્‌ગમ સ્થાન છે.

ભગવાનમાં ક્ષદ્ધા એ ભગવાન પ્રત્યેના પ્રેમનો પાયો છે. ભગવાનને સમર્પણ એ ભગવત પ્રેમનું પરિણામ છે. જ્યાં શ્રદ્ધા હોય ત્યાં સમર્પણ ભાવ આવે જ. શ્રદ્ધાની ગંગોત્રીમાંથી પ્રેમની ગંગા વહે છે અને સમર્પણના સાગરમાં સમાય છે. ભગવાનમાં શ્રદ્ધા એ ભક્તિનો ઉદ્‌ગમ છે. ભગવદ્ પ્રેમ એ ભક્તિની વિકાસયાત્રા છે અને ભગવાનને નિઃશેષ સમર્પણ એ ભક્તિની પરિણતી છે.

ભક્તિ પરમ પ્રેમ સ્વરૂપિણી છે. ભક્તના હૃદયમાં જે પ્રેમ અનુભવાય છે તે જ ભક્તિ છે. દરેક પ્રકારનો પ્રેમ એ ભક્તિ નથી. માતાનો સંતાન પ્રત્યેનો પ્રેમ કે પતિનો પત્ની પ્રત્યેનો પ્રેમ એ ભક્તિ નથી. એ તો મહદ્ અંશે આસક્તિ છે. જીવનો પ્રેમ ભગવાન તરફ વળે ત્યારે તે ભક્તિ ગણાય છે.

જૈન દર્શનના ષડાવશ્યકમાં સમતા પછી ભક્તિને બીજું આવશ્યક બતાવવામાં આવ્યું છે. દરેક સાધકની એ ફરજ છે કે એ જૈન તીર્થંકરોની સ્તુતિ કરે. આ સ્તુતિ ભક્તિમાર્ગની જપ સાધના અથવા નામસ્મરણની કક્ષાની વસ્તુ છે. જેના માધ્યમથી સાધક પોતાના અહંકારનો નાશ કરે છે.

જૈન પરંપરામાં તીર્થંકર ધર્મ સંસ્થાપક છે. પરંતુ દુષ્ટનો વિનાશ કરવો એ તેનું કામ નથી. એવું કરવાથી અહિંસાના સિદ્ધાંતનું ઉલ્લંઘન થાય છે. તેથી હિંદુ અવતારોની જેમ સજ્જનોની રક્ષા અને દુર્જનોને વિનાશ એનું કાર્ય નથી. આ તેમના નિવૃત્તિમાર્ગને અનુકૂળ નથી. તીર્થંકરો અવતારોની જેમ ઉપાસ્ય છે; પરંતુ ભક્ત તેઓ પાસે ઉપાસનાના બદલામાં કંઈ ઈચ્છતા નથી. તેઓ તેઓના ગુણોનું સ્મરણ કરીને પોતાના દુર્ગુણોથી મુક્ત થાય છે. ભક્ત આત્મા પ્રભુભક્તિ દ્વારા પોતાના આત્મસ્વરૂપને ઓળખી લે છે. જૈન તીર્થંકર સ્વયમ્ નિષ્ક્રિય રહીને પણ ભક્તને સત્કર્મ કરવા માટે સક્રિય કરે છે.

ભાષા અને સાહિત્યમાં પૂજા, પ્રાર્થના અને સમર્પણ આ ત્રણ શબ્દો

દ્વારા ભક્તિના સ્વરૂપને સ્પષ્ટ કરેલું છે. પ્રભુ સાથે પશ્ચાતાપ કરીને હૈયાને નિર્મળ બનાવવું, એમની પવિત્ર કથાનું શ્રવણ કરવું એ બધી જ ક્રિયાને ભક્તિ કહે છે.

મધ્યકાલીન સાહિત્યમાં ભક્તિ માર્ગના વિપુલ સાહિત્યનું સર્જન સાધુ કવિઓએ કર્યું છે. જેમાં રાસ, ફાગુ, પ્રબંધ જેવા દીર્ઘકાવ્ય પ્રકારોની સાથે પદ, સ્તવન, ચોવીશી, વીશી, દુહા, સજ્ઝાય, સ્તુતિ, સ્તોત્ર, સ્નાત્રપૂજા, ચૈત્યવંદન, વધાવા વગેરે લઘુકાવ્ય પ્રકારોનો આવિષ્કાર થયેલો જોવા મળે છે.

ભક્તિમાર્ગની પ્રચલિત રચનાઓમાં સ્તવન પ્રથમ કક્ષાનું સ્થાન ધરાવે છે. સ્તવન એટલે ઊર્મિભર્યું પ્રભુભક્તિનું કાવ્ય. એક એવું કાવ્ય જેમાં પ્રભુના વિરહનો વલોપાત હોય અને છેવટે પ્રભુ પ્રત્યે નિર્ભેળ-નર્યો નીતર્યો ભક્તિભાવ હોય.

મધ્યકાલીન સાહિત્યમાં એક બાજુ નરસિંહ, મીરા, દયારામ અને અન્ય કવિઓએ ભક્તિ માર્ગનો ચીલો ચાતર્યો એમાં પ્રભાતિયાં,પદો, ગરબીઓ આદિ પ્રભુ સમક્ષ ગાઈ શકાય તેવા, પ્રભુને મનાવવા, રીઝવવા માટેના કાવ્યોની રચના કરી. તો બીજી બાજુ આપણાં જૈન સાધુ કવિઓએ એવી કમાલ કરી કે આકાશના તારાની જેમ ગણ્યા ગણાય નહિ અને વીણ્યા વીણાય નહિ એટલા સ્તવન-પદોની રચના કરી છે. આપણા માટે...આપણી પ્રભુ પ્રત્યેની પ્રીતિને, ભક્તિને વાચા આપવા માટે અગણિત નામોમાંથી કેટલાંક મહત્ત્વના નામો વિચારીએ તો સોળમી સદીના શ્રાવક કવિ ઋષભદાસ, સત્તરમી-અઢારમી સદીના સુવર્ણકાળમાં સ્તવન સ્વરૂપને સમૃદ્ધ કરનાર અવધૂ કવિ આનંદઘનજી, ન્યાયવિશારદ ઉપાધ્યાય યશોવિજયજી, દ્રવ્યાનુયોગી કવિ શ્રીમદ્ દેવચંદ્રજી, મહોપાધ્યાય ઉદયરત્ન અને ઓગણીસમી-વીસમી સદીના કવિઓમાં પૂ. આ. આત્મારામજી, પૂ. આ. વલ્લભવિજયજી, યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર, આ. લબ્ધિસૂરિજી તથા અન્ય ગુરુ ભગવંતોએ ભક્તિના સાગરમાં આપણને તરતા મૂક્યા છે.

**સ્તવન સ્વરૂપ**

'સ્તવન' શબ્દની વ્યુત્પત્તિનો વિચાર કરીએ તો 'સ્તુ' ધાતુ પરથી નામ તરીકે ઉપયોગમાં લેવાતો શબ્દ વિશેષ અર્થસૂચક છે. સામાન્ય રીતે સ્તુતિ કરવી કે ગુણગાન ગાવા એવો અર્થ આ ધાતુનો થાય છે. જૈન સ્તવન કાવ્ય પ્રકારમાં આને સામાન્ય સ્તુતિ કરતાં પણ વિશેષ એટલે કે પ્રભુની સ્તુતિ કરવી, પ્રભુના ગુણગાન ગાવા અને પ્રભુના અલૌકિક ગુણ સૌંદર્યનું વર્ણન કરવું તથા પ્રભુના ગહન સ્વરૂપને પ્રગટ કરવું એવો અર્થ થાય છે.

બીજો એક અર્થ એવો થાય છે 'સંસ્તવનં સંસ્તવ' એટલે કે સમ્યક્ રીતે સ્તવના કરવી તેને સંસ્તવ કહેવાય છે. ભક્તિના ક્ષેત્રમાં સંસ્તવનો પરિચિત અર્થ ભૌતિક પુરુષની સાથે નહીં પણ ફક્ત તીર્થંકરના અસાધારણ ગુણોની પ્રશંસા કરવી એવો થાય છે. **'આવશ્યક સૂત્ર'**માં પણ ચોવીસ તીર્થંકરોની પ્રશંસા કરવી અને **'સ્તવ'** કહ્યું છે.

આ રીતે પરમાત્માની ભક્તિ માટે કે પરમાત્માના ગુણોના વર્ણન કરવા માટે થયેલી રચનાને **'સ્તવન'** કહેવાય છે. પરમાત્માનું દ્રવ્ય, ગુણ પર્યાયથી કરાતું ધ્યાન સર્વ કર્મોનો છેદ કરી અરિહંત રૂપ અપાવનારૂં બને છે. તેથી પરમાત્માની ઉપાસનામાં, જૈન ધર્મની આરાધનામાં સ્તવન વિશેષ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

સ્તવન વિશે **પંડિત ધીરજલાલ ટોકરશી લખે છે** - 'સ્તુતિ, સ્તવન અને સ્તોત્ર એ બધાં ય ગુણકીર્તનના જ પ્રકારો છે. તેમાં સ્તુતિ એક કે બે પદ્ય પ્રમાણ હોય છે, સ્તવન, પાંચ, કે સાત પદ્ય પ્રમાણ હોય છે અને સ્તોત્ર આઠ-દશ પદ્યોથી માંડીને સો કે તેથી પણ વધુ પદ્યોનું પણ હોય છે. આમ છતાં સ્તવન અને સ્તોત્ર ઘણીવાર એકબીજાના પર્યાય તરીકે વપરાય છે. દા. ત. 'ઉવસગ્ગહરં' શ્રી પાર્શ્વનાથ ભગવાનનું પાંચ કડીનું સ્તવન છે. છતાં તે સ્તોત્ર તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે.

**ડૉ. કવિન શાહ** 'સ્તવન' સાહિત્ય પ્રકાર વિશે કહે છે–'' 'સ્તવન' શબ્દનો સામાન્ય અર્થ સ્તુતિ કરવી કે ગુણગાન ગાવા એવો થાય છે. પણ સ્તવનમાં સ્તુતિ કરતાં પણ વિશેષ રીતે પ્રભુની સ્તુતિ-એમના ગુણગાન, એમના ગુણોનું વર્ણન, જીવનનો મહિમા, ચમત્કાર, જીવનના દુઃખ દૂર કરવામાં પરોક્ષ રીતે સહાયક પ્રભુ સ્વરૂપનું વર્ણન વગેરેનો મિતાક્ષરી પરિચય થાય છે.

સ્તવન સાહિત્ય પ્રકાર તરીકે અત્યંત સમૃદ્ધ અને વિશેષ પ્રેરણારૂપ છે. જૈન સાહિત્યમાં અને જીવનમાં સ્તવનનો મહિમા અપરંપાર છે. રાગ-રાગિણીથી ભરપૂર અને વાજીંત્રોની સંગતથી સંગીતકારોના કંઠે ગવાતા સાંભળવાનો લ્હાવો કલા રસિકો માટે મહત્ત્વની બાબત છે. સ્તવનનું સ્વરૂપ સાહિત્યમાં ગૌરવપ્રદ સ્થાન ભોગવે છે. ધર્મની દૃષ્ટિએ વિચારતાં એમ લાગે છે કે તેનાથી ભક્તિરસનો અનન્ય લ્હાવો પ્રાપ્ત થાય છે. આત્મા અને પરમાત્મા વચ્ચે અનુસંધાન થાય છે. વળી કર્મનિર્જરા અને ધર્મધ્યાનની વિશિષ્ટતાનો પરિચય થાય છે. 'ભાવના જીવનાશિની' એવું કહેવાય છે. એમાં સ્તવન એ ભાવધર્મનું દ્યોતક છે. એના આલંબનથી મનના પરિણામો સુધરે છે. શુભ ભાવમાં સ્થિર થવાય છે અને જેનાથી આત્મશક્તિનો અદ્‌ભુત ચમત્કાર, માનસિક શાંતિ અને સર્વોત્તમ સંતોષનો અનુભવ થાય છે. સ્તવન ગાઈ જુઓ ને નિજાનંદમાં મસ્ત બનો ત્યારે સત્ય સમજાય.

આમ સ્તવન કાવ્ય પ્રકાર તત્ત્વદર્શન, ભાવ, રસ, અલંકાર, છંદ, પ્રભુ ગુણ દર્શન તથા તીર્થ મહિમા, તીર્થયાત્રા એવા વૈવિધ્યપૂર્ણ અંગોના સમન્વયથી સાયુજ્ય સાધીને જૈન મુનિઓના હસ્તે અદ્‌ભુત રચનાઓ થયેલી છે.''

'સ્તવન' વિશે વિદ્વાન **ડૉ. રમણભાઈ શાહ** જણાવે છે-'' 'સ્તવન એ સ્તુતિ પ્રકારની કૃતિ છે. જૈન કવિઓએ બહુધા પોતાના તીર્થંકરની સ્તુતિ ગેય રચનામાં કરી છે. તીર્થંકરના ગુણોની પ્રશંસા કરતા કરતા કેટલીકવાર તેઓ પોતાના આત્માના ઉદ્ધાર માટે પ્રભુને પ્રાર્થે છે. અને એમ કરતાં કરતાં કેટલીકવાર કવિ પોતાના મનના ભાવો વ્યક્ત

કરે છે. આથી સ્તવન એ ઉર્મિકાવ્યોનો પ્રકાર બને છે. બધા કાવ્યો શુદ્ધ ઉર્મિકાવ્યની કોટિમાં બેસી શકે એવા નથી. કેટલીક વાર કવિ તીર્થંકર ઉપરાંત વીશ વિહરમાન જિનેશ્વર, સુપ્રસિદ્ધ તીર્થો, મહાન પર્વોને ઉદ્દેશીને પણ સ્તવનની રચના કરે છે.

સ્તવન એ દેરાસરમાં ચૈત્યવંદન કરતી વખતે અથવા તો કોઈ ધાર્મિક ક્રિયા કરતી વખતે ગાવાની રચના છે. કેટલાંક કવિઆએ તીર્થંકર માટે એક સ્તવન એમ ચોવીશ સ્તવનના ગુચ્છની રચના કરી છે. અને આવી ચોવીશી પ્રકારની રચનાઓ ૧૭-૧૮માં સૈકામાં વધારે પ્રમાણમાં થઈ છે.

એ સમયમાં સ્તવનના પ્રકારની કૃતિઓમાં તત્ત્વ વિચારણાને પણ કેટલાંક કવિઓએ ગૂંથી લીધી છે. અને કેટલીક વાર સ્તવન એ લઘુરચના ન રહેતાં ૩૫૦ જેટલી કડીની સુદીર્ઘ રચના બને છે.''

આ રીતે ભક્તિ માટેની લોકપ્રિય કૃતિ સ્તવનમાં પ્રભુભક્તિ ઉપરાંત અલંકાર, દેશીઓ,ભક્ત હૃદયની આર્દ્ર ભાવનાનું નિરૂપણ મહત્ત્વનું બન્યું છે. ભક્તિ દ્વારા ભક્તજનો પૌદ્‌ગલિક સુખની માંગણી કરતાં નથી પણ 'ભવોભવ તુમ ચરણોની સેવા', 'જન્મમરણ દુઃખ કાપો', 'ભવભ્રમણ દૂર કરો', 'મોક્ષસુખ આપો', 'કર્મબંધન કાપો' – જેવી આત્મકલ્યાણની વિચારધારા સ્તવનોમાં નિહાળી શકાય છે.

સ્તવનના ભાવોમાં મોટે ભાગે ભક્ત પોતાની અલ્પતા, પોતાના દુર્ગુણો પ્રગટ કરીને સ્વનિંદા કરતો હોય છે. મોક્ષ સુખની માંગણી કરવામાં આવે તેવી અભિવ્યક્તિ કરતા સ્તવનો, પ્રભુના ગુણોનું વર્ણન કરતા સ્તવનોમાં ગુણકીર્તન ઉપરાંત પ્રભુના અતિશયોનો નિર્દેશ કરતાં કરતાં ભક્ત પ્રભુ સાથે એકરૂપ બની જાય છે. આવી અનુભૂતિ એ ભક્તિની ઉચ્ચ પ્રકારની સિદ્ધિ છે. આવી અનુભૂતિ વ્યક્ત કરતાં અનેક સ્તવનો મધ્યકાલીન સાહિત્યમાં રચાયા છે.

**દીર્ઘસ્તવનો**

ક્યારેક સ્તવન કાવ્ય પ્રકારની દીર્ઘ રચનાઓ કે ખંડકાવ્યની સાથે તુલના કરવામાં આવે છે. આ પ્રકારના સ્તવનો પરંપરાગત સ્તવનોથી જુદાં પડે છે. આવા સ્તવનોમાં સ્તવનનો આરંભ દુહાથી થાય છે. જેમાં ઈષ્ટ દેવ તથા ગુરુની સ્તુતિ, સરસ્વતીવંદના, વિષયવસ્તુનો સંકેત વગેરે દર્શાવવામાં આવેલાં હોય છે. એક કરતાં વધારે વિવિધ પ્રસંગોનું નિરૂપણ જુદા જુદા ઢાળોમાં કરવામાં આવ્યું હોય છે. આવા સ્તવનો દીર્ઘ હોવા છતાં એક સ્વતંત્ર રચના તરીકે આસ્વાદ્ય બને છે. સ્તવનને અંતે રચના સમય, કવિનું નામ, જેવી માહિતી પણ મળે છે. સમગ્ર સ્તવન દુહા, ઢાળ અને કળશમાં વહેંચાયેલ હોય છે. દા. ત. શ્રીમદ્ દેવચંદ્રજી કૃત **'શ્રી વીરજિન નિર્વાણ સ્તવન'** બાર ઢાળો અને અંતે કળશમાં રચાયેલું છે. એ જ રીતે ઉપાધ્યાય યશોવિજયજી કૃત 'શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણક'નું સ્તવન બાર ઢાળ અને બે કડીના કળશની રચના છે.

સ્તવનનો હેતુ આત્મા અને પરમાત્મા વચ્ચે અનુસંધાન સાધવાનો હોય છે. પરિણામે મન શુભ ભાવમાં સ્થિર થાય છે. જેનાથી માનસિક શાંતિ અને સર્વોત્તમ સંતોષનો અનુભવ થાય છે. સ્તવન સુંદર રીતે અને ભાવપૂર્વક ગાવાને કારણે નિજાનંદમાં મસ્ત થઈ શકાય છે. ચોવીશ તીર્થંકરોની સ્તુતિ સ્તવનોમાં આલંબન રૂપ બને છે અને તેનાથી સમ્યક્ વિશુદ્ધિ થાય છે અને આત્મભાવમાં લીન થવા માટે પ્રેરક બને છે.

પૂ. સિદ્ધસેન દિવાકરે પરમાત્માની સ્તુતિ-સ્તવનાનું ફળ વર્ણવતા કહ્યું છે,

'શ્રી જિનગુણનું સ્તવન, જાપ કે પાઠ તથા શ્રવણ મનન કે નિદિધ્યાસન, અષ્ટમહાસિદ્ધિ દેનારૂં છે. સર્વ પાપને રોકનારૂં છે. સર્વ પુણ્યનું કારણ છે. સર્વ દોષને હણનારૂં છે. સર્વ ગુણોને કરનારું છે, મહા પ્રભાવયુક્ત છે. અનેક ભવોમાં કરેલ અસંખ્ય પુણ્યથી પ્રાપ્ત થાય છે. તેમજ અનેક દેવતાઓ વડે સેવિત છે. આ સમગ્ર વિશ્વમાં તેવી કોઈ ઉત્તમ વસ્તુ નથી કે શ્રી જિન ગુણ સ્તવન આદિના પ્રભાવે ભવ્ય જીવોના હાથમાં પ્રાપ્ત થાય.'

**જૈન સ્તવન સાહિત્ય**

સમગ્ર ભારત વર્ષમાં વ્યાપેલા ભક્તિ આંદોલનને ઝીલતાં નરસિંહ મહેતાથી દયારામ સુધીનો સમય (ઇ.સ. ૧૪૪૦ થી ૧૮૫૦) ભક્તિયુગના નામે ઓળખાય છે. આ સમયના કવિઓ નરસિંહ, મીરાં, દયારામે કૃષ્ણને કેન્દ્રમાં રાખીને અનેક પદો રચ્યા. ભાલણ, વિશ્વનાથ જાની, વલ્લભ મેવાડો (ગરબા) કૃષ્ણભક્ત રાજે (મુસ્લિમ) જ્ઞાનમાર્ગી કવિ અખો, ચાબખાનો કવિ ભોજો, અને સ્વામીનારાયણ સંપ્રદાયના કવિએ પદોની રચના કરી. સમાંતરે જૈન સાધુ કવિઓએ સ્તવનોની રચના કરી. આ સ્તવનો એ પદ જ છે. જૈન કવિઓએ પરમાત્મ ભક્તિ માટે કે પરમાત્માના ગુણવર્ણન માટે રચેલા પદો એ સ્તવનો જ છે.

જૈન પરંપરામાં મોક્ષ એટલે કર્મની નિર્જરા છે. અને કર્મની નિર્જરા એ જીવ માત્રનું અંતિમ લક્ષ છે. સ્તવનના વિષયમાં અરિહંત પરમાત્માએ સર્વ કર્મોનો ક્ષય કર્યો છે. અને તીર્થંકર રૂપે સંસાર સમુદ્રમાં ડુબેલ સંસારી જીવોને ઉપદેશ દ્વારા સાચો માર્ગ બતાવ્યો છે.

નમુત્થુણં (શક્રસ્તવ)માં તીર્થંકર પરમાત્મા માટે કહ્યું છે-

ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મ નાયગાણં,

ધમ્મ સારહીણં

ધમ્મવર ચારુરંત ચાકવટ્ટીણં

ધર્મ દેનારા, ધર્મનો ઉપદેશ કરનારા, ધર્મના નાયક, ધર્મના સારથિ ધર્મરૂપી ચક્ર પ્રવર્તાવનારા ચક્રવર્તી.

ગુજરાતી ભાષામાં **ચોવીશી** કે **વીશી** રચનાઓ ચઉવીસત્થો અને શક્રસ્તવને અનુલક્ષીને થઈ તે પહેલાં સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં જૈન કવિઓએ ૨૪ તીર્થંકરોની સ્તવના કરી છે. 'આવશ્યક સૂત્ર'ના બીજા અધ્યાયમાં 'ચઉવીસત્થો' છે. ચઉવીસત્થો એટલે ચતુર્વિંશતિ સ્તવ–ચોવીશ તીર્થંકરોની સ્તવના કરવી. આ ચઉવીસત્થો એટલે જિનેશ્વરોના અતિ અદ્‌ભુત ગુણોનું કીર્તન કરવું (લોગસ્સ સૂત્ર).

આવશ્યક સૂત્રોમાંનું અન્ય એક સૂત્ર નમોત્થુણં અથવા શક્રસ્તવ પણ અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન કરે છે.

જે રીતે પદમાળાનું સ્વરૂપ વિકસ્યું એ જ રીતે સ્તવનમાંથી સ્તવન ચોવીશીનું સ્વરૂપ વિકાસ પામ્યું. સ્તવનમાં ચોવીશ તીર્થંકરો કે વીસ વિહરમાન જિનના એક એક સ્વતંત્ર સ્તવનોની માળા જે 'ચોવીશી' કે 'વીશી'ના નામે પ્રચલિત થઈ.

સોળમા શતકથી શરૂ થયેલી ચોવીશી સર્જનની આ પરંપરા વર્તમાનકાળે પણ જીવંત છે. અલબત્ત તેનો પ્રવાહ મંદ જરૂર થયેલ છે.

સત્તરમી અઢારમી સદીના સુવર્ણકાળમાં વિદ્યમાન આનંદઘનજી, યશોવિજયજી, દેવચંદ્રજી, મોહનવિજયજી, માનવિજયજી, જિનવિજયજી, દેવચંદ્ર વગેરેની ચોવીશીઓ સ્તવન સાહિત્યનો અણમોલ ખજાનો છે. આ કવિઓએ મધ્યકાલીન જૈન સાહિત્યને જ નહિ પણ સમગ્ર ગુજરાતી સાહિત્યને ધન્ય કર્યું છે.

અહીં કેટલાંક મહત્ત્વના કવિઓના સ્તવન-પદોનો વિચાર કરવામાં આવ્યો છે. અવધૂ કવિ આનંદઘનજીએ રચેલા પદો અને ચોવીશીના સ્તવનોમાં માત્ર ભક્તિની જ અભિવ્યક્તિ નથી પણ હૃદયમાંથી સહજ ભાવે સરી પડતી વાણીની પ્રતીતિ થાય છે. તેઓ કવિ હતા અને અધ્યાત્મ યોગી પણ હતા તેથી તેમના સ્તવનોમાં ભક્તિનો અધ્યાત્મરસ છલોછલ ભરેલો છે. એમના સ્તવનોમાં-પદોમાં જ્ઞાન અને ભક્તિનું અનોખું મિલન થયું છે.

મધ્યકાલીન કવિઓની જેમ જૈન કવિઓએ પણ પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા પ્રભુ ભક્તિનું નિરૂપણ કર્યું છે. આનંદઘનજીએ રચેલ ચોવીશીના પ્રથમ સ્તવનમાં આ વાતની પ્રતીતિ થાય છે.

*ઋષભ જિણેશ્વર પ્રિતમ પ્યારો રે,*
*ઓર ન ચાહું કંત.*

આ પંક્તિઓ મધ્યકાલીન કવિયિત્રી મીરાંની યાદ અપાવે છે.

*મેરો તો ગિરિધર ગોપાલ, દુસરો ન કોઈ.*

બીજા સ્તવનમાં આનંદઘનજી પ્રભુની ભક્તિ કરતાં કરતાં ઉચ્ચ તત્ત્વજ્ઞાનમાં સરી પડે છે.

*પંથડો નિહાળું રે બીજા જિનતણો*
*અજિત, અજિત ગુણધામ.*

પ્રભુને પામવાની ઝંખના નીચેના પદમાં પ્રેમલક્ષણા દ્વારા વ્યક્ત થઈ છે.

*નિશદિન જોઉં તારી વાટડી*
*ઘરે આવોને ઢોલા (પ્રિયતમ).*

પ્રભુના વિરહની વેદનાને કવિએ વાચા આપી છે.

*મીઠડો લાગે કંતડો અને ખારો લાગે લોક*
*કંત વિહોણી ગોઠડી, તે તો રણમાંહે પોક.*

આનંદઘનજી પોતાના સ્તવનમાં આત્માની અમરતાની વાત કરે છે.

*'અબ હમ અમર ભયે ન મરેંગે'*

તો સાથે પરમાત્માનું બિન સાંપ્રદાયિક સ્વરૂપ પણ વર્ણવે છે.

*રામ કહો, રહેમાન કહો, કોઉ કાન્હ કહો, મહાદેવરી,*
*પારસનાથ કહો કોઉં બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવરી.*

ઉપાધ્યાય યશોવિજયજીએ પ્રભુ ભક્તિને લગતા સ્તવન કાવ્યોમાં પોતાની ભક્તિભાવના વિવિધ રીતે વ્યક્ત કરી છે.

*પ્રભુ મોરી અઈસી આન પડી, મન કી વીથી કિનપે કહું*
*જાનોઆપ ધની.*

કવિનું ભક્ત હૃદય પ્રભુનું શરણું ઝંખે છે.

*પ્રભુ તારે ચરન સરન હું*
*હૃદય કમલ મેં ધરત હું, શિર તુજ આણ વરૂ.*

આવા ભક્તને જ્યારે પ્રભુના દર્શન થાય છે ત્યારે એના રોમ રોમ શીતલ થાય છે.

*આજ આનંદ ભયો, પ્રભુ કો દર્શન લહ્યો,*
*મારો રોમ રોમ શીતલ ભયો.*

ઉપાધ્યાય યશોવિજયજીએ પણ રાજુલની વ્યથા વર્ણવતા પદમાં મીરાંની યાદ તાજી કરી છે.

*હું દુઃખ પામું વિરહ દિવાની, બિન પિઉ*
*જિમ મછલી બિન પાની.*

ઉપાધ્યાયજી નીચેના વિશિષ્ટ સ્તવનમાં પ્રભુ વિરહમાં તડપતા ભક્ત હૃદયની કરૂણ વાણી પત્ર દ્વારા નિરુપે છે.

*કાગળ લખિયા કારમાજી, અરજ કરે છે મોરી આંખ*
*એક વાર પ્રભુ અહીંયા સમોસરોજી, કરું મારા દિલ કેરી વાત.*

ઉપાધ્યાય યશોવિજયજીની ચોવીશી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રથમ તીર્થંકરની સ્તુતિ-સ્તવના કવિ નીચેની પંક્તિઓમાં કરે છે.

*જગ જીવન જગવાલ હો, મરૂદેવીનો નંદ હો લાલ*
*મુખ દીઠે સુખ ઉપજે, દરસણ અતિહિ રસાલ હો લાલ.*

ઉપાધ્યાયજી 'સુમતિનાથ પ્રભુના' સ્તવનમાં કહે છે-

*અંગુલિયે નથી મેરૂ ઢંકાય, છાબડિયે રવિ તેજ*
*અંજલિમાં જિમ મંત્ર ન માયે, મુજ મન તિમ પ્રભુ તેજ.'*

શ્રીમદ્ દેવચંદ્રજી નિજમાં જિનને પામવાનો પુરુષાર્થ કરતા કહે છે.

*ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા*
*રસનાનો ફલ લીધો રે*
*દેવચંદ્ર કહે મારા મનનો*
*સકલ મનોરથ સીધો રે.*

માણેક મુનિ પરમાત્માને જ પોતાનું સર્વસ્વ સમજે છે.

*તું હી બ્રહ્મા, તુ હી વિધાતા, તું હી જગ તારણહાર,*
*તુ જ સરીખો નહિ દેવ જગતમાં અડવડિયા આધાર.*

કવિ સમયસુંદર પ્રભુના અનંત ગુણ ગાતા કહે છે.

*પ્રભુ તેરો ગુણ અનંત અપાર,*

*સહસ રસનાધર સુરવર કહેતાં ના'વે પાર.*

કવિ જ્ઞાન વિમલ લખચોરાશી ફેરામાંથી મુક્ત થવા વલખાં મારે છે.

*લખચોરાશી ભટકી પ્રભુજી આવ્યો તારે શરણે હો જી*
*દુર્ગતિ કાપો, શિવસુખ આપો, ભક્ત સેવકને જિનપદ સ્થાપો.*

શ્રીમદ્ દેવચંદ્રના લોકપ્રિય સ્તવનમાં સમર્પણની ભાવના સાથે પ્રભુને મીઠો ઉપાલંભ પણ ભક્ત આપી દે છે.

*તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમાં એટલું સુરજશ લીજે*
*દાસ અવગુણભર્યો ધણી પોતા તણો, દયાનિધિ દીન પર દયા કીજે*
*તારજો બાપજી બિરૂદ નિજ રાખવા, દાસની સેવા રખે જોશો.*

વીસમી સદીમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ અઢારે આલમના લોકો માટે રચેલા ભજન-રૂપી સ્તવનોમાં પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા સર્વસ્વ ભૂલી પ્રભુમય બને છે.

*જ્યાં જ્યાં વિભૂતિ આપની ત્યાં પ્રાણ મારા પાથરૂં,*
*તવ નામ પીયૂષ પી ઘણું આનંદથી હસતો ફરૂં.*

વળી કવિ આત્માને હંસનું રૂપક આપીને કહે છે-

*હંસા અલખ પ્રદેશે મહાલવું જી, હંસા ઘટમાં ધરીને ધ્યાન જી,*
*હંસા નિર્મળ જ્યોતિ ઝળહળેજી, હંસા કીજે અમૃત પાન જી.*

આ ઉપરાંત અઢળક અસંખ્ય સ્તવનોનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સાધુ કવિઓએ સર્જન કર્યું છે.

જૈન શાસનમાં તીર્થોનો-તીર્થયાત્રાનો અપાર મહિમા છે. અનેક તીર્થોમાં શ્રી શત્રુંજય તીર્થ, ગિરનાર તીર્થ, શ્રી સમેતશિખરજી તીર્થ, અષ્ટાપદ તીર્થ અને શ્રી શંખેશ્વર તીર્થ પ્રત્યેનો ભક્તિભાવ વ્યક્ત કરતા સ્તવનો અનેક કવિઓએ રચ્યા છે.

કવિ ઉદયરત્ન આદિ જિનેશ્વરને અરજ કરે છે-

*શત્રુંજય ગઢના વાસી રે મુજરો માનજો રે,*
*સેવકની સુણી વાત રે, દિલમાં ધારજો રે.*

અને સિદ્ધાચલની યાત્રાએ જવાના મનોરથની ઝંખના વ્યક્ત કરે છે.

*તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું,*
*ઋષભ જિણંદ જુહારીને સૂરજ કુંડમાં ન્હાશું.*

કવિ શુભવીર શત્રુંજયની શોભા દર્શાવતાં કહે છે-

*શોભા શી કરું રે શેત્રુંય તણી, જિહાં બિરાજે પ્રથમ તીર્થંકર દેવ જો*
*રૂડી રાયણ તળે ઋષભ સમોસર્યા*
*ચોસઠ સુરપતિ સારે પ્રભુની સેવજો.*

આદિશ્વર દાદાના ગુણ સુંદર રીતે ગાતાં કવિ કહે છે-

*સિદ્ધાચલ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો છે.*
*જાણે દર્શન અમૃત પીવો રે, આદીશ્વર અલબેલો છે.*

કવિ તિલક વિજય શત્રુંજયની છાયામાં પોતાનું મરણ ઈચ્છે છે.

*ઐસી દશા હો ભગવાન, જબ પ્રાણ તન સે નીકલે*
*ગિરિ રાજ કી હો છાયા, મન મેં ન હોવે માયા,*
*તપ સે હો શુદ્ધ કાયા, જબ પ્રાણ તન સે નીકલે.*

અનેક તીર્થોમાં શ્રી શંખેશ્વર તીર્થનો મહિમા અપાર છે. કવિ જિનહર્ષ રચિત પ્રખ્યાત લોકપ્રિય સ્તવન આજે પણ ભક્તોના કંઠે ગવાય છે.

*અંતરયામી સુણ અલવેસર મહિમા, ત્રિજગ તુમ્હારો રે*
*સાંભળીને આવ્યો હું તીરે, જન્મમરણ દુઃખ ટાળો*
*સેવક અરજ કરે છે આજ અમને શીવસુખ આપો.*

ઉપાધ્યાય યશોવિજયજી શ્રી શંખેશ્વર પ્રભુ પ્રત્યેનો ઉત્કટ ભાવ વ્યક્ત કરતાં કહે છે-

*અબ મોહે ઐસી આન બની*
*શ્રી શંખેશ્વર પાસ જિનેસર મેરે તો તું એક ધની.*

કવિ ઉદયરત્નનો આર્જવભર્યો ભક્તિભાવ અને શ્રદ્ધા તેમના પ્રખ્યાત સ્તવનમાં વ્યક્ત થયો છે.

*પાર્શ્વ શંખેશ્વરા સાર કર સેવકા, દેવ કા એવડી વાર લાગે.*
*કોડી કર જોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માંગે.*

આ ઉપરાંત અનેક તીર્થનો મહિમા પ્રકટ કરતાં સ્તવનો અનેક કવિઓએ રચ્યાં છે.

પર્વોના સ્તવનોમાં પર્યુષણ, દિવાળી, મૌન એકાદશી વગેરે પર્વોના સ્તવનોની રચના પણ સારા પ્રમાણમાં થયેલી છે. શ્રી બુદ્ધિવિજયજી રચિત પર્યુષણ પર્વનું સ્તવન લોકપ્રિય છે.

*સુણજો સાજન સંત પજુસણ આવ્યા રે.*
*તમે પુણ્ય કરો પુણ્યવંત ભાવિક મન આવ્યા રે.*

કવિ દાનવિજય પર્યુષણ પર્વની શ્રેષ્ઠતા વ્યક્ત કરે છે-

*પ્રભુ વીરજિણંદ વિચારી ભાખ્યા પર્વ પજુસણ ભારી*
*આખા વર્ષમાં તે દિન મોટા, આઠે નહીં તેમાં છોટા રે,*
*એ ઉત્તમ ને ઉપકારી ભાખ્યા*
*વૃક્ષમાંહે કલ્પતરૂ સારો તેમ પર્વ પજુસણ ધારો રે.*

દિવાળીના પર્વ વિષે કવિ શ્રી લબ્ધિવિજયે ૧૦ ઢાળનું કલ્પ રચ્યું છે તેમાં દિવાળીનું પર્વ વિધિવત્ ઉજવવાનો મહિમા વ્યક્ત કર્યો છે.

*નિર્વાણ સ્તવન મહિમા ભવન, વીર જિનનો જે ભણે.*
*તે લહે લીલા લબ્ધિ લચ્છી, શ્રી ગુરુ હર્ષ વધામણે.*

કવિ જ્ઞાનવિમલે દીપાલિકા પર્વનો મહિમા ભક્તિભાવપૂર્વક ગાયો છે.

*દુઃખ હરિણી દિપાલિકા રે લાલ, પરવ થયું જગ માંહી ભવિ પ્રાણી રે,*
*વીર નિર્વાણ થાયતા રે આજ લગે ઉચ્છાહિ રે.*

કવિ કવિયણે પ્રભુ મહાવીર મોક્ષે ગયા અને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા એ પ્રસંગો ભક્તિભાવપૂર્વક સ્તવનમાં ગૂંથી લીધા છે.

*મારે દિવાળી થઈ આજ પ્રભુ મુખ જોવાને*
*સર્યા રે સર્યા સેવકના કાજ, ભવદુઃખ ખોવાને*
*મહાવીર સ્વામી મુક્તે પહોંતા, ગૌતમ કેવળ જ્ઞાન રે*
*ધન્ય અમાવસ્યા ધન દીવાળી, મહાવીર પ્રભુ નિર્વાણ રે.*

જૈન ભક્તિ સાહિત્યમાં તિથિનો મહિમા વિશેષ છે અને તેની આરાધના કરવા માટે સુંદર સ્તવનોની રચના કવિએ કરી છે. બીજ, પાંચમ, આઠમ, એકાદશી અને ચૌદસ જેવી તિથિઓ મહત્ત્વની ગણાય છે. આવા સ્તવનોનો બાહ્યાકાર તિથિઓનો હોય છે પણ આંતર દેહ જ્ઞાન, ભક્તિ અને ઉપદેશથી સમૃદ્ધ હોય છે.

સમયસુંદરની પાંચમનો મહિમા વર્ણવતી રચના–

*પંચમી તપ તમે કરો રે, પ્રાણી જો પામો નિર્મલ જ્ઞાન રે,*
*પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહીં કોઈ જ્ઞાન સમાન રે.*

શ્રી જ્ઞાનાધમલસૂરિએ પાંચ ઢાળનું મૌન એકાદશીનું સ્તવન રચ્યું છે. આ સ્તવન આજે પણ ગવાય છે. એકવાર શ્રી નેમનાથ પ્રભુ દ્વારિકા નગરીમાં સમોસર્યા ત્યારે શ્રીકૃષ્ણ મહારાજા પ્રભુને એકાદશીનું ફળ પૂછે છે. પ્રભુ સુવ્રત મુનિને જીવન ચરિત્ર દ્વારા મૌન એકાદશીનો મહિમા અને આરાધના વિધિ કહે છે. અંતમાં કૃષ્ણ વાસુદેવે મૌન અગિયારસની શ્રદ્ધાપૂર્વક આરાધના કરી તીર્થંકર નામકર્મ બાંધ્યું અને કવિએ ૧૫૦ કલ્યાણકોની યાદી આપી છે.

*માગશર શુદિ અગિયારસ, તે સર્વ કર્મના મેલ ખપાવે,*
*જાવજીવ કીજે શુભ ભાવે, ભવભવના તેમ સંકટ જાવે.*

આમ, બારમી સદીથી શરૂ થયેલ સ્તવનનું સ્વરૂપ સત્તરમી અઢારમી સદીમાં વિપુલ પ્રમાણમાં સમૃદ્ધ થયું અને પરાકાષ્ટાએ પહોંચ્યું તે સાથે સાથે ઓગણીસમી અને વીસમી સદીમાં કેટલાંક કવિઓએ પોતાની સુંદર રચનાઓ દ્વારા નવો ઓપ આપ્યો. સ્તવનની આ પરંપરા આજદિન સુધી વિવિધ રીતે ચાલુ રહી છે. તેમાં લોકઢાળો અને ફિલ્મી ધૂનો પરથી રચાયેલ સ્તવનોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. ફિલ્મી ઢાળોનો ઉપયોગ ટાળવો હિતાવહ છે. આવા ઢાળના ઉપયોગથી સ્તવનમાં કવિતા રહેતી નથી, અને પૂર્વની કૃતિઓની અવહેલના થઈ જાય છે. આજે તો પ્રત્યેક સંગીતકાર કવિ બની જાય છે.

*પંખીડા, તું ઉડી જજે પાલીતાણા રે...*
(લોક ઢાળ)

આમ સ્તવન ગેય પ્રકાર હોવાથી વર્તમાનકાળમાં પણ ભક્તિના અન્ય પ્રકારોની તુલનામાં સૌથી વધુ ઉપાશ્રયોમાં, દેરાસરોમાં અને મહિલા મંડળો દ્વારા ગવાય છે. સ્તવનોને જીવંત અને લોકપ્રિય બનાવવામાં અનેક જૈન મંડળોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

જૈન સ્તવનોની રચનાઓ જોતાં જણાય છે કે આ સ્તવનો એક સમયમાં એના ઢાળો અને રાગ-રાગિણીઓને લીધે લોકકંઠે ગવાતા અને આજે પણ ગવાય છે, સમગ્ર ભક્તિ સાહિત્યમાં જૈન સ્તવનો શ્રેષ્ઠ સ્થાન પામી શકે તેવા સમૃદ્ધ છે. ✷✷✷

બી–૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ,
ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.

## આ અંકનું મુખપૃષ્ટ : ભગવાન મહાવીરના ગોદોહિકા આસન વિશે સમજૂતી

આ પ્રકારના શરીરની વિશિષ્ટ આકૃતિ બંધને યોગની પરિભાષામાં 'ગોદોહાસન' કહે છે. ગોદોહિકા આસન.

જેવી રીતે ગોવાળ ગાયને દોહતી વખતે પગના પંજા પર બેસી ઘૂંટણ વચ્ચે બોઘરણાં (વાસણનું નામ)ને ફસાવી આંચળમાંથી દૂધ એકઠું કરે છે એવી જ રીતે જ્ઞાની પુરુષો આ વિશિષ્ટ આસન ગ્રહણ કરી, ચિત્ત એકાગ્ર કરી, શરીર સંતુલિત કરી બ્રહ્માંડમાં રહેલું જ્ઞાન ખેંચી ને શહસ્ત્રાર ચક્રમાં એકઠું કરે છે. અને અંતે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

આ આસનની મુદ્રામાં શરીરનો ઘણો જ ઓછો ભાગ જમીનને અડકે છે. નિંદ્રા પર વિજય મેળવવા, જાગરૂકતા, સજાગતા કેળવવા તેમ જ ચૈતન્ય જાગરણ માટે આ આસન અત્યંત ઉપયોગી છે.

ગાયને બધા દોહી શકતા નથી. આ પાત્રતા દર્શાવે છે. શ્રમણ ભગવાન મહાવીર ઉચ્ચ કક્ષાની પાત્રતા ધરાવનાર વિરલ મહાપુરુષ હતા જેમણે પોતાની સાધનાની અંતિમ ક્ષણોમાં આ આસનસ્થિત થઈ બ્રહ્માંડથી અમૂલ્ય જ્ઞાન સંપદા પ્રાપ્ત કરી સમગ્ર માનવજાત માટે આ વિચાર રત્નો આપ્યા : લોકોને આચારમાં અહિંસા આપી, વિચારમાં અનેકાન્ત આપ્યો, વાણીમાં સ્યાદ્વાદ અને સમાજમાં અપરિગ્રહનો અમૂલ્ય સિદ્ધાંત આપ્યો.

એવી જ રીતે સાધનાકાળ દરમિયાન એમણે નિદ્રારહિત એવાં કેટલાંય દિવસરાત સતત જાગ્રત અવસ્થામાં પસાર કર્યાં. શરીર ઉપર એમણે એટલો બધો સંયમ મેળવી લીધો હતો કે કોઈ પણ એક આસનમાં ઘણાં લાંબા સમય સુધી તેઓ સ્થિર રહી શકતા. એમણે છેવટે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તે પણ, ગોવાળ પગમાં તાંબડી ભરાવી ગાય દોહવા બેસે એવા કઠિન ગોદોહિકા નામના આસનમાં.

ભગવાન મહાવીરે, આમ, આહાર, વિહાર, નિદ્રા અને આસન એ ત્રણ ઉપર અપૂર્વ વિજય મેળવ્યો હતો અને એમાંથી જ એમની બીજી અનેક શક્તિઓ પ્રગટી હતી. આ ત્રિવિજયની શક્તિ તેમણે ધ્યાનની પ્રક્રિયામાંથી મેળવી હતી એમ કહેવાય છે. ત્રિવિજય દ્વારા જ તમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

ત્રિવિજયયુક્ત આવી ઘોર તપશ્ચર્યાને કારણે વર્ધમાનકુમાર તે મહાવીર બન્યા. એમની સાધનાનો ઇતિહાસ સાધકોને માટે પ્રેરણાસ્રોત સમાન છે.

# अणुत्तरे सव्वजगंसि – સંપૂર્ણ જગતમાં અનુત્તર શ્રેષ્ઠ છે

☐ જિતેન્દ્ર બી. શાહ

*[ ડૉ. જિતેન્દ્ર બી. શાહ વર્તમાનમાં અમદાવાદની સાહિત્ય-કલા સંશોધન સંસ્થા એલ. ડી. ઈન્સ્ટીટ્યુટના ડિરેક્ટર છે. આ વિદ્વાન પંડિતે જૈન તત્ત્વો ઉપર ગ્રંથોનું સર્જન કર્યું છે. પ્રભાવક વક્તા એવા આ પંડિતના જ્ઞાનનો લાભ દેશ-પરદેશના જિજ્ઞાસુ તેમ જ પૂ. સાધુ-સાધ્વીજીને પણ મળે છે. ]*

પરમાત્મા પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને સંપૂર્ણ સમર્પણ ભાવથી ભક્તિની પાવન ગંગા પ્રસ્ફુરિત થાય છે. તે તન–મન અને આત્માને પાવન કરી શાશ્વત સાગરમાં લીન કરે છે. આ ભક્તિનું ઝરણું તે કાવ્ય બની સ્તુતિ, સ્તોત્ર કે સ્તવન રૂપે જગતમાં અમર બની જાય છે. પરમાત્માના ગુણોનું પદ્યગાન તે જ સ્તુતિ કે સ્તવન છે. આવા સ્તુતિ સ્તવનોની રચના પ્રાચીનકાળથી જ થતી આવી છે. ચરમ તીર્થંકર મહાવીર સ્વામી ભગવાનના સ્તવનો, સ્તુતિઓ આગમિક-કાળથી રચાવાના શરૂ થઈ ગયા હતા. તે કાળે રચાયેલા સ્તુતિ-સ્તવનો મોટા ભાગે પ્રાકૃત ભાષામાં રચાયા છે. પણ તેના શબ્દો અને ભાવો અનન્ય છે. નંદીસૂત્રના પ્રારંભમાં પરમાત્માની સ્તુતિ કરવામાં આવી છે તેમાં વપરાયેલા શબ્દો પરમાત્મા પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ ઉત્પન્ન કરવામાં નિમિત્ત બને છે. યથાઃ

जयइ जगजीवजोणी वियाणओ, जयगुरु जगाणंदो ।
जगनाहो जगबंधु, जयइ जगप्पियामहो भयवं ।।१।।

સંસાર તથા જીવોની ઉત્પત્તિના જ્ઞાતા, જગદ્‌ગુરુ, ભવ્યજીવોને આનંદ આપનારા, સ્થાવર અને જંગમ પ્રાણીઓના નાથ, જગબંધુ, જગતના પિતામહ સમાન ભગવાન જય પામો!

जयइ सुयाणं पभवो, तित्थयराणं अपच्छिमो जयइ ।
जयइ गुरुलोगाणं, जयइ महप्पा महावीरो ।।२।।

અર્થાત્ સમગ્ર શ્રુતજ્ઞાનના ઉદ્‌ગમરૂપ, વર્તમાન ચોવીસીના અંતિમ તીર્થંકર, જગદ્‌ગુરુ પરમાત્મા મહાવીર સ્વામી જય પામો, જયવંત હો!

આ બન્ને ગાથામાં પરમાત્માની સ્તુતિ રૂપે વપરાયેલ શબ્દો વિશેષ ધ્યાનાકર્ષક છે. જગતના તમામ જીવોનું કલ્યાણ પરમાત્માના આત્મામાં વસેલું છે. તેથી તેમને જગદ્‌ગુરુ અને જગતના નાથ જેવા વિશેષણોથી ભક્તનું હૃદય સહજ જ પરમાત્મા પ્રત્યે આકર્ષાય છે. ભક્ત માર્ગની શોધ કરી રહ્યો છે. ભક્તને પણ આનંદના સાગરમાં વિલીન થવું છે ત્યારે આવા વિશેષણો આલંબન રૂપ બને છે.

ભગવાન મહાવીરના ઉત્તમ ગુણોનું વર્ણન, સાધના કાળના ઉપસર્ગો, પરિષહોનું વર્ણન અને તેના ઉપર અદ્‌ભૂત વિજય તથા આત્માની નિષ્પ્રકંપ અવસ્થાનું સર્વપ્રથમ વર્ણન આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં પ્રાપ્ત થાય છે. તે વર્ણન સ્તુતિ રૂપે નહીં પરંતુ વર્ણનાત્મ રૂપે કરવામાં આવ્યું છે. **પરમાત્મા મહાવીરની સર્વપ્રથમ સ્તુતિ તો સૂત્રકૃત્રાંગ સૂત્રમાં પુચ્છિસુણં નામે સુપ્રસિદ્ધ અધ્યયનમાં પ્રાપ્ત થાય છે.** સૂત્રકૃત્રાંગ સૂત્ર ગણધર રચિત પ્રાચીન આગમ છે. તેમાં અન્ય દર્શનોની ચર્ચા કરવામાં આવી છે. સાથે સાથે અધ્યાય છ માં, वीरत्थुइ નામક અધ્યાયમાં ચરમ તીર્થપતિ શાસન નાયક પરમાત્માની અદ્‌ભુત સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તુતિનું ગાન કરતા શરીરને રોમાંચ અને મનને અપૂર્વ આનંદનો અનુભવ થાય છે. પરમાત્મા મહાવીરના ગુણોનું આવું અદ્‌ભુત વર્ણન અન્યત્ર દુર્લભ છે. પરમાત્માનું આદર્શ જીવન સાધકના જીવનમાં અનેરું આત્મબળ ઉત્પન્ન કરે છે અને સાધક સમક્ષ પૂર્ણતાનો આદર્શ મૂકે છે.

***પરમાત્મા મહાવીરની સર્વપ્રથમ સ્તુતિ તો સૂત્રકૃત્રાંગ સૂત્રમાં પુચ્છિસુણં નામે સુપ્રસિદ્ધ અધ્યયનમાં પ્રાપ્ત થાય છે.***

સૂત્રકૃત્રાંગના વીરસ્તુતિ નામક અધ્યાયનો પ્રારંભ પ્રશ્નોથી થાય છે. જંબૂસ્વામી સુધર્મ સ્વામીને પ્રશ્ન પૂછે છે કે 'જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરનું જ્ઞાન કેવું હતું? તેઓનું દર્શન કેવું હતું? તથા તેઓનું શીલ કેવા પ્રકારનું હતું? હે મુનિ પુંગવ! આપ તેને યથાર્થરૂપે જાણો છો જેવું આપે સાંભળ્યું છે જેવો આપે નિર્ણય કર્યો છે તેવું આપ અમને કહો!' સુધર્મ સ્વામી ગણધર છે. ભગવાન મહાવીરના સાક્ષાત્ શિષ્ય છે તેથી તેમના દ્વારા પરમાત્માના સ્વરૂપનો બોધ પણ સ્પષ્ટ અને નિર્દોષ થઈ શકે તેમ છે. તેમના દ્વારા પરમાત્માની સાચી ઓળખ પ્રાપ્ત થાય તે માટે જ જંબૂસ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે. તેના જવાબરૂપે પરમાત્માના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. પરમાત્મા મહાવીર સ્વામીને ક્ષેત્રજ્ઞ કહ્યા છે. ક્ષેત્ર અર્થાત્ સમગ્ર લોકાલોકના જ્ઞ એટલે જ્ઞાતા. પરમાત્મા મહાવીર સચરાચર સૃષ્ટિ, લોકાલોકના જ્ઞાતા છે. કર્મોના છેદન કરવામાં અત્યંત કુશળ અને ઉગ્ર તપ કરવાથી મહર્ષિ હતા. આમ અહીં પરમાત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણોની સ્તુતિ કરી છે. આ ઉપરાંત પરમાત્મા અનંતજ્ઞાની અને અનંતદર્શી છે. પરમાત્માનું જ્ઞાન અને દર્શન અનંત હતું. જ્ઞાન અને દર્શન આત્માના ગુણો છે. પરંતુ છદ્મસ્થ જીવોમાં તે કર્મો દ્વારા ઢંકાયેલા હોય છે જ્યારે પરમાત્મામાં આવરક કર્મોનો સર્વથા ક્ષય થય હોવાથી અનંતજ્ઞાની અને અનંતદર્શી છે. પરમાત્મા યશસ્વી અને જગતના જીવોના નયનપથમાં સ્થિત હતા. ભગવાન દીપક જેવા પ્રકાશ પાડનારા છે.

પરમાત્મા પરિષહ અને ઉપસર્ગોના સમયે નિષ્કંપ રહેવાના કારણે ધૃતિમાન હતા. તેઓ હંમેશાં આત્મરૂપમાં જ સ્થિર રહેતા હતા, સર્વ જગતમાં સર્વોત્તમ હતા, ઉત્તમ વિદ્વાન હતા.

બાહ્ય અને આભ્યંતર ગ્રંથિથી રહિત હતા. સાત પ્રકારના ભયથી રહિત હતા, ચારેય ગતિના આયુષ્યના બંધથી રહિત હતા. સર્વમંગલમયી, વિશ્વરક્ષામયી પ્રજ્ઞાથી સંપન્ન, અપ્રતિબદ્ધ વિહારી, સંસાર સાગરથી પાર કરનાર, ધીર અને કેવળજ્ઞાનરૂપ નેત્રથી સંપન્ન હતા. જેવી રીતે સૂર્ય સર્વથી અધિક તપે છે તેવી જ રીતે ભગવાન સર્વથી ઉત્કૃષ્ટ તપ કરતા હતા. સર્વાધિક દેદિપ્યમાન હતા. જેવી રીતે પ્રજ્વલિત અગ્નિ અંધકારને દૂર કરી પ્રકાશ કરે છે તેવી જ રીતે ભગવાન અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરી પદાર્થોનું યથાર્થ સ્વરૂપ પ્રકાશિત કરતા હતા. પરમાત્મા અનુત્તર ધર્મના નાયક, સર્વથી અધિક પ્રભાવશાળી અને સર્વથી વિશિષ્ટ હતા. ભગવાનની પ્રજ્ઞા સમુદ્રની સમાન અક્ષય છે. તેમ જ સ્વયંભૂરમણ સમુદ્ર જેમ પરમાત્માનું જ્ઞાન અપાર અને નિર્મળ છે. તેઓ સર્વ કષાયોથી રહિત અને ઘાતિ કર્મોથી મુક્ત, શક્ર જેવા તેજસ્વી છે. પર્વતોમાં સુમેરૂ પર્વત શ્રેષ્ઠ છે તેમ ભગવાન સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. આવા ઉત્તમ ગુણોનું વર્ણન આ સ્તુતિમાં પ્રાપ્ત થાય છે.

જગતમાં ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં શ્રેષ્ઠ ગણાતા મેરૂ પર્વત, ચંદ્ર, સૂર્ય, સ્વયંભૂરમણ સમુદ્ર, દેવેન્દ્ર, શંખ આદિ ઉપમા દ્વારા ભગવાન મહાવીરની શ્રેષ્ઠતા બતાવવામાં આવી છે. ભગવાનને વિભિન્ન મતવાદીઓમાં, મુનિઓ, તપસ્વીઓ, ધર્મોપદેશકોમાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યા છે. આમ આ સ્તુતિમાં પરમાત્માના અદ્ભુત ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. જેનું ગાન કરતા મનમાં અપૂર્વ આનંદનો અનુભવ થાય છે. ✷✷✷

૨૦, સુદર્શન સોસાટી-૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં

**કથાત્રયી ડી.વી.ડી.**










**।। ઋષભ કથા ।।**

**ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-**

પ્રાચીન કાળના વાતાવરણ સાથે રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી ' **ઋષભ કથા**

**।। ગૌતમ કથા ।।**

**ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર '**ગૌતમકથા**'

**।। મહાવીર કથા ।।**

**બે ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૨૫૦/-**

ભગવાન મહાવીરના જીવનનાં જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીતસભર '**મહાવીરકથા**'

**ઘરે બેઠા દિવાનખાનામાં ધર્મતત્ત્વ કથાશ્રવણનો દૃશ્ય લાભ**

**ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાનભૂમિનું આત્મસ્પર્શી દર્શન કરાવશે જ.**

**સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્યકર્મ પ્રાપ્ત કરો ● વસ્તુ કરતાં વિચારદાન શ્રેષ્ઠ છે.**

- બે સેટ સાથે લેનારને એક મહાવીર કથાની ડી.વી.ડી. વિના મૂલ્યે
- કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
- **ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.

૨. ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ ભવનું સ્તવન

❑ ડૉ. કવિન શાહ

[જૈન સાહિત્યમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. ગુજરાતમાં બીલીમોરામાં વર્ષો સુધી કૉલેજમાં અધ્યાપન કાર્ય કરી હવે નિવૃત્ત છે. મધ્યકાલીન સાહિત્યમાં અનેક ગ્રંથોનું ૭૭ વર્ષની વયે પણ સંશોધન સંપાદન કર્યું છે. સાહિત્ય, સંસ્કૃતિ, શિક્ષણ અને સમાજ સેવાના કાર્યોમાં તેમની વિશેષ અભિરૂચિ છે. તેઓશ્રીના બાર પુસ્તકો પ્રકટ થયા છે. તેઓ કાવ્યો, વાર્તા, ધર્મ અને સંસ્કૃતિ વિષયપર લેખો લખે છે.]

શ્રી શુભવિજયજી સુગુરુનમી, નમી પદ્માવતિ માય; ભવ સત્તાવિશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧.

સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય; જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨.

વીર જિનેશ્વર સાહેબો, ભમીયો કાળ અનંત; પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩.

**ઢાળ પહેલી** (કપુર હોય અતિ ઉજળો રે-એ દેશી)

પહેલે ભવે એક ગામનોરે, રાય નામે નયસાર; કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળાં થાયરે પ્રાણી! ધરીયે સમકિત રંગ, જિમ પામીયે સુખ અભંગરે. પ્રાણી. ૧.

મન ચિંતે મહિમા નીલોરે, આવે તપસી કોય; દાન દેઈ ભોજન કરુંરે, તો વંછિત ફળ હોયરે. પ્રાણી. ૨.

મારગ દેખી મુનિવરોરે, વંદે દેઈ ઉપયોગ; પૂછે કેમ ભટકો ઈહાંરે, મુનિ કહે સાથ વિજોગરે. પ્રાણી. ૩.

હર્ષભરે તેડી ગયોરે, પડિલાભ્યા મુનિરાજ; ભોજન કરી કહે ચાલીયે રે, સાથ ભેળા કરું આજરે પ્રાણી.૪.

પગવટીએ ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ; સંસારે ભુલા ભમો રે, ભાવ મારગ અપવર્ગરે. પ્રાણી. ૫.

દેવ ગુરુ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર; પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યા સમકિત સારરે, પ્રાણી. ૬

શુભ ધ્યાને મરી સુર હુઆ રે. પહેલા સ્વર્ગ મઝાર; પલ્યોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતારરે. પ્રાણી. ૭.

નામે મરિચી યૌવને રે, સંયમ લીએ પ્રભુ પાસ; દુષ્કર ચરણ લહી ગયો રે, ત્રિદંડીક શુભ વાસરે. પ્રાણી. ૮.

**ઢાળ બીજી** (વિવાહલાની દેશી)

નવો વેશ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા; જળ થોડે સ્થાન વિશેષે, પગે પાવડી ભગવે વેશે. ૧.

ધરે ત્રિદંડ લાકડી મોટી શિર મુંડણ ને ધરે ચોટી, વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે. ૨.

સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે; સમોસરણે પૂછે નરેશ; કોઈ આગે હોંશે જિનેશ. ૩.

જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરિચી નામ; વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪.

ચક્રવર્તી વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે; મરિચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા. ૫.

તમે પુન્યાઇવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો; નવિ વંદુ ત્રિદંડીક વેશ, નમું ભક્તિયે વીર જિનેશ. ૬.

એમ સ્તવના કરી ઘેર જાવે, મરિચી મન હર્ષ ન માવે; મારે ત્રણ પ્રદવીની છાપ; દાદા જિન ચક્રી બાપ. ૭.

અમે વાસુદેવ ધુર થઈશું, કુળ ઉત્તમ મહારૂં કહીશું; નાચે કુળ મદશું ભરાણો; નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮.

એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે; ત્યારે વ છે ચેલો એક, તવ મળીયો કપિલ અવિવેક. ૯.

દેશના સુણી દીક્ષા વાસે, કહે મરિચી લીયો પ્રભુ પાસે; રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦.

તુમ દરશનને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરિચી એમ; મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧.

મરિચી કહે ધર્મ ઉભયમાં, લીએ દીક્ષા જોબન વયમાં; એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨.

લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સ્વર્ગ સધાય, દશ સાગર જીવિત ત્યાંહી, શુભ વીર સદા સુખ માંહી. ૧૩.

**ઢાળ ત્રીજી** (ચોપાઈની દેશી)

પાંચમે ભવ, કૌલ્લાગ સન્નિવેશ કૌસિક નામે બ્રાહ્મણ વેશ; એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧.

કાળ બહુ ભમિયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર; બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિકંડીક વેશ ધરાય. ૨.

સૌધર્મે મધ્ય સ્થિતિયે થયો; આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો; અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લખ સાઠે મૂઓ. ૩.

મધ્ય સ્થિતિયે સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિરપુર દ્વિજ ઠાણ; લાખ છપન્ન પુરવાયુપુરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪.

ત્રીજે સ્વર્ગે મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબી પૂરી; પુરવલાખ ચુમાલીસ આય, ભારદ્વીજ ત્રિદંડીક થાય. ૫.

તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી; ચૌદમે ભવરાજગૃહી જાય, ચોંત્રીસ લાખ પૂરવને આય. ૬.

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો; સોળમે ભવ કોડ વરસ સમાય, રાજકુમાર વિશ્વભુતિ થાય. ૭.

*સંભૂતિમુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર; માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગૌચરીએ ગયા. ૮.*

*ગાયે હણ્યા મુનિ પડિયા ધસ્યા, વૈશાકનંદી પિતરીયા હસ્યા; ગોશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯.*

*તપ બળથી હોજો બળ ઘણી, કરી નીઆણું મુનિ અણસણી; સત્તરમે મહાશુક્રે શુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦.*

**ઢાળ ચોથી** (નદી યમુના કે તીર ઉડે દોય પંખીડા-એ દેશી)

*અઢારમે ભવે સાત, સુપન સુચિત સતી; પોતાનપુરીયે પ્રજાપતિ, રાણી મૃગાવતી; તસ સુત નામે ત્રિપૃષ્ટ વાસુદેવ નિપના; પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા. ૧.*

*વીશમે ભવ થઈ સિંહ ચોથી નરકે ગયા; તિહાંથી ચવી સંસારે ભવ બહુળા થયા; બાવીશમે નરભવ લહી પુણ્યદશા વર્યા; ત્રેવીશમે રાજ્યધાની મુકામે સંચર્યા. ૨.*

*રાય ધનંજય ધારણી રાણીએ જનમિયા; લાખ ચોરાસી પુરવ આયુ જીવિયાં, પ્રિય મિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી; કોડી વરસ ચારિત્રદશા પાળી સહી. ૩.*

*મહાશુક્રે થઈ દેવ ઈણે ભરતે ચવી; છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી, ભદ્રા માય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી, નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪.*

*અગિયાર લાખ ને એંશી હજાર છસેં વળી, ઉપર પિસ્તાલીશ અધિક પણ દિન રૂળી; વીશસ્થાનક માસખમણે, જાવજીવ સાધતાં; તીર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા. ૫.*

*લાખ વરસ દીક્ષા પર્યાય તે પાલતા; છવ્વીસમે ભવ પ્રાણત કલ્પે દેવતા; સાગર વીશનું જીવિત સુખભર ભોગવે; શ્રી શુભ વીર જિનેશ્વર, ભવ સુણજો હવે. ૬.*

**ઢાળ પાંચમી** (ગજરા મારુજી ચાલ્યા ચાકરી રે-એ દેશી)

*નયર માહણકુંડમાં વસે રે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ, દેવાનંદા દ્વિજ શ્રાવિકારે, પેટ લીધો પ્રભુ વિસરામ રે, પેટ લીધો પ્રભુ વિસરામ. ૧.*

*બ્યાસી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય; સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કૂખે છટકાય રે. ત્રિશલા. ૨.*

*નવ માસાંતરે જનમિયા રે, દેવ દેવીએ ઓચ્છવ કીધ; પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. નામે. ૩.*

*સંસાર લીલા ભોગવી રે, ત્રીસ વર્ષે દીક્ષા લીધ; બાર વરસે હુઆ કેવળી રે, શિવવહુનું તિલક શીર દીધ રે. શિવ. ૪.*

*સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા ઋષભ દત્ત પ્યાર; સંયમ દેઈ શીવ મોકલ્યા રે, ભગવતીસૂત્રે અધિકાર રે. ભગવતિ. ૫.*

*ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચૌદ સહસ્ર અણગાર; છત્રીશ સહસ્ર તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે. બીજો. ૬.*

*ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ; બહોંતેર વરસનું આવખું રે, દીવાળીયે શીવપદ લીધ રે. દીવાળી. ૭.*

*અગુરુ લઘુ અવગાહને રે, કીયો સાદી અનંત નિવાસ; મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે. તન. ૮.*

*તુમ સુખ એક પ્રદેશનું રે, નહિ માવે લોકાકાશ; તો અમને સુખીયા કરો કે, અમે ધરીયે તુમારી આશ રે. અમે. ૯.*

*અખય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરુ ઉપદેશ, લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીએ કુમતિનો લેશ રે. નવિ. ૧૦.*

*મોહટાનો છે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ; દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભ વીર સદા સુખવાસ. શુભ. ૧૧.*

***કળશ**-ઓગણીસ એકે વરસ છે કે પૂર્ણિમા શ્રાવણ વરો, મેં થુણ્યો લાયક વિશ્વનાયક વર્ધમાન જિનેશ્વરો; સંવેગ રંગ તરંગ ઝીલે જસવિજય સમતા ધરો, શુભ વિજય ચરણ સેવક વીર વિજયો જય કરો.*

**અઘરા શબ્દોના અર્થ :**

**ઢાળ-૧ :** માય-માતા, અટવી–જગત, સુણતાં–સાંભળતા, અભંગ– અક્ષય, પગવટી–કેડી, રસ્તો મઝાર–મા, મુગતે–મોક્ષે, કોય-કોઈ.

**ઢાળ-૨ :** થૂલથી–સ્થૂળ જાડું, ભાખે-કહે, જાવે–જાય, ધુર–શ્રેષ્ઠ.

**ઢાળ-૩:** આય-ઉમર, વય. **ઢાળ-૪:** સુત–પુત્ર, લહી–લઈ.

**ઢાળ-૫ :** છટકાય-મૂકે, ઓચ્છવ–ઉત્સવ, અખય–અક્ષય.

**કવિનો પરિચય :**

*તપાગચ્છમાં શ્રી શુભવિજયજીની પરંપરામાં થયેલ પંડિત વીર-વિજયજીનું સાહિત્યસર્જન વિશાળ છે. નાની મોટી અનેક પૂજાઓ તથા ઊર્મિસભર ભાવવાહી સ્તવનોની રચનાઓ તેમણે કરી છે. તે ઉપરાંત સજ્ઝાયોની રચનાઓ પણ કરી છે. તેમની ભક્તિ અને જ્ઞાનના સમન્વયવાળી રચનાઓ અતિલોકપ્રિય છે. તેમની રચનાઓમાં પ્રાસાદ, માધુર્ય અને ગેયતા છે તો સાથે સાથે ભક્તિતત્ત્વનું ભાથું છે. તેઓ પોતાની રચનાઓ શુભવીરને નામે કરતા હતા.*

## મહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું સ્તવન

જૈન સાહિત્યમાં લોકપ્રિય કાવ્ય પ્રકાર તરીકે સ્તવનનું સ્થાન પ્રથમ કક્ષાનું છે. ભક્તિમાર્ગની આરાધનામાં ચૈત્યવંદન, પૌષધ, ઉપધાન તથા અન્ય વ્રતની આરાધનામાં સ્તવનનું સ્થાન મહત્ત્વનું ગણાય છે.

જૈન દર્શનમાં કર્મવાદ મુખ્ય છે. જીવો કર્માનુસાર ૮૪ જીવ-યોનિમાં પરિભ્રમણ કરે છે અને અનંતા ભવોની આરાધનાને અંતે મોક્ષ પામે છે.

ભગવાન મહાવીર સ્વામીના મુખ્ય સત્તાવીશ ભવ છે. તેની માહિતી નીચે પ્રમાણે છે.

કવિ પંડિત વીરવિજયજીએ સંવત ૧૯૦૭માં શ્રાવણ સુદિ પૂર્ણિમાને દિવસે આ સ્તવનની રચના કરી છે. મધ્યકાલીન કાવ્ય પરંપરાનુસાર કવિ દુહા, ઢાળ અને કળશનું અનુસરણ કરીને

ભગવાનના ૨૭ ભવની માહિતી દર્શાવી છે.

૨૭ ભવનો આધાર ભદ્રબાહુ સ્વામીએ કલ્પસૂત્રની રચના કરી છે, તેમાંથી પ્રાપ્ત થાય છે. પૂર્વાચાર્યોએ આ અંગે વિવેચન કરીને કલ્પસૂત્રની ટીકા પ્રગટ કરી છે.

આરંભના દુહામાં ગુરુ ભગવંતે પદ્માવતી દેવીની સ્તુતિ કરીને વસ્તુ નિરૂપણનો ઉલ્લેખ કર્યો છે.

*શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય*
*ભવ સત્તાવીશ વર્ણવું સુણતાં સમકિત થાય.(૧)*

આત્મા સમકિત પામે ત્યાર પછી ભવની ગણતરી થાય અને રત્નત્રયીની આરધનાથી અંતે આત્મા સિદ્ધિ પદને પામે છે.

**મહાવીર સ્વામીના ૨૭ ભવ**

**પહેલો ભવ:** ભવમાં નયસારનો ભવ સર્વપ્રથમ છે. આ ભવમાં ભોજનના સમયે સાધુ ભગવંતને આહાર વહોરાવવાનો શુભ વિચાર આવ્યો અને માર્ગ ભૂલેલા સાધુ ભગવંતના દર્શન-વંદન કરીને આહાર વહોરાવ્યો. કઠિયારાઓનો વ્યવસાય કરતો નયસાર ગુરુ ભગવંતની વાણીથી દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ સમજ્યો. ત્યાર પછી વિધિપૂર્વક ૧૪ પૂર્વના સારરૂપ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરીને આયુષ્ય પૂર્ણ થતાં બીજા ભવમાં સ્વર્ગે દેવલોકમાં ગમન કર્યું. નયસારનો ભવ મહત્ત્વનો ગણાય છે; કારણકે એમને પશ્ચિમ મહાવિદેહમાં સમકિત પામ્યા ત્યાર પછી ભવભ્રમણની સંખ્યા ઓછી થઈ જાય અને સિદ્ધિપદને પામે છે. કવિએ આ વાત સ્તવનના દુહામાં જણાવી છે.

*વીર જિનેશ્વર સાહિબો ભમિયો કાળ અનંત*
*પણ સમકિત પામ્યા પછી અંતે થયા અરિહંત.*

મહાવીર સ્વામી ભગવાન સમકિત પામ્યા પછી અરિહંત એટલે કે તીર્થંકર પદ પામ્યા હતા.

આત્મસિદ્ધિ કે તીર્થંકર પદ પ્રાપ્ત કરવા માટે સમકિત એ મૂળભૂત પાયાનો વિચાર છે. મહાવીર સ્વામી ભગવાન સમકિત પામ્યા પછીના ભવોની માહિતી સ્તવનમાંથી પ્રાપ્ત થાય છે.

**બીજો ભવ:** મહાવીર સ્વામી ભગવાન સમકિત પામ્યા છે. નમસ્કાર મહામંત્રની શુભ ભાવથી આરાધના કરીને સૌ ધર્મેન્દ્ર દેવલોકમાં એક પલ્યોપમના આયુષ્યવાળા દેવ તરીકે ઉત્પન્ન થયા.

**ત્રીજો ભવ:** ભગવાનનો આત્મા દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને ભરતક્ષેત્રમાં ઋષભદેવ ભગવાન વિચરતા હતા એમના પુત્ર ચક્રવર્તીના પુત્ર તરીકે જન્મ થયો. એનું નામ મરિચી રાખવામાં આવ્યું.

મરિચીએ ઋષભદેવ ભગવાન પાસે દીક્ષા સ્વીકારી પણ તલવારની ધાર પર ચાલવા જેવું, લોઢાના ચણા ચાવવા પડે એવા પાંચ મહાવ્રત પાળવાની શક્તિ નહીં હોવાથી મરિચીએ ત્રિદંડી નામનો નવો વેશ ધારણ કર્યો. કવિએ ચિત્રાત્મક શૈલીમાં મરિચીનું આલેખન કર્યું છે.

*નવો વેષ રચે તેણી વેળા વિચરે આદીસર ભેળા*
*જળ થોડે સ્નાન વિશેષ પગ પાવડી ભગવે વેષ...૧.*
*ધરે ત્રિદંડ લાકડી મોટી શિર મુંડણ ને ધરે ચોટી*
*વળી છત્ર વિલેપન અંગે થુલથી વ્રત ધરતો રંગે...૨.*
*સોનાની જનોઈ રાખે સહુને મુનિ મારગ ભાખે*
*સમોવસરણે પૂછે નરેશ, કોઈ આગે હોંશે જિનેશ...૩.*

નયસાર પછી મરિચીનો ભવ એમના જીવનમાં મહત્ત્વનો ગણાય છે.

ઋષભદેવ ભગવાનની દેશના સાંભળીને ભરત ચક્રવર્તીએ વિનયપૂર્વક ભગવંતને પ્રશ્ન પૂછ્યો કે હે પ્રભુ આ પર્ષદામાં એવો કોઈ આત્મા છે જે તીર્થંકર થશે. ભગવાને જવાબ આપ્યો.

*મરિચી પુત્ર ત્રિદંડી તેરો હોશે ચોવીસમો જીનંદા.*

આ સાંભળીને ભરત મહારાજા ત્રિદંડી વેશધારી મરિચીને ભાવિ તીર્થંકર તરીકે વંદન કરવા માટે જાય છે. ભરત મહારાજાએ મરિચીને ત્રણ પ્રદક્ષિણા કરીને ભાવપૂર્વક વંદન કરીને કહ્યું.

*તુમે પુણ્યાઈવંત ગવાશો હરિચક્રી ચરમ જિન થાશો.*
*નવિ વંદુ ત્રિદંડિક વેષ, નમું ભક્તિ યે વીર જિનેશ.*

મરીચિની પ્રદક્ષિણા ભગવંતની ભવિષ્યવાણી ભરતમુખે સાંભળીને ત્રિદંડી વેશધારી મરિચી અભિમાનમાં આવી ગયો નાચતો કૂદતો એમ બોલ્યો કે-

*અમે વાસુદેવ ધૂર થઈશું કુળ ઉત્તમ મહારૂં કહીશું*
*નાચે કુળ મદશું ભરાણો નીચ ગોત્ર તિહાં બંધાણો.*

ભરત ચક્રવર્તી મરિચીને વંદન કરીને વિદાય થયા ત્યાર પછી મરિચીએ કુળનો મદ કર્યો અને નીચ ગોત્રકર્મ નિકાચિત કર્યું.

આ કર્મના ઉદયથી ભગવાનનો આત્મા ૨૭મા ભવમાં દેવાનંદાની કૂક્ષીમાં ઉત્પન્ન થઈને ૮૨ દિવસ સુધી રહ્યો. તીર્થંકરનો આત્મા ઉચ્ચકુળમાં ઉત્પન્ન થાય. માહણ કુંડમાં કદી જન્મ લેતા નથી. આ રીતે ત્રીજો ભવ પૂર્ણ થયો. મરિચીની તબિયત સારી ન હતી. એટલે શિષ્યની ઈચ્છા કરી ત્યારે મરિચીના ઉપદેશથી પ્રતિબોધ પામીને કપિલ રાજકુમાર દીક્ષા લેવા તૈયાર થયો. મરિચીએ ઋષભદેવ પાસે દીક્ષા લેવા માટે કપિલને કહ્યું ત્યારે ચેલાની જરૂર હોવાથી મરિચીએ કહ્યું કે ઋષભદેવ અને મારો ધર્મ એક જ છે. આ મિશ્ર વાક્ય ઉત્સૂત્ર પ્રરૂપણાથી સંસારનું ભ્રમણ વધી ગયું.

આ રીતે ત્રીજા ભવનું ૯૪ લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ પાપ કર્મની આલોચના કર્યા વગર મરીને **૪ થા ભવમાં** બ્રહ્મ નામે દેવલોકમાં ૧૦ સાગરોપમવાળા દેવ થયા.દેવલોકમાં આયુષ્ય પૂર્ણ કરીને **૫મા ભવમાં** કૌશિક નામના બ્રાહ્મણ પુત્ર તરીકે જન્મ થયો.

**છઠ્ઠો ભવ:** કૌશિકનો જીવ આયુષ્ય પૂર્ણ થતાં સ્થૂણા નગરીમાં ૭૨ લાખ પૂર્વના આયુષ્યવાળો પુરુષ નામે બ્રાહ્મણ થયો તે ભવમાં પણ ત્રિદંડીપણે શુભ ભાવમાં રહ્યો.

**૭ ભવ:** પહેલાં સૌધર્મ દેવલોકમાં મધ્ય આયુષ્યવાળો દેવ થયો.

**૮ ભવ:** ચૈત્ય સન્નિવેશમાં ૬૦ લાખ પૂર્વના આયુષ્યવાળો અગ્નિધોત નામે બ્રાહ્મણને ત્યાં પણ ત્રિદંડીપણાનો સ્વીકાર.

**૯ ભવ:** બીજા ઈશાન દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળો દેવ.

**૧૦ ભવ:** મંદર નામના સન્નિવેશમાં ૫૦ લાખ પૂર્વના આયુષ્યવાળો અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ ત્રિદંડીપણાનો સ્વીકાર.

**૧૧ ભવ:** ત્રીજા સનતકુમારે દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળો દેવ

**૧૨ ભવ :** શ્વેતાંબી નગરીમાં ૪૪ લાખ પૂર્વના આયુષ્યવાળો ભારદ્વાજ નામે બ્રાહ્મણ, ત્રિદંડીપણાનો સ્વીકાર..

**૧૩ ભવ :** એવા માહેન્દ્ર દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળો દેવ થયો.

**૧૪ ભવ :** રાજગૃહી નગરીમાં ૫૪ લાખ પૂર્વના આયુષ્યવાળો સ્થાવર નામે બ્રાહ્મણ. ત્રિદંડીપણાનો સ્વીકાર.

**૧૫ ભવ :** પાંચમા બ્રહ્મલોક દેવલોકમાં મધ્ય આયુષ્યવાળા દેવ.

**૧૬ ભવ :** વિશ્વભૂતિ મુનિ તરીકે ઉગ્ર તપસ્યા કરી, શરીર દુર્બળ થઈ ગયું અને માર્ગમાં પસાર થતાં ગાયનો ધક્કો લાગતા જમીન પર પડી ગયા. તે જોઈને વિશાખાનંદી પિતરાઈ હસ્યા. પોતાની શક્તિનો પરિચય કરાવતા ગાયનું શિંગડું પકડીને આકાશમાં ઉછાળી. ગાયનું મૃત્યુ થયું. આ ભવમાં ૧ હજાર વર્ષના તપ કર્યા હતા. અંતે નિયાણું કર્યું તેની માહિતી કવિના શબ્દોમાં નીચે પ્રમાણે છે.

*ગાયે હણ્યા મુનિ પડિયા વશા વિશાખાનંદી પિતરાઈ હસ્યા.*
*ગોશૃંગ મુનિ ગર્વે કરી ગયણ ઉછાળી ધરતી ધરી.*

**૧૭ ભવ :** વિશ્વભૂતિ મુનિ આયુષ્ય પૂર્ણ થતાં કાળધર્મ પામ્યા. પરંતુ શૈલ્ય કર્મને સાથે લેતા ગયા. ત્યાંથી ચ્યવીને ઉગ્ર તપસ્યાને કારણે મહાશુક્ર દેવલોકમાં ૧૭ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

ત્રીજી ઢાળમાં ભગવાનના ૫મા ભવથી ૧૭ ભવ સુધીની માહિતી છે. તેમાં વિશ્વભૂતિના ભવની માહિતી લઘુકથાનો રસાસ્વાદ કરાવે છે.

**૧૮ ભવ :** આ ભરતક્ષેત્રમાં પોતનપુરમાં પ્રજાપતિ નામે રાજાને ભદ્રા નામે રાણી હતી. તેમના પુત્ર ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે ઉત્પન્ન થયા. વાસુદેવે શય્યા પાલકને કહ્યું કે હું નિદ્રાધીન થાઉં એટલે સંગીતકારો સંગીત બંધ કરે, પણ શય્યાપાલકને સંગીતમાં રસ પડ્યો એટલે સંગીત બંધ ન કરાવ્યું. થોડા સમય પછી વાસુદેવ જાગ્યા અને સંગીત ચાલતું જોઈને ગુસ્સે થઈ શય્યાપાલકના કાનમાં ગરમ સીસું નાંખ્યું. આ કર્મથી તેમને કાનમાં ખીલા ઠોકવાનો ઉપસર્ગ થયો.

**૧૯ ભવ :** સોળમા વિશ્વભૂતિના ભવમાં કરેલા નિયાણા પ્રમાણે વાસુદેવ તરીકે જન્મ મળ્યો. પરંતુ દુષ્ટ બળના ગર્વથી ઘોર પાપો આચરીને પ્રભુનો જીવ સાતમી નરકમાં ૩૩ સાગરોપમ આયુષ્યવાળો નારક થયો.

**૨૦ ભવ :** આ ભવમાં સિંહ તરીકે ઉત્પન્ન થયા.

**૨૧ ભવ :** ત્યાંથી ચ્યવીને ૨૧મા ભવમાં પ્રભુ ચોથી નરકમાં ગયા.

**૨૨ ભવ :** પ્રિય મિત્ર રાજાની વિમલા નામની રાણીની કુક્ષીએ વિમલ નામે રાજપુત્ર થયા અને દીક્ષા લીધી.

**૨૩ ભવ :** અનંત પુણ્યના પ્રતાપે ભગવાનનો આત્મા ૨૩મા ભવમાં મૂકા નામની રાજધાનીમાં ધનંજય રાજાની ધારિણી નામની પટ્ટરાણીને કુખે ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળો પ્રિય મિત્ર નામે રાજપુત્ર થયો. અંતે દીક્ષા લીધી. એક કરોડ વર્ષ સુધી ચારિત્ર પાળ્યું.

**૨૪ ભવ :** ત્યાંથી ચ્યવીને ૨૪ ભવમાં મહાશુક્ર દેવલોકમાં ૧૭ સાગરોપમવાળો દેવ થયો.

**૨૫ ભવ :** ૨૭મા ભવના સ્તવનમાં સૌથી મહત્ત્વનો ૨૫મો ભવ છે. ભરતક્ષેત્રમાં છત્રિકા નગરમાં જિતશત્રુ રાજાની ભદ્રા નામે પટ્ટરાણીની કુખે ૨૫ લાખ પૂર્વના આયુષ્યવાળો નંદન નામે પુત્ર થયો. આ ભવમાં પોટ્ટિલાચાર્ય ગુરુ પાસે દીક્ષા અંગીકાર કરી અને ઉગ્ર તપસ્યા કરી તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું.

*અગિયાર લાખ એંસી હજાર છસ્સેવળી*
*ઉપર પિસ્તાળીસ અધિક પણ દિન રૂડી*
*વીસસ્થાનક માસખમણે જાવજીવ સાધતા*
*તીર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા.*

**૨૬ ભવ :** ૨૬મા ભવે પ્રાણી નામના દેવ તરીકે ઉત્પન્ન થયા. ચોથી ઢાળમાં ૨૪મા ભવથી ૨૬મા ભવ સુધીની માહિતી છે. તેમાં નંદન ઋષિનો ભવ સર્વોત્તમ છે.

**૨૭ ભવ :** આ ભવમાં ભગવાન મહાવીરનો આત્મા સ્વર્ગમાંથી ચ્યવીને પૂર્વકર્મના ઉદયથી મહાનકુંડનગરના ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુખે આવ્યા. મરિચીના ભવમાં રાચીમાચીને ગર્વ કર્યો હતો એટલે આ નીચ કુળમાં ઉત્પન્ન થવું પડ્યું. ત્યારપછી હરિણગમૈષી દેવે દેવાનંદાની કુક્ષિમાંથી ગર્ભનું હરણ કરીને ત્રિશલામાતાની કુક્ષીમાંથી ગર્ભમાં સ્થાપન કર્યું.

ત્રિશલા માતાના પુત્રીના ગર્ભને દેવાનંદાની કુક્ષીમાં સ્થાપના કરવામાં આવી. આ રીતે ૮૨ દિવસ દેવાનંદાની કુક્ષીમાં રહ્યા પછી ચૈત્ર સુદ ૧૩ની મધ્યરાત્રિએ ભગવાનનો જન્મ થયો.

પાંચમી ઢાળમાં ભગવાનનો જન્મ, ગૃહસ્થવાસ, દીક્ષા અને કેવળજ્ઞાનની માહિતી આપવામાં આવી છે. કવિએ મિતાક્ષરી પરિચય આપીને ભગવાનના જીવનનો લાક્ષણિક પરિચય કરાવ્યો છે.

*નવમાસાંતરે જનમિયા રે દેવદેવીયે ઓચ્છવ કીધ*
*પરણી યશોદા જોબને રે નામે મહાવીર પ્રસિદ્ધ રે.*
*સંસાર લીલા ભોગવી રે, ત્રીસ વર્ષે દીક્ષા લીધ*
*બાર વર્ષે હુઆ કેવળી રે, શિવવહુનું તિલક શિર દીધ રે*
*ત્રીસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ*
*બ્હોંતેર વર્ષનું આઉખું રે, દિવાળીએ શિવપદ લીધ રે*
*અગુરુ લઘુ અવગાહને રે કીધો સાદિ અનંત નિવાસ*
*મોહરાય મલ્લ મૂળશું રે તનમન સુખનો હોય નાશ રે.*

અંતે કવિ જણાવે છે કે પ્રભુનો આશ્રય લેવાથી સેવા-ભક્તિથી આત્મા પ્રભુ સમાન બને છે.

ગરિમા કળશમાં સ્તવન રચના સમય, ભગવાનના સ્તવનની રચના દ્વારા ગુણગાન ગાવાની સાથે સંયમનો મહિમા ગાયો છે. અંતે શુભ વિજય પંડિત ચરણ સેવક વીરવિજય જય જય કરો.

દેવીઓનો પ્રયોગ, ચિત્રાત્મક શૈલી, ૨૭ ભવની વિવિધ પ્રકારની વિગતો, ગેય પદાવલીઓના સમન્વયથી મહાવીર સ્વામીનો મિતાક્ષરી છતાં માહિતીપૂર્ણ પરિચય પ્રાપ્ત થાય છે. સત્તાવીશ ભવનું સ્તવન એટલે જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરીને પ્રભુના ચરિત્રની વિશિષ્ટ કોટિની ઝાંખી કરાવે છે અને પ્રેરક બનીને પ્રભુના જીવનનો વિસ્તારથી પરિચય કરાવે છે. ✶✶✶

કમલ એપાર્ટમેન્ટ, ૧૦૨, અરવિંદ બિલ્ડિંગ, બિલીમોરા (ગુજરાત).
મોબાઈલ : 09833729269.

# વીર કુંવરની વાતલડી કોને કહીએ રે! (હાલરડું)

□ શ્રીમતી અનિલા હસમુખ શાહ

*[અનિલાબહેન બી.એ.માં ગુજરાતી વિષય લીઈને સ્નાતક થયા પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવૃત્ત રહ્યા અને હવે તેમનો મુખ્ય શોખ લેખનનો હતો તે શરૂ કર્યો છે. વાર્તાઓ, નિબંધો અને કાવ્યોમાં એમની કલમ પ્રવૃત્ત છે. તે ઉપરાંત જૈન ધર્મ, દર્શન અને તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો છે.]*

**શ્રી શુભવીર વિજયજીએ રચેલું ભાવવાહી સ્તવન**

(નંદકુંવર કુમાર કેડે પડ્યો, કેમ ભરિયે – એ દેશી)

*વીર કુંવરની વાતડી કેને કહીએ, હાંરે કેને કહીએ રે કેને કહીએ,*
*નવ મંદિર બેસી રહીએ, હાં રે સુકુમાળ શરીર. વીર. ૧.*
*બાળપણથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઈંદ્રે મલ્હાવ્યો;*
*ઈંદ્રાણી મળી હલરાવ્યો, ગયો રમવા કાજ વીર. ૨.*
*છોરૂં ઉછાંછળા લોકના કેમ રહીએ, એની માવડીને શું કહીએ?*
*કહીએ તો અદેખાં થઈએ, નાસી આવ્યા બાળ. વીર. ૩.*
*આમલકી ક્રીડા વિષે વીંટાણો, મોટો ભોરિંગ રોષે ભરાણો;*
*હાથે ઝાલી વીરે તાણ્યો, કાઢી નાખ્યો દૂર. વીર. ૪.*
*રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો, મુજ પુત્રને લેઈ*
*ઉછળીયો; વીરે મુષ્ટિપ્રહારે વળીઓ, સાંભળીએ એમ. વીર. ૫.*
*ત્રિશલા માતા મોજમાં એમ કહેતાં, સખીને ઓળંભા દેતા;*
*ક્ષણ-ક્ષણ પ્રભુ નામ જ લેતા, તેડાવે બાળ. વીર. ૬.*
*વાટ જોવંતા વીરજી ઘેર આવ્યા, માતા ત્રિશલાએ નવરાવ્યા,*
*ખોળે બેસી હલરાવ્યા, આલિંગન દેત. વીર. ૭.*
*યૌવનવય પ્રભુ પામતાં પરણાવે, પછી સંજમશુ દીલ લાવે;*
*ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવળ નાણ. વીર. ૮.*
*કર્મસૂદન તપ ભાખીયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઈ છાજે;*
*ફલ-પૂજા કરી શિવ કાજે, ભવિને ઉપગાર. વીર...૯.*
*શાતા-અશાતા વેદની ક્ષય કીધું, આપે અક્ષય પદ લીધું;*
*શુભવીરનું સિધ્ધું, ભાંગે સાદિ અનંત. વીર...૧૦.*

**અઘરા શબ્દોના અર્થ :**

કેને=કોણે. મંદિર=ઘર. મલાવ્યો=લાડ લડાવ્યા, સારું લાગે તેમ કરવું. હલરાવ્યો=બાળકને ઉછાળીને રમાડવું, ઉછાળવું. ભોરિંગ=કાળો નાગ. ઓલંભા=ઠપકો, ફરિયાદ, ઠઠ્ઠા-મશ્કરી. સંજમ=સંયમ. કર્મસૂદન તપ=આઠ કર્મોના ક્ષય માટે કરાતું તપ. ઠકુરાઈ=ઠાકોરપણું, મોટાઈ. શાતા-અશાતા=શાંત-અશાંતિ. વેદની=દુઃખ. અક્ષય=જેનો નાશ નથી થતો. સાદિ=પ્રથમ અનંત=જેનો અંત નથી, અપાર. ભાષા=તળપદી-હૃદયસ્પર્શી

**પંડિત શ્રી વીરવિજયજી (શુભવીર) કર્તાપરિચય :**

*તપગચ્છના મહાન આચાર્ય શ્રી સિંહસૂરીશ્વરજીની શિષ્ય પરંપરામાં થયેલ શ્રી શુભવિજયજીના શિષ્યરત્ન પંડિત શ્રી વીરવિજયજી થયા.*

*પંડિત શ્રી વીરવિજયજી શુભવીરના ઉપનામે સાહિત્ય સર્જન કરતા હતા. આ રીતે પોતાના નામની આગળ ગુરુનું બહુમાન કરી રચના કરતાં...*

*પંડિત વીરવિજયજીનું મૂળનામ કેશવરામ હતું. તેમનો જન્મ સંવત ૧૮૨૯માં અમદાવાદમાં ઔદિચ્ય બ્રાહ્મણ જસેશ્વરના ઘરે થયો હતો. તેઓ શ્રી શુભવિજયજીના સમાગમમાં આવ્યા અને જૈન ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરી, જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી, તેમનું નામ વીરવિજય રાખવામાં આવ્યું. બાર વર્ષમાં ષડ્દર્શન, જૈન મૂળ ગ્રંથ, છંદશાસ્ત્ર અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો.*

*શ્રી વીરવિજયજીનું સાહિત્ય સર્જન વિશાળ છે. વિવિધ પ્રકારની નાની-મોટી પૂજાઓ રચી જેમાં તીર્થંકરોના પાંચે કલ્યાણકોનું ઊર્મિ સભર વર્ણન કરી ભાવવાહી બનાવી છે. તે ઉપરાંત સો જેટલા સ્તવનોની રચનાઓ કરી. આ ઊર્મીકાવ્યો લોકોના હૃદયને ભાવવિભોર બનાવી સ્પર્શી જાય છે. તે ઉપરાંત સજ્ઝાયોની પણ રચનાઓ કરી છે. ભક્તિ અને જ્ઞાનના સમન્વયવાળી આ રચનાઓ ખૂબ જ લોકપ્રિય છે. તેમની રચનાઓમાં પ્રાસાદ, માધુર્ય અને ગેયતા છે. ભક્તિત્ત્વનું ભાતું છે. એમનાં સ્તવનો, સજ્ઝાયોના મર્મ, આત્માને કલ્યાણકારી એવા મોક્ષગામી બનાવવા સમર્થ છે.*

*આ સ્તબકના છેલ્લા અગ્રણી કવિ છે. તે ઉપરાંત ઊર્મિસભર કવિતાને જાળવી રાખનારા સમર્થ કવિઓમાંના છેલ્લા સમર્થ કવિ છે.*

*તેઓ પોતાની રચનાઓ 'શુભવીર'ના નામે કરતા હતા.*

**સ્તવનનો સારાંશ**

નંદકુંવરની વાતડી કેને કહીએ, હાંરે કેને કહીએ રે...

શ્રી વીરવિજયજીકૃત આ રચનાને ભાવવાહી ગીત કહો, સ્તવન કહો, કાવ્ય કે હાલરડું...આપણાં હૃદયને એટલું સ્પર્શી જાય છે કે સતત દિલદિમાગમાં ગુંજ્યા જ કરે!

શ્રી શુભવીર વિજયજીએ આ કાવ્ય-ગીતમાં વિશ્વની દરેક માતાઓનાં મનમાં બાળકની, બાળસહજ રમતો, મસ્તી-તોફાનો જોઈને ઉભરી આવતી મમતાનો ઉછાળો દર્શાવી માતાનાં હૃદયની લાગણીઓને વહેવડાવી દીધી છે...

ચિંતિત ત્રિશલામાતા પોતાની સખીઓને કહે છે કે - સુકોમળ એવો એમનો બાળ-પુત્ર ઉછાંછળા બાળકો સાથે રમવા દોડી જાય છે, નથી ઘરમાં બેસતો...પિતાનો-રાજાનો લાડકો તો છે જ, પણ ઈન્દ્રાણીઓએ ખૂબ મલાવી-હુલાવી એના લાડને પોષ્યા છે. અન્ય બાળકોની માતાને ફરિયાદ પણ ના કરી શકાય કે તમારા બાળકોને રમવા ના મોકલો. કહીને પણ શું કરવાનું?...નાહકનાં ઈર્ષાળુમાં ગણાઈએ.

પ્રભુ મહાવીરનું નામ 'વર્ધમાન' હતું... કારણ કે માતાની કુક્ષિમાં આવ્યા પછી રાજ્યમાં ધન-ધાન્ય અને દરેક ક્ષેત્રમાં વૃદ્ધિ જ થતી ગઈ...એટલે એમનું નામ 'વર્ધમાન' રાખવામાં આવ્યું...પણ 'મહાવીર' નામ દેવોએ રાખ્યું એ કેવી રીતે ? એમની વીરતાની પરીક્ષા કરીને...

ભગવાન મહાવીર જન્મથી જ તેજસ્વી, બળવાન, નીડર-નિર્ભય, સાહસિક હતા...આઠેક વર્ષની ઉમરે બાળકો-મિત્રો સાથે રમતા-રમતા 'આમલકી' નામની રમત રમવા નગર બહાર ગયા... દેવસભામાં ઈન્દ્ર શક્રેન્દ્રએ બાળ વર્ધમાનની પ્રશંસા કરતાં કહ્યું કે વર્ધમાનને કોઈ દેવ પણ હરાવી શકવાનો નથી. ત્યાં બેઠેલા એક ઈર્ષાળુ દેવે વર્ધમાનને હરાવવાનો પડકાર કર્યો ને મનમાં વિચાર્યું કે આ પૃથ્વીલોકનો બાળક-માનવ મને શું હરાવવાનો ? એની શક્તિની પરીક્ષા તો કરવી જ પડશે. અને ભયંકર ફુંફાડા મારતાં સર્પનું રૂપ ધારણ કરી, વર્ધમાનને ડરાવવા પૃથ્વી પર આવ્યો ને એક મોટા ઝાડને ફુંફાડા મારતો વીંટળાઈ ગયો...બાળકોમાં નાસભાગ થઈ ગઈ. પણ બાળ વર્ધમાન તો અચળ જ રહ્યા. ને એ ભોરિંગ સર્પને એક જ ઝટકાથી – પોતાના હાથેથી ખેંચી દૂર ફેંકી દીધો. આ હતી વર્ધમાનની વીરતાની પ્રથમ પરીક્ષા.

હારેલો દેવ, ક્રોધિત દેવ ફરીવાર વર્ધમાનને હરાવવાનું નક્કી કરી, બાળકોની રમતમાં બાળસ્વરૂપ લઈને ઘૂસી ગયો. ને નવી રમત રમવાનું નક્કી કરી શરત પણ મૂકી કે જે હારે એ વિજેતાને ખભે બેસાડી ફેરવે. એ દેવ હાથે કરીને હારી ગયો ને વર્ધમાન જીતી ગયા. શર્ત પ્રમાણે એ દેવે વર્ધમાનને પોતાના ખભા પર બેસવાનું કહ્યું...વર્ધમાન ખભા પર બેસી ગયા..ને એ કપટી દેવે પોતાની દૈવિક શક્તિથી શરીરનું કદ વધારી-વધારીને ડુંગર જેવડું કરી દીધું. એ જ વખતે વર્ધમાને પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ કરીને જાણ્યું કે આ તો એ જ દેવ છે જે મને ડરાવવા આવેલો અને આજે ભયંકર રાક્ષસી રૂપ ધારણ કરી મને ડરાવવા આવ્યો છે. એટલે નિર્ભય એવા વર્ધમાને જરાપણ ડર્યા વિના પોતાની વજ્ર જેવી મુઠ્ઠીથી એ રાક્ષસી દેવના ખભા પર સખત પ્રહાર કર્યો અને અસહ્ય વેદના થતા એ દેવ પોતાના મૂળ સ્વરૂપમાં આવીને વર્ધમાનની માફી માંગી વંદન કર્યું...દેવોની સભામાં વર્ધમાનનો જય જયકાર થયો ને દેવોએ વર્ધમાનનું નામ 'મહાવીર'–એવું નામ પાડ્યું...ત્યારથી વર્ધમાન મહાવીર કહેવાયા. બીજી પરીક્ષા.

ત્રિશલા માતા ખૂબ આનંદમાં આવીને સખીઓને ઠપકો આપી કહે છે કે તમે મારા પુત્રની સંભાળ નથી લેતા...માતા વાટ જોતાં જોતાં મહાવીરને બોલાવીને નવરાવી ખૂબ વહાલ કરે છે... જોતજોતામાં મહાવીરનું બાળપણ વીત્યું ને યૌવનમાં પ્રવેશ કર્યો...હોંશથી પરણાવ્યા...સંસારમાં રહીને પણ સંયમની ઉત્કૃષ્ટ ભાવનાને વીરપ્રભુ ઝંખતા રહ્યા ને સંયમ પણ લીધો. દીક્ષા અંગીકાર કરી...

દીક્ષા લઈ પ્રભુ વિહાર કરતાં કરતાં ઘણાં ઉપસર્ગો પરિષહો સહન કરે છે...જેવા કે, શૂલપાણિ યક્ષનો જે પ્રભુને–ધ્યાનસ્થ અવસ્થામાં–શરીરનાં મર્મસ્થાનો પર સખત વેદનાઓ આપે છે–પ્રહાર કરે છે...ચંડકૌશિક સર્પનો–જે ભગવાનને ડસે છે...છતાં પ્રભુ અડગ રહી તેને બોધ આપે છે, ગોવાળનો, જે પોતાનાં બળદો ના મળતાં પ્રભુને મારવા બળદની રાશ ઉગામે છે, ગોશાળાનો કે જે પ્રભુની ઉપર તેજોલેશ્યા ફેંકે છે...જે પાછી ફરીને એનાં જ શરીરમાં જાય છે...ગોવાળિયાના પ્રભુના કાનમાં ખીલા ઠોકવાનો, કે સંગમદેવના ૨૦ નાના-મોટા ઉપસર્ગો, વિગેરે અનુકુળ-પ્રતિકુળ ઉપસર્ગો....પરિષહો પ્રભુ સહન કરી, સર્વને બોધ આપી સંસાર પાર કરાવી દે છે...કેવો પ્રભુ મહાવીરનો સમતાભાવ ! કરૂણાભાવ !... આ રીતે પ્રભુ ઉપસર્ગોને દૂર કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

પ્રભુની વીરપ્રભુની ઠકુરાઈ ત્રણે લોકના સ્વામી તરીકે શોભી રહી અને ભવ્ય જીવોનાં ઉદ્ધાર કરવા અને ઉપકાર કરવા કર્મસૂદન તપની આરાધના કરી–આઠે કર્મોનો ક્ષય કરી મોક્ષ-માર્ગ બતાવે છે.

પ્રભુ મહાવીરે ચાર ઘાતી કર્મ-(૧) જ્ઞાનાવરણીય કર્મ, (૨) દર્શનાવરણીય કર્મ, (૩) મોહનીય કર્મ અને (૪) અંતરાય કર્મ, અને ચાર અઘાતી કર્મો-(૧) વેદનીય કર્મ, (૨) આયુષ્ય કર્મ, (૩) નામકર્મ, (૪) ગોત્ર કર્મ. એમ આઠે પ્રકારનાં ઘાતી-અઘાતી કર્મોનો ક્ષય કરી મોક્ષે ગયા...અક્ષય પદ પ્રાપ્ત કર્યું.

શ્રી શુભવીર વિજયજીએ ભગવાન શ્રી મહાવીરની બાળ સહજ ક્રીડાઓ ખૂબ જ સુંદર રીતે રજૂ કરી આપણી આંખો સમક્ષ ભગવાનનું બાળ-સ્વરૂપ તાદૃશ્ય ખડું કર્યું છે.

**વૈચારિક વિવેચન :**

ભગવાન શ્રી મહાવીર સ્વામી આ અવસર્પિણીના અંતિમ-૨૪મા તીર્થંકર થયા.

આપણું એટલું અહોભાગ્ય છે કે આ અવસર્પિણી કાળમાં મનુષ્ય ભવ, જૈન ધર્મ અને ભગવાન મહાવીરનું શરણું મળ્યું છે. આપણા આત્માનો ઉદ્ધાર કરવા માટે જ આ અંતિમ તીર્થંકર આપણને મળ્યાં છે. એમના જીવનમાં બનેલા અનેક પ્રસંગો વાંચતાં શરીરનાં રોમેરોમમાં જાણે કે એમનું જીવન-કવન ભરી દઈએ એવી ઉત્કટ લાગણી થાય છે...પ્રભુ મહાવીર આપણને ઉપદેશી રહ્યા છે કે સુખ-દુ:ખ કર્માધિન છે. સુખમાં ઉભરાઓ નહીં ને દુ:ખમાં દુભાઓ નહીં....સમભાવે રહીને કર્મનો છેદ ઉડાડતાં જાવ, તો જ આ આત્મા હળવો ફૂલ બનીને ઉર્ધ્વગામી થઈ મુક્તિ–મોક્ષ પ્રાપ્ત કરશે. પ્રભુનાં આત્મા સાથે મિલન કરી એમનાં આત્મામાં સમાઈ જશે...અંતમાં, પ્રભુ મહાવીરનાં ગુણો, દાન, શીલ, તપ, દયા, ઉદારતા સર્વ જીવોમાં આવે ! એ જ પ્રાર્થના....

### ત્રિશલા માતાને આવેલ ચૌદ સ્વપ્ન

*સિદ્ધારથ રાજાને ઘેર પટરાણી, ત્રિશલા નામે સોહામણી એ;*
*રાજભુવન માંહે પલંગે પોઢંતા, ચૌદ સુપન રાણીએ લહ્યા એ...૧.*
*પહેલે સુપને ગયવર દીઠો, બીજે વૃષભ સોહામણો એ;*
*ત્રીજે કેસરી સિંહ સુલક્ષણો દીઠો, ચોથે લક્ષ્મી દેવતા એ...૨.*
*પાંચમે પંચ વરણી માળા, છઠ્ઠે ચંદ્ર અમીઝરો એ,*
*સાતમે સૂરજ, આઠમે ધ્વજા, નવમે કલશ રૂપાતણો એ...૩.*
*પદ્મસરોવર દશમે દીઠો, ક્ષીર સમુદ્ર અગ્યારમે એ;*

*દેવ વિમાન એ બારમે દીઠું, રણઝણ ઘંટા વાજતાં એ...૪.*
*રત્નનો રાશિ તે તેરમે દીઠો, અગ્નિ શિખા દીઠી ચૌદમે...એ;*
*ચૌદ સુપન લઈ રાણીજી આવ્યા, રાણીએ રાયને જગાડિયા એ...૫.*
*ઉઠો-ઉઠો સ્વામી મને સોણલાં લાધ્યાં, એરે સુપન ફળ શાહશે;*
*રાય સિદ્ધારથેં પંડિત તેડ્યા, કહો રે પંડિત ફળ એહનું એ...૬.*
*અમ કુળમંડળ, તુમ કુળ દીવો, ધન રે મહાવીર પ્રભુ અવતર્યા એ,*
*જે નર ગાવે તે સુખ પાવે, આનંદ રંગ વધામણાં એ...૭.*

**ત્રિશલા માતાને આવેલ ચૌદ સ્વપ્ન**

સાત કડીના આ કાવ્યમાં અજ્ઞાત કવિએ પ્રભુ મહાવીર જ્યારે ત્રિશલા માતાની કુક્ષિમાં આવ્યા તે સમયે ત્રિશલા માતાએ ચૌદ સ્વપ્નના દર્શન કર્યા તેનું નિરૂપણ કર્યું છે.

પ્રથમ પાંચે કડીમાં કવિએ ચૌદ સ્વપ્નના નામોની યાદી વર્ણવી છે-છઠ્ઠી કડીમાં રાણી ત્રિશલા સિદ્ધાર્થ રાજાને નિદ્રામાંથી જગાડી પોતાને સ્વપ્ન આવ્યા તેનું ફળ જાણવાની ઈચ્છા દર્શાવે છે. સિદ્ધાર્થ રાજાએ પંડિત બોલાવ્યા અને પંડિતે સ્વપ્નાનું ફળ કહ્યું, સાતમી કડીમાં પંડિતે કહ્યું, 'હે રાજા, તમારા કુળને અજવાળનાર પનોતા પુત્રનો જન્મ થશે. કવિ અંતની પંક્તિમાં કહે છે–પુત્રના જન્મથી સમગ્ર વિશ્વમાં આનંદ પ્રવર્તશે અને પ્રભુ મહાવીરના નામથી દરેક વ્યક્તિ સુખનો અનુભવ કરશે. તાત્ત્વિક દૃષ્ટિએ ચૌદ સ્વપ્નનો અર્થ ચૌદ ગુણસ્થાનક સાથે સંકળાયેલ છે. તેની સમજ નીચે પ્રમાણે આપી છે.

XXX

**૧૪ સ્વપ્ન અને ૧૪ ગુણ સ્થાનક :**

આપણાં શાસ્ત્રોમાં ૧૪ના આંકની ખૂબ મહત્તા છે. જેમકે, ૧૪ રાજલોક, ૧૪ જીવસ્થાનક, ૧૪ માર્ગણા, ૧૪ પૂર્વ, ૧૪ ગુણસ્થાનક, ૧૪ સ્વપ્ન.

તીર્થંકરની માતાને પ્રભુ ગર્ભમાં આવે ત્યારે ૧૪ સ્વપ્નો દેખાય છે. આ ૧૪ સ્વપ્નો ૧૪ ગુણસ્થાનકો સાથે ક્રમિક રીતે સંકળાયેલા છે. અર્થાત્ એ ૧૪ સ્વપ્નો જીવનાં ૧૪ ગુણસ્થાનકોનાં પ્રતીકરૂપ છે.

૧૪ સ્વપ્નોમાં પહેલાં ૩ સ્વપ્નો પશુના છે, ચોથા સ્વપ્નથી દેવ વગેરેની શરૂઆત થાય છે.

આવું કેમ ? કારણ કે, પહેલાં ત્રણ ગુણસ્થાનકે સમ્યક્જ્ઞાન નથી. મિથ્યાત્વ છે તેથી ત્યાં સુધી જીવ અજ્ઞાની કહેવાય. ચોથે ગુણસ્થાનકે સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે જીવ જ્ઞાની કહેવાય. અજ્ઞાની કે જ્ઞાન વિનાના જીવો પશુ સમાન છે. માટે પહેલાં ૩ સ્વપ્નોમાં હાથી, વૃષભ, સિંહ એમ ત્રણે પશુના સ્વપ્નો છે.

**૧૪ સ્વપ્ન અને ૧૪ ગુણ સ્થાનક**

૧લું સ્વપ્ન-હાથી ૧લું ગુણસ્થાનક-મિથ્યાત્વગુ.સ્થા.

સત્ય-અસત્ય...અસત્યને સત્ય માને. વિપર્યાસ ભાવ.

હાથીનો રંગ કાળો છે. શરીર ભારે-કદાવર છે. એ જ પ્રમાણે ૧લા ગુણસ્થાનકે રહેલો જીવ મિથ્યાત્વી કાળાકર્મી છે, ભારે કર્મી છે.

**૨જું સ્વપ્ન કેસરી સિંહ ૩જું ગુણ સ્થાન-મિશ્ર ગુણસ્થાનક**

ક્યારે મારે, ક્યારે ના મારે-વિચલિત ભાવ.

સિંહ મિશ્ર મનોવૃત્તિ ધરાવે છે. જ્યારે એ ભૂખ્યો હોય ત્યારે શિકારે નીકળે અને જે જીવ સામે આવે એનું ભક્ષણ કરી લે, પરંતુ જ્યારે એ ભૂખ્યો ન હોય ત્યારે કોઈ પણ જીવને મારતો નથી. આમ ક્યારેક 'મારવાની' અને ક્યારેક 'ન મારવાની' મિશ્ર મનોસ્થિતિ હોય છે. એ પ્રમાણે ૩જા ગુણસ્થાનકે જીવની મિશ્ર ભાવવાળી સ્થિતિ છે. અહીં શ્રદ્ધા પણ નથી અને અશ્રદ્ધા પણ નથી. અર્ધ મિથ્યાત્વી અને અર્ધ સમ્યક્ત્વ સહિત જીવ હોય છે.

**૪ થું સ્વપ્ન : લક્ષ્મી (શ્રીદેવી) ૪ થું ગુણસ્થાનક અવિરત**
**વિદ્યા સમ્યક્-દૃષ્ટિ ગુણ સ્થાનક**

૪થા ગુણસ્થાનક-વિશેષતા...અવિદ્યાનો અભાવ.

જ્યાં સુધી જીવ ૪થા ગુણસ્થાનકે નથી આવતો ત્યાંસુધી એનું અજ્ઞાન હોય છે. ૪થા ગુણસ્થાનકમાં સમ્યક્ આવે છે. સંસાર અત્યાર સુધી સમુદ્ર લાગતો, પણ હવે સરળ બની ગયો છે. ભેદજ્ઞાનની શરૂઆત ૪થા ગુણસ્થાનકેથી થાય છે. સત્યને સત્ય માને, અસત્યને અસત્ય માને. અહીં આત્મા સ્વમાં આવશે.

વ્યવહારમાં લક્ષ્મી એટલે ધન-સંપત્તિ મળે એટલે મનુષ્ય લોકમાં પૂજાય છે...ગુણ વિનાનો પણ ગુણવાન લાગે છે...સંપત્તિ આવ્યા પછી કોઈ મર્યાદા કે બંધનો નડતાં નથી. એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનકે જીવને સમ્યક્જ્ઞાન રૂપી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. અહીંથી જ સમકિત રૂપી દીવો પ્રગટે છે બધા દોષો ગુણરૂપે પ્રગટ થાય છે. હજુ જીવ અવિરતિમાં છે, એટલે પચ્ચક્ખાણ ન કરી શકે... ૪ થા ગુણસ્થાનકે જીવને દેવગતિ પ્રાયોગ્ય બંધ થાય છે. રંગરાગવૃત્તિ વધારે-ત્યાગવૃત્તિ ઓછી હોય.

**૫મું સ્વપ્ન : ફૂલની માળા ૫ મું ગુ.સ્થા. દેશવિરતિ ગુણસ્થાનક**

વિવેકભાવ-ફુલોની બે માળા.

૫માં ગુણસ્થાનકે આવેલો, જીવ પચ્ચક્ખાણમાં આવે...વિવેક આવે...સ્વમાં વિચારે કે હું ક્યાં છું. ૧૨ પ્રકારની વિરતિમાંથી ૧લી વિરતિમાં આવ્યો છે. ૧૧ બાકી છે. દ્રવ્યહિંસા પણ ના થાય. ત્રસ જીવની હિંસા પોતાનાથી ના થાય અને ભાવ હિંસા પણ ના થાય. એવું વિચારે. ૫ મે ગુણસ્થાનકે શ્રાવક ૧૨ વ્રતો ઉચ્ચારીને દેશવિરત બને છે.

આ ૧૨ વ્રતોમાં મૂળ ગુણ અને ઉત્તરગુણ હોય એમ બે ફૂલોની માળા સુવાસ ફેલાવે છે અને મનને શાંતિ આપે છે.

**૬ઠ્ઠું સ્વપ્ન : ચંદ્ર ૬ઠ્ઠું ગુ.સ્થા. પ્રમત્ત સંયત્**
વિનય-નમ્રતા **(સર્વ વિરતિ ગુ.સ્થા.)**
ગુણ...ભાવ. સંયત-સાધુ ભગવંત

ભાવથી ચારિત્ર ઉદયમાં આવી ગયું છે. જીવનમાંથી માન-કષાય નીકળી જાય ત્યારે વિનય આવે.

અહીં ૬ઠ્ઠું સ્વપ્ન ચંદ્ર છે, અને સાતમું સ્વપ્ન સૂર્ય છે. ચંદ્ર અને સૂર્ય

સતત રહેતા નથી. સતત ચંદ્ર પણ ના રહે ને સતત સૂર્ય પણ ના રહે. એ જ પ્રમાણે, ૬ઠ્ઠે ગુણસ્થાનકે જીવ ક્યારેય સળંગ ના રહે અને ૭ મે ગુણસ્થાનકે પણ જીવ સતત ન રહે. પરંતુ અંતર્મુર્હુત-અંતરમુર્હુત ૬ઠ્ઠે, ૭ મે ફરતા રહે છે. વળી, ચંદ્રમાં કલંક છે, એ જ પ્રમાણે ૬ ઠ્ઠે ગુણસ્થાનકે પ્રમાદ રૂપી કલંક છે. (૫ પ્રકારનાં પ્રમાદ-મદ, વિષય, કષાય, નિદ્રા, વિકથા). કાળ-જઘન્ય અંતર્મુર્હુત.

**૭મું સ્વપ્ન સૂર્ય ૭ મું ગુણસ્થાનક અપ્રમત્ત સંયત ગુણસ્થાનક**

વિરતિ ગુણ...હિંચકા જેવું ૬ઠ્ઠું ગુણસ્થાનકેથી ૭ મે ગુણસ્થાનકે જાય અને ફરી ૭ મે ગુણસ્થાનકેથી ૬ઠ્ઠે આવે, એમ હીંચકાની જેમ ઝોલાં ખાય. ૭મે ગુણસ્થાનકે જીવ અપ્રમત્ત બને છે. એના બધા જ ગુણે તેજ પામે છે. પ્રકાશિત બને છે. પ્રમાદ જરા પણ રહેતો નથી. પૂર્ણકક્ષાએ વિરતિ ગુણ આવે છે અને પાપો નિકળી ગયા છે. નિર્મળ છે. વિશુદ્ધિ ભાવ રહે છે. આ કાળમાં ૭ મા ગુણસ્થાનકથી આગળ વધાતું નથી.

બન્ને ૬ઠ્ઠાનો અને ૭ માંનો કાળ :જઘન્યથી અંતર્મુર્હત ઉત્કૃષ્ટથી અંતર્મુર્હુત.

૬ ઠ્ઠું અને સાતમું ગુણસ્થાનક મળીને દેશોન પૂર્વ ક્રોડ વર્ષ.

**૮મું સ્વપ્ન : ધજા ૮ મું ગુ.સ્થા. અપૂર્વકરણ ગુણસ્થાનક**

વિરાગી દશા. વિશિષ્ટ વિતરાગ દશા.

ઉપશમ ભાવ.

યોદ્ધો જ્યારે યુદ્ધ કરવા નીકળે ત્યારે એના રથ ઉપર સૌ પ્રથમ પોતાની ધજા (પતાકા) ફરકાવે છે. એ જ પ્રમાણે ૮ મે ગુણસ્થાનકે યુદ્ધની શરૂઆત થાય છે. મોહનીય કર્મને સંપૂર્ણ દબાવી દેવાનું-ઉપશમ કરી શકે છે. કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી શકે એવી ઉત્તરોત્તર ધારા એ ક્ષયોપશમ. અહીંથી શ્રેણી શરૂ થાય છે. અપૂર્વકરણ એટલે પૂર્વે કયારેય નથી કર્યું એવું કામ જીવ હવે આરંભે છે. મોહનીય કર્મ કાઢવાનાં પાંચ શસ્ત્રો જીવ ઉગામે છે તે સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ, સ્થિતિબંધ. આ પાંચ પદાર્થરૂપ શસ્ત્રોથી અપૂર્વકરણ કરી જીવ પોતાની ધર્મધજા ફરકાવે છે.

**૯મું સ્વપ્ન : પૂર્ણ કળશ ૯ મું ગણસ્થાનકઅનિવૃત્તિ**

વિશિષ્ટ અનિવૃત્તિ, બાદર સંપરાય **ગુણસ્થાનક**

એકસરખા ભાવ.

૯ મું સ્વપ્ન પૂર્ણ-કળશ...પૂર્ણતયા ભરેલો કલશ કદી છલકાતો નથી. અધૂરો ભર્યો હોય તો છલકાય. પૂર્ણ કળશમાં પાણી શાંત અને સ્થિર રહે છે. ૯મે ગુણસ્થાનકે આવેલાં જીવના ભાવો એક સરખા જ હોય, જરા પણ તરતમતા ના હોય. જીવનાં ભાવો અને પરિણામો સ્થિર બને છે. જીવ શાંત બને છે. વિશિષ્ટ અનિવૃત્તિકરણ છે. ૮મે ગુણસ્થાનકે ઉગામેલા શસ્ત્ર અહીં મોહનીય કર્મ ઉપર ઘા પાડી દે છે.

**૧૦મું સ્વપ્ન : પદ્મ સરોવર ૧૦ મું ગુણસ્થાનક સૂક્ષ્મ**

બાદર કષાય નષ્ટ. વિજયગુણ... **સંપરાય ગુણસ્થાનક**

લક્ષ્મીજીને રહેવાનું સ્થાન પદ્મસરોવર છે...ને ૪થું સ્વપ્ન લક્ષ્મીજીનું સ્વપ્ન છે. એ જ પ્રમાણે, અહીં ચોથા અને દશમા ગુણ- સ્થાનકનો સમન્વય થાય છે. ચોથે ગુણસ્થાનકે કષાય સમાવવાની જીવે શરૂઆત કરી, હવે ૧૦મે ગુણસ્થાનકે કષાયને ખપાવશે. અહીં ક્ષપક શ્રેણિ અને ઉપશમ શ્રેણિ એ બેમાંથી એક પર જીવ ચડે છે. પદ્મ સરોવરમાં ૧૨૦, ૫૦, ૧૨૦ કમળો છે. આટલા બધા શ્વેત કમળોથી પદ્મ સરોવર સુંદર લાગે છે. તેમ જીવ ૧૦મા ગુણ સ્થાનકે સુંદર આત્મગુણોથી શોભે છે.

**૧૧મું સ્વપ્ન: રત્નાકર ૧૧ મું ગુણસ્થાન ઉપશાંત**

ગુણ-વિગત-વિપરીત ગમનવાળો... **મોહ વીતરાગ છદ્મસ્થ**

સમુદ્રમાંથી રત્નો મળે તો મોટો લાભ થાય, પરંતુ સમુદ્રના તોફાનમાં અટવાઈ જાય અને જો બચવા માટે પાટીયું કે બીજો કોઈ આધાર ના મળે તો મનુષ્ય પડતો-પડતો સમુદ્રનાં તળિયે પહોંચી જાય. એ જ પ્રમાણે. ૧૧ મે ગુણસ્થાનકે જીવને વીતરાગતા લાભ થાય, પરંતુ અહીં ઉપશમ પામેલા-દબાવેલા મોહનીય કર્મનું તોફાન આવે તો જીવ પડતો-પડતો છેક ૧લે ગુણસ્થાનકે પહોંચી જાય...કારણ કે મોહનીય કર્મનો ક્ષય નથી કર્યો. તેથી જીવમાં આ ગુણસ્થાનકે આસક્તિ આવી જતાં તે પડે છે. અહીં જીવ વીતરાગ ન થયો હોવાથી 'છદ્મસ્થ' શબ્દ વપરાય છે.

**૧૨મું સ્વપ્ન : દેવ વિમાન ૧૨ મું ગુણસ્થાનક ક્ષીણ**

વિરામ...ગુણ... **મોહ વીતરાગ ગુણસ્થાનક**

દેવ વિમાન હંમેશાં ઊંચે ઊંચે જ ઊડે છે. તેમ ૧૨ મે ગુણસ્થાનકે રહેલા જીવને હવે ઊંચે ઊંચે જ ઊડવાનું છે. મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરી દીધો છે. આત્મભાવ લાવી સ્વરૂપમાં જ રમણતા કરતો જીવ અંતર્મુર્હુતમાં કેવળજ્ઞાન પામવાનો છે.

**૧૩મું સ્વપ્ન : રત્નનો ઢગલો ૧૩ મું ગુણસ્થાનક સંયોગી**

વિતરાગ-સર્વજ્ઞતા **કેવળી ગુણ સ્થાનક**

દેવ વિમાનમાં જે જીવ આરૂઢ થાય તે નિશ્ચે અમૂલ્ય રત્નોની પ્રાપ્તિ કરે. એ જ પ્રમાણે, ૧૩ મે ગુણસ્થાનકે જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં જ અનંત ગુણોરૂપી રત્નો મળે છે. મન-વચન અને કાયાના યોગ હોવાથી આ ગુણસ્થાનક સંયોગી કેવળી કહેવાય છે. ચાર ઘાતી કર્મોનો ક્ષય થાય છે.

**૧૪મું સ્વપ્ન : નિર્ધૂમ અગ્નિ ૧૪ મું ગુણસ્થાનક**

વિમુક્તિ-મોક્ષ : **અયોગી કેવળી**

ધુમાડા વગરનો અગ્નિ

અગ્નિમાં લાકડાં બળી રહ્યાં છે. પરંતુ ધુમાડો નથી. એ જ પ્રમાણે ૧૪ મે ગુણસ્થાનકે પાંચ હ્રસ્વ સ્વરના કાળમાં ભાવનો અગ્નિ પેટાવી ચાર અઘાતી કર્મોરૂપી લાકડાંને એમાં બાળી નાંખ્યા છે. અહીં ધુમાડો નથી. જેમ ધુમાડો ઉપર જાય તેમ આત્મા ઉપર જાય છે. મોક્ષે પહોંચે છે.

આ રીતે ત્રિશલા માતાને આવેલ અર્થ સભર ૧૪ સ્વપ્નો જીવને-આપણને ૧૪ ગુણસ્થાનક સુધી લઈ જવા સમર્થ બને છે. મોક્ષ અપાવી શકે છે. ✷ ✷

૧૫, ઓમ દરિયા મહલ, બીજે માળે.૮૦, નેપીયન્સી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬.ફોન : ૦૨૨ ૨૩૬૨૧૮૭૬.

# શ્રી મહાવીર પ્રભુનું હાલરડું (પારણું )

□ શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી

*[પારૂલબેન ગ્રેજ્યુએટ પ્રથમ શ્રેણીમાં થયા છે. અનેક પુસ્તકોનું લેખન-સંપાદન કરેલ છે. શાંતિસૂરિજી મહારાજનું જીવન (સંપાદન) 'સંયમદર્શી શાંતિદૂત', 'મનમાં ખીલ્યો મોગરો', 'આઈ ખોડીયાર' વગેરે સંપાદનો કર્યાં છે. જૈન પત્રકાર સંઘનો ૨૦૦૮-૦૯માં પ્રથમ એવૉર્ડ તથા અન્ય એવૉર્ડ પ્રાપ્ત કરેલ છે. આકાશવાણીના રત્નકણિકા કાર્યક્રમમાં વિવિધ વિષયો પર ચિંતનાત્મક વક્તવ્યો આપ્યા છે. 'આગમ બત્રીસી' તથા ભગવદ્ ગોમંડળ ગ્રંથો દ્વારા તેમને સન્માનીત કરાયા છે.]*

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હાલ રૂવાના ગીત; સોના રૂપા ને વળી રત્નેજડિયું પારણું, રેશમ દોરી ઘૂઘરી વાગે છુમ છુમ રીત, હાલો હાલો મારા નંદને. ૧.

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીશે અંતરે, હોશે ચોવીસમો તીર્થંકર જિન પરિમાણ, કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી, સાચી સાચી હુઈ તે મારે અમૃતવાણ. હાલો. ૨.

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ, વીત્યા ત્યારે ચક્રી નહીં હવે ચક્રીરાજ; જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર, તેહને વચને મણ્યા ચોવીશમા જિનરાજ, મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ, મારી કૂખે આવ્યા તરણ તારણ જહાજ, હું તો પુણ્ય પનોતી ઈંદ્રાણી થઈ આજ. હાલો. ૩.

મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ, સિંહાસન પર બેસું ચામર છાત્ર ધરાય; એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજના, તે દિન સંભારું ને આનંદ અંગ ન માય. હાલો. ૪.

કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે, તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ; નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો, મેં તો પહેલે સુખને દીઠો વીશવાવીશ. હાલો. ૫.

નંદન નવલા બંધન નંદીવર્ધનના તમે, નંદન ભોજાઈઓના દેયર છો સુકુમાલ, હસશે ભોજાઈઓ કહી દિયર મહારા લાડકા; હસશે રમશે ને વલી ચૂંટી ખણસે ગાલ, હસશે રમશે ને વળી હુંસા દેશે ગાલ. હાલો. ૬.

નંદન નવલા ચેડા રાણાના ભાણેજ છો, નંદન નવલા પાંચશે મામીના ભાણેજ છો, નંદન મામલીયાના ભાણેજા સુકુમાલ, હસશે હાથે ઉચ્છાલી કહીને ન્હાના ભાણેજા, આંખ્યો આંજી ને વલી ટપકું કરશે ગાલ. હાલો. ૭.

નંદન મામા મામી લાવશે ટોપી આંગણા રત્ને જડિયા ઝાલર મોતી કસબી કોર; નીલા પીળા ને વળી રાતા સર્વે જાતિનાં, પહેરાવશે મામી માહરાં નંદકિશોર. હાલો. ૮.

નંદન મામા-મામી સુખલડી બહુ લાવશે, નંદન ગજુવે ભરશે લાડુ મોતીચૂર; નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં, નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો. ૯.

નંદન નવલી ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજી ને બેન તમારી નંદ; તે પણ ગૂંજે ભરવા લાખણસાઈ લાવશે, તુમને જોઈ જોઈ હોંશે હોંશે અધિકો પરમાનંદ, હાલો. ૧૦.

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો, વળી સૂડા મેના પોપટ ને ગજરાજ; સાહસ હંસ કોયલ તીતર ને વલી મોરજી, મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો. ૧૧.

છપ્પન કુમરી અમરી જલકલશે નવરાવિયા, નંદન તમને અમને કેલીઘરની માંહિ; ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે, બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહિ. હાલો. ૧૨.

તમને મેરુ ગિરિ પર સુરપતિએ નવરાવિયા, નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય; મુખડા ઉપર વારુ કોટિ કોટિ ચંદ્રમા, વલી તન પર વારૂ ગ્રહગણનો સમુદાય. હાલો. ૧૩.

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું ગજ પર અંબાડી બેસાડી મોહટે સાજ; પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલ શું, સુખડલી લેશું નિશાળીયાને કાજ. ૧૪.

નંદન નવલા મોટા થાશો ને પરણાવશું, વરવહુ સરખી જોડી લાવશું રાજકુમાર; સરખા વેવાઈ વેવાણોને પધરાવશું, વરવહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર. હાલો. ૧૫.

પીયર સાસરા માહરા બેહુ પખ નંદન ઉજળા, મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ; મહારે આંગણ ગૂઠા અમૃત દૂધે મેહુલા, મહારે આંગણે ફળિયા સુરતરુ સુખના કંદ. હાલો. ૧૬.

ઈણિ પેરે ગાયું માતા ત્રિશલાસુતનું પારણુ જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ; બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરું. જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો. ૧૭.

**અઘરા શબ્દોના અર્થ :**

૧. કાલ રૂપા–હાલરડું, બાળકને સૂવડાવતી વખતે ગવાતું ગીત.૨. લંછન–ચિહ્ન, તીર્થંકરને ઓળખવા માટેનું તેમના શરીર પર રોમરાયથી અંકિત એક ચિહ્ન. ૩. હંસા–પ્રેમથી ગાલ પર, હાથ પર નાની એવી ચૂંટી ખણવી, ઠોંસો મારવો. ૪. મામલીયા–મામા. ૫. ઉચ્છાલી–બાળકને બે હાથ વડે ઉપર ઊછાળીને રમાડવું. ૬. ટોપી આંગણા–બાળકને પહેરાવાનું ટોપી

સાથેનું ઝબલું (વસ્ત્ર). ૭. સુખલડી–સુખડી (ઘી, ગોળ અને ઘઉંના લોટથી બનાવાતી મિઠાઈ) ૮. ભામણાં–દુઃખણા લેવા, ઓવારણા લેવા. ૯. કેલીઘર–ક્રીડાગૃહ જ્યાં અમુક પ્રકારની ક્રીડા કરવામાં આવે છે. ૧૦. મોહટે સાજ–મોટાઈ, અમીરાઈ દેખાય તેવો સાજ-શણગાર. ૧૧. બેહુ–બંને (સાસરા અને પિયર), ૧૨. પખ– (પક્ષ) કુળ,૧૩. ત્રૂઠા–પ્રસન્ન થવું.૧૪. કલ્પવૃક્ષ–સુરતરુ.

**રચયિતાનો ટૂંકો પરિચય :**

*શ્રી મહાવીરસ્વામીનું પારણું એ ૧૯ મી સદીમાં થયેલી અત્યંત લોકપ્રિય રચના છે જે આજે પણ જૈનોના ઘેર ઘેર ગવાય છે. આના રચયિતા કવિરાજ શ્રી દીપવિજયજી વિક્રમની ૧૮મી સદીના અંત ભાગ અને ૧૯મી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયા. તેમના માતા-પિતા, જ્ઞાતિ, દીક્ષાવર્ષ કે પદવી વિષે માહિતી ક્યાંય પ્રાપ્ત નથી.*

*કવિરાજ દીપવિજયજી આણસુર ગચ્છના શ્રી પં. પ્રેમવિજય-ગણિના શિષ્ય પં. શ્રી રત્નવિજયજીગણિના શિષ્ય હતા. સોહમકુલ પટ્ટાવલી રાસની પ્રસ્તાવનામાં એવો ઉલ્લેખ મળે છે કે તેઓ આણસુર ગચ્છના સમુદ્રસૂરિના આજ્ઞાવર્તી યતિ હતાં. તેમના દ્વારા રચાયેલી ૩૨ જેટલી કૃતિઓ મળી આવે છે. આ ઉપરાંત સ્તુતિ, ચૈત્યવંદન, સ્તવન, સજ્ઝાય, ગહુલીઓની રચના પણ તેમણે કરેલી છે. કવિની પ્રાપ્ત કૃતિઓની સાલવારીના આધારે એમનો સાહિત્ય સર્જનકાળ સં. ૧૮૫૨ થી ૧૮૯૨ સુધીનો ગણાય. તેમની વિદ્વતા, કવિત્વશક્તિ અને કર્તૃત્વને અનેક રાજા-મહારાજાઓએ જુદા જુદા ઈલ્કાબો આપીને નવાજ્યા છે. ઉદયપુરના રાણા ભીમસિંહ તથા શ્રીમંત રાજા ગાયકવાડે તેમને કવિરાજનું અને ગાયકવાડ નરેશે તથા વડોદરાના રાજા ખંડેરાવે તેમને કવિ બહાદુરનું બિરૂદ આપ્યું છે. ૧૯મી સદીના ખ્યાતનામ કવિઓમાં ઉત્તમવિજય, પદ્મવિજય, લક્ષ્મીસૂરિ, જિનલાભસૂરિ, શ્રમાકલ્યાણગણિ, જ્ઞાનસાગરજી, પંડિત વીરવિજયજીની સાથે કવિશ્રી દીપવિજયજીનું નામ પણ સુવર્ણાક્ષરે લખાયેલું છે.*

*તેઓશ્રી સાહિત્ય જગતનાં તેજસ્વી તારલા હતા. તેમણે અનેક કૃતિઓના સર્જન દ્વારા સાહિત્ય જગતને અલંકૃત કરવાનો પ્રયત્ન કર્યો છે. જૈન શાસનને તેમણે પોતાના કર્તૃત્વ દ્વારા જ્ઞાન, ભક્તિ અને સંયમ પ્રત્યેની અનન્ય પ્રેરણા પ્રદાન કરી છે તે અમૂલ્ય અને અજોડ છે.*

**પ્રસ્તુત કૃતિ વિષે થોડું જાણવા જેવું :**

આ અવસર્પિણી કાળના ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનું આ લોકપ્રિય હાલરડું કહો કે પારણું તેની રચના કવિશ્રીએ ૧૯મી સદીના પૂર્વાર્ધમાં બિલીમોરા નગરમાં કરી છે એવું ફલિત થાય છે. જૈન ધર્મમાં અમુક કૃતિઓ પોતાની સુગમતા, મધુરતા અને પ્રેરકતાને કારણે લોકોના હૃદયમાં વસી ગઈ છે, જેના દ્વારા વર્ષો સુધી ધર્મભાવનાના અમૃતનું પાન થતું રહે છે. એવી અમર કૃતિઓમાં આ પારણાને પણ ગણાવી શકાય. દેવાધિદેવ, ત્રિલોકીનાથ, કરૂણાસાગર મહાવીરદેવ જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારથી માંડી તેની યુવાવસ્થા સુધી માતા કેવા કેવા સ્વપ્નાઓ જુએ છે, કલ્પનાઓ કરે છે અને બાલુડા માટે શું શું કરશે તેની એક બ્લ્યુ પ્રિન્ટ જાણે અહીંયા મૂકી દેવામાં આવી છે. એક માતાના દદયની ઊર્મિઓને તેમણે શબ્દાલંકારો દ્વારા શણગારી, ભાષાના આભૂષણ પહેરાવી, જે રીતે લોકો સમક્ષ મૂકી છે તેના ઉપરથી જ કવિની કર્તૃત્વશક્તિના સામર્થ્યનો ખ્યાલ આવે છે.

શ્વેતાંબર જૈનોમાં વર્ષોથી એવી પરંપરા છે કે ચૈત્ર સુદ તેરસ-મહાવીર જયંતિના દિવસે ત્રિશલામાતાએ જે ચૌદ સ્વપ્ન જોયા હતાં તે ઊતરે છે. આ ચૌદ સ્વપ્ન એ તીર્થંકર ગર્ભમાં આવવાની નિશાનીરૂપ છે. ચક્રવર્તી અથવા તીર્થંકર જ્યારે માતાના ગર્ભમાં આવે ત્યારે તેમની માતાને આ ચૌદ સ્વપ્નો દેખાય છે. તીર્થંકરની માતાને જે સ્વપ્ન આવે તે તેજસ્વી અને સ્પષ્ટ હોય છે. જ્યારે ચક્રવર્તીની માતા આ જ સ્વપ્નો ઝાંખા જુએ છે. આ સ્વપ્નોની સાથે વીરનું પારણું ભાવિકજનો પોતાને ઘેર પધરાવે છે અને પોતાને ત્યાં વીર પ્રભુનો જનમોત્સવ ઉજવે છે. રાત્રે ભાવના વગેરે હોય છે. આ પારણાને ઘેર પધરાવવું એ શુકનવંતુ ગણાય છે. સૌભાગ્યની નિશાનીરૂપ ગણાય છે. એ પારણું ઘેર પધરાવનાર ઠાઠ-માઠથી, ધામ-ધૂમથી પ્રભુ વીરનો જન્મોત્સવ ઊજવે છે અને ત્યારે આ પારણું ગાવાની પ્રથા આજે વર્ષો પછી પણ જીવંત છે તે જ તેની લોકપ્રિયતાની, શ્રદ્ધા ભક્તિની, પ્રભુ મહાવીરમાં રહેલી આસ્થાની ચરમસીમારૂપ છે. ઉપરાંત વળી આ હાલરડાની રચના ૧૭ કડીમાં કરવામાં આવી છે પરંતુ આમ છતાં તેમાં પ્રભુ વીરની ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા અને યુવાવસ્થા ત્રણેનું ખૂબ સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યું છે. અરિહંતનો વૈભવ કેવો હોય છે તેની પણ આમાં ગર્ભિતપણે છણાવટ કરવામાં આવી છે તે ઘણી માણવાલાયક છે. ટૂંકમાં ઓછા શબ્દો દ્વારા કવિએ ઘણું બધું કહ્યું છે અને એ જ એમની વિદ્વતાનું દ્યોતક છે.

**કૃતિનો સરળ ભાષામાં રસાસ્વાદ :**

પ્રથમ કડીમાં તીર્થંકરનું પારણું કેવું છે તેનું સુંદર વર્ણન કરેલું છે. સોના-રૂપા અને રત્નોથી મઢેલ આ પારણામાં ત્રિલોકના નાથ પ્રભુ બિરાજ્યા છે. જેને હીંચોળવાની દોરી રેશમની છે. પારણું હીંચોળતા જ ઘૂઘરીઓનો છમ-છમ અવાજ આવે છે જે સાંભળનારાના મનને મોહી લે છે. (૧)

આવા આ જીનેશ્વર ભગવાન પાર્શ્વનાથ પછી ૨૫૦ વર્ષે થશે. તેઓ ૨૪મા તીર્થંકર થશે એમ શ્રી કેશીસ્વામીના મુખકમળથી સાંભળેલું છે. આ વાણી મારા માટે (ત્રિશલામાતા માટે) અમૃતવાણી સાબિત થઈ. (૨)

જેની માતાને ૧૪ સ્વપ્ન આવે તેની કુક્ષીએ કાં તો ચક્રવર્તી અથવા

તીર્થંકર હોય. ૧૨ ચક્રવર્તી તો થઈ ગયા છે. તેમાં એક પણ બાકી નથી. આથી ૨૪મા તીર્થંકર મારી કુક્ષીએ પધાર્યા અને હું તો પુણ્યપનોતી ઈંદ્રાણી થઈ. (૩)

ગર્ભ ધારણ કરનારી માતાને દોહદ ઉત્પન્ન થયો કે તેણી હાથીની અંબાડીએ સિંહાસન પર બેસે, તેને ચામર વિંઝાતા હોય, માથે છત્ર ધરેલું હોય. આ બધા લક્ષણ ગર્ભમાં રહેલા જીવની તેજસ્વિતા દર્શાવે છે. આ વાત માતાને યાદ આવે છે ને તેનું રોમ-રોમ આનંદથી પુલકિત થઈ જાય છે. (૪)

હાથમાં તલ, પગમાં તલ એવા શુભ લક્ષણો ૧૦૦૮ છે જે બાળકના શરીર પર જોવા મળે છે. જેનાથી ખ્યાલ આવે છે કે આ તીર્થંકર જ છે. વળી બાળકની જમણી જાંઘ પર સિંહનું લાંછન છે જે માતાને પ્રથમ સ્વપ્ને દેખાયેલ. (૫)

વળી નંદીવર્ધનના તમે નાના ભાઈ છો, ભોજાઈઓના સુકુમાર દિયર છો. ભોજાઈઓ જ્યારે લાડકા દિયરને રમાડશે અને ગાલમાં મીઠા ચીંટિયા ભરશે ત્યારે દિયર પણ આનંદથી હસશે અને રમશે. (૬)

ત્રિશલાનંદ ચેડા રાજાના ભાણેજ છે. જેમને ૫૦૦ રાણી છે. આ બધા સુકુમાર ભાણેજને હાથેથી ઊછાળી રમત રમાડશે. વળી કોઈની નજર ન લાગે તે માટે આંખમાં મેસ આંજી અને તેના ગાલે ટપકું કરશે. (૭)

વહાલા ભાણેજ માટે મામા-મામી ટોપી-આંગણા લાવશે, જે રત્નોથી જડેલા, મોતીની ઝાલરવાળા, કસબની કોરવાળા, લીલા-પીળા-લાલ વગેરે જુદા જુદા રંગના હશે જે ભાણેજને પહેરાવશે. (૮)

ત્રિશલાનંદન માટે મામા-મામી સુખડી લાવશે. ખિસ્સામાં મોતીચૂરના લાડુ ભરી આપશે. બાળપ્રભુનું મુખ જોઈ મામા-મામી દુ:ખણા લેશે અને આશીર્વાદ આપશે કે ઘણું લાબું જીવન સુખરૂપ જીવો. (૯)

વીરના ચેડામામાને સાત પુત્રીઓ છે જે સાતે સતી છે. તે નંદની બહેનો અને મારી (ત્રિશલાની) ભત્રીજીઓ છે તે પણ ભાઈના ખિસ્સામાં ભરવા લાખણસાઈ લાડુ લાવશે. ભાઈને જોઈ તેને હૈયે પરમાનંદ થશે. (૧૦)

નંદને રમવા માટે ઘૂઘરો, સૂડા, પોપટ, મેના, હાથી, હંસ, કોયલ, તેતર ને મોર મામા-મામી લાવશે. (૧૧)

છપ્પન દિશાકુમારીઓએ કેલીઘરમાં જળકળશાઓથી સ્નાન કરાવ્યું, એક યોજનમાં અચેત ફૂલોની વૃષ્ટિ કરી અને ચિરંજીવી બનો તેવા આશીર્વાદ આપ્યા. મેરુપર્વત પર સુરપતિએ (ઈન્દ્રોએ) નવરાવ્યા. પ્રભુના મુખને જોઈ-જોઈને તેમનું હૈયું ભાવથી હરખાય છે જે સુકૃતની કમાણી કરાવી આપે છે. પ્રભુને જોઈને તેમના મનમાં એવા ભાવ જાગે છે કે તમારા પર તો કોટિ-કોટિ ચંદ્રમા અને ગ્રહ ગણનો સમુદાય પણ વારી જાઉં. (૧૨-૧૩)

નંદ જ્યારે નિશાળે ભણવા જશે ત્યારે હાથીની અંબાડીએ બેસીને જશે. વળી તે પહેલાં તેનો શ્રીફળ, નાગરવેલના પાન આદિથી પસ ભરીશું. નિશાળમાં ભણતાં વીરના સહાધ્યાયીઓને સુખડી ખવરાવીશું. (૧૪)

નંદન જયારે યોગ્ય વયના થશે ત્યારે તેમના સમોવડી કન્યા જોઈ તેમને પરણાવશું. ઘેર વરકન્યા આવશે ત્યારે તેમના સુંદર મુખનું દર્શન કરી તેમને પોંખશું. (૧૫)

નંદનના માતાનું પિયર અને શ્વસુર પક્ષ એમ બંને પક્ષ ઊજળા છે. માતાની કુક્ષીએ પનોતા નંદ પધાર્યા, જાણે આંગણામાં અમૃતરૂપી દૂધનો વરસાદ વરસ્યો અને આંગણામાં કલ્પવૃક્ષ ફળ્યું. (૧૬)

આમ માતા ત્રિશલાના પુત્રનું પારણું ગાયું. જે કોઈ ગાશે તેઓના ઘરમાં પણ પનોતા પુત્રના સામ્રાજ્ય હશે. એવી મંગળ ભાવના શ્રી દીપવિજય કવિરાજે ભાવી અને બિલીમોરા નગરમાં તેની રચના કરી. (૧૭)

**કૃતિનો ભાષાવૈભવ :**

કવિશ્રી દીપવિજયજીની મોટા ભાગની કૃતિઓની ભાષા ગુજરાતી છે. ગુજરાતી હોવા છતાં તેમાં જે તે સ્થળની ભાષા-બોલીનો ઉપયોગ કરીને તેમણે કૃતિને લોકભોગ્ય બનાવવાનો પ્રયત્ન કર્યો છે. કોઈપણ કૃતિ ત્યારે જ લોકપ્રિય, મનોરંજક અને ઉદ્દેશપૂર્તિ કરનારી નીવડે જ્યારે તેની ભાષા સરળ હોય, તેના અર્થો સહેલાઈથી સમજાય તેવા હોય, ગર્ભિત તત્ત્વજ્ઞાનની સાથે ભારેખમ શબ્દપ્રયોગ ન હોય. આ કૃતિ પણ એ રીતે જોઈએ તો સરળ ભાષામાં પરંતુ અલંકારો-ઉપમા વગેરેનો ઉપયોગ કરીને રચાઈ છે. થોડા શબ્દોમાં ઘણું કહેવાની કર્તાએ કોશિષ કરી છે અને તેમાં તેઓ સફળ પણ થયા છે. આ કૃતિની રચના જોતાં તેમાં કવિની વિદ્વત્તા, અનુભવદૃષ્ટિ, ધર્મનું તલસ્પર્શી જ્ઞાન દેખાઈ આવે છે જે કૃતિને એક ગૌરવપ્રદ ઊંચાઈ બક્ષે છે. એક માતાના હૃદયમાં ઊઠતી ભાવોર્મિનું વર્ણન કરવામાં કવિએ જે ચાતુર્ય દાખવ્યું છે તે જ કૃતિને અમર બનાવવામાં નિમિત્તરૂપ બન્યું છે. નાની નાની બાબતોનું વર્ણન કરવામાં તેમની સૂક્ષ્મ દૃષ્ટિ કામ કરી જાય છે અને તેને વર્ણવવામાં કવિએ જે શબ્દવૈભવ સ્વીકાર્યો છે તે આ કૃતિની આગવી લાક્ષણિકતા છે. આમ આ કૃતિ ઉલ્લેખનીય ગણાવી શકાય.

**કૃતિ વિષે વિવેચન :**

ત્રણ ભુવનના નાથ, શિરતાજ પ્રભુ જગતના જીવોને મોક્ષમાર્ગ બતાવનાર, તત્ત્વનું આચમન કરાવનાર, લોકના ભવ્ય જીવોને મિથ્યાત્વના અંધકારમાંથી સમ્યગ્દર્શન રૂપી પ્રકાશમાં લઈ જનાર તીર્થંકર દેવનું પારણું કેવું સુંદર છે ? સોના-રૂપાના પારણામાં અનેક રત્નો તો જડ્યા છે પણ રત્નો દુન્યવી જ નથી. જ્ઞાન-દર્શન, ચારિત્રરૂપ રત્નો છે. આવા રત્નોને આપણે ગ્રહણ કરવાના છે તે તરફ કવિ ઇશારો કરે છે. વળી આગળ તેઓ વર્ણવે છે કે ચૌદ સ્વપ્ન ત્રિશલા માતાને

આવ્યા છે. દરેક તીર્થંકરની માતા આ ચૌદ સ્વપ્ન જુએ, પરંતુ જો તીર્થંકર દેવલોકમાંથી ચ્યવીને આવેલા હોય તો ૧૨ મા સ્વપ્ને દેવવિમાન જુએ અને જો તીર્થંકર નરકમાંથી ચ્યવીને આવેલા હોય તો ૧૨મા સ્વપ્નમાં ભવન જુએ છે. સ્વપ્ન શાસ્ત્રમાં કુળ ૭૨ સ્વપ્નો બનાવ્યા છે. તેમાંથી ૪૨ સ્વપ્ન સામાન્ય ફળવાળા અને ૩૦ સ્વપ્નો વિશેષ ફળવાળા છે. જેમાંના આ ૧૪ સ્વપ્ન મહાસ્વપ્ન છે. વાસુદેવની માતા ૭ અને બળદેવની માતા ૪ તથા માંડલિક રાજાની માતા એક સ્વપ્ન જુએ છે.

તીર્થંકર જે માતાની કુક્ષીમાં પધારે તે માતા પણ કેવી સૌભાગ્યશાલિની છે કે જેની રત્નકુક્ષીએ ત્રણ ભુવનના નાથ પધાર્યાં છે. તીર્થંકરના આગમનથી ઊર્ધ્વલોક (દેવવિમાનો વગેરે), અધો લોક (સાત નરક વગેરે) અને તિર્છા લોક (આ પૃથ્વી) ઉપર હર્ષ છવાઈ જાય છે. તીર્થંકરના ચ્યવન, જન્મ આદિ પાંચ કલ્યાણક હોય છે. આ પાંચ કલ્યાણક વખતે બધે હર્ષ છવાઈ જાય છે. અરે ! નરકના નારકીઓ જે પ્રતિક્ષણ વેદનાઓ જ ભોગવતા હોય છે તેમને પણ તે દરમિયાન શાતાનો અનુભવ થાય છે. જે કુક્ષીમાં તીર્થંકર પધાર્યાં તે માતાને દોહદ પણ કેવા થાય છે કે પોતે હાથીની અંબાડી પર બેસે, માથે છત્ર હોય, ચામર વીંઝાતા હોય. આ બધા લક્ષણ કોઈ જેવા તેવા નથી. જગતને દૈદીપ્યમાન બનાવનાર જગદીશનું અવતરણ આ પૃથ્વી પર થવાનું હોય તે શિશુ કેવું ભાગ્યશાળી છે તે દર્શાવનારા જ હોય. વળી તીર્થંકર દેવની સેવામાં સદૈવ ૧ ક્રોડ દેવતાઓ હાજર રહે છે. આવા તીર્થંકરનો વૈભવ કેવો ?

પ્રભુની દેશના માટે સમવસરણ રચાય. જે દેવો દ્વારા રચિત હોય, દૈવી વૈભવોથી વિભૂષિત હોય, જ્યાં દેવ, તિર્યંચ અને મનુષ્યો એ ત્રણેય ગતિના જીવો એક સાથે બેસી દેશના સાંભળે છે. આ સમવસરણમાં ત્રણ ગઢ હોય જે ચાંદી, સોના અને રત્નના હોય. તીર્થંકરની દેશના સૌ પોતપોતાની ભાષામાં સમજી જાય. જાતિવૈર ઉલ્લસે નહિ. ચાર દિશાભિમુખ ચાર સિંહાસન હોય. બાર પ્રકારની પર્ષદા વ્યાખ્યાનવાણી સાંભળે. પ્રભુ જ્યાં બિરાજે ત્યાં ચાર ચાર યોજનમાં કોઈ જાતનો ભય ન હોય. રોગ, શોક ન હોય. આવા ભગવંતની દેશના સાંભળી અનેક ભવ્ય જીવો તરી જાય. આ ભવસાગર પાર કરી મોક્ષે પહોંચી જાય.

તીર્થંકરના દેહ પર ૧૦૦૮ શુભ લક્ષણો રહેતા હોય છે. વળી કુલ ૩૪ અતિશય હોય છે જેમાં ૪ અતિશય જન્મથી હોય છે. ૧૧ અતિશય ઘાતીકર્મના ક્ષયથી પ્રગટે છે. જ્યારે ૧૯ અતિશય દેવકૃત હોય છે. વળી દરેક તીર્થંકરને તેના જમણા પગની જાંઘ પર અથવા છાતી પર રોમરાય અમુક પ્રકારે ગોઠવાયેલ હોય છે તે તેઓનું લાંછન કહેવાય છે. જેમ કે સિંહના આકારે રોમરાય હોય તો સિંહનું લાંછન કહેવાય.

આવા તીર્થંકરનો જ્યાં જન્મ થાય ત્યાં તેના સગા-વહાલાઓ તેમને અસીમ પ્રેમ કરતાં હોય, લાડ લડાવતાં હોય. પ્રભુ વીરને નંદીવર્ધન જેવા ભાઈ અને ભાભી હતાં. તેઓ પણ વીરને ખૂબ જ પ્રેમ કરે છે. બાલસહજ લાડ લડાવી હસાવે છે, રમાડે છે, ઊછાળે છે અને પ્રેમથી ચૂંટીઓ પણ ખણે છે. વળી ચેડા રાજા જેવા સમર્થ રાજવી પ્રભુ વીરના મામા હતાં. તેઓ બાર વ્રતધારી ચુસ્ત શ્રાવક હતાં. તેમને સાત પુત્રીઓ હતી. જે સાતે સતી હતી. આ બેનોને પણ ભાઈને જોઈ હૈયે પરમાનંદ અનુભવાતો હતો.

આ તીર્થંકરનો જન્મ મહોત્સવ ૫૬ દિશાકુમારીઓ અને ૬૪ ઈન્દ્રો દ્વારા ઉજવાય છે. તે પણ મેરૂપર્વત ઉપર. માતાની ગોદમાંથી-માતાને નિદ્રાધીન કરી, પ્રભુના જેવું પ્રતિબિંબ માતા પાસે મૂકી ઈંદ્ર પોતે પોતાના પાંચરૂપ કરી પ્રભુને હાથમાં ગ્રહે. બીજા રૂપથી છત્ર ધારણ કરે, બીજા બે રૂપથી ચામર વીંઝે અને એક રૂપ પ્રભુની આગળ રહી વજ્રને ધારણ કરી, પ્રભુને નીરખતા ચાલે. મેરૂપર્વત પર શિખરે આવેલ પાંડુક વનમાં પ્રભુને લાવે ત્યાં ચારમાંની એક શિલા પર સિંહાસન પર બાળપ્રભુને ગોદમાં લઈ બેસે. અત્યંત વૈભવ, ગાન-નૃત્ય સહિત જન્માભિષેક કરી જન્મોત્સવ ઊજવે. આવા તીર્થંકર જે ઘરે જન્મ લે ત્યાં અમૃતનો વરસાદ, કલ્પવૃક્ષ ફળ્યું હોય તેવી લાગણી કુટુંબીજનોને જ નહિ જીવ માત્રને થાય.

શ્રી વીરપ્રભુના માતાની કુક્ષીએ ચ્યવનથી માંડી, જન્માભિષેક, બાળપણ, કિશોરાવસ્થા અને યુવાની સુધીના પ્રત્યેક કાર્યોને આ પારણામાં એકદમ સૂક્ષ્મ દૃષ્ટિ રાખીને ગૂંથી લેવામાં આવ્યા છે. ઓછા શબ્દોમાં પણ ગર્ભિતાર્થ સમાયેલા છે અને ઘણું ઘણું કહી જાય છે. માતાના હૃદયમાં ઊછળતી ભાવની ઊર્મિઓ, માતાના સ્વપ્નો, માતાની કલ્પનાઓ વગેરેને જે રીતે કવિએ અહીં મૂક્યા છે તે કાબિલે દાદ છે. આમ બધી રીતે જોતાં આ કૃતિને સાહિત્ય જગતના શિખરે બેસાડી શકાય તેવી છે. વળી અંતમાં પારણાનું મહત્ત્વ દર્શાવી જેઓ આ પારણું લેશે, તેઓને દુન્યવી લાભ તો થાય જ પરંતુ આધ્યાત્મિક લાભ પણ ઘણો બધો છે તે દર્શાવી-છેલ્લે કૃતિની રચનાનું શહેર તથા પોતાનું નામ મૂકી કવિ આ કૃતિને પૂર્ણ કરે છે.

અંતમાં એટલું જ કહીશ કે કવિરાજ દીપવિજયજીનું આ પારણું ખૂબ જ રોચક, રસાળ અને મનને મોહી લે તેવું છે. આવી કૃતિઓને કારણે જ ભારતીય જૈન સાહિત્યનો વારસો ભવ્યતાને પામ્યો છે અને જગતમાં મુઠ્ઠી ઊંચેરો બન્યો છે તેમ કહેશું તે અતિશયોક્તિ નહીં ગણાય.

આવી આ દીપવિજય કવિરાજની સ્તુતિનું જે કોઈ ભાવથી સ્મરણ કરશે તે દુન્યવી સુખો પામી આ ભવ તો સુધારશે પરંતુ ઊંડા ભાવો દ્વારા હૃદયને પરિવર્તન કરી રત્નત્રય અને તત્ત્વત્રય ગ્રહણ કરશે તે મોક્ષનું સામ્રાજ્ય મેળવી શકશે. ✱✱✱

'ઉષા સ્મૃતિ' ૧ ભક્તિનગર સોસાયટી, જૈન ઉપાશ્રય પાસે,
રાજકોટ.૩૬૦૦૦૨.ફોન : (૦૨૮૧) ૨૨૨૨૭૯૫
મો. : ૯૮૨૪૪૮૫૪૧૦, ૯૭૨૫૬૮૦૮૮૫..

# ઊભો મદ મોડી

☐ ડૉ. પ્રફુલ્લા વોરા

*[ડૉ. પ્રફુલ્લાબહેન વોરા એમ.એ., પીએચ.ડી. થયા પછી ભાવનગરની બીએડ. કૉલેજમાં ૨૮ વર્ષથી પ્રાધ્યાપિકા તરીકે કામગીરી બજાવી રહ્યા છે. તેઓ જૈન પાઠશાળામાં ૨૪ વર્ષથી માનદ્ સેવાઓ આપે છે. તેમણે પાંચ પુસ્તકો પ્રકટ કર્યાં છે. (૧) ગોડીજી પાર્શ્વ પરિમલ (૨) તીર્થંકર ચરિત્ર (૩) નવકાર છત્રીસી (૪) શ્વાસનો પર્યાય–સ્વરચિત ગઝલ–કાવ્યોનો સંગ્રહ (૫) ઉડ્ડયન નિધિ (નિબંધ-સંગ્રહ), તેઓ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મુંબઈ અને વિવિધ સ્થળોએ વ્યાખ્યાન આપે છે. રાજકોટ રેડિયો અને અમદાવાદ દૂરદર્શન પર કાવ્યો અને શૈક્ષણિક વાર્તાલાપો રજૂ કરે છે. 'જીવનકલા' ધોરણ ૪ના પાઠ્ય પુસ્તકનો અનુવાદ કર્યો છે.]*

### શ્રી કાંતિવિજયજી કૃત
### (૧૧૧૬)

*વીરજી ઊભો મદ મોડિ, બે કરજોડી અરજ કરૂં રે લો;*
*મ્હારા વીર પીઆરા રે લો, વીરજી રાજેસર રાણા.*
*આણા તાહરી શીર ધરૂં રે લો...મારા. ૧*
*વીરજી મીઠલડે વયણે નયણે, ઇણ રાચી રહું રે લો; મા.*
*વીરજી વાતો મનરૂષની સુખની, તુજ આગે કહું રે લો. મા. ૨*
*વીરજી પિત્ર પરલોકે ગયા, તિણ શોકે દીહા[૧] ગમું રે લો; મા.*
*વીરજી ચિંતાતુર નિજ મો ચિત્તમાં, જિમ શૂનો ભમું રે લો. ૩*
*વીરજી તુજ વિરહે મોટિકાં, વળી છેહ દેઈ રે લો; મા.*
*વીરજી સંજમ જો લેશો દેશ્યો, ગુંબડ ખાર તેઈ રે લો. મા. ૪*
*વીરજી ભોજન નવિ ભાવે થાવે, અતિ આસંગળોરે લો; મા.*
*વીરજી નિંદરડી નાવે ધ્યાવે, મન ઉધાંધલો રે લો. મા. ૫*
*વીરજી છાતિમાં ઘાતી કાતી; જેણે સારની રે લો; મા.*
*વીરજી પીડા વિણ વાગે લાગે, મોટી મારની રે લો. મા. ૬*
*વીરજી વેદન નવિ જાણે ટાણે, આણે કઠિન હીયો રે લો; મા.*
*વીરજી થાવો કરૂણાળા વાલ્હા, વ્રત ના મૂકિ દિયો રે લો.મા.૭*
*વીરજી વિનવ્યા ઈમ આઈ ભાઈ, **ભાઈ નંદીવરધને** રે લો; મા.*
*વીરજી ભીના નહિ મન શું ધન શું, પોષે જગતને રે લો. ૮*
*વીરજી ચારિત્ર્ય લેશ્યું મેં પાંમી, અવસર આપણો રે લો; મા.*
*વીરજી કેવળ લહી સીધો લીધો, સાસ્વત સુખ ઘણો રે લો. ૯*
***પ્રેમે** જે ધ્યાવે ગાવે, જિનગુણ આદરી રે લો; મા.*
***કાંતિવિજય** જય બાળા, માળાને વરી રે લો. મારા. ૧૦*

xxx

**અઘરા શબ્દોના અર્થ :**

મદ-અભિમાન, મોડિ-મરડી, પીઆરાં-પ્યારા, આણા-આજ્ઞા, વયણે-વચને, જિમ-જેમ, દીહા-ડુબેલા, આસંગળો-હૃદયમાં થતી વેદના, ઉધાંધલો-આકુળ-વ્યાકુળ.

**કવિ પરિચય :**

*આ કૃતિના રચયિતા કવિ કાંતિવિજયજી છે. તેમના વિષે વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. વિવિધ સંદર્ભોને આધારે એટલું જણાય છે કે તેઓ વિજયપ્રભસૂરિજીના શિષ્ય પ્રેમવિજયના શિષ્ય હતા. તેથી તેઓ 'પ્રેમ વિબુદ્ધ શિષ્ય'ના નામે ઓળખાય છે.તેમના જન્મસ્થળ, સમય કે પરિવાર વિશે જાણવામાં આવ્યું નથી. પરંતુ તેમની રચનાઓ વિશે જે ઉલ્લેખો મળે છે તેના આધારે તેમનો પરિચય પ્રાપ્ત થાય છે. એ સમયના સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં ખેડાણ થયું હતું આવું ખેડાણ શ્રી કાંતિવિજયજીએ પણ કર્યું હતું. સં. ૧૭૭૮ પહેલાં તેઓએ ચોવીશીની રચના કરી હતી. તેના આધારે થોડીક માહિતી પ્રાપ્ત થઈ છે.*

**રચના વર્ષ :**

અહીં જે સ્તવન પ્રસ્તુત કરવામાં આવ્યું છે, તે સ્તવનનો રચનાકાળ ઉપલબ્ધ બન્યો નથી. પરંતુ શ્રી કાંતિવિજયજીએ ચોવીશીની રચના સં. ૧૭૭૮ પહેલાં કરી છે, એમાંથી આ સ્તવન લેવામાં આવ્યું છે.

**સ્તવનનું વિષયવસ્તુ :**

સાંસારિક સંબંધોમાં જ્યારે પાંચ દ્વેષ જન્મે છે, ત્યારે મન બેચેન બની જાય છે. એમાં પણ જ્યારે સ્નેહી-સ્વજનનો સાથ છૂટે ત્યારે થતી વ્યથા હૃદયને હચમચાવી દે છે. જો તે સમયે મુખમાંથી શબ્દો સરી પડે કે એ ભાવોનું નિરૂપણ કોઈ રચનામાં થાય તો તે રચના ભાવકને સ્પર્શી જાય છે. જો માત્ર સાંસારિક સંબંધો કે જે ખરેખર તો ભ્રામક અને નાશવંત છે, તે સંબંધી વિરહવેદના આટલી દુઃખદ હોય તો જે પરમ ઉપકારી છે; જેઓ જગતના જીવો પર કરુણાની જલધારા વહાવી રહ્યા છે તે, એટલે કે પરમકૃપાળુ પરમાત્માનો સાથ છૂટી જાય તો ભક્તહૃદય કેવું દુઃખ અનુભવે એ વ્યક્ત કરવું અઘરું છે. પરમાત્મા પ્રત્યે અવિરત, અવિનાશી અને અનન્ય પ્રેમ હોય, તેમના ગુણો પ્રત્યે અનુરાગ હોય, એવા પરમ ભક્તને પ્રભુ સાથેથી જરા પણ અલગ થવાનું થાય ત્યારે ભક્ત હૃદયની વેદના અપાર હોય છે. હૃદયના શુદ્ધ ભાવોમાં તે પરિણમે છે અને આંસુઓના ધોધ બનીને ઉભરાવા લાગે છે, ત્યારે જે ભાવો બાની બનીને શબ્દદેહ ધારણ કરે, ત્યારે આ રચના ભાવકને પણ એ સ્થિતિમાં મૂકી દે છે.

શ્રી કાંતિવિજયજી કૃત પ્રસ્તુત શ્રી મહાવીર જિન સ્તવનમાં આવી પ્રભુ વિરહની વેદના વ્યક્ત થઈ છે. એથી પ્રસ્તુત સ્તવનનું આ વિષયવસ્તુ

છે. સ્તવનનો ઉપાડ જ કેવો ભાવસ્પર્શી છે?

'વીરજી ઊભો મદ મોડિ, બે કર જોડી અરજ કરું રે લો;
મ્હારા વીર પીઆરા રે લો, વીરજી રાજેસર રાણા.
આણા ત્હારી શીર ધરું રે લો. ... મારા. ૧.

શ્રી વીર પ્રભુનું મન સંસારમાંથી વિરક્ત થઈ ગયું છે. ભલે પૂર્વજન્મના કર્મ પૂરા કરવા તેઓને સંસારમાં રહેવું પડ્યું. પરંતુ પછી માતાપિતાની ગેરહાજરીમાં ભાઈ નંદીવર્ધન પાસે દીક્ષા માટેની સંમતિ માગે છે. આ સમયે તેઓને થોડો સમય રોકાઈ જવાનું કહે છે. એક ભાઈ બીજા ભાઈની સાથે કેવો વ્યવહાર કરે છે તેનું ઉત્તમ ઉદાહરણ રચયિતાએ નીચેની પંક્તિમાં આપ્યું છેઃ

*'મ્હારા વીર પીઆરા રે....'*

બે હાથ જોડીને વિનંતી કરતા આગળ 'રાજેસર રાણા' કહીને શ્રી વીરપ્રભુનું પ્યારસભર ગૌરવ ભાઈ શ્રી નંદીવર્ધન કરે છે.

આગળ વધતા રચયિતા જણાવે છે કે જેઓ જગતના જીવોની ઉપર હંમેશા કૃપાદૃષ્ટિ રાખે છે તેમની આંખમાં કરુણા છલકતી હોય છે. શ્રી વીરપ્રભુનું મનોહર વદન અને તેમના કૃપાદૃષ્ટિસભર નયનો જોઈને મન પ્રસન્ન થાય છે. સ્તવનના આ ભાવને વાગોળતી વખતે એક કવિના નીચેના શબ્દો યાદ આવી જાય છેઃ

*'હે પ્રભુ! મને કોઈ માગવાનું કહે*
*તો હું મહાવીરના ચહેરા પરનું સ્મિત*
*અને*
*બુદ્ધની આંખોમાંથી નીતરતી કરુણા જ*
*માગી લઉં!'*

સ્તવનનું ભાવવિશ્વ ઉઘડતું જાય છે. પિતા પરલોકે સીધાવ્યાં છે, તેનું દુઃખ તો મનને પીડી રહ્યું છે, ત્યાં તમારો વિરહ કઈ રીતે સહન થશે? આવા વિરહની વેદના માટે તેઓ ફરિયાદ કરે છે કે સંયમ લેશો તો મારા મનને જે ભાર લાગશે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. તમારા વગર આ ભોજન સ્વાદવિહીન લાગશે.

શ્રી કાંતિવિજયજીએ ચોવીશીમાં શ્રી નેમનાથ જિન સ્તવનમાં જે કથાતત્ત્વ પ્રચલિત છે તે જણાવ્યું છે. રાજુલને પરણવા આવેલ શ્રી નેમજી છેક તોરણથી પાછા જાય છે, આ સમયે રાજુલના ભાવને કંઈક અલગ જ રીતે રચયિતાએ આલેખ્યા છે. રાજુલરાણી મુક્તિરૂપી સુંદરીને ફરિયાદ કરતાં કહે છેઃ

*'નાહ સલૂણો ભોલવ્યો રાજિંદ, મુગતિ ધૂતારી નાર;*
*ફીરી પાછો જોવે નહિ રાજિંદ, મૂકી મુજને વિસાર...(૬)*

આ શબ્દો દર્શાવે છે કે રાજુલ જે ફરિયાદ કરે છે તેની માટે આથી વિશેષ અસરકારક બીજા કયા શબ્દો હોય? તે જણાવે છે કે મારા ભોળા નાથને ભોળવીને મુક્તિરૂપી ધૂતારી સ્ત્રીએ મારાથી તેમને અલગ પાડી દીધા. તે તો પાછા વળીને મને જોતાં પણ નથી. મને ભૂલી ગયા છે.

આવી જ ફરિયાદ પ્રસ્તુત સ્તવનમાં શ્રી વીર પ્રભુ પ્રત્યે છે. આગળ રચયિતા જણાવે છે કે-શ્રી વિરપ્રભુના વિરહમાં મન ચિંતાતુર છે; ચિત્ત પણ સૂનું થઈ ગયું છે; ભોજન ભાવશે નહીં; ઊંઘ નહીં આવે અને ઉધામા થકી આકુળવ્યાકુળ દશા થઈ જશે. વિરહની ઉચ્ચતમ ભાવાભિવ્યક્તિ નીચેની પંક્તિઓમાં જોવા મળે છેઃ

'વીરજી છાતીમાં ઘાતી કાતી જેણે સારની રે લો મ્હારા.
વીરજી પીડા વિણ વાગે લાગે મોટી મારની રે લો. મ્હારા.(૬)

અને ફરિયાદ કરે છે કે શું વીર પ્રભુ મારી આ વેદના નથી જાણતા કે પછી તે જાણી જોઈને આવી રીતે વ્યવહાર કરી મને દુઃખ પહોંચાડે છે? આમ તો કરુણાના સાગર છો તો આ ભાવ અત્યારે ક્યાં ગયાં છે?

આ રીતે અનેક વિનંતી પછી પણ શ્રી વીરપ્રભુ સંયમ માર્ગે જવા માટે તૈયાર થઈ જાય છે ત્યારે અંતે કહે છે કે જ્યારે અવસર આવશે ત્યારે હું પણ ચારિત્ર લઈને તમારી જેમ શાશ્વત સુખને પામીશ. ખરેખર તો મોક્ષનું સુખ જ શાશ્વત છે. બાકીના તમામ સાંસારિક સુખો અર્થહીન-મૃગજળ સમાન છે. આપણે જાણીએ છીએ કે જેમનું નામ પ્રેમલક્ષણાભક્તિ માટે ઇતિહાસમાં અંકિત છે, તે મીરાબાઈ શ્રીકૃષ્ણના ચરણોમાં સમર્પિત થઈને કહે છેઃ

*'સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું.'*

રચયિતા પૂ. કાંતિવિજયજી આગળ જણાવે છે કે – જેઓ શ્રી વીરપ્રભુની પ્રેમથી સાધના કરે છે; તેઓનો ગુણાનુવાદ કરે છે તે મોક્ષરૂપી માળાને વરે છે. માત્ર પ્રભુનું જ આલંબન ઉપકારી છે. આ જ વાત મહોપાધ્યાય શ્રી સમયસુંદરગણિ શ્રી ઋષભદેવ જિન સ્તવનમાં કહે છે :-

*ઋષભદેવ હો મારા હો, ....*
*ચરન ન છોડું તાહરા સ્વામી, અબકી બેરા હો;*
*સમયસુંદર કહે સ્વામી, તુમથી કોન ભલેરા હો. ।। ૩ ।।*

આવી જ પ્રભુપ્રીતિ વિષે શ્રી ઋષભજિન સ્તવનમાં રચયિતા પોતે કહે છે કે શ્રી ભગવાનનો સંગ તો ઘણો મીઠો છે. અતિ શીતળ પણ છે. તેમના શબ્દોમાં જોઈએ-

*'ચંદન ચંદનથી અતિશીયલો હો જી,*
*જગમેં ઉત્તમ સંગ .... સુગુણ. (૪)*

આ રીતે જોતાં શ્રી વીરપ્રભુના પ્રસ્તુત સ્તવનમાં શ્રી વીરપ્રભુ પ્રત્યેના વિરહભાવને ઘૂંટી ઘૂંટીને છેક શાશ્વતસુખના માર્ગ સુધીની સાચી યાત્રા રચયિતાએ કરાવી છે.

**સ્તવનની રસનિર્ઝરતા :**

એવું કહેવાય છે કે જે સાહિત્યકૃતિ ભાવકના આત્માને સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રના ગુણોથી પ્રભાવિત કરે; શુભ ભાવાચારની પ્રવૃત્તિનું પોષક બને; પ્રભુ ભક્તિનો મહિમા સમજાવે અને આત્માને પરમાત્માપદના અનુસંધાનવાળો બનાવે, તેમાં રસ તરબોળ કરે એ

સાહિત્ય કલ્યાણકારી છે.

આ સંદર્ભે જોતાં પ્રસ્તુત સ્તવનમાં રચયિતા શ્રી કાંતિવિજયજીએ ભાવકને આ લક્ષ્ય સુધી પહોંચાડવાનો પ્રબળ પુરુષાર્થ કર્યો છે. સ્તવનમાં રહેલું ભાવ પ્રાધાન્ય આપણને તેના તરફ ખેંચી જાય છે.

પ્રથમ પંક્તિઓમાં 'મ્હારા વીર પીઆરા'–'વીરજી રાજેસર રાણા' કહીને પ્રભુનું જે ઉચ્ચતમ છે તેનું દર્શન કરાવ્યું છે. જ્યારે આ સ્તવન વાંચીએ, સાંભળીએ કે ગાઈએ ત્યારે આપણી સમક્ષ શ્રી વીર પ્રભુના શાહી દર્શનની અનુભૂતિ થાય છે. અને આ વાત પણ યોગ્ય જ છે. જેઓએ રાગ-દ્વેષ આદિ આંતરશત્રુઓ પર વિજય મેળવ્યો હોય એનું દર્શન તો રાજવી તરીકે શાહી જ હોય ને!

ભાવ નિર્ઝરતાનું વહેણ આપણને ભીંજવી દે છે જ્યારે પ્રભુ સંયમમાર્ગે પ્રયાણ કરવાનું નક્કી કરે છે અને ભાઈ નંદીવર્ધન વિરહની વ્યથા અનુભવે છે. આ સંવેદના દર્શાવતી પંક્તિઓ જોઈએઃ

'વીરજી ચિંતાતુર નિજ મો ચિત્તમાં, જિમ સૂનો ભમુરે લો. (૩)
વીરજી ભોજન નવિ ભાવે, થાવે અતિ આસંગળો રે લો. (૪)
અને
વીરજી છાતીમાં ઘાતિ કાતી, જેણે સારની રે લો. મ્હારા.
વીરજી પીડા વિણ વાગે લાગે, મોટી મારની રે લો. મ્હારા... (૬)'

આ પ્રમાણે સમગ્ર સ્તવન જોતાં ભાવક તરીકે આપણે વિવિધ ભાવથી જાણે છલકાતા હોઈએ એવો અનુભવ થાય છે. ભક્તિરસ, વીરરસ અને કરુણરસથી સભર આ રચના હૃદયસ્પર્શી બની છે. રચનાકારનું ભાવજગત રચવાનું ભાષાકૌશલ અહીં પ્રગટ થાય છે.

**ભાષા શૈલી અને કાવ્યતત્ત્વ :**

ગદ્ય અને પદ્ય લેખનમાં જે એક મોટો તફાવત જોવા મળે છે એ તેની ભાષા-શૈલી અને કવિતાતત્ત્વ છે. પ્રસ્તુત સ્તવનને આ દૃષ્ટિએ જોતાં પદ્યરચનાની આવી લાક્ષણિકતાઓ પ્રગટ થાય છે. મધ્યકાળમાં કેટલાંક વિશિષ્ટ સાહિત્યિક કૌશલો કૃતિઓમાં પ્રગટ થયેલાં જોવા મળે છે. એમાં સમસ્યાચાતુરી, અલંકારચાતુરી કે પદ્યબંધચાતુરી વગેરે દ્વારા ચમત્કૃતિ પ્રગટ થાય છે. હીરાણંદની 'વિદ્યાવિલાસ પવાડુ'માં આવી ચમત્કૃતિ જોવા મળે છે.

'શ્રી કાંતિવિજયજીની 'હીરાવેધ બત્રીસી' સળંગ શ્લેષરચનાની લાક્ષણિક કૃતિ છે. આમ તો કથાવસ્તુ રાવણને મંદોદરીએ આપેલા ઉપદેશની છે. પરંતુ એમાં એક અંતરામાં ગામનાં નામો, બીજી કડીમાં રાશિના નામો, ત્રીજી કડીમાં ફળનાં નામો, એ રીતે બત્રીસે કડીમાં જુદા જુદા નામો મેળવી શકાય છે. જેમ કે—

*'રાજન ગર સમ એહ નારી, કાં આદરી જાણો.'*

સામાન્ય અર્થમાં આ પંક્તિનો અર્થ છે–હે રાજા! નારી તો વિષ (ગર) સમાન છે, એને તમે કેમ લાવ્યા છો?

પરંતુ અહીં **રાજનગર** અને **નારિ** તથા **આદરિઆણું** એ ગામનાં નામો છે. આ રીતે સાહિત્યિક સમૃદ્ધિ લાવવા માટે રચયિતા પાસે કૌશલ તો જોઈએ જ, પરંતુ ખૂબ જ સમૃદ્ધ શબ્દભંડોળ પણ આવશ્યક છે.

પ્રસ્તુત સ્તવનમાં આ પ્રકારની વિશિષ્ટતા ભલે નથી, પરંતુ શબ્દલાલિત્ય અને અલંકારોનો ઉપયોગ જરૂર જોવા મળે છે. દા. ત. સર્વ પ્રથમ ધ્યાનાકર્ષક છે

દરેક પંક્તિમાં જોવા મળતા આંતરપ્રાસઃ 'વયણે નયણે', 'લેશો દેશ્યો', 'ઘાતી કાતી', 'જાણે ટાણે', 'આઈ ભાઈ', 'સીધો લીધો' વગેરે.

આ ઉપરાંત દરેક કડી (અંતરા)ની પંક્તિના અંત્યાનુપ્રાસઃ 'રહુ-કહુ', 'ગમું-ભમું' વગેરે. ક્યાંક રૂપકો પણ પ્રયોજાયાં છે પરંતુ પ્રમાણ ઘણું ઓછું છે. એ જ રીતે વર્ણાનુપ્રાસનો પ્રયોગ ક્યારેક ક્યારેક જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યમાં એવા રૂચિકર પ્રયોગો થયા છે. જેમાં શબ્દોને નજાકત આપીને જાણે લાડકા બનાવ્યા હોય એવું લાગે. દા. ત. દાડમની બદલે દાડમડી, ચકલીની બદલે ચરકલડી, વાદળીની બદલે વાદલડી. આ પ્રયોગથી અર્થનું અલગ જગત જન્મે છે. પ્રસ્તુત સ્તવનમાં પણ આવા પ્રયોગો રચયિતાએ કર્યા છે, જેથી શબ્દ-લાલિત્ય ઊભું થયું છે. દા. ત. **મીઠલડે વયણે, નિંદરડી નાવે,** વગેરે.

આવી બાબતોથી આ સ્તવનની ગેયતા વધારે રસિક બની છે. હા, અમુક શબ્દો એવા છે જેના અર્થ સંદર્ભમાં પણ બેસતા નથી. છતાં ભાવની સમજ સ્પષ્ટ થાય છે.

આ સ્તવનના ઢાળ વિષે એટલે કે રાગની લાક્ષણિકતા વિષે વિચારીએ તો ફરી આપણને મધ્યયુગમાં છંદમાં થયેલા પ્રયોગો વિષે વિચારવું જોઈએ. તે સમયે જે કૃતિઓ માત્રામેળ છંદોમાં રચાઈ, તે કૃતિઓના છંદો 'દેશીઓ' તરીકે પ્રયોજાયા છે. ઉપરાંત અન્ય દેશી ઢાળો પણ પ્રયોજાયા છે. ઘણી મોટી સંખ્યામાં પંક્તિ (પ્રથમ) કે એક જ શબ્દથી જ દેશીનો ઉલ્લેખ થયો છે. દેશીમાં ઘણું જ વૈવિધ્ય છે. પ્રસ્તુત સ્તવનની દેશીનું નામ છેઃ **'સાલુડાની'**-એ દેશી એવો ઉલ્લેખ થયો છે.

સમગ્ર રીતે જોતાં શ્રી કાંતિવિજયજી રચિત આ સ્તવન ભલે શ્રી મહાવીર સ્વામી માટે રચાયેલાં અન્ય સ્તવનો જેમ લોકજીભે ચડેલું લાગતું નથી. છતાં, ભાવની દૃષ્ટિએ આ સ્તવન સરળતાથી વિરહભાવનાને પ્રગટ કરી શકે છે. સામાન્યતઃ શ્રી મહાવીર સ્વામીના જીવનમાં બનેલા પ્રસંગો (ચંડકૌશિક, ચંદનબાળા વગેરે) સ્તવનમાં કથાતત્ત્વો પૂરા પાડે છે. અહીં એવા પ્રસંગ સીધા જ મૂકાયા નથી. પરિણામે વિરહવેદના વધારે વ્યાપક બની છે. ✶✶✶

પી-૧, વલ્લભ એપાર્ટમેન્ટ, રબર ફેક્ટરીની સામે, ભાવનગર-૩૬૪૦૦૧.
ફોન : ૦૨૭૮૨ ૫૨૩૯૪૯

# શ્રી મહાવીર સ્વામીનું પંચ કલ્યાણક સ્તવન

☐ પૂ. સાધ્વી વૃષ્ટિયશા

*[તપાગચ્છના સાગર સમ્રાટ નેમિસૂરિશ્વર સમુદાયના પ. પૂ. આ. દેવેશ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્તી પ્રતિબોધ કુશલા પ્રવિણાશ્રીજી મહારાજ સાહેબના પ્રશિષ્યા છે. તેમણે જૈન વિશ્વભારતી વિદ્યાપીઠ (લાડનૂ)માં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી અને વર્તમાનમાં તેઓ ડૉ. કલાબહેન શાહના માર્ગદર્શનમાં 'જૈન કથા સાહિત્ય' વિષય પર પીએચ.ડી.ની પદવી માટે સંશોધન કાર્ય કરી રહેલ છે.]*

**(દુહા)**

શાસન નાયક શિવકરણ, વંદુ વીર જિણંદ; પંચ કલ્યાણક જેહના, ગાશું ધરી આણંદ. ૧.

સુણતાં થુણતાં પ્રભુ તણાં, ગુણ ગીરૂઆ એકતાર, ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુએ અવતાર. ૨

**ઢાળ પહેલી**

(બાપડી સુણ જીભલડી-એ-દેશી)

સાંભળજો સસનેહિ સયણાં, પ્રભુનું ચરિત્ર ઉલ્લાસે, જે સાંભળશે પ્રભુ ગુણ તેહના, સમકિત નિર્મળ થાશે રે સાં. ૧.

જંબુદ્વીપે દક્ષિણ ભરતે, માહણકુંડ ગામે; ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામે રે. સાં. ૨.

(૧) અષાઢ સુદ છટ્ઠે પ્રભુજી, પુણ્યોત્તરથી ચવિયા રે.

(૨) ઉત્તરા ફાલ્ગુની યોગે આવી, તસ કુખે અવતરિયા રે.

(૩) તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે; પ્રભાતે સુણી કંથ ઋષભદત્ત, હિયડા માંહી હરખે રે. સાં. ૪

ભાખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ; તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ રે; સાં. ૫.

ભોગ ભલા ભોગવતા વિચરે, એહવે અચરિજ હોવે, સતક્રતુ જીવ સુરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવે રે. સૌ. ૬.

કરી ચંદનને ઈન્દ્ર સન્મુખ સાત આઠ પગ આવે; શક્રસ્તવ વિધિ સહિત ભણીને સિંહાસન સોહાવે રે. સાં. ૭.

સંશય પડિયો એમ વિમાસે જિન ચક્રી હરિ રામ; તુચ્છ દરિદ્ર માહણકુલ નાવે, ઉગ્ર ભોગ વિણ ધામે રે. સાં. ૮.

અંતિમ જિન માહણકુંડ આવ્યા, એહ અછેરૂ કહીએ; ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી જાતા હવું લહી રે. ૯.

ઈણ અવસર્પિણી દશ અછેરાં, થયાં તે કહીએ તેહ; ગર્ભહરણ ગોસાણા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહ રે. સાં. ૧૦.

મૂલ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત; એ શ્રી વીરજિણેસર વારે, ઉપના પંચ વિખ્યાત રે. સાં. ૧૧.

સ્ત્રી તીર્થ મલ્લિજિન વારે, શીતલને હરિવંશ; રૂષભને અઠોત્તરસો સીધા; સુવિધિ અસંજતિ શંસ રે, સાં. ૧૨.

શંખ શબ્દ મીલીયા હરિહરસ્યું, નેમીસરને વારે; તીમ પ્રભુ નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ વિચારે. સાં. ૧૩.

**ઢાળ બીજી**

(નદી યમુનાકે તીર-એ દેશી)

ભવ સત્તાવીશ સ્થૂલમાંહિ ત્રીજે ભવે, મરીચી કીયો કુલનો મદ ભરત યદા સ્તવે; નીચ ગોત્ર કરમ બાંધ્યું તિંહાં તે થકી, અવતરીયા માહણ કુલ અંતિમ જિનપતિ. ૧.

અતિ અઘટતું એહ થયું થાશે નહીં, જે પ્રસવે જિન ચક્રી નીચ કુલે નહીં, ઇહાં મારો આચાર ધરૂં ઉત્તમ કુલે, હરિણ ગમેષી દેવ તેડાવે એટલે. ૨.

કહે માહણ કુંડ નયરે જાઈ ઉચિત કરો, દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો, નયર ક્ષત્રિયકુંડ રાય સિદ્ધારથ ગેહિની, ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની. ૩.

ત્રિશલા ગર્ભ લઈને ધરો માહણી ઉરે, બ્યાસી રાત વસીને કહ્યું તીમ સુર કરે; માહણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યા, ત્રિશલા સુપન કહે તવ ચૌદ અલંકર્યા. ૪.

હાથી વૃષભસિંહ લક્ષ્મી માલા સુંદરૂ, શશી રવિ ધ્વજ કુંભ પદ્મ સરોવર સાગરું; દેવ વિમાન સ્યણ પુંજ અગ્નિ વિમલ હવે, દેખે ત્રિશલા એહ કે પિયુને વિનવે. ૫.

હરખ્યો રાય સુપન પાઠક તેડાવીયા, રાજભોગ સુત ફલ સુણી તે વધાવિયા; ત્રિશલારાણી વિધિસ્યું ગર્ભ સુખે વહે, માય તણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે. ૬.

માય ધરે દુઃખ જોર વિલાપ ઘણું કરે, કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે, ગર્ભ હર્યો મુજ કોણ હવે કેમ પામીએ; દુઃખનો કારણ જાણી વિચાર્યું સ્વામીએ. ૭.

અહો અહો મોહ વિટંબણ જાલમ જગત મેં, અણદીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં; તામ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું, માતપિતા જીવતાં સંયમ નવિ ગ્રહુ ૮.

કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ, બોલી ત્રિશલા માતા હૈયે ઘણું હિસતી; અહો મુજ જાગ્યા ભાગ્ય ગર્ભ મુજ સલવલ્યો, સેવ્યો શ્રી જૈનધર્મ કે સુરતરૂ ફલ્યો. ૯

સખીય કહે શીખામણ સ્વામિની સાંભલો, હળવે હળવે બોલો હસો રંગે ચલો; ઈમ આનંદે વિચરતા દોહલા પુરતે નવ મહિના ને સાડા

સાત દિવસ થતે. ૧૦.
ચૈત્ર સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા, જોગે જન્મ્યા વીર કે તવ વિકસી ધરા, ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણાં, સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા. ૧૧.
આવી છપ્પન કુમારી કે ઓચ્છવ પ્રભુ તણે, ચલ્યું રે સિંહાસન ઇંદ્ર કે ઘંટા રણઝણે; મળી સુરની કોડ કે સુરવર આવીયો, પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો. ૧૨.
એક ક્રોડ સાઠ લાખ કલશ જલશું ભર્યાં, કિમ સેહેસ્યે લઘુ વીર કે ઈન્દ્ર સંશય ધર્યાં, પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ગડગડે, ગડગડે પૃથ્વી લોકજગતના લડથડે. ૧૩.
અનંત બળી પ્રભુ જાણી ઈન્દ્ર ખમાવિઓ, ચાર વૃષભનાં રૂપ કરી જલ નામીઓ; પૂંજી અરથી પ્રભુને માય પાસ ધરે, ધરી અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે ૧૪.

**ઢાળ ત્રીજી**

(હમચડીની-દેશી)

કરી મહોત્સવ સિદ્ધારથ ભૂપ, નામ ધરે વર્દ્ધમાન, દિન દિનવાધે પ્રભુ સુરતરૂ જિમ, રૂપકલા અસમાન રે, હમચડી. ૧
એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જાવે, ઈન્દ્ર મુખે પ્રશંસા સુણી તિહાં મિથ્યાત્વીસુર આવે રે, હમચડી. ૨.
અહિરૂપે વિંટાણો તરૂસ્યું, પ્રભુ નાંખ્યો ઉછાલી; સાત તાડનું રૂપ કર્યું તબ, મૂઠે નાખ્યો વાલી રે, હમચડી ૩.
પાયે લાગીને તેસુર ખામે, નામ ધરે મહાવીર, જેવો ઈન્દ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીર રે. હમચડી. ૫.
અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી, અઠાવીસ વરસે પ્રભુના, માતાપિતા નિર્વાણી રે, હમચડી. ૬.
દોય વરસ ભાઈને આગ્રહ, પ્રભુ ઘરવાસે વસીયા; ધર્મ પંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલ્લસીયાં રે, હચમડી ૭.
એક ક્રોડ આઠ લાખ સોનઈયા, દિન દિન પ્રભુજી આપે, સંવચ્છરી દાન દઈને, જગના દારિદ્ર કાપે રે. હમચડી ૮.
ઈમ છાંડ્યાં રાજ અંતે ઉર પ્રભુજી, ભાઈએ અનુમતિ દીધી, મૃગશીર વદ દસમી ઉતરાયે, વીરે દીક્ષા લીધી રે. હમચડી. ૯.
ચઉનાણી તિણ દિનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝેરો. ચિવર અર્ધ બ્રાહ્મણને દીધું, ખંડ ખંડ બે ફેરીરે. હમચડી. ૧૦.
ઘોર પરિષહ સાડા બારે, વરસ જે જે સહીયા, ઘોર અભિગ્રહ જે જે ધરીયા, તે નવિ જાયે કહીયા રે. હમચડી. ૧૧.
શુલપાણિ ને સંગમ દેવે, ચંડકોશી ગોસાલે; દીધું દુઃખને પાયસરાંધી પગ ઉપર ગોવાલે રે. હમચડી. ૧૨.
કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મૂકી રાઢી, જે સાંભલતાં ત્રિભુવન કંપ્યા, પર્વત શીલા ફાટી રે, હમચડી. ૧૩.
તે તે દુષ્ટ સહુ ઉદ્ધરીયા, પ્રભુજી પર ઉપગારી, અડદ તણા બાકુલા લઈને, ચંદનબાલા તારી રે. હમચડી. ૧૪.
દોય છ માસી, નવ ચઉમાસી, અઢીમાસી, ત્રણ માસી, દોઢ માસી બે બે કીધાં, છ કીધાં બે માસી રે. હમચડી ૧૫.
બાર માસને પખ બહોંતેર, બસેં ઓગણત્રીસ વખાણું; બાર અઠ્ઠમ ભદ્રાદિ પ્રતિમા, દિનદોઈ ચાર દશ જાણું રે, હમચડી. ૧૬.
ઈમ તપ કીધા બાર વરસે, વીણ પાણી ઉલ્લાસ, તેમાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્રણસે ઓગણપચાસ રે. હમચડી. ૧૭.
કર્મ ખપાવી વૈશાખ માસે, સુદ દશમી શુભ જાણ, ઉત્તરાયોગ શાલિવૃક્ષતલે, પામ્યા કેવલનાણ રે. હમચડી ૧૮.
ઈન્દ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી, સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધી રે. હમચડી. ૧૯.
ચઉદ સહસ અણગાર સાધવી સહસ છત્રીસ કહીજે, એક લાખને સહસ ગુણસટ્ઠી શ્રાવક શુદ્ધ કહીજે રે. હમચડી ૨૦.
તીન લાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી, ત્રણસેં ચઉદ પૂર્વધારી, તેરસે ઓહી નાણી રે. હમચડી. ૨૧.
સાત સયાં તે કેવલ નાણી, લબ્ધિધારી પણ તેતા વિપુલમતિયાં પાંચસે કહીયા, ચારસે વાદી જીત્યા રે. હમચડી ૨૨.
સાતસેં અંતેવાસી સિધ્યા, સાધ્વી ચઉદસે ચાર, દિન દિન તેજ સવાયે દીપે એ, પ્રભુજીનો પરિવાર રે. હચડી. ૨૩.
ત્રીસ વરસ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે, તીસ વરસ કેવલ બેંતાલીસ, વરસ સમણા મધ્યે રે. હમચડી.. ૨૪.
વરસ બહોતેર કેરૂં આયુ, વીર જિણંદનું જાણો; દીવાલી દિન સ્વાતી નક્ષત્રે પ્રભુજીનો નિરવાણ રે. હમચડી. ૨૫.
પંચ કલ્યાણક એમ વખાણ્યા પ્રભુજીના ઉલ્લાશે સંઘ તણે આગ્રહ હરખ ભરીને, સુરત રહી ચોમાસું રે. હમચડી. ૨૬.

**કલશ**

ઈમ ચમર જિનવર સયલ સુખકર, થુણ્યો અતિઉલટ ધરી, અષાઢ ઉજ્જવલ પંચમી દિન, સંવત શત ત્રિહોંતેર ભાદરવા શુદ પડવાતણે દિન, રવિવારે ઉલટ ભરી. વિમલ વિજય ઉવજ્ઝાય પદંકજ, ભ્રમ સમ શુભ શિષ્ય એ, રામ વિજય જિનવર નામે, લહે અધિક જગીશ એ. ૨૭.

**અઘરા શબ્દોના અર્થ :**

**ઢાળ-૧:** જેહના–જેના, આણંદ–આનંદ, સુણતાં થુણતાં–સાંભળતા સાંભળતા, તેહના–તેના, ચવિયા–ચ્યવન કર્યું, માતાના ગર્ભમાં આવ્યા, સુપન–સ્વપ્ન, હિયડામાંહી–હૈયામાં; હૃદયમાં, હોસ્યે–થશે, એહવે–એથી, અચરિજ–આશ્ચર્ય.

**ઢાળ-૨:** ગેહેની–ગ્રહિણી, પત્ની; તીમ–તેમ, હીસતી–આનંદ પામતી.

**ઢાળ-૩:** જિમ–જેમ, ચિવર–વસ્ત્ર.

**કવિ પરિચય:** *કવિશ્રી રામવિજયજીએ આ સ્તવનનના કળશમાં પોતાનો પરિચય આપ્યો છે તે પ્રમાણે તેઓ શ્રી વિમલવિજયજીના શિષ્ય હતા. તેમનો સમય લગભગ વિક્રમની અઢારમી સદીનો ઉત્તરાર્ધ છે.તેમણે 'રત્નસૂરિ રાસ ચોવીશી' અને 'વીરજિન પંચકલ્યાણક સ્તવન' આદિ કૃતિઓની રચના કરી છે. તેમના વિશે બીજી વિગતો ઉપલબ્ધ નથી.*

## પંચકલ્યાણક સ્તવન : વિવેચન

જૈન દર્શનમાં તીર્થંકર નામકર્મના યોગે પાંચ વિશિષ્ટ પ્રસંગોનો દેવો-માનવો દ્વારા ઉજવાતો મહોત્સવ તે જગતના જીવો માટે કલ્યાણકારી છે. તીર્થંકર નામકર્મની પુણ્યાતિશય હોવાથી કલ્યાણકો તીર્થંકરના જ હોય.

ઉત્સર્પિણીના ચોથા આરાના ૮૯ પખવાડિયા ગયા બાદ ચોવીશમા તીર્થંકરનો જન્મ થાય.

અવસર્પિણીની ચોથા આરાના ૭૨ વર્ષ ૮૯ પખવાડિયા બાકી રહે ત્યારે ચોવીશમા તીર્થંકરનો જન્મ થાય.

દરેક તીર્થંકરની ચ્યવન રાશિ નક્ષત્ર હોય તે જ જન્મ, દીક્ષા ને કેવળજ્ઞાન રાશિ નક્ષત્ર હોય છે.

આ પંચકલ્યાણક ઢાળમાં રામવિજયજી પ્રથમ વીર પ્રભુને નમસ્કાર કરે છે. ત્યાર બાદ વીર પ્રભુના જીવન ચરિત્રનું વર્ણન કરે છે. ત્રણે ઢાળ દેશી રાગમાં છે. ઢાળનો રચના કાળ ૧૭૭૩ ને ભાદરવા માસમાં થયેલ છે.

પ્રથમ ઢાળમાં પ્રભુના ચ્યવનનું તેમજ દશઅછેરાના વર્ણન છે.

બીજી ઢાળમાં નીચ ગોત્રકર્મ ત્રીજા ભવમાં બાંધ્યું, તેનું ફળ ભોગવ્યું એ તેમ જ ત્રિશલા માતાએ જોયેલ ચૌદ સ્વપ્નનું વર્ણન છે. ત્રિશલા માતા ગર્ભકાળ દરમ્યાન પ્રભુ નિશ્ચલ થવાથી જે વિલાપ કરે છે તેનું વર્ણન છે તેમજ પ્રભુ જે નિશ્ચય કરે છે તે, તેઓશ્રીના જન્મ તેમ જ ઈન્દ્રો દ્વારા થયેલ જન્મોત્સવનું વર્ણન છે.

ત્રીજી ઢાળમાં પ્રભુ બાલ્યકાળથી નિર્વાણ સુધીમાં જે જે અવસ્થાઓમાંથી પાર ઉતરે છે તેમજ તેમને થયેલ ઉપસર્ગો આદિનું વર્ણન છે. તેમનો શિષ્ય પરિવાર, તેમનું આયુષ્ય આદિ સર્વનું વર્ણન તેમાં છે.

આમ કવિ રામજવિયજીએ સુંદર રીતે પ્રભુના પાંચ કલ્યાણકોનું વર્ણન કરતાં સમગ્ર જીવન ચરિત્રને વર્ણાવ્યું છે.

અંતે હે તીર્થનાથ, અમારા કલ્યાણ માટે આપના પાંચે કલ્યાણકો પૂજનિક હોવાથી પંચકલ્યાણક સ્તવન પૂજા ભક્તિ રૂપ પદ્યમાં ભક્તિરૂપે આલેખ્યું છે. ઈન્દ્રાદિ, દેવ-દેવીઓ, ગણધરાદિ મુનિઓ અને આર્યાઓ રાજા-રાણી આદિ નર-નારીઓ અનેક પશુ-પક્ષી આપના ચારિત્ર સાથે સંકળાયેલ છે.

હે તીર્થપતિ, આપનું જીવન ચરિત્ર, અમારે મોક્ષમાર્ગ આરાધના માટે આપના વિયોગમાં અંધકારમાં પ્રકાશરૂપ હોવાથી અમે સ્તવના કરીએ છીએ.

હે દિનાનાથ ! અમે પામર શું કરી શકીએ ? આપનું યોગબળ અમારૂં કલ્યાણ કરો.

**ચ્યવન કલ્યાણક :**

ભરતક્ષેત્રમાં માહણ કુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા નામે તેની નારી છે. અષાઢ સુદી છઠ્ઠે પ્રભુ પુષ્પોતર વિમાનથી ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચ્યવયા. અવધિજ્ઞાનથી ઈન્દ્રે જાણ્યું કે પ્રભુ નીચ ગોત્રમાં ચ્યવન પામ્યા. તીર્થંકર હંમેશાં ઉચ્ચ ગોત્રમાં જન્મ લે આથી ઈન્દ્ર હરિણગમેષી દેવને આદેશ કરે છે અને ગર્ભને દેવાનંદાની કુક્ષીમાંથી ત્રિશલા માતાની કુક્ષીમાં સ્થાપન કરે છે.

હવે ગર્ભકાળ દરમ્યાન પ્રભુ એકવાર હલનચલન બંધ કરે છે ત્યારે ત્રિશલામાતા ગભરાઈ જાય છે અને અનેક પ્રશ્નો એમને સતાવે છે કે મારો ગર્ભ ગળી ગયો કે શું ? ત્યારે પ્રભુ હલન કરે છે અને માતા ખુશીને પામે છે ત્યારે પ્રભુ નિશ્ચય કરે છે કે માતા-પિતા જ્યાં સુધી હયાત હશે ત્યાં સુધી દીક્ષા ગ્રહણ નહીં કરૂં. પ્રભુ ગર્ભમાં જ ત્રણ જ્ઞાનના ધણી હતા.

પ્રભુના ચ્યવન પછી તેના પ્રભાવથી ધર્મભાવ આદિની વૃદ્ધિ થવાથી તેમનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું.

**જન્મ કલ્યાણક :**

પ્રભુ વીરનો જન્મ ચૈત્ર સુદ ૧૩ ના શુભ દિને થાય છે. મતિ, શ્રુત અને અવધિજ્ઞાન સહિત પ્રભુ જન્મ લે છે. ઈન્દ્રો ક્ષીર સમુદ્રના પાણીથી એક ક્રોડ સાઠ લાખ કળશ ભરી પ્રભુનો અભિષેક કરે છે. ઈન્દ્રને શંકા થાય છે કે પ્રભુ કેમ સહન કરશે ? ત્યારે પ્રભુ અંગૂઠાથી મેરુ પર્વત ડોલાવે છે. આમ, પ્રભુના અનંતબળને જાણી ઈન્દ્ર ખમાવે છે અને ચાર વૃષભના રૂપ કરી જળથી અભિષેક કરે છે.

આ જન્મકલ્યાણક મહોત્સવ ઉજવતા કેટલાક દેવો સમકિતને પામ્યા. આપણે પણ પ્રભુના આ કલ્યાણક ઉજવીએ તો સમકિત નિર્મળ કરી શકીશું. અને મળેલ મનુષ્યભવને સફળ કરીએ.

જ્યારે તીર્થંકરનો જન્મ થાય ત્યારે તેમના પ્રભાવને કારણે માતાને પ્રસવ પીડા થતી નથી.

તીર્થંકરના જન્મ વખતે ત્રણ ભુવનમાં પ્રકાશ ઉત્પન્ન થાય અને ક્ષણવાર નારકીના જીવોને સુખ ઉત્પન્ન થાય.

તીર્થંકરો સ્તનપાન કરતા નથી.

પ્રભુવીરનો ગર્ભકાળ : નવ મહિના અને સાડા સાત દિવસ

**દીક્ષા કલ્યાણક :**

પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે જ તેમણે નિશ્ચય લીધો હતો કે માતા-પિતા હયાત હશે ત્યાં સુધી સંયમ નહીં લઉં. પ્રભુ જ્યારે અટ્ઠાવીસ વર્ષના થયા ત્યારે તેમના માતા-પિતા નિર્વાણ પામ્યા. બે વરસ ભાઈના આગ્રહથી ઘરવાસે રહ્યા. એકવાર લોકાંતિક દેવો આવી પ્રભુને ધર્મ પંથ દેખાડવાનું કહે છે અને દીક્ષા લેવાના એક વર્ષ અગાઉથી પ્રભુ

દુઃખી દરિદ્ર જીવોના દુઃખ નિવારવા પ્રતિદિન દાન આપે છે.

ઘણાં રાજારાણી, નરનારી દીક્ષા જોવાને આવે છે. પ્રભુનો અભિષેક કરી ઉત્તમ વસ્ત્રાલંકારો પહેરાવી, પાલખીમાં બેસાડ્યા. પ્રભુના મસ્તક ઉપર છત્ર, બંને બાજુ ચામર તથા બીજી મંગળ વસ્તુઓ ધારણ કરી ઈન્દ્ર આદિ પાલખી ઊંચકીને ચાલે છે. પ્રભુની દીક્ષા યાત્રા સૌને વૈરાગ્ય ભાવની વૃદ્ધિ કરાવે છે. અનેક પ્રકારના વાજિંત્રો સહિત વૈરાગી મંગળ ગીતો ગાતા સર્વ નગર બહાર આવે છે; તથા પાલખીમાંથી ઉતરી પ્રભુ શરીર ઉપરના વસ્ત્રાભૂષણ તજી પંચમુષ્ટિલોચ કરી સિદ્ધ ભગવાનને વંદન કરી ચારિત્ર ધારણ કરે છે. ત્યારે પ્રભુને ચોથું મનઃપર્યવ ઉત્પન્ન થાય છે. પ્રભુ વીર મૃગસર વદ દસમીએ ઉત્તરા નક્ષત્રમાં દીક્ષા લે છે.

તીર્થંકરનું પ્રથમ પારણું થતાં એક લાખ, ત્રીસ હજાર, બસો મણ, તેર શેર ચોવીશ ટાંક સૌનૈયાની વૃષ્ટિ થાય છે.

**કેવળ કલ્યાણક :**

ઓછામાં ઓછા બે ઉપવાસથી લઈને છ છ મહિના સુધીના ઉપવાસ આદિની અનેકવિધ મહાતપશ્ચર્યાપૂર્વક, ઉદ્યાનો વનો, નિર્જન સ્થાનો વગેરે સ્થળોમાં ધ્યાનસ્થ રહી દેવ મનુષ્યાદિ દ્વારા થયેલા ઉપસર્ગને સ્વેચ્છાએ સહન કરી સાડા બાર વર્ષની સાધનાને અંતે ભગવાન ધર્મ ધ્યાનની પરાકાષ્ઠાએ પહોંચ્યા. પ્રારંભેલી સાધનાની અંતિમ સિદ્ધિનો (કેવળજ્ઞાન પ્રાપ્તિ) સમય નજીક આવી રહ્યો હતો ત્યારે ભગવાન જૃમ્ભિક ગામે, ઋજુવાલિકા નદીના કિનારે ખેતરમાં દાખલ થયા. ત્યારે તેમને બીજો ઉપવાસ હતો. શાલવૃક્ષની નીચે સૂર્યના આ તપમાં ગોદોહિકા આસનમાં બેસીને શુકલધ્યાનમાં પ્રવેશ કર્યો. તેઓશ્રીએ મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ચાર ઘાતી કર્મોને સંપૂર્ણ ક્ષય કર્યો અને (પાંચમું) કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટ થયા. તે દિવસ હતો વૈશાખ સુદ દશમનો, ચોથો પ્રહર. તેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી થવાથી લોકાલોક વિશ્વના, ત્રણેય કાળના મૂર્તામૂર્ત, સૂક્ષ્મ-સ્થૂલ, ગુપ્ત કે પ્રગટ એવા સમસ્ત જડ પદાર્થો અને તેમના પર્યાયોને પ્રત્યક્ષ રીતે જોવા જાણવાવાળા થયા. તે વંદનીય અને પૂજનીય બન્યા. અઢાર દોષ રહિત 'અરિહંત' બન્યા.

**નિર્વાણ કલ્યાણક :**

વિચરતા પ્રભુ પોતાનું નિર્વાણ કલ્યાણક જાણીને પાવાપુરી તીર્થે આવ્યા. મોક્ષમાં પધારવાના દિવસ અગાઉ અંતિમ દેશના આપી. અંતે અયોગી દશા ધારણ કરી, ૭૨ વર્ષનું આયુષ્ય પાળી, દિવાળી દિને સ્વાતિ નક્ષત્રે પ્રભુજીનું નિર્વાણ થયું.

પ્રભુ ત્રીસ વર્ષ ઘરવાસે, ૧૨ વર્ષ છદ્મસ્થ, ૩૦ વર્ષ કેવળજ્ઞાન પામ્યા પછી આમ ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કર્યું.

ઉત્તમ શિલિકાની રચના કરી ઈન્દ્રાદિ દેવે અપાર શોભા કરી. ઠાઠમાઠથી વધાવાતી પ્રભુની નિર્વાણ યાત્રા સંચરે છે. સાધુ-સાધ્વી, દેવ-મુષ્યને જાણ થતાં તેઓ પ્રભુની ભક્તિ કરવા લાગ્યા. પ્રભુનો અપાર વિરહ વેદાય છે. વિવિધ વાજિંત્રો સાથે શોકગીતો ગવાય છે. સવારે નિયત સ્થળે આવી, અશ્રુભરી આંખે, પ્રભુના સ્થૂળ દેહને ચંદનકાષ્ઠની ચિતામાં પધરાવાય છે. પ્રભુનું શરીર બળતા શેષ જે અસ્થિ, રક્ષા રહેલ તે પ્રભુ વિયોગે ઉદાસ એવા દેવો અને મનુષ્યો ભક્તિ રૂપે લઈ ગયા.

જ્ઞાન અને પ્રકાશ રૂપ પ્રભુના વિયોગથી સ્મૃતિ રૂપે દીપક પ્રગટાવી સર્વેએ પ્રભુનો ઉત્સવ કર્યો ત્યારથી દિવાળી પર્વ થયું.

આમ પ્રભુનું જીવન કલ્યાણને કારણ રૂપ છે આથી તેમના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળ અને નિર્વાણ કલ્યાણકને ઉજવવામાં આવે છે. આપણે પણ આ પંચ કલ્યાણકની યથાશક્તિ ઉજવણી કરી સમકિતને નિર્મળ કરી મનુષ્ય ભવને સુધારીએ. સફળ કરીએ.

કવિ રામવિજયે પંચકલ્યાણક સ્તવનમાં પ્રભુ મહાવીરના ચ્યવનથી લઈને નિર્વાણ સુધીના પ્રસંગોને ત્રણ ઢાળની ૫૩ કડીમાં સુરેખ રીતે વણી લીધા છે. ત્રિશલા માતાને પોતાના ગર્ભ વિશે શંકા જાય છે અને તેઓ વિલાપ કરે છે તે પ્રસંગ કવિએ સચોટ અને હૃદયસ્પર્શી બાનીમાં નિરૂપ્યો છે.

*'માય ધરે દુઃખ જોર વિલાપ ઘણું કરે.*
*કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે,*
*ગર્ભ હર્યો મુજ કોણ હવે કેમ પામીએ.*
*દુઃખનો કારણ જાણી વિચાર્યું સ્વામીએ.*

માતાની વ્યથા જાણીને પ્રભુએ અંગ હલાવ્યું તે સમયે માતાના હૃદયનો હરખ વ્યક્ત કરતાં કવિ કહે છે-

*'કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ*
*બોલી, ત્રિશલા માતા હૈયે ઘણું હીસતી.'*

પ્રભુને થયેલ ઘોર પરિષહનું વર્ણન નીચેની પંક્તિઓમાં સંક્ષિપ્ત રીતે કરે છે.

*'શૂણ-પાણિને સંગમ દેવે, ચંડકોશિ ગોશાળે,*
*દીધું દુઃખને પાયસ રાંધી, પગ ઉપર ગોવાળે*
*કાને ગોપે ખીલ્લા માર્યાં, કાઢતાં મૂકી રાઢી.*
*જે સાંભળતા ત્રિભુવન કંપ્યા, પર્વત શિલા ફાટી.*

સમગ્ર કાવ્યમાં જૂની ગુજરાતી ભાષાની છાંટ વર્તાય છે. અને કવિ રામવિજયે કાવ્યનો પ્રારંભ દુહાની બે કડીથી કર્યો છે. પ્રથમ ઢાળમાં 'બાપડી સુણ જીભલડી', બીજી ઢાળમાં 'નદી યમુના કે તીર' અને ત્રીજી ઢાળમાં 'હમચડીની દેશી'ઓનો ઉપયોગ કરી સ્તવનને ગેયતા અર્પી છે.

કાવ્યના કળશમાં પરંપરાગત રીતે કવિ કાવ્ય રચના સંવત-૧૭૭૩ ભાદરવા સુદ એકમના રવિવારના દિવસે વિમલવિજય ઉપાધ્યાયના શિષ્ય રામવિજયે કરી છે એવો ઉલ્લેખ કર્યો છે.

કવિ રામવિજય કૃત મહાવીર ભગવાનનું પંચકલ્યાણકનું આ સ્તવન પૂજાઓમાં ગવાય છે.

✷ ✷ ✷

મો. નં. ૦૯૩૨૦૯૦૬૧૧૧.

# વીર સ્તુતિ – પુચ્છિંસુણં

❑ ડૉ. ધનવંતીબેન શાહ

*[ ડૉ. ધનવંતીબહેન શાહે (વિષય-હીસ્ટ્રી-ઈતિહાસ સાથે) એમ.એ. કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. 'જૈન ફિલોસોફી'માં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. સ્કૂલ, કૉલેજ વગેરેમાં ૪૨ વર્ષનો બહોળો અનુભવ છે અને તેઓ પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થયેલ છે. 'મુંબઈ સમાચાર'માં સાહિત્યના લેખો તથા ધાર્મિક મેગેઝીન દિવ્યધ્વનિ અને અન્યમાં તેઓ લખે છે. નાટકો લખવાનો ઘણો શોખ છે. ૭૮ વર્ષની વયે પણ તેઓ કાર્યરત છે. ]*

જૈન આગમો એટલે અણમોલ જ્ઞાનનો અક્ષયનિધિ. સૂયગડાંગ સૂત્ર એટલે બીજું અંગસૂત્ર. તેનું સૌથી મહત્ત્વપૂર્ણ અધ્યયન એટલે તેના પ્રથમ શ્રુતસ્કંધનું છઠ્ઠું અધ્યયન–તે વીરસ્તુતિ છે. વ્યવહારમાં તે પુચ્છિંસુણં નામથી પ્રસિદ્ધ છે. જેમ કોઈ સોનાના ઘરેણામાં હીરો જડેલો હોય એમ સૂયગડાંગ સૂત્રમાં આ માણેકરત્ન જડેલું છે, તેથી આ સૂત્રનું મહત્ત્વ અત્યંત વધી જાય છે. પદ્યના માધ્યમથી થતાં મહાપુરુષના ગુણગ્રામને સ્તુતિ-સ્તવ કહેવાય છે. આ અધ્યયનની **૨૯** ગાથા છે. ગાથાએ ગાથામાં ચરમ તીર્થંકર મહાવીર પ્રભુના ગુણોનું વર્ણન છે. પારિજાતના વૃક્ષને સ્હેજ હલાવો અને સુગંધી ફૂલોથી ધરતી પટ ભરાઈ જાય એમ એક એક ગાથાને હલાવો અને ગુણપુષ્પોની વૃષ્ટિ આંતરપટને તરબતર કરી દે છે.

**રચનાકાર અને સમય :** વીર પ્રભુને કેવળજ્ઞાન થયું. વીર સંવતના ૩૦ વર્ષ પૂર્વે–બીજે દિવસે ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી. હાલનું આ સૂત્ર પાંચમા ગણધર **સુધર્મા સ્વામી**ની છેલ્લી આવૃત્તિ-કારણ આમાં જંબૂસ્વામીના પ્રશ્નો છે, જેઓએ મહાવીરની હાજરીમાં દીક્ષા નથી લીધી, એટલે લગભગ વીર સંવત ૧ – આ સૂત્રનો રચનાકાળ ગણાય. આ સ્તુતિમાં ૧-૨ ગાથામાં જંબૂસ્વામીના પ્રશ્નો છે. ૩ થી ૨૮ ગાથામાં સુધર્મા સ્વામીના ઉત્તરો છે. જૂઓ, જૂઓ, વણિક જંબૂસ્વામી બ્રાહ્મણ સુધર્માને પ્રશ્ન પૂછે, જેના વિશે જાણવું છે તે છે ક્ષત્રિય મહાવીર! ત્રણેય ચરમ શરીરી! **ભાષા :** બિહારની પ્રાચીન ભાષા એટલે કે મગધની અર્ધમાગધી ભાષાથી આ સૂત્ર મઘમઘી ઊઠ્યું છે. તો માણીએ એ સુવાસને!

ગાથા-૧:

**પુચ્છિંસુણં સમણા માહણાય, અગારિણો યા પરતિત્થિઆ ય।**
**સે કેઈ ણેગંત હિય ધમ્મ માહુ, અણેલિસં સાહુ સમિકિખયાએ ।।**

ગાથા-૨:

**કહં ચ નાણં કહં દંસણં સે, સીલં કહં નાયસુયસ્સ આસિ ।**
**જાણાસિ ણં ભિકખુ જહા તહેણં, અહાસુયં બૃહિ જહા ણિસંત।।**

અહીં ૧-૨ ગાથામાં જંબૂસ્વામી કહે છે, શ્રમણો, બ્રાહ્મણો, અન્યતીર્થિ ફકીર-સાધુ સંન્યાસી વગેરે મને પૂછે છે, એકાંત હિતકારી અનુપમ ધર્મ સમ્યક્ રીતે કોણે કહ્યો છે? તે જ્ઞાતપુત્ર મહાવીરના જ્ઞાન, દર્શન અને શીલ કેવાં હતાં? આમ વાર્તાલાપના પ્રારંભમાં જ ભારતમાં વિસ્તરેલી બ્રાહ્મણ અને શ્રમણ સંસ્કૃતિનો ઉલ્લેખ કરાયો છે. એક છે લૌકિક અને બીજી છે લોકોત્તર સંસ્કૃતિ! ૩ થી ૯ ગાથામાં ભગવાનના ૩૯ આતમગુણોનો વૈભવ વર્ણવ્યો છે.

ગાથા-૩ :

**ખેયન્ને સે કુસલે મહેસી, અણંતનાણી ય અણંતદંસી ।**
**જસંસિણો ચકખુપહે ઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચ ધિઇં ચે પેહિ।।**

ગાથા-૪ :

**ઉઢ્ઢં ચહે યં તિરિયં દિસાસુ, તસા ય જે થાવર જે ય પાણો ।**
**સે ણિચ્ચણિચ્ચેહિ સમિક્ખપણ્ણે, દીવે વ ધમ્મં સમિયં ઉદાહુ ।।**

ગાથા-૫ :

**સે સવ્વદંસી અભિભૂયનાણી, નિરામગંધે ધિઇમં ઠિયપ્પા।**
**અણુત્તરે સવ્વજંગસિ્ વિજ્જં ગંથા અતીતે અભએ અણાઉ ।।**

ગાથા-૬:

**સે ભૂઈ પમ્ણો અણિએ અચારી, ઓહંતરે ધીરે અણંત ચકખૂ।**
**અણુત્તરે તપ્પઈ સૂરીએ વા, વઇરોયણિંદે વ તમં પગાસે।।**

ગાથા-૭ :

**અણુત્તરં ધમ્મમિણં જિણાણં, ણેયા મુણી કાસવ આસુપણ્ણે।**
**ઈંદે વ દેવાણ મહાણુભાવે, સહસ્સણેયા દિવિણં વિસિટ્ઠે ।।**

ગાથા-૮ :

**સે પણ્ણયા અક્ખય સાગરે વા, મહોદહી વા વિ અણંત પારે ।**
**અણાઇલે વા અકસાઈ મુકકે (ભિકખૂ), સક્કે વ દેવાહિવઈ જુઈમં ।।**

ગાથા-૯:

**સે વીરિએણં પડિપુન્ન વીરિએ, સુદંસણે વા ણગસવ્વસેટ્ઠે।**
**સુશલએ વાસિ મુદાગરે સે વિરાયસે ણેગગુણો વવેએ ।।**

૩જી ગાથામાં ભગવાનના ૯ ગુણો : (૧) ખેદજ્ઞ–સંસારના સર્વ પ્રાણીના દુ:ખ અને તેના કારણના જ્ઞાતા અથવા લોકાલોક સર્વ ક્ષેત્રના જ્ઞાતા (૨) કુશળ–કર્મ કાપવામાં કુશળ (૪) અનંતજ્ઞાની (૫) અનંતદર્શી (૬) મહાયશસ્વી (૭) સૌના ચક્ષુપક્ષમાં સ્થિત–જેમ છગ્ગો મારનાર બેટ્સમેન પર દર્શકોની નજર તેમ સંસાર કાપનાર મહાવીર પર સૌની આંખો સ્થિત (૮) પ્રશંસનીય ધર્મના પાલક (૯) ધૈર્યવાન-સમયથી ધીરજ ધરનાર– સંગમ દ્વારા છ મહિના ઉપસર્ગ છતાં ધૈર્ય રાખ્યું.

૪ થી ગાથામાં ૧ ગુણ : મહાવીર દીપક/દ્વીપ સમાન પ્રકાશિત, શરણ આપનાર ધર્મના આપનારા છે. આ ગાથામાં જૈન ધર્મની વ્યાપકતાનું દર્શન છે. વીર પ્રભુની હિંસા ત્રિલોક વ્યાપી છે. સર્વ ત્રસ-સ્થાવર જીવો, નિત્ય-અનિત્ય સર્વ પદાર્થોનું દર્શન કરી તેમણે સમ્યક્ ધર્મની પ્રરૂપણા કરી છે. પાંચમી ગાથામાં ૯ ગુણો છે. (૧) સર્વદર્શી (૨) અભિભૂય-સંપૂર્ણ જ્ઞાની (૩) નિરામગંધે-આમ-મૂળ ગુણો, ગંધે-ઉત્તરગુણોમાં દોષ ન લગાડે એટલે કે વિશુદ્ધ ચારિત્ર્યના પાલક (૪) ધૃતિવાન–અપાર ધીરજ એટલે કે ભાવથી અનેક પરિષહ-ઉપસર્ગો સહન કર્યા. (૫) આત્મસ્વરૂપમાં સ્થિત (૬) સંપૂર્ણ જગતમાં સર્વશ્રેષ્ઠ વિદ્વાન (૭) બાહ્ય-આભ્યંતર ગ્રંથિથી રહિત (૮) નિર્ભય (૯) આયુષ્ય બંધથી રહિત છઠ્ઠી ગાથામાં ૭ ગુણો : (૧) ભૂતિપ્રજ્ઞ-ભૂતિ એટલે વૃદ્ધિ–જેમનું જ્ઞાન નિરંતર વધે છે. જન્મથી ૩ જ્ઞાન, દીક્ષા લેતાં મનઃપર્યવજ્ઞાન, પછી સાડા બાર વર્ષે કેવળજ્ઞાન–(૨) અપ્રતિબંધવિહારી એટલે પવનની જેમ મુક્ત-મમત્વ રહિત સાધુ કોઈ એક સ્થાને રોકાય નહિ. (૩) સંસાર સાગર તરનારા (૪) ધીર (૫) કેવળજ્ઞાન નેત્ર સંપન્ન (૬) પ્રજ્વલિત અગ્નિવ્રત્–અજ્ઞાન તિમિર નિવારક (૭) સૂર્યવત્ અધિક તપનશીલ.

ગાથા-૭ : ૩ ગુણ (૧) આસુપ્રજ્ઞ–તીવ્ર પ્રજ્ઞાવાળા-હજારો બિરબલ ભેગા થાય તો પણ એમની પ્રજ્ઞાની તોલે નહીં (૨) અનુત્તર ધર્મના નાયક (૩) સર્વાધિક પ્રભાવશાળી હજારો દેવના નાયક ઈંદ્રની જેમ કાશ્યપગોત્રી વીર વિશિષ્ટ તેજસ્વી છે.

ગાથા-૮ : ૬ ગુણ : (૧) ભગવાનની પ્રજ્ઞા અક્ષય–પેલો ન્યુરોલોજિસ્ટ, બ્રેઈનનું ઓપરેશન કરે એટલું જ્ઞાન પણ પાછલી અવસ્થામાં પક્ષઘાત થતા, એનું જ બ્રેઈન ખાલી થઈ જાય પણ ભગવાનની પ્રજ્ઞાનો ક્યારેય ક્ષય નહિ (૨) સ્વયંભૂરમણ–સમુદ્રની જેમ અપાર (૩) નિર્મળ–કર્મમળથી રહિત (૪) કષાયથી રહિત (૫) ઘાતીકર્મથી મુક્ત (૬) ઈંદ્રની જેમ દેવાધિપતિ તેજસ્વી છે.

ગાથા-૯ : ૩ ગુણ : (૧) પરિપૂર્ણ વીર્યવાન (૨) મેરુ પર્વતની જેમ સર્વોત્તમ (૩) પ્રશસ્ત ગુણોથી યુક્ત હોવાથી સર્વ માટે સ્વર્ગવત્ પ્રમોદજનક છે.

૧૦ થી ૧૪ ગાથામાં મેરુપર્વતની ઉપમા

ગાથા-૧૦ :

**સયં ચહસ્સાણ ઉ જોયણાણં, તિકંડગે પંડગ વેજયંતે।**
**સે જોયણં ણવણવઈ સહુસ્સે, ઉડ્ઢુસ્સિતો હેટ્ઠ સહસ્સ મેગં।।**

ગાથા-૧૧ :

**પુટ્ઠે ણભે ચિટ્ઠઈ ભૂમિવટ્ઠિએ, જં સૂરિયા અણુપરિવટ્ટયંતિ ।**
**સે હેમવણ્ણે બહુણંદણે ય, જંસી રતિં (રઈ) વેદયંતી મહિંદા।।**

ગાથા-૧૨ :

**સે પવ્વએ સદ્મહપ્પગાસે, વિરાયઈ કંચણ મટ્ઠવણ્ણે।**
**અણુત્તરે ગિરિસુ ય પવ્વદુગ્ગે, ગિરીવરે સે જલિએ વ ભોમે ।।**

ગાથા-૧૩ :

**મહિએ મજ્ઝંમિ ઠિએ ણગિંદે, પણ્ણાયને સૂરિએ સુદ્ધ લેસે ।**
**એવં સિરિએ ઉસ ભૂરિવણ્ણે, મણોરણે જોયઈ અચ્ચિમાલી।।**

ગાથા-૧૪ :

**સુદંસણસ્સેવ જસો ગિરિસ્સ, પવચુચ્ચઈ મહતો પવ્વયસ્સ ।**
**એતોવમે સમણે નાયપુત્તે, જાઈ જસો, દંસણ નાણ સીલે ।।**

દસમી ગાથામાં-મેરુપર્વત ધરતીથી ૯૯ હજાર યોજન ઊંચો અને ૧ હજાર યોજન નીચે પાયો – ઊંડાઈ મજબુત તો ઊંચાઈ મજબુત એમ ભગવાનની સહનશીલતાની ઊંડાઈ પર સાધનાની ઊંચાઈ–મેરુના ૩ કાંડની જેમ પ્રભુના સમ્યક્જ્ઞાન-દર્શન–ચારિત્ર– મેરુ ઉપર પંડકવન ધજા સમાન, ભગવાનનું જિનનામ કર્મ ધજા સમાને–મેરુ ત્રણ લોકને સ્પર્શે, ભગવાનનો પ્રભાવ ત્રણે લોકમાં.

૧૧મી ગાથા : મેરુ આકાશને સ્પર્શે, પ્રભુ મુક્તિગગનને સ્પર્શે, મેરુની આસપાસ સૂર્યગણ પ્રદક્ષિણા કરે, ભગવાનની આસપાસ દેવો, ચક્રવર્તી આદિ પ્રદક્ષિણા કરે. મેરુની જેમ ભગવાન સુવર્ણ રંગની કાંતિવાળા, મેરુ ઉર્ધ્વમુખી એમ પ્રભુના પાંચ મહાવ્રત મુક્તિમુખી. મેરુમાં ચાર વનરાજિ તેમ ભગવાનના ક્ષમા, નિર્લોભતા, સરળતા, મૃદુતા આદિ ગુણરાજિ–મેરુના નંદનવનમાં ઈન્દ્રો આનંદ કરે એમ પ્રભુના સમવસરણમાં આવનાર ત્રણે ગતિના જીવ આનંદ અને શાંતિનો અનુભવ કરે.

૧૨મી ગાથામાં-મેરુ પર્વત સુદર્શન આદિ ૧૬ નામોથી પ્રસિદ્ધ એમ મહાવીર પણ જ્ઞાતપુત્ર, તીર્થંકર, વીતરાગી આદિ અનેક નામોથી સુપ્રસિદ્ધ. દુર્ગમ મેરૂ પર્વતની જેમ ભગવાનનું જ્ઞાન, નય, નિક્ષેપ, સ્યાદ્વાદ આદિની ગહનતાને કારણે વાદીઓ માટે દુર્જેય છે. મેરુ રત્નોથી પ્રકાશિત તેમ ભગવાન અનંતગુણોથી દેદિપ્યમાન છે.

૧૩મી ગાથા – પૃથ્વીની મધ્યમાં મેરુ, ભવી જીવોની મધ્યમાં મહાવીર. મેરુ નગેન્દ્ર, મહાવીર જિનેન્દ્ર. મેરુના પ્રકાશિત કિરણો, વીરનાં તેજસ્વી જ્ઞાનકિરણો. મેરુના વિવિધ વર્ણ, ભગવાનની વિવિધ હિતશિક્ષા.

૧૪મી ગાથા-ગિરિરાજ મેરુ લોકમાં યશસ્વી, દેવાધિરાજ જ્ઞાતપુત્ર મહાવીર જાતિ, યશ, જ્ઞાન, શીલ આદિ ગુણોથી સર્વશ્રેષ્ઠ હતા.

ગાથા-૧૫, ૧૬ અને ૧૮ થી ૨૪માં જગતના સર્વશ્રેષ્ઠ ૨૫ પદાર્થોની ઉપમા આપીને ભગવાનની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કર્યું છે. ૧૭મી ગાથામાં સિદ્ધિ બતાવી છે.

ગાથા-૧૫ :

**ગિરિવરે વા નિસહાયયાણં, રુયએ વ સેટ્ઠે વલયાયતાણં।**
**તઓવમે સે જગભૂઈપણ્ણે, મુણીણ મજ્ઝે તમુદાહુ પણ્ણે।।**

ગાથા-૧૬:

**અણુત્તરં ધમ્મમુઈરઈત્તા, અણુત્તરં ઝાણ વરંઝિયાઈ।**
**સુ સુક્કંસુક્કં અપ્પગંડસુક્કં, સંખિંદુ એગતવદાત સુક્કં।।**

ગાથા-૧૭ :

**અણુત્તરગ્ગં પરમં મહેસી, અસેસકમ્મં સ સવિસો હયિત્તા।**
**સિદ્ધિં ગઈ સાઈમણંતપત્તે, નાણેણ સીલેણ ય દંસણેણ ।।**

ગાથા-૧૮ :

**રુકખેસુ ણાએ જહ સામલી વા, જંસિ રઈ વેદયંતી સુવણણા।**
**વણેસુવા ણંદણમાહુ સેટ્ઠં નાણેણ સીલેણ ય ભૂઈપણ્ણે।।**

ગાથા-૧૯ :

**થભિયં વ સદ્દાણં અણુત્તરે ઉ, ચંદો વ તારાણ મહાણુભાવે ।**
**ગંધેસુ વા ચંદણમાહુ સેટ્ઠં, એવં મુણિણં અપડિણ્ણમાહુ ।।**

ગાથા-૨૦ :

**જહા સયંભૂ ઉદ્હીણ સેટ્ઠે, નાગેસુ વા ધરણિંદમાહુ સેટ્ઠે।**
**ખોઓદએ વા રસ વેજયંતે, તવોવહાણે મુણિવેજયંતે।।**

ગાથા-૨૧ :

**હત્થી સુ એરાવણમાહુણાએ, સીહો મિયાણં સલિલાણ ગંગા।**
**પક્ખીસુ વા ગરુલે વેણુદેવે, નિવ્વાણવાદિણિહ, ણાયપુત્તે।।**

ગાથા-૨૨ :

**જોહેસુણાએ જહ વીસસણે, પુપ્ફેસુ વા જહ અરવિંદમાહુ ।**
**ખતીણ સેટ્ઠે જહ દંતવક્કે, ઇસીણ સેટ્ઠે તહ વધ્ધમાણે।**

ગાથા-૨૩ :

**દાણાણ સેટ્ઠં અભયપ્પયાણં સચ્ચેસુવા અણવજ્જં વયંતિ।**
**તવેસુ વા ઉત્તમ બંભચેરં, લોગત્તમે સમણે ણાયપુત્તે।।**

ગાથા-૨૪ :

**ઠિઈણ સેટ્ઠા લવસત્તમા વા, સભા સુહમ્મા વ સભાણે સેટ્ઠા ।**
**ણિવ્વાણસેટ્ઠા જહ સવ્વધમ્મા, ણ ણાયપુત્તા પરમત્થિ ણાણી।।**

૧૫મી ગાથામાં **૨ ઉપમા**–ભગવાનનું ભરતક્ષેત્ર મેરુપર્વતની દક્ષિણે એટલે દક્ષિણના લાંબા પર્વત, નિષધ પર્વતની અને વલયાકારમાં શ્રેષ્ઠ રુચક પર્વતની ઉપમા એવી રીતે પ્રજ્ઞાવંત મહાવીર મુનિઓમાં શ્રેષ્ઠ હતા.

૧૬મી ગાથામાં ભગવાનના શુકલધ્યાનને અત્યંત સફેદ શંખ અને ચંદ્રની **બે ઉપમા** આપી એકાંત શુદ્ધ બતાવ્યું છે. સંગમ અને ચંડકૌશિક આવ્યા. ભગવાન ધર્મધ્યાનમાંથી શુકલધ્યાનમાં ગયા, પરિષહોમાં શ્રેણિ માંડી–પણ આપણે તો નિમિત્ત મળતાં જ આર્તધ્યાનમાંથી રૌદ્રધ્યાનમાં ચાલ્યા જઈએ.

૧૭મી ગાથામાં : મહાવીર જ્ઞાન, દર્શન, શીલે કરી આઠે કર્મ ખપાવી દિપાવલીની રાત્રે સાદિ અનંત સિદ્ધિને પામ્યા. ધન, ધંધા, ધમાલ, ધડાકા, ભડાકા, ફટાકડાથી આપણે દિવાળી ગજવીએ તો 'દિ કેમ વળે ? મોક્ષે કેમ જવાય ?

૧૮મી ગાથામાં **બે ઉપમા** : દક્ષિણના દેવકુરુના પૃથ્વીકાયથી બનેલ વિશાળ શાલ્મલિ વૃક્ષ પર આવી સુવર્ણકુમાર દેવો રતિસુખ માણે છે, નંદનવનમાં ક્રીડા કરે છે એમ ભગવાન ચારિત્રનું શાલ્મલિવૃક્ષ અને જ્ઞાનનું નંદનવન બન્ને અત્યંત વિશાળ–આવા દેવાધિદેવના ચરણે સર્વ જીવો શાતા અને આનંદ અનુભવે–આજે પણ નંદનવન સમા આગમો છે. જરા લટાર મારી જુઓ.

૧૯મી ગાથામાં **૩ ઉપમા**–જેમ શબ્દમાં મેઘગર્જના, તારામાં ચંદ્ર અને સુગંધમાં ચંદન શ્રેષ્ઠ એમ કામના-આકાંક્ષા રહિત ભગવાનને વાણીનો અતિશય. યોજન સુધી વાણી સંભળાય– પૂનમના ચંદ્રની જેમ જ્ઞાન હંમેશા સોળે કળાએ ખીલેલું. ચંદન કરતાં પણ દીર્ઘકાળ ૨૧ હજાર વર્ષ સુધી પ્રભુના ચારિત્ર ચંદનની સુવાસ રહે છે.

૨૦ની ગાથા-**૩ ઉપમા**-ભગવાનનું નામ સ્વયંભૂમરણ સમુદ્ર જેટલું વિશાળ, છદ્મસ્થનું ગોપદ જેટલું મર્યાદિત–નાગકુમારોમાં ધરણેન્દ્ર શ્રેષ્ઠ, રસોમાં ઈક્ષુરસ શ્રેષ્ઠ એમ સર્વ તપસ્વીઓમાં ભગવાન શ્રેષ્ઠ હતા.

૨૧મી ગાથા-**૪ ઉપમા**-હાથીમાં ઐરાવત, સ્થળચરમાં સિંહ, નદીઓમાં ગંગા, પક્ષીઓમાં વેણુદેવ ગરુડ પક્ષી એમ નિર્વાણ–મોક્ષમાર્ગીઓમાં મહાવીર શ્રેષ્ઠ છે.

૨૨મી ગાથા–**૩ ઉપમા**-યોદ્ધાઓમાં વિશ્વસેન વાસુદેવ, ફૂલોમાં અરવિંદ કમળ, ક્ષત્રિયોમાં દંતવક્કે (બોલેલું પાળનાર) શ્રેષ્ઠ છે તેમ ઋષિઓમાં શ્રી વર્ધમાન શ્રેષ્ઠ છે.

૨૩મી ગાથા : **૩ ઉપમા**–દાનમાં અભયદાન શ્રેષ્ઠ, સત્યભાષામાં અનવદ્ય ભાષા (કોઈને પીડાકારી નહીં) શ્રેષ્ઠ, તપમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ–તેમાં ૫ ઈંદ્રિય અને ૬ઠ્ઠું મન જીતવા પડે તેમ લોકમાં શ્રમણ ભગવાન મહાવીર શ્રેઠ છે.

૨૪મી ગાથા : **૩ ઉપમા** : લાંબી અને શુભ સ્થિતિવાળા દેવોમાં લવસપ્તમ દેવો શ્રેષ્ઠ, (૩૩ સાગરોપમના આયુષ્યવાળા એકાવતારી દેવો), દેવલોકની સભાઓમાં સુધર્મા સભા શ્રેષ્ઠ, સર્વ ધર્મોમાં નિર્વાણ-મોક્ષમાર્ગી ધર્મ શ્રેષ્ઠ એમ બધા જ્ઞાનીઓમાં જ્ઞાતપુત્ર મહાવીરથી પરમ શ્રેષ્ઠ જ્ઞાની કોઈ નથી. ૨૫ થી ૨૮–આ જ ગાથામાં ભગવાનના જીવનની વિશિષ્ટ ૨૭ ઉપલબ્ધિઓનું વર્ણન છે.

ગાથા-૨૫ :

**પુઢોવમે ધુણઇ વિગયગેહી, ન સણ્ણિહિં કુવ્વઈ આસુપણ્ણે।**
**તરિઉં સમુદ્રં ચ મહાભવોધં, અભયંકરે વીર અણંતચકખૂ ।।**

ગાથા-૨૬ :

**કોહં ચ માણં ય તદેવ માયં, લોભં ચઉત્થં અજ્ઝત્થદોસ।।**
**એયાણિ વંતા અરહા મહેસી, ન કુવ્વઈ પાવ ન કારવેઈ।।**

ગાથા-૨૭ :

**કિરિયાકિરિયં વેણઇયાણુવાયં, અણ્ણાણિયાણં પડિયચ્ચ ઠાણં ।**
**સે સવ્વવાયં ઇ ઈ વેયઈત્તા, ઉપટ્ઠિએ સંજમ દીહરાયં ।।**

ગાથા-૨૮ :

**સે વારિયા ઇત્થિ સરાઈભત્તં, ઉવહાણવં, દુક્ખ ખયટ્ઠાએ ।**
**લોગં વિદિતા આરં પારં ચ, સવ્વં યભૂ વારિય સવ્વવારં ।।**

૨૫મી ગાથામાં-(૧) ભગવાન પૃથ્વી જેવા સહનશીલ તથા સૌને

આધારભૂત છે. (૨) કર્મમળને દૂર કરનાર (૩) આસક્તિ છોડનાર (૪) મમત્વ અને બાહ્ય-આભ્યંતર પરિગ્રહ છોડનાર (૫) ધનધાન્ય પદાર્થોના તેમજ આંતરિક વિકારોના ત્યાગી (૬) સંસાર સમુદ્ર તરનાર (૭) અભય દાતા (૮) વીર (૯) અનંત ચક્ષુવાળા.

ગાથા-૨૬માં (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ– આ ચાર અધ્યાત્મ દોષોના ત્યાગી–કાળી ચૌદસે કષાયના ચાર વડાંનો કકળાટ કાઢો (૫) અરહા–એટલે કે કોઈ રહસ્ય તેમનાથી છાનું નથી (૬) તેઓ પાપ કરતાં નથી (૭) બીજા પાસે પાપ કરાવતા નથી.

૨૭મી ગાથામાં — (૧) ક્રિયાવાદી (૨) અક્રિયાવાદી (૩) વિનયવાદી ૪) અજ્ઞાનવાદી–આ ચારના ૩૬૩ પાખંડી ભેદને જાણનારા (૫) સર્વ વાદને (દુર્ગતિમાં જવાના કારણો) જાણનારા (૬) અને આ બધું જાણી જીવનભર સંયમમાં સ્થિત રહ્યા છે.

૨૮મી ગાથામાં–ભગવાન (૧) સ્ત્રી અને (૨) રાત્રીભોજનના ત્યાગી (૩) દુઃખનો ક્ષય કરવા ઉગ્ર તપસ્યા કરનાર (૪) આલોક અને (૫) પરલોકના સ્વરૂપને જાણવાવાળા (૬) સર્વ પાપક્રિયાના ત્યાગી છે.

ગાથા-૨૯ :

**સોચ્ચા ય ધમ્મં અરિહંતભાસિયં, સમાહિયં અટ્ઠપઓવસુદ્ધં ।**
**તં સદ્દહણા ય જણા અણાઉ, ઇંદેવ દેવાહિ વ આગમિસ્સંતિ ।।**

આ છેલ્લી ૨૯મી ગાથામાં સુધર્મા સ્વામી જંબૂસ્વામીના પ્રશ્નોના ઉત્તરને અંતે ઉપસંહાર રૂપે કહે છે કે અર્થ અને પદ વડે–બન્ને રીતે શુદ્ધ એવો અરિહંતે કહેલો આ સમ્યક્ ધર્મ સાંભળી પૂર્ણ શ્રદ્ધા કરનાર અનેક સાધક આત્મા સિદ્ધ થયા, જેમનાં કર્મો બાકી હોય તેઓ પણ દેવલોકમાં ઇંદ્ર આદિ ઉચ્ચ પદવી પામી આગામી કાળે સિદ્ધ થશે.

આમ આપણે જોઈ શકીએ છીએ કે આ રચના ખૂબ ઉત્કૃષ્ટ કોટિની છે. એની ભાષા, એની શૈલી, એના શબ્દો, એની ઉપમા, ભાવ બધું જ અનન્ય છે. વળી નમસ્કાર મંત્રની જેમ જૈનના બધા જ ફિરકાઓ અને પંથો દ્વારા આ સ્તુતિ થાય છે. ભરત ક્ષેત્રમાં બીજી કોઈ સ્તુતિ કરતાં દીર્ઘકાળ પર્યંત ટકનારી છે. પાંચમા આરાની સર્વોત્કૃષ્ટ પ્રાર્થના–સ્તુતિ એટલે પુચ્છિંસુણં. હજારો મંત્રો, છંદો અને સ્તુતિઓને એક બાજુ મૂકો–આની તોલે કોઈ ન આવે. ઝવેરીના ઝવેરી સુધર્મા સ્વામીએ, મહાવીર રાજાના ભંડારમાંથી રત્નો વીણી વીણીને સુંદર રત્નહાર સમી સ્તુતિ ૧ વર્ષના દીક્ષા પર્યાયી જંબૂને સંભળાવી. આપણે કેટલા ભાગ્યશાળી છે કે એ સ્તુતિ, અકબંધ, અક્ષરશઃ આપણને મળી છે. મહાવીર પ્રભુ, ગણધર સુધર્માજી અને શ્રુતકેવળી જંબૂસ્વામી–એ હેટ્રીક જુઓ–જાણો તો સંસારમાં બીજી કોઈ ટ્રીક કરવાની જરૂર નહીં રહે !

આ સ્તુતિ આપે છે પુરુષાર્થનો પયગામ ! આ સ્તુતિ એટલે સાધનાની પરિપૂર્ણતાનો પમરાટ, સાધ્ય સુધી પહોંચવાનો રાજમાર્ગ, એના પર ચાલી પામરમાંથી પવિત્ર પરમાત્મા બનવાની પાવનયાત્રા શરૂ કરીએ.

આવી સર્વોત્કૃષ્ટ સ્તુતિનું વિવેચન કરવું અને એ પણ મર્યાદિત ખોબાના શબ્દો વડે અલ્પશ્રુત એવી હું કઈ રીતે કરું ? વીર પ્રભુ, સુધર્માસ્વામી અને જંબૂસ્વામીની ઊંચાઈને આંબવા મારા કદમ અને વચન બંને નાના પડે; છતાં પગલું ભરવાનો પુરુષાર્થ કર્યો છે. હું નિવૃત્ત થઈ ત્યારથી આ સ્તુતિ મારે માટે દીવાદાંડી બની છે. આજે પણ આસો વદ ૧૧ થી દિવાળીની રાત્રિ સુધી આ સ્તુતિનો ૧૦૮ વાર પાઠ કરવાની પ્રથા જૈન પરંપરામાં છે. વીરના અનંતગુણોમાંથી અલ્પગુણો ગ્રહણ કરી આપણે કંઈક અંશે ભવકટ્ટી કરીએ એ જ આ વીરસ્તુતિની ફળશ્રુતિ !

* * *

**અઘરા શબ્દના અર્થ :**

પુચ્છિંસુણં=પૂછ્યું, ણેગંત=એકાંત, અણોલિસં=ઉત્તમ, ણિસંત=નિશ્ચય કર્યો હોય, વિજ્જં=વિદ્વાન, દિવિણં=દેવલોકમાં અણાઇલે=નિર્મળ, ણેગગુણોવવેએ=અનેક ગુણો વડે, સદ્દમહપ્પગાસે= અનેક નામે પ્રસિદ્ધ, જલિએ=દેદીપ્યમાન, અચ્ચિમાલી=સૂર્ય, તઓવમે=તેવી ઉપમા, ઝાણવંર=શ્રેષ્ઠ ધ્યાન, વિસોહિઈના= વિશોધન ક્ષય કરીને, રુક્ખેસુ=વૃક્ષોમાં, થોણયં=મેઘગર્જના, ખોઓદએ=ઈક્ષુરસ, અપડિણ્ણમાહુ=આકાંક્ષા રહિત, મિયાણં= મૃગોમાં–પશુમાં, ણિહ=શ્રેષ્ઠ, પરમત્થિ=પરમ શ્રેષ્ઠ, વિગયગેહી= વસ્તુ પરની આસક્તિ છોડી છે, એયાણીવંતા=એનો ત્યાગ કરીને, વારિયાં=ત્યાગીને, ગોપદ= ગાયના પગથી ખાડો પડે તે. ***

ફોન : ૦૨૨ ૨૫૧૭૬૬૩૩.

ભગવાન મહાવીરના જન્મકલ્યાણક દિવસ નિમિત્તે

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

પ્રસ્તુત કરે છે

**જૈન ધર્મના વિશ્વ પ્રચારક ડૉ. કુમારપાળ દેસાઇની પ્રભાવક વાણીમાં**

**।। શ્રી નેમ રાજુલ કથા ।।**

**સંગીતકાર : મહાવીર શાહ**

**એપ્રિલ ૨૦૧૩**

**તા. ૨૨ સોમ, ૨૩ મંગળ, ૨૪ બુધવાર ૨૦૧૩**

**સમય : સાંજે ૭ થી ૯**

**સ્થળ : ભારતીય વિદ્યા ભવન–ચોપાટી-મુંબઇ.**

**પ્રવેશ માટે અત્યારથી જ સંસ્થાના કાર્યાલયમાં આપનું નામ નોંધાવો–૨૩૮૨૦૨૯૬**

**સૌજન્યદાતા**

**ડૉ. ભદ્રાબેન દીલિપભાઈ શાહ પરિવાર**
**જૈન સોશયલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન (JSGIF)**
**JSGIF – મુંબઈ રિજીયન**
**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ**

# 'ગિરુઆ રે ગુણ તુમ તણા...'

□ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

*[ડૉ. કાન્તિભાઈ શાહ બી. ડી. આર્ટ્સ કૉલેજ (અમદાવાદ)માં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે સેવા આપી નિવૃત્ત થયા છે. તેઓએ સંશોધન સંપાદન કરી ત્રણ ગ્રંથો પ્રકટ કર્યા છે. (૧) સોમસુંદરસૂરિ કૃત ગુણરત્નાકર છંદ (૨) ઉપદેશમાલા બાલાવબોધ (૩) હરજીમુનિ કૃત વિનોદ ચોત્રીસી...ડૉ. કાન્તિભાઈને ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રથમ પારિતોષિક 'ગુણરત્નાકર' ગ્રંથ માટે, તેમજ ગુજરાતી-સાહિત્ય અકાદમી પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ સુવર્ણચંદ્રક પ્રાપ્ત તયેલ છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા ચેર અન્વયે તેમની નિમણુંક થઈ હતી. ઈન્ડોલોજી અને ઈન્સ્ટીટ્યુટ ઑફ જૈનોલોજી દ્વારા યોજાતી વર્કશોપમાં વ્યાખ્યાનો આપ્યા છે.]*

**વિવેચન :**

જૈનોના 'આવશ્યક સૂત્ર' નામક આગમ ગ્રંથમાં નિત્ય કરવા માટેનાં છ આવશ્યકો દર્શાવાયાં છે. જેને 'ષડાવશ્યક' કહે છે. જે બહિરાત્મા હજી અંતરાત્મા સુધી પહોંચ્યો નથી એ તરફની એની શુભગતિ માટેનાં આ છ આવશ્યકો પૈકીનું એક આવશ્યક છે 'ચતુર્વિંશતિસ્તવ' એમાં તીર્થંકરોની ગુણસ્તવના કરવામાં આવે છે. ભક્ત ભાવપૂર્ણ રીતે પ્રભુની ગુણસ્તવના કરે એમાંથી સ્તુતિ-સ્તવન જેવી કાવ્યરચનાઓ ઉદ્‌ભવી છે અને ચોવીસે તીર્થંકરોનો જે સ્તવન-સંપુટ એ 'ચોવીશી' કહેવાય છે.

ઉપા. યશોવિજયજીએ રચેલી ત્રણ ચોવીશીમાંથી એક ચોવીશીમાં ચોવીસે તીર્થંકરોનાં ૨૪ સ્તવનોમાં તીર્થંકરોનો ચરિત્રાત્મક પરિચય અપાયો છે, જ્યારે અન્ય બે ચોવીશીમાં આ ભક્તકવિનો પ્રબળ ભક્તિભાવ નિરૂપાયો છે. એમાં ભક્તિનો ઉલ્લાસ, ઉત્કટતા, ધન્યતા છે. પ્રભુ સાથેનાં ભક્તનાં લાડભર્યાં ટીખળ, મસ્તી, મહેણાં ને ઉપાલંભ પણ છે.

ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુનું સ્તવન 'ગિરૂઆ રે ગુણ તુમ તણા' અહીં પ્રસ્તુત છે. પાંચ કડીના આ સ્તવનમાં નિરૂપાયેલો કવિનો પ્રબળ ભક્તિભાવ આલંકારિક વાણીમાં કાવ્યસૌંદર્ય મંડિત થઈને અભિવ્યક્તિ પામ્યો છે.

**કાવ્ય :**

*ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે,*
*સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મળ થાએ કાયા રે. ગિરુઆ. ૧.*
*તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિરમળ થાઉં રે,*
*અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિરુઆ.. ૨.*
*ઝીલ્યા જે ગંગાજળે, તે છિલ્લર-જળ નવિ પેસે રે,*
*જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે. ગિરુઆ. ૩.*
*એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે,*
*તે કેમ પરસુર આદરે જે પરનારીવશ રાચ્યા રે. ગિરુઆ. ૪.*
*તું ગતિ તું મતિ આશરો તું, આલંબન મુજ પ્યારો રે,*
*વાચક યશ કહે માહરે, તું જીવ-જીવન આધારો રે. ગિરુઆ. ૫.*

**□ઉપા. યશોવિજયજી**

**અઘરા શબ્દના અર્થ:**

ગિરૂઆ=ગૌરવવંતા; મહાન, શ્રવણે=કર્ણપટે, ઝીલી=સ્નાન કરી, ઝાલ્યા=સ્નાન કર્યું, છિલ્લર=ખાબોચિયું; નાનું જળાશય, ગોઠ=ગોષ્ઠી, વાતચીત; મિજલસ, રાચ્યા=રચ્યાપચ્યા, મારયા=મત્ત બન્યા, પરસુર= અન્ય દેવો.

**કવિ પરિચય :**

*ઉપા. યશોવિજયજી એમની પ્રખર વિદ્વત્તા અને શાસ્ત્રવિશારદતાને લઈને 'હરિભદ્રસૂરિના લઘુ બાંધવ' અને 'કૂર્ચાલશારદા' કહેવાયા. ન્યાયાચાર્ય, ન્યાય વિશારદ, તર્ક શિરોમણિ તરીકે ઓળખાયા. ન્યાય, અધ્યાત્મ, કાવ્યમીમાંસા, તત્ત્વદર્શનના શતાધિક ગ્રંથો એમણે આપ્યા. 'જ્ઞાનસાર', 'અધ્યાત્મસાર', 'પ્રતિમાશતક', 'અધ્યાત્મોપનિષદ', 'ન્યાયાલોક' વગેરે એમના મહત્ત્વના ગ્રંથો છે. આ ગ્રંથોમાંનાં એમના વિધાનો શાસ્ત્રપ્રમાણ તરીકે સ્વીકારાયાં છે.*

*એમણે જંબૂસ્વામીરાસ, શ્રીપાળરાસ, દ્રવ્યગુણ પર્યાયનો રાસ, સમુદ્રવહાણ સંવાદ, સમ્યક્ત્વ ષટ્‌સ્થાન ચઉપઈ, સવાસો-દોઢસો-સાડા ત્રણસો ગાથાનાં સ્તવનો જેવી લાંબી રચનાઓની સાથે ત્રણ ચોવીશી, વીશી, સ્તવનો, સજ્ઝાયો, પદો, સ્તુતિ, હરિયાળી જેવી લઘુ રચનાઓ દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પોતાની સર્જક-પ્રતિભા પણ પ્રગટાવી છે.*

સ્તવનની પ્રથમ કડીમાં કવિ કહે છે કે, હે પ્રભુ! તમારા ગુણો ગૌરવવંતા-મહાન છે. એ ગુણો સાંભળતાં જ જાણે કર્ણપટે અમૃત ઝરતું હોય એવી અનુભૂતિ થાય છે અને આ દિવ્ય અનુભવમાં ભીંજાઈને મારી કાયા નિર્મળ બને છે. અહીં જોઈ શકાશે કે કવિએ જે ગૌરવ કર્યું છે તે વ્યક્તિનું નહિ, વ્યક્તિના ગુણોનું. કોઈપણ મનુષ્ય એના ગુણોને લઈને મહાન બને છે, પૂજાય છે. અહીં પણ ભક્તને જે સ્પર્શે છે, ભીંજવે છે તે વર્ધમાન જિનરાયના ગુણો છે. આ ગુણામૃતમાં ભીંજાતાં ભક્તના જીવનમાં રહેલી કર્મમલિનતા દૂર થઈ જઈને જીવન નિર્મળું બનશે એવી ભક્તને શ્રદ્ધા છે.

બીજી કડીમાં શ્રી મહાવીર પ્રભુના ગુણસંપુટને ગંગાજળનું રૂપક આપીને કવિ પોતાના હૃદયભાવનો દોર આગળ વધારે છે. કવિ કહે છે કે, હે પ્રભુ! તમારી ગુણગંગાના જળમાં સ્નાન કરીને હું નિર્મળ બનવા ઝંખતો હોઈને હવે અન્ય કોઈ ઉદ્યમ મારે આદરવો નથી. બસ, એક તમારી જ ગુણસ્તવના અહોનિશ કર્યા કરું એ સિવાય મને અન્ય કશું જ ખપતું નથી. આ કડીમાં ભક્તની એકાગ્રતા, લયલીનતા અને પ્રતિબદ્ધતાનાં દર્શન થાય છે.

ત્રીજી કડીમાં ભક્તનો હૃદયભાવ સુંદર મજાનાં બે

કલ્પનાચિત્રો દ્વારા મૂર્ત કર્યો છે. કવિ કહે છે કે જે મનુષ્યે એક વખત પુનિત ગંગાજળમાં સ્નાન કર્યું હોય તે ક્યારેય ખાબોચિયાના જળમાં પ્રવેશના ન જ ઈચ્છે. બીજું કલ્પનાચિત્ર રજૂ કરતાં કહે છે કે જે મનુષ્ય માલતીપુષ્પમાં મુગ્ધ થયો હોય એ કદી બાવળિયાના શુષ્ક કાંટાળા વૃક્ષની પાસે જઈને બેસવાનું ન જ વિચારે. આ દ્વારા અભિપ્રેત એ છે કે આ વીતરાગ પ્રભુની ગુણગરિમા પ્રત્યે જેનું હૃદય ખેંચાયું તે હવે અન્ય કોઈ દેવનું શરણું સ્વીકારવા ઈચ્છે નહીં.

ચોથી કડીમાં કવિ કહે છે કે અમે તમારા ગુણોની ગોઠડીમાં, ગુણોની મિજલસમાં રચ્યાપચ્યા અને મત્ત બની ગયા, તન્મય થયા. હવે અન્ય દેવોને આરાધી શકાય જ કેવી રીતે ? કવિ એનું કારણ આપતાં વીતરાગ પ્રભુ અને અન્ય દેવો વચ્ચેનો ભેદ બતાવે છે. અન્ય દેવોનું નામસ્મરણ કે મૂર્તિસ્થાપન યુગ્મસ્વરૂપે પણ થયેલું હોય છે જેમકે રાધા-કૃષ્ણ, વિષ્ણુ-લક્ષ્મી, શિવ-પાર્વતી. જ્યારે વીતરાગદેવની વાત તદ્દન નિરાળી છે. તેઓ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની રત્નત્રયી દ્વારા નિર્ગ્રંથ સ્વરૂપે મોક્ષપદને પામેલા છે.

છેલ્લી પાંચમી કડીમાં ભક્તકવિની મહાવીર પ્રભુ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા વ્યક્ત થઈ છે. કવિ કહે છે કે, હે પ્રભુ ! તું જ મારી ગતિ છે, તું જ મારી મતિ છે, તું જ મારું અવલંબન છે અને તું જ મારો જીવનાધાર છે. ભક્તનો આ સંપૂર્ણ સમર્પણભાવ મારા જીવનની સઘળીયે ગતિવિધિ, જિંદગીની સફરમાં હવે તારો જ આશરો છે, તું જ મારો પથદર્શક છે. અંતિમ પંક્તિમાં 'વાચક યશ કહે' એ દ્વારા આ રચનાના સર્જક તરીકે ઉપાધ્યાય યશોવિજયજીની કર્તા-ઓળખ મળી રહે છે. યશોવિજયજીને વાચકપદ સં. ૧૭૧૮માં પ્રાપ્ત થયેલું હોઈ, આ રચના સં. ૧૭૧૮ પછીની છે એટલું નિશ્ચિત થાય છે.

પાંચ કડીના આ સમગ્ર સ્તવનના કેન્દ્રમાં મહાવીર પ્રભુની ગુણસ્તવના છે. એમના સંયમજીવનકાળમાં જોવા મળતાં તપ, સંયમ, ચારિત્ર, પરિષહો, સહન કરેલા ઉપસર્ગો, ચંડકૌશિક જેવા પ્રત્યે એમની કરુણા, એમનો પ્રતિબોધ, એમની દેશના, એમની વીતરાગતા–આ બધાનો સમાવેશ એમના ગુણ ગણમાં કરવાનો છે. ગુણસ્તવનાની સાથે સાથે અહીં ભક્તની શ્રદ્ધા, સમર્પણ અને પ્રતિબદ્ધતા પણ છે.

કવિના આ ભક્તિભાવની કાવ્યાત્મક અભિવ્યક્તિ અહીં જોઈ શકાય છે. પ્રત્યેક કડીમાં અંત્યાનુપ્રાસ તો છે જ; જેમકે રાયા-કાયા, થાઉં-ગાઉં, પેસે-બેસે, માચ્યા-રાચ્યા, પ્યારો-આધારો. સાથે પંક્તિ-અંતર્ગત વર્ણસગાઈ અને શબ્દાનુપ્રાસ પણ કવિ પ્રયોજે છે. 'ગિરુઆ રે ગુણ', 'તુમ ગુણ ગણ', 'ગંગાજળે', 'સુણંતા શ્રવણે', 'માલતી ફૂલે મોહિયા', 'બાવળ જઈ નેવિ બેસે' જેવામાં બહુ સાહજિકપણે વર્ણસગાઈ પ્રયોજાઈ છે. 'રાચ્યા ને વળી માચ્યા રે', 'તું ગતિ તું મતિ'માં આંતર-શબ્દાનુપ્રાસ છે. વળી, ગંગાજળ અને છિલ્લરજળ તેમજ માલતી અને બાવળનાં વિરોધાત્મક કલ્પનાચિત્રો આલેખતી પંક્તિઓ પણ કાવ્યસૌંદર્ય વિભૂષિત થઈ છે. 'સુણતાં શ્રવણે અમી ઝરે...' એ પંક્તિમાં ભક્તકવિ શ્રવણની અનુભૂતિ સ્પર્શથી કરે છે. ગુણશ્રવણ એ ભક્ત માટે અમૃત સ્તવન બની જાય છે.

ભાવની ઉત્કટતા અને કાવ્યસૌંદર્યે ઓપતું ઉપા. યશોવિજયજીનું આ સ્તવન જૈન શાસનના ચતુર્વિધ સંઘમાં અનેકોને કંઠે ગવાતું રહ્યું છે.✷ ✷

એ/૪૦૨, સત્ત્વ ફ્લેટ્સ, શાંતિવન પાસે, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.. ફોન : (૦૭૯) ૨૯૨૯૭૭૯

રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂ. ૧૦૦૦ના પુસ્તકો

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ३०० |
| ९ | जैन धर्म दर्शन | ३०० |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનિય હૃદયસ્પર્શ | ૧૫ |
| ૧૫ | વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૯ | નમો તિત્થસ્સ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| | **પ્રો. તારાબેન ૨. શાહ લિખિત** | |
| ૨૩ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૪ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૫ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૬ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૭ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૮ | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત** | |
| ૨૯ | જૈન ધર્મના પુષ્પ ગુચ્છ | ૧૦૦ |
| ૩૦ | જૈન ધર્મના સ્વાધ્યાય સુમન | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૧ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૨ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૩ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૧૬૦ |

**નવું પ્રકાશન ડૉ. રમેશભાઈ લાલન લિખિત**
**મુંબઈ યુનિવર્સિટી માન્ય મહા નિબંધ**
**જૈન દંડ નીતિ**
**રૂ. ૨૫૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

# તાર હો તાર

□ યાત્રિકભાઈ ઝવેરી

*[યાત્રિકભાઈ ઝવેરી મુંબઈમાં હીરાના વેપારી છે. અત્યંત ધાર્મિક સ્વભાવના અને જૈન તત્ત્વજ્ઞાનના ગહન અને ઊંડા અભ્યાસી છે. તેઓ સાહિત્યના શોખીન છે. વાંચન તેમનો પ્રિય શોખ છે. નિજાનંદ માટે પોતે કાવ્ય સર્જન પણ કરે છે. ]*

**શ્રી મહાવીર સ્વામી**

(કડખાની દેશી)

તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી,
જગતામાં એટલું સુજસ લીજે;
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,
દયાનિધિ દીન પર દયા કીજે. તા. ૧
રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો,
લોકની રીતિમાં ઘણુંયે રાતો;
ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહી હું વિષયમાતો. તા. ૨
આદર્યું આચરણ, લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વલી, આત્મ અવલંબનવિનુ,
તેહવો કાર્ય તિણે કો ન સીધો. તા. ૩
સ્વામી દરિશણ સમો, નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો,
સ્વામી સેવા સહી નિકટ લાશે. તા. ૪
સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિશણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીપી વસે મુક્તિ ધામે. તા. ૫
જગત વત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી બિરુદ નિજ રાખવા,
દાસની સેવના રખે જાશો. તા. ૬
વિનતિ માનજો શક્તિ એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તા. ૭

**□ શ્રીમદ્ દેવચંદ્રજી**

**કવિ પરિચય :**

*શાસ્ત્રનિપુણ, શાસન પ્રભાવક, દ્રવ્યાનુયોગી અધ્યાત્મયોગી કવિવર શ્રીમદ્ દેવચંદ્રજીએ પોતાના ૬૬ વર્ષના જીવનકાળ દરમ્યાન સાહિત્યની અનુપમ સેવા બજાવી છે. તેઓશ્રીનો જન્મ સં. ૧૭૪૬માં થયો હતો. તેઓ ઉચ્ચ કોટિના ભક્ત અને દાર્શનિક હતા. પોતાની કલમ દ્વારા જૈન ધર્મના તત્ત્વોનું પ્રતિપાદન કર્યું છે. જૈન દર્શનના ગહન સિદ્ધાંતોને પોતાની વિશિષ્ટ શક્તિ દ્વારા ગદ્ય અને પદ્ય બંનેમાં ઉતાર્યાં છે. લગભગ ચૌદ ગદ્ય કૃતિઓ, અઢાર જેટલી પદ્ય કૃતિઓ, સજ્ઝાયો, પૂજાઓ, પદો, વગેરેની રચના કરી છે. તેમણે નિશ્ચયને પ્રાધાન્ય આપ્યું છે. પણ વ્યવહાર માર્ગનો વિરોધ નથી કર્યો. તેમનું વિપુલ સાહિત્ય શાંતરસનો અનુભવ કરાવે છે. તેમનું દાર્શનિક સાહિત્ય એ જૈન સાહિત્યનું ગૌરવ છે.*

વિવેચન :

જેમના ઉપર અવશ્ય શ્રુતદેવતાની અદ્ભૂત કૃપા ઉતરી છે અને જેઓના અનુભવગમ્ય તત્ત્વચિંતન કરાવનાર ગ્રંથો, સ્તવનો, પદો દ્વારા સ્પષ્ટ અનુભવ થાય કે તેઓ વિશુદ્ધ સમકિતને ધારણ કરનારા હશે એવા શ્રીમદ્ દેવચંદ્રજી મ.સા. (વિ. સં. ૧૭૪૬ થી ૧૮૧૨)ના આ શ્રી વીરપ્રભુના સ્તવનમાં સાધકે પરમલક્ષ્ય પામવા કઈ સાધના કેવી રીતે કરવી એનું સરળ છતાં જ્ઞાનગર્ભિત ભક્તિ દ્વારા વર્ણન કર્યું છે.

*તાર હો તાર પ્રભુ સેવક ભણી, જગતમાં એટલું સુયશ લીજે*
*દાસ અવગુણ ભર્યો, જાણી પોતાતણો, દયાનિધિ દીન પર દયા કીજે...(૧)*

ભાવના : હે વીર પ્રભુ! આપ જેમ દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિકને તારવા કનકખલ ઉદ્યાનમાં પધાર્યા, એમ હે અનંત કરૂણાના સાગર! આ સેવક ઉપર મહેર કરો, અને આપના મુખમાંથી 'બુઝઝ, બુઝ્ઝ કિં ન સંબુઝ્ઝ' એ અમૃતવાણી મારા ઉદ્ધાર માટે વહાવો! હે પ્રભુ! જેમ ચંડકૌશિક, ચંડ એટલે ક્રોધિત હતો તથા કૌશિક એટલે ઘુવડ-સૂર્યને ન જોઈ શકનાર, અંધકારમાં જ રમણતા, કરનાર એવો હું; એવા મને તારવા આપ પધારો! આપ સિવાય મારું કલ્યાણ કોણ કરશે? હે પ્રભુ! મારામાં તો માત્ર પામવાની શક્યતાઓ જ છે પરંતુ એ સાધ્ય પામવાનું બળ-વીર્ય આપ જ પ્રદાન કરો! હે સ્વામી, હું આપનો દાસ છું. આપના ભક્તો અગણિત છે પરંતુ મારે મનનો તું એક જ નાથ છે. માટે હે દયાનિધી! આ દાસ દીન ઉપર દયાદૃષ્ટિ કરો અને આ બાળને આપના અચિંત્ય ઐશ્વર્યમાં દાખલ થવાનું બળ આપો! આપ મને તારો!

વિવેચન : આ ભવની સાર્થકતા તો જ છે, જો આ મનુષ્યભવમાં ગ્રંથીભેદ-સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. સમ્યક્દર્શન પ્રાપ્ત કરવાના ઉતમ

લક્ષ્યને ધારણ કરનારો સાધક સૌ પ્રથમ, પોતાનામાં રહેલા શલ્યો-ભૂલો-અવગુણોનું સાચું અવલોકન કરે છે. અને એ ભૂલો દૂર કરવા સામર્થ્યવંત એવા પરમાત્માનું દિવ્ય શરણ લે છે. આ સમર્પણ દ્વારા જ પ્રભુ સાથે સંપર્ક સધાય છે. જેવું સમર્પણ તેવું પ્રભુની કૃપાનું અવતરણ! શરણાગતિ દ્વારા જ દિવ્ય શક્તિની ઊર્જા સાધકમાં વહે છે. શ્રદ્ધા વગર આ દિવ્ય ઊર્જા જોઈએ એટલો લાભ ઉપજાવી શકતી નથી. માટે પ્રાથમિક ભૂમિકામાં સાધક અનુભવે છે કે– ૧. પોતે અધૂરો છે-ભૂલભરેલો છે. ૨. ભૂલમાંથી મુક્ત થવાનો ઉપાય છે. ૩. આ શલ્યમાંથી મુક્ત થવા માટે પરમાત્માની દિવ્ય શક્તિઓ સર્વોત્તમ સાધન છે. ૪. શ્રદ્ધા રાખવી અનિવાર્ય છે. તથા ૫. જેટલી અધિક શ્રદ્ધા-સમર્પણ એટલો અધિક દિવ્ય સંચાર વહન થાય છે!

રાગ દ્વેષે ભર્યો મોહ વૈરી નડ્યો, લોકની રીતીમેં ઘણું રાતો
ક્રોધ વશ ધમધમ્યો, શુદ્ધિ ગુણ નવિ રમ્યો, ભમ્યો ભવમાંહી હું વિષયમાં તો...(૨)

ભાવના : હે પ્રભુ! તું તો સામર્થ્યવંત છે જ, તને સર્વ જ્ઞાન છે, છતાં હું કેવો છું એ સાચો એકરાર કરવો આવશ્યક છે. 'મુક્તિ પામવા માટે ભૂલનો એકરાર એ ચાવી છે!' હે પ્રભુ! રાગદ્વેષથી ભરેલો, જેનામાં ગમો-અણગમો, સારું–નરસું, યોગ્ય-અયોગ્ય, આ હોવું જઈએ, આ ન હોવું જોઈએ, અભાવ-વિભાવ અને દુર્ભાવ જેનામાં સતત વહ્યા કરે છે તથા સર્વ સમયે પોતાનો સ્વ-બચાવ કરવા રૂપી અત્યંત ક્લિષ્ટ મોહ જેનામાં સતત વિદ્યમાન છે તેવો હું પાંચેય ઈંદ્રિયોના વિષયોમાં આસક્ત અને લુબ્ધ અને પોતાને ઈચ્છિત પ્રાપ્ત થતું નથી ત્યારે ક્રોધિત થઈ, યેનકેન પ્રકારેણ એટલે માયાચાર કરીને પણ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિવાળો; તથા પોતાને ઈચ્છિત પ્રાપ્ત થાય ત્યારે માન સેવનારો અને આ વિષયો વધુ પ્રાપ્ત થાય અને છોડીને ન ચાલ્યા જાય એવો લોભ કરનારો હું... એવા મને હે પ્રભુ તું તાર, તું તાર...

**વિવેચન :**

સાધક, પોતાનામાં રહેલી મલિનતા સ્પષ્ટ જોઈ શકે છે, પરંતુ એ હજુ એટલું બળ-વીર્ય ફોરવી શકતો નથી કે એ આ અનાદિકાળથી પોષેલા વિષયો તથા કષાયોની જંજાળમાંથી સ્વયં છૂટો થઈ શકે, માટે એ સાધક, તીવ્ર વેદના અનુભવતો થશે, સાચા અંતઃકરણના એકરાર કરતો થશે. પ્રભુને નિવેદન કરે છે કે તમે મને ઉગારો. અહિંયાં પોતાનામાં રહેલા અસામર્થ્યનો સ્વીકાર છે તથા શરણાગતિમાં વધુ સચ્ચાઈનો પ્રવેશ છે.

*આદર્યું આચરણ લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો*
*શુદ્ધ શ્રદ્ધા ન વિણ આત્મ અવલંબીનું, તિહાં લગી કર્મને કોણે સિધ્યો...(૩)*

**ભાવના :** હે પ્રભુ! આ સંસાર મને દુઃખકર લાગે છે, કારણ કે મને સ્વાનુભવથી સમજાય છે કે આ સર્વ પદાર્થો નાશવંત છે, પરિવર્તનશીલ છે. સ્વરૂપ બદલનારા છે. ક્ષણિક સુખ અને અપાર દુઃખ આપનારા છે. છતાં અનંતકાળથી પડેલા આ વિષયોને ભોગવવાના સંસ્કારો છૂટતા નથી. મને આત્માનો, આત્માના સામર્થ્યનો, આત્મસ્પંદના સુખનો લેશમાત્ર પરિચય નથી. માટે હું આ સંસારસુખોનો સહજતાથી ત્યાગ કરી શકતો નથી. જ્યારે સંસારસુખો સાનુકૂળ થાય છે ત્યારે હું એમાં આસક્ત, રમમાણ થાઉં છું. લોભાઈ જાઉં છું. હે પ્રભુ! જ્યાં સુધી મારામાં શુદ્ધ જાગૃતિ નહીં આવે કે આ સંસારી સુખો અહિતકર છે, અયોગ્ય છે, છોડવા યોગ્ય છે, ત્યાં સુધી હું એનાથી મુક્ત કઈ રીતે થઈ શકીશ? આ શુદ્ધ સમકિત મારામાં પ્રગટ થાય એ માટે સહાય કરો હે પ્રભુ!...

**વિવેચન :** મોહગર્ભિત અને દુઃખગર્ભિત વૈરાગ્ય દ્વારા મુક્તિ શક્ય નથી. જયારે પોતાની ઈચ્છા મુજબ બનાવ ઘટિત થતો નથી ત્યારે સંસાર દુઃખમય લાગે છે. જ્યાં સુધી આ દુઃખગર્ભિતપણું છે ત્યાં સુધી આ 'ભારેલ અગ્નિ' છે; ક્યારેય પણ ઉથલો મારી અને પ્રજ્વલિત થઈ શકે એમ સ્પષ્ટ માનવું. જ્યારે પોતાની મરજી પ્રમાણે બનાવ ઉત્પન્ન થાય છતાં એ પદાર્થમાં આસક્તિ, લોભ, માન ના પ્રગટે ત્યારે સમજવું કે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રગટ થઈ રહે છે. આ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય દ્વારા જ મુક્તિ શક્ય છે. હજુ મલિનતામાં રહેલો સાધક, આ શોક, ઉદાસીનતા, ખેદ, ગ્લાનિ, નારાજગી વાળા વૈરાગ્યને જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં પલોટવા માટે પ્રભુને વિનંતી કરે છે કે આપ મને સહાય કરો, તારો.

*સ્વામિ દરિશન સમો, નિમિત્ત લહી નિર્મળો, જો ઉપાદાન એ શુચિ થાશે.*
*દોષ કો વસ્તુનો અથવા ઉદ્યમ તણો, સ્વામી સેવા સહી નિકટ લાશે...(૪)*

**ભાવના :** હે પ્રભુ! આપના દર્શન એ જ સર્વોત્તમ નિમિત્ત છે. સૂર્ય જેમ રાત્રીનો નાશ કરે, એમ સૂર્યથી અનંતતણા તેજસ્વી એવા આપને પામીને પણ જો મારી શિથિલતા, અંધશ્રદ્ધા, મૂઢતા, મોહ, પ્રમાદ અભાવ દૂર ન થાય તો એ ખામી આપની નહી પરંતુ મારી જ છે, મારા અવળા પુરુષાર્થની જ છે. અનાદિકાળથી મોહને વશ થયેલો હું, આપ જેવા નિર્મળ સાધનની અવહેલના કરૂં છું, હું મારી પર પદાર્થની આસક્તિ અને વળગણને છોડવા તૈયાર જ નથી. સ્વયં પ્રભુ દ્વાર ઉપર આવીને ઊભા હોય અને હું એમને અવગણું તરછોડું. આવી મારી દીન, દયનીય, જુગુપ્સાપ્રેરક દશા છે. પરિણતિ છે. હે પ્રભુ! મારુ શું થશે? આપ જ મને ઉગારો...આવી તીવ્ર વેદનાના પ્રતાપે પ્રભુનું અમોઘ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. અને દિવ્ય સંદેશો પ્રગટે છે, 'હે પુત્ર! જ્ઞાનાત્મભક્તિથી થનાર સેવન, પૂજન, વંદન, કીર્તન દ્વારા તારામાં પરમશક્તિ જાગૃત થશે અને તારા આત્માને પરમાત્માતુલ્ય બનાવશે!'

**વિવેચન :** શુદ્ધ લક્ષ્ય સાધવા માટે શુદ્ધ સાધનની અનિવાર્યતા છે. અશુદ્ધ સાધન દ્વારા શુદ્ધ સાધ્યની પ્રાપ્તિ અશક્ય છે. પરમાત્મા જેવું વિશુદ્ધ, નિર્મળ નિકલંક સાધન પામીને જ સાધક પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને પામે છે. આવું પરમકલ્યાણકારી સાધન પામીને પણ જો સાધક માર્ગાનુસારી ન બને તો એમાં, એની અશ્રદ્ધા તથા એનો વિપરીત પુરૂષાર્થ એજ કારણ હોય! સાચી ક્ષદ્ધા પ્રગટે તો સાચો ઉદ્યમ પ્રગટે જ એ નિસંદેહ છે. માટે સૌ પ્રથમ સ્વામીની સેવા એટલે સ્વામી પરત્વે અપ્રતિમ, અચલ, નિષ્પ્રકંપ શ્રદ્ધા હોવી એ જ છે. હવે સાધક

પરમાત્મા પરત્વે અવિચલ શ્રદ્ધા રાખતો થકો કેવો ઉર્ધ્વગામી પુરુષાર્થ જ કરે, એનું વર્ણન કરતાં કહે છે....

*સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દરિશન શુદ્ધતા તેહ પામે*
*જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી, કર્મને જીવી વસે મુક્તિ ધામે...(૫)*

**ભાવના :** હે પ્રભુ! આપના પરત્વેની શ્રદ્ધા તથા સંપૂર્ણ શરણાગતિના પ્રતાપે ઉત્પન્ન થતી દિવ્ય ઊર્જાના કારણે આપના અગાધ ગુણોનો સાક્ષાત્કાર થવા લાગ્યો છે. હે પરમાત્મા! મને સ્પષ્ટ અનુભવાય છે કે સર્વ અનંત જીવો મારા તુલ્ય છે, એમનામાં પણ મારા જેવી અચિંત્ય શક્તિઓ સમાયેલી છે. અને આ દર્શન થતાં સહજપણે સર્વ જીવો પરત્વે અહિંસકપણું પ્રગટ થઈ રહ્યું છે! પ્રભુ! એ પણ આત્મા છે, સમતુલ્ય છે, એ પણ સત્તાએ (Potentially) સિદ્ધ બુદ્ધ મુક્ત છે. આ દિવ્યજ્ઞાન એ જ તો પરમસત્ય છે! મારાથી જાણતા કે અજાણતાં, મન-વચન કે કાયાથી, કરવાથી, કરાવવાથી કે અનુમોદન કરવાથી કોઈ જીવને દુઃખ, ખેદ, ભય, નારાજગી ન થાય આ જ તો ભાવ અચૌર્ય રૂપી પરમ શુદ્ધ ચારિત્ર-આચરણ છે! જે બની રહ્યું છે તે જૂના કર્મો ખપાવવા માટેનું સંવર, નિર્જરા દ્વાર છે, અને એ બનાવ ઉત્પન્ન કરનાર નિમિત્ત મારો પરમ ઉપકારી છે; આવું દિવ્ય જ્ઞાન એ જ તો અન્યમાં રહેલાં 'બ્રહ્મ'ની ઓળખ કરતાં પરમ તપનું પાલન છે! પોતાના અહંકાર, મમત્વ, આસક્તિનો સર્વથા નાશ થવો એ જ સર્વોત્તમ અપરિગ્રહ રૂપી પરમવીર્યનું પ્રસ્ફુરણ છે! આ પાંચેય મહાવ્રતોનું પાલન કરતાં થકી સહજ સ્વરૂપે 'રાત્રી ભોજન ત્યાગ' રૂપી અંધકાર કર્મક્ષય નિપજે છે! અહો પ્રભુ! આપ સમર્થ છો!

**વિવેચન :** પ્રભુ શ્રદ્ધા તથા સંપૂર્ણ શરણાગતિના પ્રતાપે સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ અને વીર્ય રૂપી ધર્મ પ્રગટે છે, અણુવ્રતો અને મહાવ્રતોનું પાલન કરાવનાર નીવડે છે. ધર્મના પાલનના ફળ-સ્વરૂપે આવરણો-બંધનો-કર્મથી મુક્તિ થાય છે. મૂઢતા, પ્રમાદ, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, મોહ એ સર્વે અંધકારના પ્રકારો છે. આ અંધકારનું સેવન એ જ અપેક્ષાએ રાત્રી ભોજન છે. સમ્યક્ શ્રદ્ધાજન્ય ધર્મના પ્રતાપે આ અંધકારનો નાશ થાય છે. માટે સાધક પ્રભુને સેવક બનીને શ્રદ્ધાના પ્રાગટ્ય માટે વિનમ્ર ભાવે વિનંતિ કરે છે.

*જગત વત્સલ મહાવીર જિનવર સુણો, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો*
*તારજો બાપજી નિજ બિરૂદ રાખવા દાસની સેવના રખે જોશો...(૬)*

**ભાવના :** હે મહાવીર પ્રભુ! ભલે આપ સિદ્ધશિલામાં બિરાજમાન છો, ભલે આપ વીતરાગી, પરમ સમત્વના ધારક છો છતાં આપ વગર મારી કથની કોને કહીશ? આપ તો પરમ વાત્સલ્યવંત લોકોત્તર માતા છો, આપ મારી અરજ સ્વીકારો! હે નાથ, મારે સ્વસ્વરૂપ પામવું છે, મારે સિદ્ધ બુદ્ધ મુક્ત થવું છે પરંતુ મારું વર્તન એથી સાવ વિપરીત છે. હું પુદ્‌ગલમાં-પદાર્થમાં-બાહ્યમાં ભૂલો પડ્યો છું. આસક્ત થયો છું. છતાં હે સ્વામી! આપ મારું આ અયોગ્ય વર્તન ન જોતાં, મારી આજીજી સાંભળશો અને મને આપના ગુરૂત્વાકર્ષણ દ્વારા આકર્ષિત કરશો! હે નાથ! સમગ્રપણે અક્રિયમાણ હોવા છતાં આપ નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ નિક્ષેપાઓ દ્વારા સક્રિય છો, મને ઉગારનાર, તારનાર છો એ નિસંદેહ છે.

**વિવેચન :** ચાતક આકાશ તરફ મીંટ માંડી અવિરત રાહ જુએ છે અને વરસાદે વરસવું પડે છે; એમ ભક્તની સાચા હૃદયની અરજી ભગવાન અવશ્ય સાંભળે છે. નિર્મળ શ્રદ્ધા એવું શસ્ત્ર છે જેના દ્વારા અશુભકર્મો સંક્રમણ પામી શુભમાં પરિવર્તન પામે છે. સાધક પ્રભુને જીવંત અનુભવે છે, પ્રત્યક્ષ-હાજરાહજુર અનુભવે છે. આ શ્રદ્ધાના પ્રતાપે જ લોકોત્તર ફળ પ્રાપ્ત થાય છે. આ લોકોત્તર ગણિત સામાન્ય તર્ક, બુદ્ધિ દ્વારા સમજાતું નથી.

*વિનતિ એ માનજો શક્તિ એ આપજો, ભાવ સ્યાદ્‌વાદતા શુદ્ધ ભાસે*
*સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી, દેવચંદ્ર વિમળ પ્રભુતા પ્રકાશે...(૭)*

**ભાવના :** હે પ્રભુ! મારી વિનંતી સ્વીકારજો અને મને એ શક્તિ આપજો કે હું ભેદવિજ્ઞાન પ્રાપ્ત કરું, હું આત્મા અને જડ પદાર્થનો ભેદ સ્પષ્ટ અનુભવી શકું અને અનાદિકાળથી હું પર ને મારું સમજતો આવ્યો છું;. આ પરપદાર્થના આકર્ષણના ચુંગલમાંથી મુક્ત થઈ, પોતાના સાચા સ્વરૂપને ઓળખીને આ મનુષ્યભવ સાર્થક કરતો થકો, સિદ્ધત્વ પ્રકાશ મારા જીવનમાં પથરાય-ફેલાય-પ્રસારણ પામે! હે પ્રભુ! આ સર્વ કાર્ય હું આપની જ દિવ્ય ઉર્જા લઈને કરીશ માટે હે વર્ધમાન સ્વામી! આપ મને તારો, પોતાનો બનાવો, પોતાની પાસે બોલાવો!

**વિવેચન :** તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવી ભક્તિ, પરમ પૂજ્ય દેવચંદ્રજી મ.સા.ના આ સ્તવનમાં છલકાય છે. બાળ બનીને વિનંતી કરતાં, જાણે આ શ્રદ્ધા-સમર્પણ પણ આપના પ્રતાપે જ પ્રાપ્ત થશે એવી હૃદયસ્પર્શી ભાવના સાધકમાં રહેલા સહજમાત્રને હ્રાસ કરાવનાર નીવડે છે! પ્રભુ જીવંત છે. મારી આસપાસ સર્વત્ર છે. એમની સાથે સંપર્ક સાધી શકાય એમ છે. એવા અતૂટ વિશ્વાસ સાથે; તથા પ્રભુ વીતરાગી હોવા છતાં મારા અંતઃકરણની અરજી સાંભળશે એવી અનુભૂતિ દ્વારા સ્તવના કરવા થકી જાણે *'કિત્રિય વંદીય મહિઆ, જેએ લોગસ્સ ઉત્તમા સિધ્ધા, આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ'*...આવી સમર્પણયુક્ત કિર્તન વંદન અને મહિમાનું ગાન દ્વારા અચિંત્ય શક્તિ સામર્થ્યવંત પ્રભુની ભક્તિ કરવા થકી, ભાવ આરોગ્ય, બોધિલાભ અને સમાધિની પ્રાપ્તિ અવશ્ય થાય છે. એ ખાત્રી છલકાય છે! શ્રદ્ધાયુક્ત સમર્પણ એવી શરૂઆત છે જે મોક્ષપદ અપાવવા માટે સક્ષમ છે. અને આ શ્રદ્ધા-સમર્પણ આ કળિકાળમાં પણ શક્ય છે. આરાધ્ય છે. પામી શકાય એમ છે. એ પ્રચંડ વિશ્વાસ આ ભક્તિપૂર્ણ જ્ઞાન સ્તવનમાં છલકાય છે!

દ્રવ્યાનુયોગી કવિ શ્રીમદ્ દેવચંદ્રજી રચિત આ સ્તવન તેમણે રચેલ ચોવીશીનું અંતિમ સ્તવન છે. જે 'કડખાની દેશી' રાગમાં લખાયું છે તેથી ગેય બન્યું છે. કવિ દેવચંદ્રના આ સ્તવનમાં ગહન ભાવો કવિએ સરળ બાનીમાં અભિવ્યક્ત કરીને તેમની કાવ્ય પ્રતિભાની પ્રતીતિ કરાવી છે. ✶✶✶

અમૂલ્ય,વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬.ફોન : ૦૨૨ ૨૩૬૪ ૧૨૩૬.

# તુમ દીઠે અતિહિ આનંદ!

□ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

*[પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ જૈન ધર્મના વિશ્વ પ્રચારક છે. પ્રસિદ્ધ લેખક, પ્રભાવક વક્તા અને નિષ્ઠાવાન પત્રકાર છે. તેઓશ્રી લગભગ ૧૦૧ ગ્રંથોના સર્જક છે. તેમણે ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે લગભગ ચાલીસ વર્ષની દીર્ઘ સેવા આપી છે.]*

*નારે પ્રભુ નહીં માનું, નહિ માનું રે, અવરની આણ*
*।। નારે પ્રભુ. ।।*
*માહરે તાહરું વચન પ્રમાણ રે ।। નારે પ્રભુ. ।। (એ આંકણી)*
*હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠાં જગમાંય રે;.*
*ભામિની ભ્રમર ભ્રકુટીએ ભૂલ્યા, તે મુજને ન સુહાય.*
*।। નારે પ્રભુ. ।।૧।।*
*કેઈક રાગી ને કેઈક દ્વેષી, કેઈક લોભી દેવ રે;*
*કેઈક મદ માયામાં ભરિયા; કેમ કરીએ તસ સેવ.*
*।। નારે પ્રભુ. ।।૨।।*
*મુદ્રા પણ તેહમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલ માત્ર રે;*
*તે દેખી દિલડું નહિ રીઝે, શી કરવી તસ વાત.*
*।। નારે પ્રભુ. ।।૩।।*
*તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવ જીવન આધાર રે;*
*રાત દિવસ સ્વપ્નાંતરમાંહી, તું મહારે નિરધાર.*
*।। નારે પ્રભુ. ।।૪।।*
*અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાળ રે;*
*જગ-બંધવ એ વિનંતિ મારી, મહારાં સવિ દુઃખ દૂરે ટાળ.*
*।। નારે પ્રભુ. ।।૫।।*
*ચોવીસમા પ્રભુ ત્રિભુવન-સ્વામી, સિદ્ધારથનાં નંદ રે;*
*ત્રિશલાજીના ન્હાનડીયા પ્રભુ, તુમ દીઠે અતિહિઆનંદ.*
*।। નારે પ્રભુ. ।।૬।।*
*સુમતિવિજય કવિરાયનો રે, રામવિજય કર જોડ રે;*
*ઉપગારી અરિહંતજી માહરા ભવોભવના બંધ છોડ.*
*।। નારે પ્રભુ. ।।૭।।*

**□ શ્રી રામવિજયજી**

ભાવ જ્યારે ઘૂંટાઈ ઘૂંટાઈને ભીતરમાંથી એકાએક પ્રગટ થાય, ત્યારે પ્રારંભે જ કાવ્ય એની પરાકાષ્ઠાને સ્પર્શે છે. એમાં તળેટીથી શિખર સુધીની ક્રમિક યાત્રા હોતી નથી, પરંતુ શિખરથી આરંભીને તળેટી સુધીની યાત્રા હોય છે. કવિના ભીતરમાં તીવ્રરૂપે ભક્તિનું ભાવવલોણું ચાલતું હોય અને એમાંથી સીધેસીધું દર્શનનું નવનીત મળે, એ રીતે આ સ્તવનમાં કવિ પહેલાં પરિણામની વાત કરે અને એ પછી એની પશ્ચાદ્‌ભૂમિકા રૂપે કારણોની વાત કરે છે.

સ્તવનનો ઉપાડ તો જુઓ! કવિ કહે છે,

***'નારે પ્રભુ નહીં માનું, નહિ માનું રે, અવરની આણ.'***

આ પંક્તિમાં કેવી દૃઢ સંકલ્પબદ્ધ શ્રદ્ધા ઝળકે છે, પણ એ પછી તાર્કિક અને તુલનાત્મક બુદ્ધિથી પોતાના વિચારો દર્શાવે છે. કોઈ સ્તવનનો 'નારે'થી પ્રારંભ થાય તે કેવું લાગે? એમ કહીને કવિ આપણી સમક્ષ એક શબ્દચિત્ર ખડું કરી દે છે! સ્તવનમાં અન્ય દેવોની એ ભક્તિના અસ્વીકારની વાત છે અને એ અસ્વીકાર પછી જે સ્વીકારની ભૂમિકા સર્જાઈ છે, તેનાથી એનો પ્રારંભ થાય છે.

કાવ્યસમૃદ્ધિની દૃષ્ટિએ ગુજરાતના આદિકવિ ગણાતા કવિ, નરસિંહ મહેતા એના પદનો પ્રારંભ 'જાગીને જોઉં તો જગત દીસે નહીં' એમ 'જાગીને જોઉં' જેવી ભાવકનું તત્કાળ ભાવાકર્ષણ કરતાં શબ્દોથી કરે છે. આમ અહીં સ્તવનના પ્રારંભે જ કવિ ભક્તના આંતરચૈતન્યને જગાડે છે અને જાણે માથું હલાવીને મક્કમતાથી ઈન્કાર કરતાં હોય તે રીતે 'અવરની આણ'નો અસ્વીકાર કરે છે. એ અન્ય કોઈ ઈશ્વરને માનવાને બદલે તીર્થંકર પ્રભુ મહાવીરનો સ્વીકાર કરે છે અને એનાં વચનને પ્રમાણ માનીને સાધના માર્ગે ચાલે છે. કવિ કહે છે કે હરિ, હર આદિ દેવોને ખૂબ જોયા, પરંતુ એ બધા તો 'ભામિનીની ભ્રમર ભ્રકૂટિ'ને કારણે જીવનમાં ભૂલ્યા પડ્યા છે. અહીં 'ભામિની ભ્રમર ભ્રકુટિએ ભૂલ્યા' એવો સરસ 'ભ' અક્ષરનો પ્રાસ મૂકીને રચનાકારે ભવભ્રમણ સર્જતી વિકારસ્થિતિને ઉજાગર કરી દીધી છે.

પ્રથમ પંક્તિમાં 'નહીં માનું રે અવરની આણ' કહીને કવિએ અવરના પ્રભુની અને પોતાના પ્રભુની વાત કરી છે. પ્રભુ મહાવીર પરની આસ્થાની સાથોસાથ તુલનાત્મક બુદ્ધિથી તેઓ અન્ય દેવો સાથે સરખામણી કરે છે. આમાં કોઈ ધર્મ પ્રત્યે કવિને દુર્ભાવ નથી, પરંતુ પોતાના દેવ પ્રત્યેનો દૃઢ ભાવ છે. એ કહે છે કે આ જગમાં હરિ, હર જેવા અનેરા દેવ જોવા મળે છે. પરંતુ એ દેવો નારીસંગથી રહિત નહીં, બલ્કે સહિત છે. 'ભામિની ભ્રમર ભ્રુકુટિએ ભૂલ્યા' એ શબ્દો દ્વારા રચનાકારે ભાવની ગતિશીલતા આણી છે. સ્તવનમાં આવા ગતિશીલ શબ્દચિત્રો સર્જીને કવિ એના ભાવને દૃઢાવે છે અને કહે છે કે જે દેવ નારી સંગથી યુક્ત હોય, એ એમને નાપસંદ છે.

એવી જ રીતે રાગી, દ્વેષી, લોભી કે મદ અને માયાથી ભરેલા દેવોની સેવા કઈ રીતે થઈ શકે? સ્તવનનાં આ ચરણોમાં અન્ય દેવો અને વીતરાગદેવ વચ્ચેની તુલનાઓ છે. સ્ત્રી સંગને કારણે વ્યક્તિ સંસારમાં ડૂબેલી રહે છે. એની આસના-વાસના વચ્ચે જીવે છે. ભૌતિક

વૃત્તિઓ અને લાલસાઓ એને પજવે છે, જ્યારે તીર્થંકર મહાવીર તો સ્ત્રી, સંપત્તિ કે શસ્ત્ર પ્રત્યે કોઈ પણ પ્રકારની લેશમાત્ર મમતા રાખતા નથી કે એની પ્રાપ્તિની કોઈ ઇચ્છા, અપેક્ષા, એષણા કે ખેવના ધરાવતા નથી.

આવી બાબતોમાં મૂર્છારહિત હોવાથી જ તેઓ વીતરાગ કહેવાયા. ખુશામત કરનાર કે ખુન્નસ દાખવનાર તરફ કોઈ રાગ કે દ્વેષ નથી, બલ્કે મિત્ર અને શત્રુ પ્રત્યે સમાનભાવ છે. 'યોગશાસ્ત્ર' (૧-૨)માં શ્રી હેમચંદ્રાચાર્યે આ ભાવનું કેવું માર્મિક વર્ણન કર્યું છે-

पन्नगे च सुरेन्द्रे च, कौशके पादसंस्पृशि।
निर्विशेषमनस्काय, श्री वीरस्वामिने नमः ।।

*(ઈન્દ્ર ચરણોમાં નમસ્કાર કરતા હતા, ચંડકૌશિક નાગ પગ પર ડંખ દેતો હતો, આ બંને પ્રત્યે જેમનું મન સમાન હતું એવા મહાવીરને હું નમસ્કાર કરું છું.)*

આ સ્તવનમાં રચનાકારે શ્રી સુમતિવિજયના શિષ્ય શ્રી રામવિજયએ પ્રભુ મહાવીરની વીતરાગતાને અન્ય દેવોની તુલના દ્વારા પ્રગટ કરી છે, તો બીજી બાજુ દેવો તો લોભ, રાગ, દ્વેષ, મદ કે માયા જેવી કોઈ ને કોઈ વૃત્તિઓથી ઘેરાયેલા હોય છે, જ્યારે મહાવીર વીતરાગ પરમાત્મા તો એવા છે કે જેમના જીવનમાંથી રાગ ચાલ્યો ગયો છે. એમને સંસાર સાથે કોઈ પ્રેમસંબંધ હોતો નથી અને તેથી કોઈનાય તરફ દ્વેષ એટલે કે વેરઝેર હોતા નથી. એમણે મોહ અને કષાય પર વિજય મેળવ્યો છે. આ મોહ અજ્ઞાન જગાવે છે, તો કષાય જગાડે છે આવેશ. આ રીતે જેમના જીવનમાંથી રાગ, દ્વેષ મોહ, કષાય જેવા આંતરિક શત્રુઓ ચાલ્યા ગયા છે તે વીતરાગ પ્રભુ કહેવાય છે. 'જિન' એટલે જિતનારા. અને એમણે જીત્યા છે પોતાના આંતરશત્રુઓને.

સ્તવનની ત્રીજી પંક્તિમાં કવિ અન્ય દેવોની મુદ્રા સાથે પ્રભુ મહાવીરની મુદ્રાની તુલના કરે છે અને કહે છે કે તારી મુદ્રામાં અમને જે જોવા મળે છે, તે અન્ય દેવોની મુદ્રામાં લેશમાત્ર નજરે પડતું નથી. આ ભાવને રચનાકાર આ રીતે પ્રગટ કરે છે.

***'મુદ્રા પણ તેહમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલ માત્ર રે;***
***તે દેખી દિલડું નહિ રીઝે, શી કરવી તસ વાત.'***

પ્રથમ બે કડીમાં કવિએ વીતરાગ પ્રભુની વિશેષતા દર્શાવ્યા પછી આ ત્રીજી કડીમાં વીતરાગ પરમાત્માની મુદ્રાની વાત કરી. વીતરાગતાને કારણે પ્રભુ મહાવીરની મુદ્રા અતિ પ્રભાવિત કરે છે. પ્રભુ મહાવીરની આંખો નમણી એટલે કે ઢળેલી છે. એમના ચહેરા પર ગુસ્સાની એકે રેખા નથી. એમને જોતાં માત્ર એમના પરમ વાત્સલ્યનો અનુભવ થાય છે. એમના હાથમાં, ખભે કે એમના દેહ પર કોઈ શસ્ત્ર નથી. એમની બાજુમાં કોઈ નારીમૂર્તિ નથી, પરિણામે તેઓ સાચે જ વીતરાગ એટલે કે નિર્મોહી પ્રભુ લાગે છે.

સ્તવનના રચનાકારને રાગી દેવ નહીં, પણ વીતરાગી પ્રભુ મહાવીર જોઈએ છીએ. આવા વીતરાગ પ્રભુ મહાવીર ત્રણેય કાળના સર્વ પદાર્થોને જાણનારા છે. તેમનાથી કોઈ પદાર્થ અજાણ્યો નથી. સર્વ પદાર્થોને જોઈ શકે તેવું જ્ઞાન તેમને પ્રાપ્ત થયેલું છે, જે કેવળજ્ઞાન કહેવાય છે.

આવા વીતરાગ અને સર્વજ્ઞ મહાવીર પર કવિ વારી જાય છે અને એમને પોતાનું સર્વસ્વ સમર્પિત કરે છે. જીવ અને જીવનના આધારરૂપ એવા પ્રભુ મહાવીરને કવિ પોતાના પ્રીતમ તરીકે ઓળખાવે છે અને એમની ભક્તિ-ઉપાસનામાં જ પોતાની ગતિ, મતિ, શ્વાસ, સમર્પિત કરવાનો નિર્ધાર કરે છે.

અહીં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાયએ 'વીતરાગસ્તવ' (૧૦-૮)માં કરેલી પ્રભુ મહાવીરની સ્તુતિનું સ્મરણ થાય છે-

शमोद्भुतोद् भुतं रुपं, सर्वात्मसु कृपाद् भुता।
सर्वाद्भुतनिधीशाय, तुभ्यं भगवते नमः।

*(પ્રભુ ! તમારી શાંતિ અદ્‌ભુત છે, અદ્‌ભુત છે તમારું રૂપ, સર્વ જીવો પ્રત્યેની તમારી કૃપા અદ્‌ભુત છે, તમે બધા અદ્‌ભુતોના ભંડારના સ્વામી છો, તમને મારા નમસ્કાર.)*

સ્તવનના સ્વરૂપનો વિચાર કરીએ તો રચનાકાર પ્રભુગુણકીર્તનની સાથોસાથ ક્યારેક સ્વનિંદા પણ કરતા હોય છે. એ પોતાના અવગુણો બતાવે છે અને પોતાની ત્રુટિઓ અને નબળાઈઓ દર્શાવીને એમાંથી ઊગરવા માટે તીર્થંકરને વિનંતી કરે છે.

એથી જ અહીં રચનાકાર તીર્થંકર મહાવીરને પોતાના અવગુણની ઉપેક્ષા કરીને સેવક પ્રત્યે દૃષ્ટિ કરવાનું કહે છે અને 'જગબંધવ'ને વિનંતી કરે છે કે તમે તો જગત સાથે મૈત્રી ધરાવનારા છો. તમે મારા પ્રત્યે નજર કરો અને મારાં સઘળા દુઃખ દૂર કરો.

અહીં કવિ ખુશાલમુનિના 'નિમિજિન સ્તવન'નું સ્મરણ થાય છે. એમાં પણ ભગવાન પાસે પ્રાપ્તિની આશા છે અને 'જગબંધવ' ભગવાન એ આપશે એવી શ્રદ્ધા છે. કવિ અક્ષય ખજાનો ધરાવતા 'સાહિબા'ને સેવકને કશુંક આપવાની વિનંતી કરે છે. એના દરબારમાં રાત-દિવસ ઊભો રહીને સહેજે ખામી ન આવે તે રીતે પોતે સેવા કરે છે અને છેલ્લે તેઓ જિનવરને વિનંતી કરે છેઃ

*મુજને આપો વહાલા વંછિતદાન જો,*
*જેહવો રે તેહવો છું તો પણ તાહરો રે;*
*વહાલો વહેલો રૂડો સેવક વાન જો,*
*દોષ ન કોઈ રે ગણજો માહરો રે.*
*જગબંધવ જાણીને તાહ રે પાસ જો,*
*આવ્યો રે ઉમાહ ધરકીને નેહશું રે,*
*શ્રી અખયચંદ્રસૂરીશ પસાયે આશ જો,*
*સફળી ફળી છે ખુશાલ મુનિને જેહશું રે.*

આ સ્તવનમાં પ્રભુને પ્રીતમ કહેવામાં આવ્યા છે અને મહાયોગી આનંદઘનજીએ પણ ઋષભજિનના પ્રથમ સ્તવનમાં એમને 'પ્રીતમ' કહ્યા છે.

આ સ્તવનની છેલ્લી બે કડીમાં કવિ અતિ આનંદમાં આવીને ત્રિભુવનસ્વામી ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરની વાત કરે છે. રાજા સિદ્ધાર્થના પુત્ર અને રાણી ત્રિશલાના વ્હાલસોયા સંતાનની વાત કરી, પોતાના ઉપકારી અરિહંતને ભવોભવના બંધનમાંથી મુક્ત કરવાની વિનંતી કરે છે.

અગાઉ સ્તવનની પાંચમી પંક્તિમાં 'સર્વ દુઃખો દૂર કરવાની વાત' હતી અને એ સર્વ દુઃખો દૂર કરવા પાછળનો હેતુ એ હતો કે તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી એમને ભવભ્રમણમાંથી મુક્ત કરીને મોક્ષમાર્ગે લઈ જાય.

આ રીતે આ સ્તવનમાં પ્રારંભે તીર્થંકર પ્રભુ મહાવીરના વિશિષ્ટ ગુણોનું ચિંતન કરવામાં આવ્યું છે. પછી પ્રભુસમર્પણ અને પછી પ્રભુના જીવનમહિમાનું ગાન કરવામાં આવ્યું છે.

જૈન પરંપરામાં પ્રભુપૂજન માટે સ્તવનનો કાવ્યપ્રકાર પ્રચલિત છે. આ સ્તવનને માટે સ્તોત્ર, સ્તવ અને સંસ્તવ જેવા સંસ્કૃત શબ્દો મળે છે, જે સ્તવનના પર્યાયવાચી શબ્દો ગણાય. આ સ્તવનનો હેતુ અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાં થઈ ગયેલી ચોવીસ તીર્થંકરોની સ્તવના કરવાનો છે. આ તીર્થંકરો સમાન શક્તિ અને પ્રભાવ ધરાવનારા છે. તેઓ ચોત્રીસ અતિશયોથી યુક્ત છે. ચોવીસ તીર્થંકરો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ભિન્ન હોવા છતાં ગુણમાં સમાન છે. તેઓ અઢાર દૂષણથી રહિત, ઉપશમરસથી ભરપૂર અને પૂર્ણાનંદમય છે. આવા તીર્થંકરનાં સ્તવનો વિશુદ્ધ અંતઃકરણથી, ભાવપૂર્વક ગાવાથી સમ્યક્ત્વની શુદ્ધિનું તાત્કાલિક ફળ અને મોક્ષનું પરંપરા ફળ મળે છે. જીવ દર્શનબોધિ, જ્ઞાનબોધિ અને ચરિત્ર્યબોધિનો લાભ મેળવીને સ્તવનરૂપ 'ભાવમંગલ'થી મુક્તિનું મહાસુખ પામે છે.

સ્તવનના સાહિત્યકારમાં જિનેશ્વરદેવના વિશિષ્ટ સદ્‌ગુણોનું કીર્તન કરવામાં આવ્યું હોય છે. બે પ્રકારની સ્તવન કે સ્તોત્રરચના મળે છે. એક પ્રકાર તે નમસ્કારરૂપ સ્તોત્ર અને બીજો પ્રકાર તે તીર્થંકરના ગુણકીર્તનરૂપ સ્તોત્ર. આ સ્તોત્રના જુદા જુદા પ્રકાર જોવા મળે છે. નામસ્તોત્ર, રૂપસ્તોત્ર, કર્મસ્તોત્ર, ગુણસ્તોત્ર અને આશીર્વાદાત્મક સ્તોત્ર – એમ પાંચ પ્રકાર પાડવામાં આવ્યા છે. જ્યારે કેટલાક ત્રણ જ પ્રકાર આપે છે અને તે આરાધનાસ્તોત્ર, અર્ચનાસ્તોત્ર અને પ્રાર્થનાસ્તોત્ર. આવી જ રીતે દ્રવ્ય, કર્મ, વિધિ અને અભિજન એ રીતે સ્તોત્રના ચાર વિભાગ પણ પાડવામાં આવે છે. વિષય અને રજૂઆતની દૃષ્ટિએ પણ સ્તવનના જુદા જુદા વિભાગો પાડવામાં આવ્યા છે.

સ્તોત્રરચનાની આ જૈન પરંપરાનો પ્રારંભ સંસ્કૃતમાં સિદ્ધસેન દિવાકરથી થયેલો જોવા મળે છે. પંડિતશ્રી સુખલાલજી સિદ્ધસેન દિવાકરને 'આદ્ય જૈન તાર્કિક, આદ્ય જૈન કવિ, આદ્ય જૈન સ્તુતિકાર, આદ્ય જૈનવાદી, આદ્ય જૈન દાર્શનિક અને આદ્ય સર્વ દર્શન સંગ્રાહક' માને છે. આ સ્તોત્રસાહિત્યમાંથી પ્રાદેશિક ભાષામાં સ્તવનની પરંપરાનો ઉદ્‌ભવ થયો છે. પ્રારંભે આ સ્તવનોમાં સરળ, સંક્ષિપ્ત અને ગુણપ્રેરક સ્તુતિ જ કરવામાં આવતી, પણ ધીરે ધીરે એનો વિકાસ થતાં એમાં અન્ય વિષયોનો સમાવેશ થવા લાગ્યો.

પ્રસ્તુત શ્રી મહાવીર જિન સ્તવનમાં મુનિરાજની શ્રદ્ધા, ભક્તિ અને ભાવનાનો ત્રિવેણીસંગમ સધાયો છે. ભવભ્રમણના ફેરામાંથી મુક્તિમાર્ગ તરફ લઈ જવાની વિનંતી છે. સમગ્ર દૃષ્ટિએ પ્રાસાદિક ભાષામાં અને પરિભાષાના બોજ વિના લખાયેલું આ સ્તવન કવિની પ્રગાઢ પ્રભુભક્તિનો સ્પર્શ કરાવી જાય છે.

✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭.
ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૬૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૬૦૦૦૦ | ડૉ. જશવંત એમ. શાહ (એપ્રિલ, મે, જૂન-૨૦૧૩) |
| ૨૦૦૦૦ | વિનોદ જે. વસા (માર્ચ-૨૦૧૩) |
| ૨૧૦૦૦ | શ્રીમતી હેમલતા શિવુભાઈ લાઢિયા પરિવાર એપ્રિલ–ચિત્રો સૌજન્ય |
| ૧૦૧૦૦૦ | |

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

### દીપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૩૦૦૦૦ | કામધેનુ એગ્રો-કેમ ઈન્ડસ્ટ્રીઝ |
| ૩૦૦૦૦ | |

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫૦૦૦ | ઈલાબેન આનંદલાલ સંઘવી |
| ૨૦૦૦૦ | આશા હસમુખરાય સંઘવી |
| ૧૫૦૦૦ | ઈન્નરવ્હીલ ક્લબ ઑફ બોમ્બે ચેરિટી ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | જયશ્રી એસ. પારેખ |
| ૧૦૦૦૦ | કંચનબેન શાહ |
| ૨૫૦૦ | પરીની શાહ |
| ૧૦૦૦ | ભૂપેન્દ્રભાઈ શાહ |
| ૧૦૦૦ | જયંત ટિંબડિયા |
| ૧૦૦૦ | એક ભાઈ તરફથી |
| ૮૭૫૦૦ | |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦૦૦ | હસમુખ ટિંબડિયા |
| ૧૦૦૦ | જયંત ટિંબડિયા |
| ૧૦૦૦ | એક ભાઈ તરફથી |
| ૩૦૦૦ | |

### પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦૦૦૦૧ | પંકજ આર. શાહ |
| ૨૦૦૦૦ | આશા હસમુખરાય |
| ૧૦૦૦૦ | એમ. કે. શેઠ |
| ૧૦૦૦૦ | કંચનબેન શાહ |
| ૫૦૦૦ | સી. કે. પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | કલ્પના મનોજ શાહ |
| ૧૫૦૦૦૧ | |

### જનરલ ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦૦૦૦ | સી. કે. પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ,પુના |
| ૧૦૦૦૦ | |

### સંઘ આજીવન સભ્ય

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૦ | નીલા પરીખ |
| ૫૦૦૦ | |

અનુદાનની વધુ વિગત ડાબી બાજુની કોલમમાં

# સિદ્ધારથના હે નંદન વિનવું

□ ડૉ. માલતીબહેન શાહ

*[ ડૉ. માલતીબહેન શાહે એમ.એ. કર્યા બાદ ઉપાધ્યાય યશોવિજયજી કૃત 'જ્ઞાનસાર' ગ્રંથ પર સંશોધન કરી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. અમદાવાદની અંધશાળામાં ચાર વર્ષ અને ભાવનગરની શામળદાસ કોલેજમાં અધ્યાપન કાર્ય કર્યું. માલતીબહેન રચિત 'નગરશેઠ શાંતિદાસ શેઠ' ગ્રંથની બીજી આવૃત્તિ તૈયાર થઈ રહી છે. આ. પ્રદ્યુમ્નસૂરિ સાથે તેમણે 'જ્ઞાનસાર' ગ્રંથનું સંપાદન કર્યું છે. 'જ્ઞાનસારનું તત્ત્વદર્શન' નામે તેમની થિસિસ પ્રકટ કરી છે. ]*

**સિદ્ધારથના રે નંદન વીનવું (કાવ્ય)**

*સિદ્ધારથના રે નંદન વીનવું, વીનતડી અવધાર;*
*ભવમંડપમાં રે નાટક નાચીયો, હવે મુજ દાના દેવાર. સિદ્ધારથન (૧)*
*ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ ન આવે રે સંતાપ;*
*દાન દેય'તા રે વળી કોશર કિશી, આપો પદવી રે આપ. સિદ્ધા (૨)*
*ચરણ અંગુઠે રે મેરૂ કંપાવીયો, મોડયું સુરનું રે માન;*
*કર્મ તણાં તે રે ઝગડા જિતીયા, દીધું વરસી રે દાન. સિદ્ધા. (૩)*
*શાસન નાયક શિવસુખદાયક, છો ત્રિશલા કુખે રતન;*
*સિદ્ધારથનો રે વંશ દીપાવીઓ, સાહિબનું ધન ધન. સિદ્ધા. (૪)*
*વાચક શેખર કીર્તિવિજય, ગુરૂ પામી તાસ પસાય;*
*ધર્મતણે રસે નિજ ચૌવીશના, વિનયવિજય ગુણ ગાય. સિદ્ધા. (૫)*

**□ ઉપાધ્યાય વિનયવિજયજી**

**કવિ પરિચય :**

*ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજ આગમ વિષયના પ્રકાંડ વિદ્વાન હતા. તેઓએ આ. હીરસૂરિની પાટ પરંપરાના વાચક કીર્તિવિજયજી પાસે દીક્ષા લીધી હતી. વિનયવિજયજીએ રચેલ 'શ્રીપાલમયણારાસ' ઉપા. યશોવિજયજીએ પૂર્ણ કર્યો. આ ઉપરાંત વિનયવિજયજીએ વિશાળ સાહિત્ય સર્જન કર્યું છે. 'શાંત સુધારસ' ગ્રંથમાં તેઓશ્રીએ બાર ભાવનાઓને વિદ્વત્તાપૂર્ણ રીતે સમજાવી છે. તેમણે રચેલ સંસ્કૃત 'લોક પ્રકાશ' ગ્રંથ પણ નોંધપાત્ર છે. તે ઉપરાંત 'પુણ્ય પ્રકાશનું સ્તવન' કવિશ્રીના ભક્તહૃદયની પ્રતીતિ કરાવે છે. તેમણે રચેલ ચોવીશીના સ્તવનોમાં તેમની કલ્પનાશક્તિ અને કાવ્યશક્તિની પ્રતીતિ થાય છે.*

**શબ્દોના અર્થ :**

અવધાર-વિચારો;સાંભળો, જિમ-જેમ, કોસર-કંજૂસાઇ, કીશી-શા માટે, મોડ્યું-તોડી નાંખ્યું, સુરનું-દેવોનું, કુખે-કુક્ષિએ.

ઉપર આપેલ ચોવીસમા સ્તવનમાં ભગવાન મહાવીરના જીવનની રેખાઓને સંક્ષેપમાં આલેખીને પોતાને સંસારથી પાર ઉતારવા માટે વિનંતી કરી છે. આ સ્તવનની સરળતા અને માધુર્યને કારણે તેને ગાતા ગાતા ભક્તનું દીલ ડોલી ઊઠે છે. પ્રભુ પ્રત્યે ભક્તને એટલો અંતરંગ પ્રેમ છે કે તે પોતાને સંસાર સાગરથી પાર ઉતારવા માટે જાતજાતની દલીલો કરે છે.

સ્તવનની પહેલી કડીમાં 'સિદ્ધારથના રે નંદન' શબ્દોથી તેઓ ભગવાન મહાવીરનો ઉદ્‌બોધન કરે છે. તેમાં જ આત્મીયતાનો ભરપૂર ભાવ દેખાય છે. સિદ્ધાર્થ રાજાના પુત્ર એવા હે મહાવીર, મારી વિનંતી આપ ધારણ કરો. અર્થાત્ આ વિનંતી પ્રત્યે આપ જરાપણ દુર્લક્ષ ન સેવશો. વિનંતી શું છે? તો જણાવે છે કે આપનો ભક્ત એવો હું ભવમંડપમાં ઘણાં નાટકોમાં નાચ્યો છું. પણ હવે થાકી ગયો છું. તો હવે દાન દઈને મને પાર ઉતારો. અથવા બીજો અર્થ લઈએ તો મારા હાથે હવે દાન દેવરાવો જેથી મારી મુક્તિ થાય. અનેક ભવો સુધી હું ભવભ્રમણમાં ભટક્યો છું, સંસારના રંગમંચ ઉપર અનેક પાત્રો ભજવ્યા છે, ભવચક્રમાં ફસાયો છું તો હવે મને મોક્ષનું દાન આપો.

બીજી કડીમાં ભગવાનને 'તાતજી' સંબોધન કરીને તાત એટલે પિતા પાસે તો પુત્ર હક્કથી માંગે તે રીતે પોતાને ત્રણ રતન આપવાનું જણાવે છે. આ ત્રણ રતન (રત્ન) તે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર. આ ત્રણ રત્નની પ્રાપ્તિ જો થઈ જાય તો જીવનમાં પછી કોઈ સંતાપ આવતો નથી. હે પ્રભુ ! આ ત્રણ રત્નોનું દાન આપતાં આપ કંજુસાઈ (કોસર) શા માટે કરો છો ? આપ મને એવી પદવી (ત્રણ રત્નો દ્વારા) આપો કે જેથી મારી દશા અને દિશા સુધરી જાય. પ્રભુ તો દયાળુ અને ભક્તવત્સલ હોય અને આપે અવિરત દાનની ગંગા વહાવી છે તો મને દાન દેવામાં આપ શાને લોભ કરો છો ? આપ મારો સ્વીકાર કરી, ત્રણ રત્નનું દાન આપી મને ભવભ્રમણમાંથી મુક્ત કરો.

ત્રીજી કડીમાં મહાવીરજન્મની વિગતને વણી લઈને કવિ જણાવે છે કે આપે તો આપના જન્મ-અભિષેક સમયે માત્ર પગના (ચરણના) અંગુઠાને સહેજ હલાવીને આખા મેરૂપર્વતને કંપાવી દીધો અને દેવો (સુર)ના અભિમાનને તોડી નાંખ્યું (મોડ્યું). આપના અતુલ્ય બલના સામર્થ્યનું ભાન કરાવીને આપે ઇંદ્રનું અભિમાન ઉતારી દીધેલ છે. વળી આપે તો જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનો ક્ષય કરીને અક્ષયપદ પ્રાપ્ત કર્યું છે. આપે તો વરસીદાન કર્યું છે તો મને આઠ કર્મોને હું જીતી શકું એવી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૭ )

# આજ મહારા પ્રભુજી સ્હામું જુઓ

❑ ડૉ. અભય દોશી

*[ ડૉ. અભય દોશીએ ગુજરાતી વિષયમાં એમ.એ. પ્રથમ વર્ગમાં પાસ કરી 'જૈન ચોવીશી સાહિત્ય' વિષય પર સંશોધન કરી મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. મુંબઈની મીઠીબાઇ કોલેજ (વિલેપારલા)માં ઘણાં વર્ષો પ્રાધ્યાપક તરીકે કામગીરી બજાવી, વર્તમાનમાં મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં **'રીડર'** તરીકે કાર્યરત છે. તેઓ જ્ઞાનસત્ર, જૈન સાહિત્ય સમારોહ તથા વિવિધ પરિસંવાદોમાં અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે. તેઓ પીએચ.ડી.ના માર્ગદર્શક છે. ]*

**શ્રી મહાવીરસ્વામી સ્તવન**

આજ મ્હારા પ્રભુજી! સાહમું રે જુવો
સેવક કહીને બોલાવો
આજ મ્હારા પ્રભુજી! મહિર કરીરે
સેવક સાહમું નિહાળો
કરુણાસાયર મહિર કરીને,
અતિશય સુખ ભૂપાળો. આજ...૧.
ભગતવછલ શરણગતપંજર
ત્રિભુવનનાથ દયાળો,
મૈત્રીભાવ અનંત વહે અહનિશ,
જીવ સયલ પ્રતિપાળો. આજ...૨
ત્રિભુવન દીપક જીપક અરિગણ,
અવિઘટ જ્યોતિ-પ્રકાશી,
મહાગોપ નિર્યામક કહીયે,
અનુભવ રસ સુવિલાસી. આજ...૩
મહામાહણ મહાસારથીં અવિતથ
અપનો બિરુદ સંભાળો
બાહ્ય અભ્યંતર અરિગણ જોરે
વ્યસન વિઘન ભય ટાળો. આજ...૪
વાદી તમહર તરણિ સરિખા
અનેક બિરુદના ધારી
જીત્યા પ્રતિવાદી નિજ મતથી,
સકલ જ્ઞાયક યશકારી. આજ...૫
યજ્ઞકારક ચઉ વેદના ધારક,
જીવાદિ સત્તા ન ધારે,
તે તુજ દિનકર નિરખણથી,
મિથ્યા-તિમિર પરજાલે. આજ...૬
ઈલિકા ભમરી ન્યાયે જિનેસર,
આપ સમાન તેં કીધા,
ઇમ અનેક યશ ત્રિશલાનંદન,
ત્રિભુવન માંહે પ્રસિદ્ધા. આજ...૭
મુજ મન ગિરિકંદરમાં વસિયો,
વીર પરમ જિન સિંહ,
હવે કુમત-માતંગના ગણથી,
ત્રિવિધ યોગે મિટી બીહ. આજ...૮
અતિમન રાગે શુભ ઉપયોગે,
ગાતાં જિન જગદીશ,
સૌભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ લહે,
પ્રતિદિન સયલ જગીસ. આજ...૯

**❑ વિજય લક્ષ્મીસૂરિ**

પ્રભુના ઉપકારદર્શનના આનંદની અનુભૂતિ ગાતું સ્તવન છે.

**અઘરા શબ્દોના અર્થ:**

સહામું=સામું, મહિર=કૃપા, કરુણાસાયર=દયાના સાગર, અરિગણ= દુશ્મન, મહામાહણ=મોટો માણસ, તમહર=તમારા, તરણિ= તણખલા, ચઉ=ચાર, પરજાલે=દૂર રહે, ઇલિકા=ઇયળ.

**કવિ પરિચય**

આબુ પાસેના પાલડી ગામમાં પોરવાડ વણિક કુટુંબના હેમરાજ અને આણંદબાઈના ઘરે સં. ૧૭૯૭માં એક તેજસ્વી પુત્રનો જન્મ થયો. તેમણે આ બાળકનું નામ સુરચંદ રાખ્યું. ૧૭ વર્ષની વયે તપાગચ્છની આણસુર શાખાના આચાર્ય વિજયસૌભાગ્યસૂરિ પાસે તેમણે દીક્ષા ધારણ કરી. આ યુવાન સાધુની વિદ્વતા અને યોગ્યતા જોઈ એ જ વર્ષે તેમને આચાર્યપદવી અપાઈ અને આચાર્યપદ બાદ 'વિજયલક્ષ્મીસૂરિ' નામથી ઓળખાયા. વિજયલક્ષ્મીસૂરિએ 'ઉપદેશપ્રસાદ' નામક સંસ્કૃતમાં વિશાળ ગ્રંથ રચ્યો. ગુજરાતીમાં 'છ અઠ્ઠાઈનું સ્તવન' અને 'જ્ઞાનપંચમી દેવવંદન', 'ચોવીશી' આદિ કૃતિઓ રચી. આ સર્વ રચનાઓમાં કવિની તત્ત્વની ઊંડી સમજણ અને પરમાત્મભક્તિની અવિરત ધારા વહે છે.

**વિવેચન**

કવિએ રચેલ ચોવીશીનું આ અંતિમ-સ્તવન છે. ચોવીશીની એક અખંડ કૃતિરૂપે રચના જોતાં અનેક કવિઓએ સ્તવનની ફૂલમાળાની પૂર્ણાહુતિનો આનંદ અંતિમ સ્તવનમાં ગૂંથ્યો છે, તો ક્યાંક પ્રાર્થનાનો સૂર ગૂંથાયો છે, તો ક્યાંક પરમાત્માની સાથે સંવાદ આલેખાય છે. મોટે ભાગે કવિઓ છેલ્લાં સ્તવનમાં પૂર્ણાહુતિના આનંદની અભિવ્યક્તિ

માટે ધન્યાશ્રી રાગને પ્રયોજતા હોય છે. વિજય લક્ષ્મીસૂરિએ પણ ધન્યાશ્રી રાગમાં આ સ્તવનની રચના કરી છે.

સ્તવનનો પ્રારંભ એક કોમળ યાચનાથી થાય છે;

*'આજ મ્હારા પ્રભુજી સાહમુ જુઓને*
*સેવક કહીને બોલાવો રે.'*

હે મારા પ્રભુ! મારી સામે કૃપાદૃષ્ટિ કરો અને મારો 'સેવક' તરીકે સ્વીકાર કરો. પ્રભુના સેવક બનવાનું, સેવક તરીકે માન્યતા પામવાનું સૌભાગ્ય ભક્ત ઝંખી રહ્યો છે. ભક્તના અંતરતમની આ કામના છે કે, પ્રભુ, મારી સેવાનો સ્વીકાર કરે. 'જય વીયરાયસૂત્ર'ની પણ પ્રાર્થના એ જ છે કે *'તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં'* તમારા ચરણોની સેવા મને ભવોભવ પ્રાપ્ત થાઓ. ભક્તિ હૃદય પ્રભુ-ચરણની સેવાને કેમ ઝંખે છે? મોહનવિજયજી મહારાજ (લટકાળા) આનો ઉત્તર બહુ સુંદર રીતે આપે છે;

*કોડી ટકાની હો ચાકરી,*
*પ્રાપતિ વિણ ન લહાય રે.*

પરમાત્માની સેવા ક્રોડ ટકાના મૂલ્યવાળી છે, પ્રાપ્તિ એટલે કે સદ્ભાગ્ય વિના લઈ શકાતી નથી. પ્રભુ કૃપાદૃષ્ટિ કરે અને સેવા કરવા ઈચ્છનારનો સેવક તરીકે સ્વીકાર કરે, એટલે પરમાત્માના અંતરંગ વર્તુળમાં સ્થાન મળ્યું કહેવાય. પ્રભુએ ભક્તની લાયકાતનો સ્વીકાર કર્યો કહેવાય. ગુણસ્થાનકની પરિભાષામાં કહીએ તો, ચોથા ગુણઠાણાનો નિશ્ચય કરી આપ્યો કહેવાય.

આથી જ ભક્ત ફરી માર્દવતાપૂર્વક વિનંતીનો તાર આગળ સાંધે છે;

*આજ મ્હારા પ્રભુજી! મહિર કરીને*
*સેવક સાહમું નિહાળો.*

આજે મારા પ્રભુજી, કૃપા કરીને આ સેવકની સામે જુઓ. તમારું આ જોવું એ સેવકને માટે

*'કરુણાસાયર મહિર કરીને,*
*અતિશય સુખ ભૂપાળો.'*

તમારી આ કૃપાદૃષ્ટિ ભક્તને માટે અતિશય સુખદાયી બની રહે છે.

પ્રભુ! દુનિયાના લોકો તમને 'વીતરાગ' કહે છે. તમે 'વીતરાગ' છો, એ નિશ્ચયનયથી સાચું છે, પરંતુ મારા જેવા ભક્ત માટે તો તમે કરૂણાસાગર છો. આગલા ત્રીજા ભવથી જે અખંડ કરૂણાની ધારા વિશ્વના જીવ માટે હૃદયમાં ઘૂંટી છે, એને પરિણામે તમે કોઈ પણ ઈચ્છાથી (રાગથી) કરૂણા કરતા નથી, પરંતુ કરૂણા કરવાનો તમારો સ્વભાવ જ બન્યો છે. જેમ સૂર્ય સ્વભાવથી જ પ્રકાશ વરસાવે છે, ચંદ્ર શીતલતા વરસાવે છે, નદીઓ જળ દે છે, એ જ રીતે કરુણાના સ્વભાવથી જીવમાત્ર પ્રત્યે કરુણા ધારણ કરો છો.

આવા ભક્ત પ્રાર્થનાનો દોર આગળ વધારતા કહે છે;

*ભગતવછલ શરણાગતપંજર, ત્રિભુવનનાથ દયાળો;*
*મૈત્રીભાવ અનંત વહે અહનિશ, જીવ સયલ પ્રતિપાળો.*

હે પ્રભુ, તમે ભક્તવત્સલ છો, શરણાગતને આશરો આપનારા છો, ત્રિભુવનના ભવ્ય જીવોને માર્ગ દેખાડનાર આશ્રયરૂપ હોવાથી ત્રિભુવનનાથ છો, દયાના ભંડાર છો, વળી, આપ અન્યના આત્મામાં રહેલા સિદ્ધસ્વરૂપને જુઓ છો, જાણો છો અને અનુભવો છો. આ સિદ્ધસ્વરૂપ સાથેના પરમ સાદૃશ્યને લીધે સર્વજીવો પ્રત્યે આપના આત્મામાંથી અનંત મૈત્રીભાવ વહે છે. આ અનંત મૈત્રીભાવને લીધે જ કીડીથી માંડી કુંજર અને તમને પીડા આપનારથી માંડી તમારી સેવા કરનાર સર્વેને તારવા તત્પર છો. એ ભલે ચરણમાં ડંખનાર ચંડકૌશિક સર્પ હોય કે ચરણમાં ચંદનનો લેપ કરનાર ઈન્દ્ર મહારાજ હોય, એ ભલે ગાળો આપનાર ગોશાલક હોય કે પરમસેવક ગૌતમસ્વામી હોય, સર્વ પ્રત્યે સમાન કરુણાદૃષ્ટિ જ પ્રભુની અનન્ય વિશેષતા છે. આથી જ વિજય લક્ષ્મીસૂરિ પરમાત્માને જીવમાત્રના પ્રતિપાલક તરીકે ઓળખાવે છે.

પરમાત્મા ત્રિભુવનના દીપક છે અને રાગદ્વેષાદિ-અભ્યંતર શત્રુ પર વિજય સંપદા પ્રાપ્ત કરનારા છે. પરમાત્માને માટે શાસ્ત્રમાં ચાર ઉપમાઓ દર્શાવી છે; જેમાં સર્વપ્રથમ પરમાત્માને 'મહાગોપ' કહ્યા છે. ગોવાળ ગાયોને સમ્યગ્ માર્ગે લઈ જાય, તેમનું રક્ષણ કરે એ રીતે પરમાત્મા જીવમાત્રને સમ્યગ્ માર્ગ દર્શાવે છે અને તેમનું રક્ષણ કરે છે, માટે પરમાત્માને મહાગોપ કહ્યા છે. એ જ રીતે સંસારરૂપી ભિષણ સાગરમાં મહાતોફાનોની વચ્ચે ભવ્યજીવોનું યોગ્ય રીતે રક્ષણ કરી સંસારસાગર પાર ઊતારનાર હોવાથી મહાનિર્યામક કહ્યા છે. આવા મહાગોપ અને મહાનિર્યામક પ્રભુ આત્મસ્વરૂપના દર્શનથી આત્માનુભવમાં નિરંતર રમણતા કરી રહ્યા છે. તેઓ મહામાહણ-મોટા બ્રાહ્મણ-મહાન અહિંસામાર્ગ પ્રરૂપક છે.

મહાસારથી-મહાસાર્થકવાહ કહેવાયા છે. સંસારરૂપી અટવીમાં અનેક પ્રકારના કષ્ટો વચ્ચેથી પાર ઊતારનાર હોવાથી 'મહાસાર્થવાહ' આદિ પદો પરમાત્મા માટે યથાર્થ છે. આ બિરૂદોને સાચવવા માટે ભક્તની નમ્રતાભરી વિનંતી છે કે, હે પ્રભુ, આપ મારા બાહ્ય-અભ્યંતર શત્રુઓ પોતાનું પરાક્રમ બતાવી રહ્યા છે, ત્યારે મારી સહાયમાં રહી તેમનો ભય ટાળો.

હે પ્રભુ! આપને માટે કહેવાયું છે કે, તમે અન્ય દર્શનના અંધારાઓને નિજ જ્ઞાનના પ્રકાશ વડે જીતી લીધા છે, તમે આ જગતમાં સર્વ વસ્તુના જાણનારા એવા યશને ધરાવો છો.

હવે કવિ પરમાત્માના જીવનમાંથી પરમાત્માની તારકશક્તિને ઓળખાવતો પ્રસંગ આલેખે છે. ઇન્દ્રભૂતિ ગૌતમ ચાર વેદના ધારક અને યજ્ઞકાર્યમાં રચ્યા-પચ્યા રહેનારા, એને જ જીવનનું સર્વસ્વ માનનારા હતા. આવા ઇન્દ્રભૂતિ પોતે આ જગતમાં 'જીવે છે કે નહિ' એવો સંશય ધારણ કરનારા હતા, અથવા જીવતત્ત્વની અનુભતૂતિથી રહિત હતા. એવા તેઓ હે પ્રભુ! આપના દર્શન માત્રથી અજ્ઞાનનું અંધારૂં ટાળી સમ્યગ્ જ્ઞાનને માર્ગે આવ્યા.

આવું આશ્ચર્યકારક પરિવર્તન કેવી રીતે બન્યું ? પ્રભુદર્શનના નિમિત્તમાત્રથી આત્મતત્ત્વની અનુભૂતિ કેમ થઈ ? એ અંગે વિચારતાં જણાય છે કે, પરમાત્માએ શુદ્ધ આત્મસ્વરૂપને જાણ્યું છે, અનુભવ્યું છે અને શુદ્ધ આત્મસ્વરૂપમાં રમમાણ રહે છે તેથી તેઓ આત્મસ્વરૂપની દશાને પામેલા છે. તેને પરિણામે, દેહના પ્રત્યેક પરમાણુઓમાં પણ આત્મસ્વરૂપની રમણીય પ્રભા વિલસે છે. દેહ હોવા છતાં દેહની પડછે રહેલા આત્માના અનુપમ સ્વરૂપની ઓળખાણ શોધક આંખોને તત્કાળ થાય છે. ગૌતમ સ્વામી આત્મ-સ્વરૂપને શોધતા હતા, તેઓ માત્ર દાર્શનિક રીતે નહિ, પણ અનુભવના પંથે આત્મસ્વરૂપને શોધતા હતા.

પરમાત્માના દર્શને આત્મતત્ત્વની અનુભૂતિ થઈ. એટલું જ નહિ, આત્મમય, પરમાત્મમય બની ગયા.

આ વાતની અભિવ્યક્તિ કરતા વિજયલક્ષ્મીસૂરિ કહે છે;

*ઈલિકાભમરી ન્યાયે જિનેસર,*
*આપ સમાન તે કીધાં.*
*ઈમ અનેકયશ ત્રિશલાનંદન,*
*ત્રિભુવનમાંહે પ્રસિદ્ધા.*

હે પ્રભુ ! જે રીતે ભમરી ઈયળને ચટકો લગાડી, પોતાનું રૂપ દેખાડી ભમરી બનવા પ્રેરે છે, અને ઈયળ ભમરીનું ધ્યાન ધરતાં ધરતાં ભમરી બની જાય છે, એ જ રીતે હે પ્રભુ ! આપના પ્રતાપે અનેક જીવોને આપે સમાન બનાવ્યા. ગૌતમસ્વામી, શ્રેણિકરાજા, સુલસા, રેવતી આદિ પ્રસિદ્ધ દૃષ્ટાંતો છે.

આવા પરમશક્તિશાળી પ્રભુ ! તમે મારા હૃદયરૂપી ગુફામાં વસ્યા છો. હે વીરજિન, સિંહલાંછનધારી, સિંહ સમાન, તમે હૃદયમાં વસ્યા પછી કુમતિરૂપ હાથીઓ અથવા અન્ય કુમતહાથીથી હું સંપૂર્ણપણે નિર્ભય થયો છું.

આવા મહાવીરસ્વામી પ્રભુની અતિશય મનના રાગપૂર્વક (સ્નેહપૂર્વક) પ્રબળ પ્રીતિ અને ભક્તિપૂર્વક ઉત્તમ એવા શુભ-ઉપયોગપૂર્વક સૌભાગ્યસૂરિના શિષ્ય લક્ષ્મીસૂરિએ પરમાત્માના ગુણો ગાતાં પ્રત્યેક દિને સર્વ મનવાંછિત પ્રાપ્ત કર્યા છે, સર્વ પ્રકારે આનંદની પ્રાપ્તિ કરી છે.

કવિની આ ભાવભરી સ્તવના નવ કડીમાં વિસ્તરી છે. કવિનો પરમાત્મદર્શનનો, પરમાત્મપ્રીતિનો આનંદ પ્રત્યેક કડીમાં છલકાય છે. કવિ પરમાત્માના મૈત્રીમય અને કરુણામય સ્વરૂપ પર પ્રથમ ચાર કડીમાં પ્રકાશ પાડે છે, અને ચોથી કડીને અંતે પોતાની પર કરૂણા કરવા વિનંતી કરે છે.

પોતાની વિનંતી સંદર્ભે ૫ થી ૭ કડીમાં દૃષ્ટાંતપૂર્વક રજૂઆત કરે છે અને છેલ્લે, પરમાત્માની તારકશક્તિમાં દૃઢ વિશ્વાસના અનુભવને આઠમી કડીમાં જાહેર કરે છે અને નવમી કડીમાં આ વિશ્વાસના આનંદની મધુરી સુવાસ અનુભવાય છે. શરૂઆતની યાચના, અંતે પરમાત્માના ઉપકારના દર્શનના આનંદની અભિવ્યક્તિમાં પરિણમે છે.

કવિએ દીપક-જીવક, અતિમનરાગે, શુભ ઉપયોગે જેવા યમક અલંકારોની મનોહર ગૂંથણી કરી છે. સાથે જ શાસ્ત્રપ્રસિદ્ધ મહામાહણ-મહાનિર્યામક આદિ ઉપમાઓને આલેખી છે, તો પરમાત્માના સિંહસ્વરૂપની ઉપમા આઠમી કડીમાં ભાવસભર રીતે આલેખી સ્તવનને અનોખી ઊંચાઈ પર પહોંચાડ્યું છે.

કવિની ભાવની ભીનાશ અને અભિવ્યક્તિની સુકુમારતાને લીધે આ સ્તવન મધ્યકાલીન જૈન સાહિત્યમાં એક વિશિષ્ટ ઊર્મિકાવ્ય તરીકે નોંધપાત્ર છે.

✷ ✷ ✷

એ/૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝશાહ રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ)
મુંબઈ- ૪૦૦૦૫૪. ફોન : ૯૮૯૨૬૭૮૨૭૮.

## સિદ્ધારથના હે નંદન વિનવું

(અનુસંધાન પૃષ્ટ ૪૪થી ચાલુ)

શક્તિનું દાન કરો.

ચોથી કડીમાં ભગવાનની માતાનું નામ વણી લઈને તેઓ જણાવે છે કે આપ તો માતા ત્રિશલાના કૂખે ઉત્પન્ન થયેલ રત્ન છો. વળી આપ શાસનનાયક છો. કારણ કે આપે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તરત જ શાસનની સ્થાપના કરીને શાસનની ધુરા સંભાળી છે. આપ શિવ એટલે કલ્યાણકારી છો અને આ શિવત્વના સુખને આપનાર છો. આપે જન્મ ધારણ કરીને સિદ્ધાર્થ રાજાનો વંશ દીપાવ્યો છે અને આપ તો ધન્ય થઈ ગયા છો.

પાંચમી કડીમાં ગુરુના ઉપકારને સ્વીકારતા કવિ જણાવે છે કે વાચક (ઉપાધ્યાય)માં શેખર એટલે મુગટ સમાન એવા પોતાના ગુરુ કીર્તિવિજયજીની કૃપાને પામીને અને ધર્મના રસના કારણે પોતે આ ચોવીશેય જિનના ગુણ ગાઈ શક્યા છે. ગુરુની કૃપાને આગળ કરીને, પોતાની નમ્રતા વ્યક્ત કરીને અને ધર્મના રસને મૂળભૂત માનીને ભગવાન સાથેનો અતૂટ નાતો બાંધવાનો પ્રયત્ન આ સ્તવનમાં અનુભવાય છે.

કવિવર પોતાના હૃદયની આરઝુને કાવ્યમય વાણીમાં રજૂ કરીને સરળ છતાં હૃદયંગમ ભાષા દ્વારા લાઘવપૂર્ણ રીતે પ્રભુને વિનંતી કરી શક્યા છે. તેથી આ સ્તવન ખૂબ પ્રચલિત બન્યું છે.

સંદર્ભ અને ઋણસ્વીકાર
૧. 'ચોવીશી : સ્વરૂપ અને સાહિત્ય'- લે. ડૉ. અભય દોશી
૨. શ્રીમતી મનહરબહેન કિરીટભાઈ શાહ - ભાવનગર
૩. શ્રીમતી પ્રવીણાબહેન મુકેશભાઈ શાહ - ભાવનગર

✷ ✷ ✷

યશોવિજયજી જૈન ગુરુકુળ,
રેલવે સ્ટેશન પાસે,
પાલિતાણા-૩૬૪ ૨૭૦.
મોબાઈલ : ૦૯૪૨૮૧૮૨૪૦૬.

# વર્તમાન જીનવરને ધ્યાને

❑ ડૉ. ફાલ્ગુની ઝવેરી

*[ ડૉ. ફાલ્ગુની ઝવેરી ઉત્સાહી યુવતી, જૈન ધર્મ અને તત્વજ્ઞાનની અભ્યાસી છે. તેણે 'જૈન પૂજા સાહિત્ય' વિષયમાં સંશોધન કરી પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. તે જ્ઞાન સત્ર અને સાહિત્ય-સમારોહમાં અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે. તે ઉપરાંત ફાલ્ગુની વક્તૃત્વકળામાં પણ નિષ્ણાત છે. તેણે વક્તૃત્વમાં અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યા છે. જૈન ધર્મના પ્રચાર કાર્ય માટે તે પરદેશ પણ અવારનવાર જાય છે. ]*

**કવિ જ્ઞાનવિમલસૂરિકૃત ભગવાન મહાવીરનું સ્તવન**

*વર્ધમાન જિનવરને ધ્યાને, વર્ધમાન સમ થાવેજી,*
*વર્ધમાન વિદ્યા સુપસાયે, વર્ધમાન સુખ પાવેજી. (૧)*
*તું ગતિ મતિ થિતિ છે માહરો, જીવન પ્રાણ આધારજી,*
*જયવંતુ જગમાં જસ શાસન, કરતું બહુ ઉપગારજી. (૨)*
*જે અજ્ઞાની તુમ મત સરીખો, પરમતનેં કરી જાણેજી,*
*કહો કુણ અમૃતને વિષ સરીખું, મંદ ગતિ વિણ જાણેજી. (૩)*
*જે તુમ આગમરસ સુધારસે, સીંચ્યો શીતલ થાયેજી,*
*તાસ જનમ સુકૃતારથ જાણો, શુર નર તસ ગુણ ગાયજી (૪)*
*સાહિબ તુમ પદ પંકજ સેવા, નિતુ નિતુ એહિ જ યાચુંજી,*
*શ્રી જ્ઞાનવિમલસૂરિસર ભાખે, પ્રભુને ધ્યાને માંચુજી. (૫)*

**(૩) કવિનો પરિચય**

*જ્ઞાનવિમલસૂરિનો **જન્મ વિક્રમ સંવત ૧૬૯૪માં મારવાડના** ભિન્નમાલ નગરમાં થયો. તેઓ વીશા-ઓસવાળ જ્ઞાતિના હતા. માતાપિતા-કનકાવતી અને વાસવશેઠ. બાળપણમાં તેમનું નામ નાથુમલ પડ્યું. ૮ વર્ષની ઉંમરમાં વિ.સં. ૧૭૦૨માં તપગચ્છની વિમલશાખામાં ધીરવિમલગણિ પાસે દીક્ષા લીધી. દીક્ષા સમયનું નામ નયવિમલ, વિ.સં. ૧૭૪૮ ફાગણ સુદ પાંચમને ગુરુવારે તેમની આચાર્યપદવી થઈ. તેમના વિશાળ જ્ઞાનને લીધે તેમનું નામ જ્ઞાનવિમલસૂરી પાડવામાં આવ્યું. સંસ્કૃતભાષામાં શ્રીપાલચરિત્ર પ્રશ્નવ્યાકરણ સૂત્રવૃત્તિ:, સંસારહાનલસ્તુતિવૃત્તિ: જેવા ગ્રંથોની રચના કરી છે. આનંદઘન અને યશોવિજયજીની કૃતિઓ પર ટબા લખતા પહેલા સુરતના સૂરજમંડન પાર્શ્વનાથ પ્રભુનું ધ્યાન એ જ દેરાસરમાં છ મહિના ધર્યું પછી સ્તબક રચ્યો. વૈવિધ્યની દૃષ્ટિએ જોઇએ તો એમની કૃતિઓ કથાત્મક, તત્ત્વવિચારાત્મક, બોધાત્મક અને સ્તુત્યાત્મક છે. આથી એમના પાંડિત્ય ઉપરાંત છંદ, અલંકાર આદિ કવિ કૌશલની પ્રૌઢિનો પણ પરિચય થાય છે. તેમનું સાહિત્ય બહુધા સાંપ્રદાયિક પરિપાટીનું છે. પરંતુ એ મર્યાદા જાળવીને પણ એમણે અલંકારરચના, પદ્યબંધ, દૃષ્ટાંતબોધની જે શક્તિ બતાવી તે પ્રશસ્ય છે. વિ.સં. ૧૭૮૨ આસો વદ ચોથના કાળધર્મ. આજે પણ સુરતના સૈયદપરા શ્રાવકશેરીના ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયમાં જ્ઞાનવિમલસૂરિજીનો ઓટલો છે અને તેના પર કોઈ બેસી શકતું નથી.*

**પારિભાષિક શબ્દોના અર્થ**

**अ(૧) ગતિ Motion** (૧) અવકાશમાં આવેલ પદાર્થનું સ્થાન બદલાય ત્યારે ઉદ્‌ભવતી રાશિ. **ब** ગતિ. (गम्+तिक्तेन) સ્ત્રી તિઃ (૧) જવું (૨) હાલવું ચાલવું (૩) માર્ગ, રસ્તો (૪) આયુષ્યની મર્યાદા, (૫) ચાહેલું સિદ્ધ કરવાનો ઉપાય (૬) જ્ઞાન (૭) સમ, જાણવું (૮) અદૃષ્ટા (૯) પ્રારબ્ધ, નસીબ (૧૦) દશા, અવસ્થા, હાલત (૧૧) સૂર્ય વગેરે ગ્રહથી રાશિચક્રમાં જે ઉલ્લંઘન થાય તે, (૧૨) પાપનું આચરણ, (૧૩) આશ્રય, (૧૪) અનાચરણ (૧૫) શરણે જવાનું ઠેકાણું, (૧૬) ક્ષેમ (૧૭) રણ કૌશલ્ય.

**(૨) મતિ** (मन+त्यक्तेन) સ્ત્રી. તિઃ (૧) જ્ઞાન, (૨) બુદ્ધિ, (૩) માનવું તે (૪) ઈચ્છા (૫) સ્મૃતિ (૬) સત્કાર (૭) અર્ચા

(૩) સ્થિતિ- ઠિइ. સ્ત્રી (સ્થિતિ) આયુષ્યમાન, જીવનકાલ ઠિત ત્રિ ((સ્થિતિ) ચિત્તમાં સ્થિર રહેલું, चित में स्थिर रहा हुआ. Steadily remaining in the mind. ઠિતિ. पु. (स्थति) ગતિનો અભાવ Absence of motion existence, Duration of life સ્થિતિ; આયુષ્યકાળ.

(૪) સુધારસ-સુધા=અમૃત, રસ=સ્વાદ.

(૧) (અ) ગુજરાતી વિશ્વકોશ ખંડ-૬- પ્રમુખ સંપાદક ડો. ધીરુભાઈ ઠાકર. પૃષ્ઠ ૪૮.

(બ) શબ્દ ચિંતામણી–સંસ્કૃત ગુજરાતી શબ્દકોષ. પૃષ્ઠ ૩૯૮. યોજક સવાઈલાલ છોટાલાલ વોરા.

(૨) ''એજન'' પૃ. ૯૯૬ પૃ. ૮૮૯, ૮૯૨, ૮૯૧

(૩) An Illustrated Ardha-Magadhi Dictionary By Shatavdhani, Jain Muni Shree Ratnachandji, Vol-2, Published by Sardarmal Bhandari. 1927

(૪) નાનો કોશઃ ભટ્ટ અને નાયક, સંપાદક-ઉપેન્દ્ર ભટ્ટ, રતિલાલ નાયક, પ્રકાશક-ભરતભાઈ અનડા, પૃષ્ઠ ૨૨૩.

***વર્ધમાન જિનવરને ધ્યાને, વર્ધમાન સમ થાવેજી;***
***વર્ધમાન વિદ્યા સુપસાયે, વર્ધમાન સુખ પાવેજી. વ.***

વર્ધમાન નામ ચોવીસમાં તીર્થંકર ચરમતીર્થપતિ પ્રભુ મહાવીરનું છે. પ્રભુ દેવલોકથી ચ્યવન પામી માતા ત્રિશલાના ગર્ભમાં આવ્યા ત્યારે ક્ષત્રિય કુંડ સિધ્ધાર્થ રાજાને સર્વ પ્રકારે વૃધ્ધિ થવા લાગી. ધનધાન્યાદિક ભંડારો વધવા લાગ્યા. દેશનગરાદિકમાં પણ વૃધ્ધિ થઈ. સર્વે રાજા આજ્ઞામાં વર્તવા લાગ્યા. આને ગર્ભનો પ્રભાવ સમજી જ્યારે પ્રભુનો જન્મ થયો ત્યારે તેમનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું. અહીંયાં જ્ઞાનવિલમસૂરિજી કહે છે. *વર્ધમાન જિનવરને ધ્યાને, વર્ધમાન સમ થાવેજી.* પ્રથમ દૃષ્ટિએ વાંચતા તો એમ જ લાગે કે, વર્ધમાન એટલે કે પ્રભુ મહાવીરનું ધ્યાન ધરતા વર્ધમાન એટલે કે મહાવીર જેવા થવાય. આ વાત થઈ સામાન્યથી પદાર્થિક અને વાક્યાર્થિક અર્થની. હવે રચયિતા કોઈ સાધારણ વ્યક્તિ નથી. જ્ઞાન+વિમલ+સૂરિ છે એટલે અંદર છૂપાયેલો મહાવાક્યાર્થ સામે પ્રભુ વર્ધમાન દેવનું પ્રતિમારૂપે આલંબન. એ આલંબન લઈ અભ્યંતર તપ એવા ધ્યાનમાં પદાર્પણ સાકારથી સાલંબન ધ્યાન અને આગળ તેની વર્ધમાન=વૃધ્ધિ, મન અને બુદ્ધિની શાંતતા અને ચિત્ત સ્તર પર અંતરયાત્રાનો પ્રારંભ.

દ્વિતીય પાદમાં વર્ધમાન વિદ્યાની વાત છે. ગણિપદવી પામેલા સાધુભગવંતો વર્ધમાન વિદ્યાની સાધના-આરાધના સૂરિમંત્ર માફક કરતા હોય છે જેમાં વર્ધમાન વિદ્યાનો પટ્ટ/યંત્ર મૂકવામાં આવે અને વિધિ-વિધાનપૂર્વક તેનું પૂજન કરવામાં આવે. હવે સહજ પ્રશ્ન એ ઉઠે જે સંસારત્યાગી શ્રમણો છે. એમણે વળી આ વર્ધમાનવિદ્યાની સાધનાનું શું કામ ? તો કે વર્ધમાનતીર્થપતિની સાધનાનું, આજ સુધી આ વિદ્યાનું અસ્ખલિતપણે ચાલવું જેના કારણે શ્રમણોને માનસશુદ્ધિ, અંતઃકરણશુદ્ધિ, કર્મશુદ્ધિનો લાભ થાય. આ અભ્યંતર તપની આરાધના કરતા જિનશાસનની પ્રભાવના કરવાનું વિશિષ્ટ કૌશલ્ય પ્રભુ વર્ધમાન શાસન યાવત્ શ્રમણ પરંપરા દ્વારા પાંચમા આરાના અંતિમ છેડા સુધી ચાલવાનું અને કડીના અંતમાં 'વર્ધમાન સુખ પાવેજી' વધતું સુખ એકમાત્ર આંતરિક હોય છે. આ ઐદંપર્યાયાર્થ છે. બાહ્યસુખ, ઐશ્વર્ય, સંપત્તિ, શુભકર્મને આધિન છે. જ્યારે અભ્યંતર વર્ધમાન સુખ શુદ્ધતાને પોતાના આભદ્રવ્યના લક્ષને આધીન છે. જ્યાં હીયમાનને સ્થાન નથી. ફક્ત વર્ધમાનને જ સ્થાન છે.

**તું ગતિ મતિ થિતિ છે માહરો, જીવન પ્રાણ આધરજી;**
**જયવંતું જગમાં જસ શાસન, કરતું બહુ ઉપગારજી.વ.૨.**

પ્રભુને ઓલંભડો દઈ તુંકારો કરે છે, પાછા રચયિતા કવિહૃદયી શ્રમણ છે એટલે પ્રાસાનુપ્રાસ યોજે છે. ગતિ, મતિ, થિતિ આ શબ્દો ગુજરાતી સંસ્કૃત અને અર્ધમાગધિ એમ ત્રણે ભાષામાં આવે છે. આમ, કવિની ભાષાસમૃદ્ધિનો પણ પરિચય થાય છે. ગતિ શબ્દના વિવિધ અર્થો ગુજરાતી વિશ્વ કોશમાં દર્શાવ્યા છે. જે પાદનોંધમાં વાંચી શકાશે.

હવે પહેલો ગતિ શબ્દ અને માહરો આ બે શબ્દ લેતા અહીં અદૃષ્ટ, નસીબ, આશ્રય, જ્ઞાન, ક્ષેમ, શરણે જવાનું ઠેકાણું એ ઉચિત જણાય છે.

મતિ શબ્દનો અર્થ શબ્દ ચિંતામણી - સંસ્કૃત ગુજરાતી શબ્દકોષ પ્રમાણે (૧) જ્ઞાન, (૨) બુદ્ધિ, (૩) માનવું, (૪) ઈચ્છા, (૫) સ્મૃતિ, (૬) સત્કાર, (૭) અર્ચા વગેરે અર્થો અહીં પ્રયોજનભૂત જણાય છે.

થિતિ શબ્દનો અર્થ 'એન ઇલસ્ટ્રેટેડ અર્ધમાગધિ ડીક્ષનરી' પ્રમાણે જીવનકાળ, ગતિનો અભાવ, ચિત્તમાં સ્થિર રહેલું એમ થાય છે. આ ત્રણે અર્થો અહીં ઉચિત જણાય છે. હવે શબ્દાર્થ પછી આપણે આખી કડીના અર્થ તરફ પદાર્પણ કરીશું અને સમર્પણ શું હોય એનો રસાસ્વાદ માણીશું. ગતિ મતિ થિતિ છે માહરો, જીવન પ્રાણ આધારજી; પ્રભુ તું અદૃષ્ટ છે છતાં તારા શાસનના આશ્રયે મારું યોગક્ષેમ થઈ રહ્યું છે. પ્રભુ તારી સ્મૃતિ, સત્કાર, અર્ચાની ઈચ્છા મારી બુદ્ધિને મનોવીય જ્ઞાન તરફ લઈ જાય છે. હવે ચિત્તમાં રહેતા ગતિનો અભાવ થશે અને મારા પ્રાણ આયુષ્ય જીવનકાળ જાણે તારામય બની ગયું. અત્યાર સુધી તું અને હુંનો જે દ્વૈત ચાલતો હતો તે અદ્વૈતમાં પરિણમી ગયો. કેટલું લયબદ્ધ ગતિ પછી મતિ અને અંતિમ પડાવ તબક્કો સ્થિતિનો. તરત જ જીવન પ્રાણ આધાર પછી અર્ધવિરામનું ચિન્હ મૂક્યું અને દ્વિતીય પાદમાં કહી દીધું કે જયવંતુ જસ શાસન, કરતું બહુ ઉપગારજી. પોતે અહંકાર માનકષાયમાં ન સરી પડે એટલે પ્રભુના શાસનનો ઉપકાર માને છે.

**જે અજ્ઞાની તુમ, મત સરીખો, પરમતનેં કરી જાણેજી;**
**કહો કુણ અમૃતનેં વિષ સરીખું, મંદમતિ વિણ જાણેજી. વ.૩**

જિનમતનો મુખ્ય આધાર અનેકાન્ત અને તેને પ્રરૂપવાની સ્યાદ્‌વાદ શૈલી છે. અન્ય દર્શનો પોતાના મતની રજૂઆત કંઈક અંશે અને સામાન્ય પક્ષે નયથી કરે છે. એકાંતમાં રાચે છે. જ્યારે જૈન દર્શન प्रमाण नैयरधिगम: (छ) ગાથા, એ રીતથી બધાય દર્શનો સમાવેશ કરે છે. અસત્ કલ્પના છે અથવા આકાશકુસુમ કહી અપલાપ નથી કરતું. પરંતુ આ અપેક્ષાથી આમ એમ પ્રરૂપે છે. આ ગહન પદાર્થને પૂર્વોક્ત કવિ આનંદઘનજીએ મુનિસુવ્રતસ્વામીના સ્તવનમાં સુંદર રીતે દર્શાવ્યું છે. આમ પરમતવાળા, આંશિક સત્યને પકડતા એકાંતમાં સરી પડે છે. જ્યારે જૈન મત વિવિધ આયામો અને પડખાથી વસ્તુ સ્વરૂપનું નિરીક્ષણ કરતા સહજપણે અમૃત સમાન અનેકાન્તમાં સરી પડે છે અને ધરાતલ અનેકાન્ત અમૃતથી સિંચાયેલું હોવાથી ફળ રૂપે અમૃત એવું જિનશાસન મળે છે. વળી, જ્ઞાનવિમલસૂરિજીની રચના બહુધા સાંપ્રદાયિક પરિપાટીમાં જ વહે છે. એટલે, અન્ય મતવાળા જૈન મતની સમકક્ષ કરતા તેને અજ્ઞાની, મંદમતિ, વિષસરીખું કહી પોતે જૈન શ્રમણની મર્યાદાનો અહોભાવ પ્રગટ કરે છે.

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૫૨મું)

# વિદાય

❑ ડૉ. રેખા વોરા

*[ (૧) એમ.એ. વીથ ઇકોનોમીક્સ (૨) એમ.એ. વીથ સોશ્યોલોજી (૩) પીએચ.ડી. વિષય: જૈન સ્તોત્ર સાહિત્ય અને ભક્તામર સ્તોત્ર. પ્રગટ થયેલાં પુસ્તકો: (૧) ભક્તામર તુભ્યં નમ: (૨) આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ 'જીવન-તુલના-સંશોધન-સાહિત્ય']*

**રચનાકારનો પરિચય**

શ્રી શાંતિલાલભાઈનો જન્મ સવંત ૧૯૭૧માં ખંભાતમાં થયો હતો. સ્વતંત્રતાની ચળવળ સમયે તેમણે ગુજરાતી ભાષાના રાષ્ટ્રગીતોના ગાયક તરીકે અદ્‌ભૂત લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. 'નોઆખલીનો યાત્રી' તથા 'જમુનાના પાણી' એવા બે રાષ્ટ્રગીતોના પુસ્તકો પણ પ્રગટ થયા હતા.

નવા યુગ સાથે નવા 'ક્રાંતિકારી વિચારો, સ્પષ્ટ અને નિર્ણયાત્મક વિચારશૈલી, સંતોષ તથા સમાધાન ભરેલું જીવન' એ એમના જીવનના અને વ્યક્તિત્વનાં મહત્ત્વનાં પાસા રહ્યા. સાદા અને સૌ કોઈને સમજાય એવા શબ્દોમાં જે પ્રગટ થતાં રહ્યા.

શ્રી શાંતિલાલ શાહનું સમગ્ર જીવન સંગીત ક્ષેત્રે વ્યતીત થયું છે. તેઓએ સ્વરચિત હજારો સ્તવનો રચીને તથા જૈન કથાગીતોની ભેટ ધરીને જૈન-જૈનેતરોના હૃદયમાં સ્નેહ અને આદરભર્યું સ્થાન મેળવ્યું છે.

જૈન ધર્મ તથા શ્રી મહાવીરસ્વામીના સિદ્ધાંતોનો પ્રચાર અને પ્રસાર એ એમની રચનાઓનો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. 'મહાવીર દર્શન' નામની એમની કથાગીતની રચનામાં તેમણે પ્રભુના જીવનના પ્રસંગોને સુંદર-સરળ ભાષામાં ક્રમવાર વર્ણવ્યાં છે.

શ્રી શાંતિલાલ શાહે આ 'વિદાય' કથાગીતમાં પ્રભુ શ્રી મહાવીર-સ્વામીને સંયમ ગ્રહણ કરતી વખતે 'વિદાય' આપતી તેમની સહધર્મચારિણી વીર ક્ષત્રિયાણી યશોદાનું સુંદર આલેખન કર્યું છે.

**શ્રી શાંતિલાલ શાહ રચિત કથાગીત**

**'વિદાય'**

**રચના વર્ષ : સંવત ૨૦૧૮**

*રાજપાટ સહુ તજી મહાવીર દીક્ષા લેવા જાય.*
*ભક્તિભાવથી દેવી યશોદા આપી રહી વિદાય.*
*કર જોડીને બોલ્યા યશોદા, કરજો સુખે પ્રયાણ*
*આનંદ-મંગલ ગાઈ રહ્યાં સૌ લોક બની ગુલતાન*
*સ્વામી, કરજો સુખે પ્રયાણ...*

*વાટ જુએ છે દુનિયા સારી એના તારણહારની*
*જીવ જગતના કરે ઝંખના જીવનના ઉદ્ધારની*
*પ્રાણી માત્રના મંગલ કાજે પ્રેમે કરો પ્રસ્થાન*
*સ્વામી, કરજો સુખે પ્રયાણ...*

*આજ સુખી છું કે સ્વામી મારો સ્વામી ત્રિલોકનો થાશે*
*દુ:ખ એટલું કે હું અભાગી આવી શકું નહીં સાથે !*
*આંસુ નથી આ અપશુકનનાંુલકિત છે મુજ પ્રાણ*
*સ્વામી, કરજો સુખે પ્રયાણ...*

*પામર છું એમ છતાં પણ વીર પુરુષની નારી*
*હું તો નહિ પણ પગલે તમારે, આવશે પુત્રી તમારી*
*આશિષ દો પ્રિયદર્શનાને પામે ઉત્તમ સ્થાન*
*સ્વામી, કરજો સુખે પ્રયાણ...*

*દીક્ષા મહોત્સવ કાજે હજારો, નાચી રહ્યાં નરનારી,*
*યાચું છે કે મને રંકને દેશો નહિ વિસારી*
*જાઓ સિધાવો અંતર્યામી*
*કરવા જગત-કલ્યાણ*
*સ્વામી, કરજો સુખે પ્રયાણ...*

શાંતિલાલ શાહ (૨૦-૨-૧૯૧૫ + ૧-૨-૧૯૮૭)

**'વિદાય' કથા ગીતનું વિવેચન**

શ્રી મહાવીરસ્વામીની અર્ધાંગીની દેવી યશોદા વસંતપુરના મહાસામંત સમરવીર રાજાની અત્યંત સુંદર અને ગુણીયલ પુત્રી હતા. માતા ત્રિશલા અને સિધ્ધાર્થ રાયા પોતાના અનુજ પુત્ર વર્ધમાનકુમારને આવી જીવન સંગિની મળ્યાથી અત્યંત ખુશ હતા. પુરૂષોત્તમ વર્ધમાનની સહધર્મચારિણી હોવાથી યશોદા પોતાને પરમ ભાગ્યશાલિની સમજતી હતી. પોતાના વિરાગી પતિની ત્યાગમયી મહત્વાકાંક્ષાઓને સમજીને પતિપરાયણા યશોદાએ પોતાની મનોવૃત્તિઓને પતિને અનુરૂપ વળાંક આપ્યો. કાલાન્તરે સફળ દાંપત્યજીવનના ફલસ્વરૂપે તેઓને એક કન્યારત્નની માતા બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

યશોદાએ પતિ વર્ધમાન સાથે જીવનના ત્રણેક વર્ષનો જ સમય વિતાવ્યો હતો. વર્ધમાન તો આ જ જન્મમાં ઘાતી-અઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી તીર્થંકર બનવાના–અજન્મા થઈ જવાના હતા; અને આદિશ્વર પ્રભુથી શરૂ થયેલી તીર્થ પ્રવર્તનાને આગળ વધારવાના હતા. એવા આ મહાપુરુષ વર્ધમાન મહાવીરનું આત્મમંથન- મનોમંથન આ સંવેદનશીલ નારી યશોદાએ પોતાના હૃદયમાં અનુભવ્યું જ હશે. વિશ્વના કલ્યાણ કાજે મોક્ષમાર્ગે વિહરવા માટે આ નારીએ પ્રભુને હસતે મુખે વિદાય આપી!

દુનિયા એમ માને છે કે, વિદાય હંમેશા દુ:ખદાયી હોય છે. પોતાના

અંગત સ્વજનથી વ્યક્તિ જ્યારે વિખુટી પડે ત્યારે એની આંખોમાં આંસુ, ચહેરા ઉપર વેદના અને મનમાં વિષાદ પ્રગટતાં હોય! પરંતુ વિશ્વમાં એક વિદાય એવી હતી કે જેમાં વિદાય લેનાર રાજકુમારમાં ઉત્સાહ અને વિદાય આપનાર એમની પત્નીમાં કોઈ વીર નારીને છાજે એવો જુસ્સો છે. વિદાય સાથે જોડાયેલી વેદનાની લિપિ ભુંસાઈને જાણે આનંદના અક્ષરો ન રચતી હોય?

વિશ્વમાં રાજકુમાર સિધ્ધાર્થનું મહાભિનિષ્ક્રમણ પ્રસિદ્ધ છે. મહાભિનિષ્ક્રમણ એટલે મહાનની પ્રાપ્તિ માટે નિષ્ક્રમણ–નીકળવું તે! રાજકુમાર સિધ્ધાર્થે જગતમાં વૃધ્ધત્વ અને મૃત્યુ જોયા અને તેથી જ એમણે સંસારનો ત્યાગ કર્યો હતો. જ્યારે પ્રભુ મહાવીર- વર્ધમાનનું અભિનિષ્ક્રમણ અત્યંત વીરલ છે. વીરલ એટલા માટે કે તેમાં એક વિશિષ્ટ પરિસ્થિતિ, ભાવ અને પ્રાપ્તિ રહ્યા છે. પરિસ્થિતિ એ છે કે પોતાના વડીલબંધુ નંદીવર્ધનની અનુમતિ લઈને રાજકુમાર વર્ધમાને સંસારનો ત્યાગ કરવાનો વિચાર કર્યો છે. પરંતુ ગૃહત્યાગની આ મંગલ ઘડીએ કોઈની પણ ઉપેક્ષા કે અવગણના ન હતી; કોઈની પણ અવહેલના કે અનાદર ન હતાં! સંસારનો ત્યાગ હતો છતાં અત્યંત વિરલ પરિસ્થિતિ હતી. ભાવ પણ કેવાં? ક્યાંય રૂદન કે નિઃસાસા ન હતા. ક્યાંય વેદના, ચીસ કે વિખુટા પડવાનો વિલાપ ન હતો. રાજકુમાર વર્ધમાનના હૃદયમાં ત્યાગના આનંદનો સાગર ઉછળતો હતો, અને એમની પત્ની યશોદાના હૃદયમાં ભવ્ય હેતુ માટે થતો પ્રભુના સંસારત્યાગને અંતરના ઉમંગથી વધાવવાનો ઉત્કૃષ્ટ ભાવ હતો. આમ વિદાય હોવા છતાંય પરિસ્થિતિ સાવ અલગ, ભાવ તદ્દન ભિન્ન અને પ્રાપ્તિનો આદર્શ કેટલો ઊંચો! રાજકુમાર વર્ધમાન મહેલ-નગરની સીમા પાર કરીને માત્ર અખંડ વિશ્વને જ નહીં પરંતુ સમગ્ર બ્રહ્માંડને પોતાનું નિવાસસ્થાન બનાવી રહ્યાં હતાં. પોતીકા પરિવારના પ્રેમભર્યા સંબંધોના સીમાડા ઓળંગીને ચેતન-અચેતન એવી સમગ્ર સૃષ્ટિને પોતાનો પરિવાર બનાવતા હતા.

આમ, ભગવાન મહાવીરનું આ અભિનિષ્ક્રમણ એ સંસારની સઘળી સીમા અને સર્વ બંધનોથી પર થઈને માનવ આત્માની સ્વતંત્રતાનું દર્શન કરાવતું વિરાટ પગલું હતું. આવા સમયે વિખુટા પડવાની વેદનાને બદલે મહાન પ્રાપ્તિ માટેનું તેજ પ્રવર્તતું હતું.

સંગીતને જીવન સમર્પણ કરનારા અને જૈન તેમ જ અજૈનો સૌના હૃદયમાં પોતાની પ્રાસાદિક રચનાઓથી ચિરંજીવ સ્થાન મેળવનાર સ્વ. શ્રી શાંતિલાલ શાહની પ્રભુ મહાવીર વિષેની ૪૯/૫૦ જેટલી રચનાઓ મળે છે. પરંતુ એમની આ તમામ રચનાઓમાં 'વિદાય' શીર્ષક હેઠળની આ રચના-કથાગીત, એ એના ભાવ, એની ભાષા, એની તાજગી અને એની વિશિષ્ટતા મારા હૃદયને સ્પર્શી ગઈ છે. શ્રી શાંતિલાલ શાહની રચનાના શબ્દો એમના હૃદયમાંથી નીકળતાં હતાં, અને તે સીધેસીધા શ્રોતાજનોના હૃદયમાં ઓગળી જતાં હતાં. ઉત્તમ કવિતાની એક વિશિષ્ટતા એ એની પ્રાસાદિકતા હોય છે. નરસિંહ મહેતા કે મીરાબાઈની કવિતા વાંચીએ તો એ આપણને તરત જ સ્પર્શી જશે. શેસીલ-ડે-લુઈ Sheshil-de-Lui નામના વિવેચકે આવા કાવ્યનું એક લક્ષણ Direct from the Heart આપ્યું છે. આ વિદાય નામનું કથાગીત વાંચીએ ત્યારે એનો આપણે અનુભવ પામીએ છીએ.

શ્રી શાંતિલાલ શાહે આ કથાગીતમાં એક વિરલ ઘટનાને શબ્દબદ્ધ કરી છે. આવા કાવ્યોમાં ઉપાડ સૌથી મહત્વનો હોય છે અને એવો ઉપાડ અહીં જોવા મળે છે. જાણે તેઓ આપણને દીક્ષા લેવા જતાં મહાવીરપ્રભુ અને ભક્તિભાવથી 'વિદાય' આપતી યશોદાનું શબ્દચિત્ર દોરી આપતા ન હોય? શ્રી શાંતિલાલ શાહના આ કાવ્યનો ઉપાય ચમત્કૃતિ-પૂર્ણ છે. તેઓ કહે છેઃ-

*રાજપાટ સહુ તજી મહાવીર દીક્ષા લેવા જાય,*
*ભક્તિભાવથી દેવી યશોદા આપી રહ્યાં વિદાય!*

સંસારત્યાગ કરતાં મહાવીરનું ચિત્ર આપ્યા પછી આ કવિનું ફોકસ યશોદા પર પડે છે. આમ ફોકસ બદલતાં રહીને તેઓશ્રી પ્રસંગ આલેખનની સાથોસાથ નાટ્યાત્મક્તા સાધે છે. સમગ્ર પરિસ્થિતિ ભાવકની દૃષ્ટિ સમક્ષ કોઈ ઘટના બનતી હોય તે રીતે ઉપસી આવે છે.

*કર જોડીને બોલ્યા યશોદા, કરજો સુખે પ્રયાણ!*
*આનંદમંગલ ગાઈ રહ્યાં, સૌ લોક બની ગુલતાન!*
*સ્વામી! સુખે કરજો પ્રયાણ!*
*વાટ જુએ છે દુનિયા સારી, એના તારણહારની,*
*જીવ જગતના કરે ઝંખના, જીવનના ઉધ્ધારની,*
*પ્રાણી માત્રના મંગલ કાજે, પ્રેમે કરજો પ્રસ્થાન,*
*સ્વામી! કરજો સુખે પ્રયાણ.*

શા માટે યશોદા પોતાના પતિના પ્રયાણ પરત્વે ઉત્સાહીત છે? એનું કારણ એક જ છે કે આકાશમાં લાખો તારાઓ છે પણ પૃથ્વી પર તો ચંદ્રમાનો જ પ્રકાશ પથરાય છે. વિશ્વ પુરુષોથી ભરેલું છે પણ આરાધ્યદેવ તો એક જ છે. સમગ્ર સૃષ્ટિ એના તારણહારની રાહ જુએ છે ત્યારે પ્રાણી માત્રના મંગલને માટે રાજકુમાર વર્ધમાનને સ્વામી! કરજો સુખે પ્રયાણ! એમ યશોદા કહે છે.

ભગવાન બુધ્ધની માફક સંસારની વેદના જોઈને રાજુકમાર વર્ધમાને સંસારનો ત્યાગ નથી કર્યો પરંતુ એમણે સંસારના શુભ ભાવો જોયા છે. માતા ત્રિશલા અને રાય સિધ્ધાર્થના અખૂટ પ્રેમને પામ્યા છે. વડીલબંધુ નંદીવર્ધનનો અનુપમ બંધુપ્રેમ એમણે માણ્યો છે. પત્ની યશોદા અને પુત્રી પ્રિયદર્શના પાસેથી જીવનની પ્રસન્નતાને પામ્યા છે. પણ તેઓ હવે સમગ્ર સૃષ્ટિના શાશ્વત સુખને માટે સંસાર છોડીને નીકળ્યા છે ત્યારે યશોદા એના આનંદને પ્રગટ કરવાની સાથે તેમની સાથે સંસાર ત્યાગ કરી શકતી નથી એનો વસવસો પ્રગટ કરે છે.

કવિએ યશોદાનો ભાવ દર્શાવતાં કહ્યું છે કે, 'મારા સ્વામી તો ત્રિલોકના સ્વામી થશે.' અને યશોદા એનો આનંદ અનુભવે છે અને પોતે એમની સાથે સંયમ જીવનમાં સહયોગી થઈ શકશે નહીં તેનું દુઃખ પણ અનુભવે છે. યશોદા આગળ કહે છે કે-

*આંસુ નથી આ અપશુકનના પુલકિત છે મુજ પ્રાણ,*
*સ્વામી! કરજો સુખે પ્રયાણ!*
*પામર છું હું તેમ છતાં પણ વીરપુરુષની નારી,*
*હું તો નહીં પણ પગલે પગલે આવશે પુત્રી તમારી*
*આશિષ દ્યો પ્રિયદર્શનાને પામે ઉત્તમ સ્થાન!*
*સ્વામી! કરજો સુખે પ્રયાણ.*

આ પંક્તિઓમાં યશોદાનું વીર ક્ષત્રિયાણી તરીકેનું રૂપ પ્રગટ થાય છે. શૂરવીર ક્ષત્રિય પુરુષ સંગ્રામ ખેલવા જાય ત્યારે વીર ક્ષત્રિયાણી કુમ્-કુમ્ કેસરનું તિલક કરીને પતિને વિદાય આપે છે. જાણે કે યશોદા એમ કહેતી હોય કે, 'આપ તો જગત વિજેતા છો! જગત કલ્યાણ અર્થે આપનું આ મહાભિનિષ્ક્રમણ છે! આપ પધારો સ્વામી! આપની ભાવનાઓ, વિચારો, કાર્યો અને પુણ્યસ્મૃતિ અમને સદાકાળ પ્રેરણા આપશે.' 'પુલકિત છે મુજ પ્રાણ' એ પંક્તિથી વાતાવરણની પ્રસન્નતાનો ભાવકને અનુભવ થાય છે. 'વિદાય' હોવા છતાં ક્યાંય પણ કલ્પાંત કે કાગારોળ કે કકળાટ નથી. વસંતના ખીલેલાં ગુલમોહર જેવી આનંદભરી પ્રસન્નતા છે.

ત્યાર પછી યશોદા કહે છે તમારા પગલે તો હું આવી શકતી નથી પરંતુ આપની પુત્રી પ્રિયદર્શના જરૂર આપના પગલે પગલે આવશે અને આપ તેને એવા શુભ આશીર્વાદ આપો!

કવિ, યશોદાની સ્ત્રીસહજ મનોવ્યથા દર્શાવતાં કહે છે કે–

દીક્ષા મહોત્સવ કાજ હજારો નાચી રહ્યાં નરનારી,
યાચું છું કે મને રાંકને દેશો નહીં વીસારી,
જાઓ! સીધાવો! અંતર્યામી કરવા જગત કલ્યાણ!
સ્વામી! કરજો સુખે પ્રયાણ....!

કાર્તિક માસની કૃષ્ણ પક્ષની દશમીનો એ શુભ દિવસ હતો કે જ્યારે રાજા નંદીવર્ધને પોતાના પ્રિય અનુજ વર્ધમાનના દીક્ષા મહોત્સવ માટે ક્ષત્રિયકુંડ નગરને શણગાર્યું હતું. હજારો નર-નારી નાચી રહ્યાં હતાં ત્યારે યશોદા વિદાય લેતાં પતિને એટલું જ કહે છે કે, તમે ભલે સુખે પ્રયાણ કરો પણ આ રાંકને વિસરી જતા નહીં.

અહીં કવિએ નારી સહજ મનોભાવ રજૂ કર્યો છે. જે હસતે મુખે પતિને 'વિદાય' આપતી વીર ક્ષત્રિયાણી જેવી યશોદાના હૃદયની ફૂલ જેવી કોમળતાનો આપણને પરિચય કરાવે છે.

આ રીતે આ કથા ગીતમાં આદરણીય કવિશ્રી શાંતિલાલ શાહની વિશિષ્ટ દૃષ્ટિ પ્રગટ થાય છે. પ્રભુ મહાવીરના જીવનનો અનન્ય અને વીરલ પ્રસંગ આ કથાગીતમાં પ્રવાહી શૈલીમાં પ્રગટ કર્યો છે. પહાડ પરથી ઝરણું રૂમઝુમ કરતું કલકલ નાદે વહેતું હોય તેવો અહીં અનુભવ થાય છે. પ્રસંગને શબ્દોની પીંછીના થોડાં લસરકાથી તેઓ સર્જે છે એક સુંદર, ભાવમોહક કથા! આથી જ આ કથાગીતમાં એક પ્રકારના વેગનો અનુભવ આપણને થાય છે. માત્ર થોડી સીધી સાદી પંક્તિઓમાં કોઈપણ જાતના શબ્દાલંકાર વિનાની રચના દ્વારા તેઓ પ્રભુ મહાવીરના સંસારત્યાગની અને યશોદાની તેજસ્વિતાની અભૂતપૂર્વ ઘટનાનો આપણને સાક્ષાત્કાર કરાવે છે. ✷ ✷ ✷

C 1/5, મહાવીર કો.ઓપ. સોસાયટી, શંકર લેન,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨ ૨૮૦૭ ૮૭૯૪. મો. ૦૯૮૨૦૨૮૪૨૮૧.

## વર્તમાન જીનવરને ધ્યાને

(અનુસંધાન પૃષ્ટ ૪૯થી ચાલુ)

**જે તુમ આગમરસ સુધારસે, સીંચ્યો શીતલ થાયજી;**
**તાસ જનમ સુકૃતારથ જાણો, સુર નર તસ ગુણ ગાયજી વ. ૪**

આગમ=आप्तवाक्यमर्थज्ञान निबंधनम् आगमः। વિશ્વના કોઈપણ આસ્તિક ધર્મમાં તેમના ધર્મગ્રંથોનું આગવું અને બહુમાનભર્યું સ્થાન હોય છે. જૈન ધર્મમાં પિસ્તાળીસ (૪૫) આગમો માનવામાં આવે છે. એ પિસ્તાળીસ આગમોનો સમાવેશ ચૌદપૂર્વ, પયન્નાસૂત્ર, અંગ, ઉપાંગ, છેદસૂત્ર, મૂલસૂત્ર, ભાષ્ય, ચૂર્ણિઓ અને ટીકાઓમાં કરવામાં આવ્યો છે. જેણે આ આગમરૂપી સુધારસનું રસપાન કર્યું તે સમતા સમ્યક્ત્વરૂપી શીતળતાને પ્રાપ્ત કરે છે. એનો જન્મારો સફળ થયો. આ સુકૃત્યના કારણે જેના ગુણો દેવતાઓ અને મનુષ્યો ગાય છે.

**સાહિબ તુમ પદ પંકજ સેવા નિતુ નિતુ એહિ જ યાચુંજી,**
**શ્રી જ્ઞાનવિમલસૂરિસર ભાખે, પ્રભુને ધ્યાને માંચુજી. વ. ૫**

પ્રભુ મહાવીરને સાહિબાનું સંબોધન કરે છે અને સમર્પિતતાની પરાકાષ્ટા પદ પંકજ પદ=ચરણ, પંકજ=કમળ ચરણકમળોની સેવા નિત્ય હર સમયે સમયે યાંચુ છું યાને માંગું છું. નિતુ નિતુ શબ્દ પર વજન મૂક્યું છે. પ્રભુ તારાથી દૂર નથી થવું. જ્ઞાન=આત્મા, વિમલ=નિર્મળ. સ્વચ્છ, શુદ્ધ, નિર્મલ થયેલા આત્મારૂપી આચાર્ય એમ કહે છે, પ્રભુના ધ્યાનમાં લીન થયો. બહારથી અંદરમાં આવ્યો. બહાર પ્રભુ ભક્તિ કરી અને અંદરમાં પોતાના પ્રભુ સાથે મેળાપ થતાં પોતાનો ચૈતન્ય એવો આત્મા ઉજાગર થઈ ગયો. કવિ જ્ઞાનવિમલસૂરિના આ નાનકડા સ્તવનમાં કવિની કાવ્યશક્તિ અને તત્ત્વજ્ઞાનનો સુભગ સંગમ પ્રતીત થાય છે. ✷ ✷ ✷

૩૦૧, રમણ પન્ના, સુભાષ રોડ, વિલેપાર્લે (ઈસ્ટ).
મુંબઈ-૪૦૦ ૦૫૭. મોબાઈલ : ૦૯૯૩૦૪૯૫૭૪૫.

# દીન દુ:ખીયાનો બેલી

□ ડૉ. આરતી વોરા

*[ ધાર્મિક સ્વભાવના આરતીબહેને લાડનૂ વિશ્વભારતી વિદ્યાપીઠમાં જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યમાં એમ.એ. કર્યું. ત્યાર બાદ તેમણે 'જૈન ચૈત્યવંદન સાહિત્ય' વિષય પર ડૉ. કલાબેન શાહના માર્ગદર્શનમાં પીએચ.ડી. પદવી મુંબઈ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરી. તેઓ અનેક પત્રોમાં પોતાના અભ્યાસ લેખો તથા જ્ઞાનસત્રમાં પણ અભ્યાસપૂર્ણ લેખો લખે છે. ]*

**શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન**

*દીન-દુ:ખીઆનો તું છે બેલી, તું છે તારણહાર,*
*તારા મહિમાનો નહિ પાર;*
*રાજપાટ ને વૈભવ છોડી, છોડી દીધો સંસાર. તારા. (૧)*
*ચંડકોશિઓ ડંસીઓ જ્યારે, દૂધની ધારા પગથી નીકળે,*
*વિષને બદલે દૂધ જોઇને, ચંડકોશિઓ આવ્યો શરણે;*
*ચંડકોશિઆને તેં તારીને, ઘણો કીધો ઉપકાર. તારા. (૨)*
*કાનમાં ખીલા ઠોક્યા જ્યારે, થઇ વેદના પ્રભુને ભારે,*
*તોય પ્રભુજી શાંત વિચારે, ગોવાલનો નહિ વાંક લગારે;*
*ક્ષમા આપીને તે જીવોને, તારી દીધો સંસાર. તારા. (૩)*
*મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખોથી અશ્રુધારા વહાવે,*
*ક્યાં ગયા એકલા છોડી મુજને, હવે નથી કોઈ શરણું મારે;*
*પશ્ચાતાપને કરતાં કરતાં, ઊપજ્યું કેવળજ્ઞાન. તારા. (૪)*
*જ્ઞાનવિમલ ગુરુવયણે આજે, ગુણ તમારા ગાઇએ થઇને,*
*થઈ સુકાની પ્રભુજી આવે, ભવજળ નૈયા પાર તરાવે;*
*અરજ સ્વીકારી દિલમાં ધારી, કરજે વંદન વારી. તારા. (૫)*

**કવિ શ્રી જ્ઞાનવિમલસૂરિ**

**કવિ પરિચય**

*મધ્યકાલીન સાહિત્યમાં વિપુલ, વૈવિધ્યમય અને કવિત્વપૂર્ણ સર્જન માટે વિક્રમના ૧૮મા સૈકામાં થયેલા તપગચ્છની વિમલ શાખાના જૈન સાધુ કવિ જ્ઞાનવિમલસૂરિનું પ્રદાન નોંધપાત્ર ગણાય. તેમણે સેંકડો ભાવવાહી-હૃદયસ્પર્શી-જ્ઞાનસભર-કવિકૌશલ્યથી મંડિત સ્તવનો-પૂજા-સ્તુતિ-ચૈત્યવંદન આદિની રચના કરી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને સમૃધ્ધિ બક્ષવામાં સિંહફાળો અર્પણ કર્યો છે. જેમ સંસ્કૃતમાં હેમચંદ્રાચાર્ય તેમ પ્રાકૃત-દેશી ભાષામાં જ્ઞાનવિમલસૂરિની નામના છે. તે આગમ ગ્રંથોના જ્ઞાતા, વિદ્વાન અને શીઘ્ર કવિ હતા. વૈવિધ્યની દૃષ્ટિએ તેમની કૃતિઓ કથાત્મક, તત્ત્વવિચારાત્મક, બોધાત્મક, સ્તુત્યાત્મક એમ બધા જ પ્રકારની જણાય છે.*

*કવિશ્રી ગૃહસ્થાવસ્થામાં ભિન્નમાલ શહેરના વતની હતા. વીશા ઓસવાલ વંશના વાસવ ગોત્રમાં વાસવશેઠ અને કનકાવતી માતાના પુત્ર હતા. તેમનું નામ નથુમલ્લ હતું. તેમનો જન્મ વિ.સં. ૧૬૯૪માં થયો હતો. સં. ૧૭૦૨માં તપગચ્છના પંડિત વિનયવિમલગણિના શિષ્ય ધીરવિમલગણિ પાસે ૮ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. તે સમયે* ***'નયવિમલ'*** *નામ રાખ્યું. સં. ૧૭૪૮ના ફાગણ સુદ પાંચમે સંડેસરમાં આચાર્યની પદવી મળી અને નામ* ***'જ્ઞાનવિમલસૂરિ'*** *સ્થાપ્યું. તેમના ૮૮ વર્ષના આયુષ્યમાં ૮૦ વર્ષનો સુદીર્ઘ ચારિત્ર પર્યાય હતો. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૮૭૨માં ખંભાત મુકામે આસો વદિ ૪ના દિને પ્રભાતકાળે અનશનપૂર્વક થયો હતો.*

**અઘરા શબ્દોના અર્થ :**

દીન-ગરીબ, તારણહાર-તારક; તારનાર, વૈભવ-ઐશ્વર્ય; સમૃધ્ધિ, લગારે-જરાપણ; સ્હેજપણ,પશ્ચાતાપ-પસ્તાવો, ઊપન્યું-ઉત્પન્ન થયું, સુકાની-નાવિક, વંદન-ઉત્કૃષ્ટ નમસ્કાર, ભવજળ-સંસાર રૂપી સમુદ્ર.

**વિવેચન**

તેમની કવિત્વશક્તિ અવર્ણનીય છે. તેઓ સંસ્કૃત અને ગુજરાતીમાં રચના કરતા. તેમની ગુજરાતીમાં કરેલી વિપુલ રચનાઓમાં તેમાં પાંડિત્ય-ભક્તિ ઉપરાંત છંદ-અલંકાર આદિમાં કવિ કૌશલ્યનો પરિચય થાય છે. કવિનો કવનકાળ ઇ.સ. ૧૬૮૨થી ઇ.સ. ૧૭૧૮ સુધીનો જાણવા મળે છે.

શ્રી મહાવીર સ્વામીના આ સ્તવનમાં પ્રભુના જીવનની કેટલીક ઘટનાઓ સાદી-સરળ-ભાવવાહી ભાષામાં વર્ણવી છે. શબ્દો સરળ હોવાથી ભક્તો સહજ રીતે સ્મરણમાં રાખી કંઠસ્થ કરે છે અને આત્માને આનંદની અનુભૂતિ કરાવે છે. સ્તવનના ઉપાસ્યદેવ શ્રી વીતરાગ પરમાત્મા તીર્થંકર છે. સ્તવન એ ભક્તની લઘુતા-વિશ્વાસ- શ્રદ્ધા-પ્રાર્થનાનું પ્રતીક છે જે આરાધના માટે અત્યંત પ્રેરક- પ્રભાવક-પ્રબળ માધ્યમ રૂપે સ્થાન ધરાવે છે.

કવિની આ રચના પાંચ કડીની છે. તેમાં પ્રથમ કડીમાં પ્રભુ વિશે, બીજી-ત્રીજી કડીમાં ચંડકોશિઓ સર્પ અને ગોવાળના પ્રસંગ વર્ણવ્યા છે. ચોથી કડીમાં ગૌતમ સ્વામીના વિલાપ અને કેવળજ્ઞાનનો પ્રસંગ દર્શાવ્યો છે. જ્યારે અંતિમ કડીમાં કવિ પોતાનું નામ લખી પ્રભુને સુકાની થઈ ભવજલ પાર કરાવવાની વિનંતી કરે છે. આ વિશે હવે આપણે વિસ્તારપૂર્વક જોઈએ.

**અર્થ :** પ્રથમ કડીમાં કવિ જણાવે છે કે દીન-દુ:ખી માટે પ્રભુ જ એક સહારો છે. પ્રભુ જ તારક-તારણહાર છે અને તેનો અપરંપાર મહિમા ગાયો છે. પ્રભુ રાજ પરિવાર ધરાવનાર વૈભવી જીવનના સ્વામી

હોવા છતાં સંસારના ભૌતિક સુખોનો ત્યાગ કરી દીક્ષા ધારણ કરી અને મોક્ષમાર્ગની ખોજમાં ચાલી નીકળ્યા.

**ગૂઢાર્થ :** દીન અર્થાત ગરીબ અને લાચાર, દુઃખી અર્થાત સુખનો અભાવ હોય તેવા લોકોને કોઈનું રક્ષણ હોતું નથી. સમાજમાં માન-મરતબો કે આવકાર હોતો નથી, તેવા લોકોને તો ફક્ત એક પ્રભુનો આધાર-સહારો હોય છે 'હે પ્રભુ ! તું જ અમારો બેડો પાર કરનાર બેલી છે ને તું જ તારણહાર છે. તારા આધારે અમે ભવસમુદ્ર પાર કરી શકીએ તેવી અરજ છે.' આવી વિનંતી કરતા ભક્તિ કહે છે કે, 'આવા અપરંપાર મહિમાવંત તારા ગુણ ગાવા હું તો અસમર્થ છું. તારો મહિમા જેટલો કરીએ તેટલો ઓછો જ છે. તારી તોલે આવે તેવો કોઈ આ જગતમાં છે જ નહિ. તારો જોટો જડવો મુશ્કેલ છે.'

પ્રભુનો જન્મ રાજવી કુળમાં થયો હતો. અઢળક સુખના સ્વામી થઈને ભરપૂર ઐશ્વર્યમાં મહાલી શકે તેમ હતાં. ભોગોપભોગની વિપુલ સામગ્રી હોવા છતાં પ્રભુએ વૈભવ અને રાજપાટ છોડી ચારિત્ર્ય ગ્રહણ કર્યું. કારણકે ભૌતિક સુખોની ભીતરમાં મહાન શોકરૂપી અગ્નિ પ્રચંડ જ્વાલારૂપે રહેલો છે. અત્યંત વૈભવ અને આસક્તિભર્યા જીવન પછી અસંખ્યાતા વર્ષો સુધી તેની કારમી શિક્ષા ભોગવવી પડે છે તે તીર્થંકરના જીવને સમજાઈ જાય છે. સંયોગોથી સુખનો આભાસ-ભ્રમ-મિથ્યાકલ્પના થાય છે. બાકી સાચું સુખ તો આત્માના ઊંડાણમાંથી ઉત્પન્ન થાય છે. ભૌતિક સુખ ક્ષણભંગુર અને આત્માનું અધઃપતન કરનાર છે. જ્યારે આત્મિક સુખ અવિનાશી અને આત્માનો ઉત્કર્ષ કરનાર છે. સંસાર કૂડ-કપટથી ખદબદે છે. તેથી તેની મોહમાયા છોડીને આત્મકલ્યાણના પવિત્રપંથે પ્રયાણ કરવું જ હિતકારી છે. આમ પ્રભુએ ભૌતિક અને આત્મિક અવસ્થા વચ્ચેનો ભેદ જણાવી સારો માર્ગ ચિંધ્યો.

**અર્થ :** બીજી કડીમાં કવિએ ચંડકોશિયા સર્પનું દૃષ્ટાંત આપી સમજાવ્યું છે કે પૂર્વભવના ક્રોધાદિ કષાયો બીજા ભવમાં પણ સાથે જ આવે છે અને ઉત્તરોત્તર વધતા જાય છે. જ્યારે દૃષ્ટિવિષ સર્પે પ્રભુને ડંખ દીધો ત્યારે તેમાંથી દૂધની ધારા વહેવા લાગી. તે જોઈ સર્પ વિસ્મય પામી ગયો. પ્રભુએ તેને પ્રતિબોધ આપી તેના પર ઉપકાર કરી તેનો ઉધ્ધાર કર્યો.

**ગૂઢાર્થ :** ચંડકોશિયો સર્પ રૂપે ઉત્પન્ન થયો. પૂર્વભવમાં તે તાપસ હતો. પૂર્વ ભવની આસક્તિ અને ક્રોધના સંસ્કાર લઈને જ આવેલો. ક્રોધ એક ભયંકર કષાય છે. જેને અનલની ઉપમા આપવામાં આવી છે. તે જેના અંતરમાં પ્રગટે તેના આત્મિક ગુણો બળીને ભસ્મ થઈ જાય છે. ક્રોધની આંધીમાં વિવેકદીપક બુઝાઈ જાય છે. સર્પે પૂર્વભવમાં સાધુ રૂપે ઉગ્ર તપસ્યા કરેલી જેના ફળસ્વરૂપે, તેને લબ્ધિ મળેલી પણ ક્રોધના કારણે વિપરીત પરિણમી હતી. કવિ ઉદયરત્ને કહ્યું છે કે 'ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફલ જાય.' સર્પના ક્રોધથી તે પ્રદેશ વેરાન થઈ ગયેલો. પણ પ્રભુને ભય કેવો ? તે તો તેના કષાયાત્માને સુધારવા-ઉદ્ધારવા તેના દર પાસે જ કાઉસગ્ગ કરવા ઊભા રહ્યા. પ્રભુને જોતાં જ સર્પે પોતાનો બધો ક્રોધ ભેગો કરી પ્રભુના ચરણે ઉપરાઉપરી ડંસ દીધા. પ્રભુ તો અડોલ અવસ્થામાં જ ઊભા રહ્યા. તીવ્ર ડંખના કારણે પ્રભુના પગમાંથી વાત્સલ્ય અને કરૂણા સમી દૂધની ધારા વહેવા લાગી. તે જોઈ સર્પ હતપ્રભ થઈ પ્રભુના સૌમ્ય સ્વરૂપને જોવા લાગ્યો. ત્યારે 'હે ચંડકૌશિક બોધ પામ, બોધ પામ.' એવા શબ્દો સાંભળી સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું. ક્રોધના કારણે પોતાની અવદશા જોઈ તેને પશ્ચાતાપ થયો અને પ્રભુના શરણે થઈ આજીવન અનશન આદર્યું. કોઈના પર પણ પોતાની દૃષ્ટિ ન પડે તે માટે અંતર્મુખી બની, મુખ દરમાં રાખી, શાંત ભાવે સ્થિર થયો. પ્રભુની ક્ષમાના અમૃત સામે ક્રોધના ઝેરની હાર થઈ. પ્રભુના અનુપમ સમતાયોગથી પ્રભાવિત થઈ સર્પ શરણે આવ્યો. સર્પે સમતાભાવ રાખી ઘોર વેદના સહન કરી અને સમાધિભાવે મૃત્યુ પામી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

પ્રભુને સર્પે ડંખ દીધો ત્યારે દૂધની ધારા છૂટી તે વિશે વિદ્વાનોની કલ્પના છે કે પ્રભુનો વાત્સલ્યભાવ–માતાનો સંતાન પ્રત્યેનો હોય તેવો–હોવાથી શરીરમાંથી દૂધ નીકળતું હતું. તીર્થંકર ભગવંતોના અતિશયના કારણે તેમનું લોહી સફેદ રંગનું હોય છે. પ્રભુ એવા વીતરાગી હોય છે કે તેમના રક્તમાં પણ રાગનો રતુમડો રંગ હોતો નથી.

**અર્થ :** ત્રીજી કડીમાં કવિએ ગોવાળે પ્રભુના કાનમાં ખીલા ઠોક્યા તે પ્રસંગ વર્ણવ્યો છે. જ્યારે ગોવાળે ક્રોધના આવેશમાં પોતાના બળદો ન જડ્યા ત્યારે પ્રભુના કાનમાં ખીલા ઠોક્યા. પ્રભુને અસહ્ય વેદના થવા છતાં પ્રભુ ગોવાળને દોષિત ન ગણતાં પોતાના કર્મના પ્રભાવે જ આ બન્યું છે તેમ માની ગોવાળને ક્ષમા આપી. ક્ષમા એ ક્રોધનું મારણ છે એમ દર્શાવી પ્રભુએ અનેક જીવોને ક્ષમા આપી સંસારમાંથી તેઓનો ઉદ્ધાર કર્યો.

**ગૂઢાર્થ :** પ્રભુનો આત્મા પૂર્વનાં ૧૮મા ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવના રૂપે હતો ત્યારે એક અવસરે શય્યાપાલકને પોતે નિદ્રાધીન થાય ત્યારે સંગીત બંધ કરવા જણાવેલું; પણ તેને માલિકની આજ્ઞાની વિસ્મૃતિ થઈ ગઈ ત્યારે જાગૃત થતાં જ તેમને તીવ્ર રોષ પ્રગટ થયો. તેના કાનમાં ગરમ કરેલું કથિર રેડવાનો હુકમ કર્યો જે પ્રસંગે શય્યાપાલક મરણને શરણ થયો. આ પ્રસંગ ત્રિપૃષ્ઠ વાસુદેવની તીવ્ર વિષયલોલુપતા અને તીવ્ર કષાય જેવા આત્મદોષ દર્શાવે છે. આવું ક્રૂર કૃત્ય કરતાં તેના દિલમાં અરેરાટી કે કંપારી પણ ન હતી. પોતાની સત્તાનો મદ-ગર્વ હતો. આ બધા પાપનું કારણ ઇન્દ્રિય સુખ જ હતું. इंदिय कसाय अव्वय અર્થાત ઇન્દ્રિયોના અસંયમથી કષાયભાવ-હિંસકભાવ-યોગના વિપરીત વ્યાપારો ચાલે છે અને નવા કર્મબંધનની શૃંખલા ચાલુ જ રહે છે. આવા ઉગ્ર પાપના પરિણામે ગોવાળે કાનમાં ખીલા ઠોક્યા ત્યારે પ્રભુને અસહ્ય પીડા થઈ. પ્રભુના ઉપસર્ગો પૈકી આ સૌથી ભયંકર ઉપસર્ગ હતો. છતાં પ્રભુ મૌન સાધનામાં લીન રહ્યા. આટલું થયા છતાં પ્રભુએ ગોવાળનો વાંક ન કાઢતા પોતાના નિકાચિત કર્મો ખપાવવાના જ છે એમ જાણી સ્હેજ પણ પ્રતિકાર ન કર્યો. પ્રભુનો ક્ષમાભાવ ઉત્તમ હતો. क्षमा वीरस्य भूषणम् - ક્ષમા વીરનું ભૂષણ છે.

કર્મની મજબૂત જંજીરો તોડવાનો આ ઉત્તમ ઉપાય છે. આવી પીડાદાયક ઘટના પછી પણ પ્રભુ નિર્વિકલ્પ દશામાં મસ્ત બની કપરી પરિસ્થિતિને પાર કરી ગયા. આ જ તાત્ત્વિક નિર્જરાનો માર્ગ છે. પ્રભુએ બાહ્ય દુ:ખની ચરમસીમાને વટાવીને મોહને માત આપી. ગમે તેવા ધુરંધર હોય પણ કર્મની સત્તા પાસે સહુને પામર બનવું પડે છે. કર્મ કોઈને છોડતું નથી. કર્મનો કાયદો બધે જ નિષ્પક્ષ–અટલ–સુવ્યવસ્થિત ચાલે છે. ત્યાં કોઈની લાગવગ ચાલતી નથી. આવા પ્રસંગ પરથી બોધ મળે છે કે તીવ્ર કર્મબંધન ન કરવા. પૂર્વકર્મના પ્રતાપે પ્રભુ જેવાએ પણ વેરનો બદલો ચૂકવવો જ પડે છે. પ્રભુએ આત્મદર્શનમાં પોતાનો દોષ જોયો અને આજ્ઞાને બાંધેલું કર્મ જ્ઞાને કરી ખપાવી દીધું.

**અર્થ :** કવિએ ચોથી કડીમાં ગૌતમનો વિલાપ–પશ્ચાતાપ અને કેવળજ્ઞાન વિશે જણાવ્યું છે. શ્રી ગૌતમ સ્વામી પ્રભુના પ્રથમ ગણધર હતા. પ્રભુ મહાવીરના નિર્વાણ સમયે તે બાજુના ગામમાં દેવશર્માને બોધ આપવા ગયેલા. પ્રભુના નિર્વાણ વિશે જાણીને ગૌતમ વિલાપ કરે છે કે, 'હે પ્રભુ ! તમે મને એકલો છોડી કેમ ચાલી નીકળ્યા ? હું હવે કોના આધારે રહીશ ? મિથ્યાત્વીનું જોર વધશે તો કોણ સંભાળશે ? પાંચમા આરામાં દુ:ખ આવશે ત્યારે કોણ બધાનો ઉધ્ધાર કરશે ?' પ્રભુ પરનો ગૌતમનો રાગ તેમને વિલાપ કરાવે છે ત્યારે એકાએક ગૌતમને ખ્યાલ આવે છે કે પ્રભુ તો વીતરાગી હતા અને હું જ રાગી હતો એ વાત સમજાવવા માટે જ પ્રભુએ મને દૂર મોકલ્યો હતો. પછી તેઓ ખૂબ પશ્ચાતાપ કરે છે. જેવો રાગનો પાતળો તંતુ તૂટે છે કે ગૌતમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

**ગૂઢાર્થ :** શ્રી ગૌતમસ્વામીને દ્વાદશાંગીનું સંપૂર્ણ જ્ઞાન થતાં ગણધરની પદવી મળે છે. પ્રભુ મહાવીર યોગીમાંથી અયોગી બન્યા- ચાર અઘાતી કર્મોનો નાશ કરી પ્રભુ નિર્વાણ પામ્યા તેવા સમાચાર સાંભળી ગૌતમસ્વામી વિહ્વળ થઇ વિલાપ કરવા લાગ્યા. ત્યારે તેના મનમાં ઝબકારો થયો કે હું રાગી હતો તેથી જ આ રાગ મારા કેવળજ્ઞાનમાં બાધા સ્વરૂપ છે. તેઓ પ્રભુ પર ખૂબ જ મોહાસક્ત હતા. તે રાગ-મોહ જ કેવળજ્ઞાનમાં અડચણરૂપ છે. હવે તેમને પ્રભુની વાત સમજાઈ. પ્રભુ કહેતા હતા કે समयं गोयम मा पमायए। અર્થાત્ એક ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કરવો. મારા પ્રત્યેનો રાગ તમને મુક્ત થવા દેતો નથી. બાકી તમારી સિધ્ધગતિ તો નક્કી જ છે. જેવો ગૌતમસ્વામીને પ્રભુની વાતનો અર્થ સમજાયો કે તરત જ તેમને કેવળજ્ઞાન થયું. રાગ પણ એક પ્રકારનો મોહ જ છે. જરા જેટલો કષાય પણ આત્માને સંસારમાં જકડી રાખે છે. તેથી જ કષાયને સંસારનો વધારનાર કહ્યો છે. મોહનો ક્ષય એ જ મોક્ષ છે. કેવળી પરમાત્માઓએ મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરેલો હોવાથી તેઓ સંસારના કોઈપણ ભાવમાં લેપાતા નથી. શ્રી ગૌતમસ્વામીને પારાવાર પશ્ચાતાપ થયો કે પ્રભુએ કહેલી નાનીશી વાત પણ તેઓ પ્રભુ પ્રત્યેના મોહના કારણે સમજી શકતા ન હતા. જેવો રાગનો તંતુ તૂટ્યો કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. રાગ ઉપરથી મીઠો અને અંદરથી આત્માને ફોલી ખાનાર મહાન શત્રુ છે. કેવળજ્ઞાન એ પાંચમું પરમજ્ઞાન છે. તે થતાંની સાથે જ કેવળદર્શન પણ થાય છે. કેવળી ત્રણે લોકનું-ત્રણે કાળનું-સૂક્ષ્મ-બાદર-દરેક પર્યાય- બધું જ જોઈ-જાણી શકે છે. ત્યાર બાદ ભવભ્રમણ–સંસારચક્ર– ભવાટવિમાં ભટકવાનું બંધ થઈ જાય છે અને મુક્તિની પ્રાપ્તિ થઈ શકે છે. કેવળીને તે જ ભવે મોક્ષ થાય છે. આત્મા આત્માનંદમાં રમણ કરતો સિધ્ધ-બુદ્ધ-મુક્ત થઈને સિદ્ધશીલા પર સદાને માટે સ્થિરતા પ્રાપ્ત કરે છે.

**અર્થ :** અંતિમ કડીમાં કવિશ્રી જ્ઞાનવિમલ પ્રભુના ગુણલા ગાતાં પ્રભુને વિનંતી કરે છે કે 'હે પ્રભુ ! અમે તમારા ગુણો ગાઈને તમારા જેવા બની શકીએ, પ્રભુ તમે સુકાની થઈને આવો અને અમારી જીવન-રૂપી નૈયાને આ ભવસાગરથી પાર કરાવી આપો. મારી આટલી અરજ ઉરે ધરજો તો જ મારો ઉધ્ધાર થશે. હું તમને વારંવાર વંદન કરૂં છું.'

**ગૂઢાર્થ :** પરમાત્મા જગતના સર્વ જીવોમાં ઉત્તમ છે. તેમનામાં દશ વિશિષ્ટ કોટિના ગુણો રહેલા હોય છે. તેઓ પરોપકાર કરે છે. તેમનામાં સ્વાર્થની પ્રધાનતા ક્યારે પણ હોતી નથી. તેમને હીનપણાનો અભાવ હોય છે. તેઓ ઔચિત્યપૂર્ણ ક્રિયા કરી શકે છે, તેમાં હંમેશા ફળ પ્રાપ્તિને પામે છે. તેઓ અપરાધીના અપરાધને ક્ષણમાત્રમાં ભૂલી શકે છે. કૃતજ્ઞ હોય છે, કોઈના નાના એવા ઉપકારને પણ ભૂલતા નથી. તેઓમાં દેવ-ગુરુનું બહુમાન હોય છે. તેઓમાં સ્વના ગુણ અને પરના દોષો પચાવવાની શક્તિ હોય છે. આવા ગુણવાન પરમાત્મા ગુણગાન કરતાં કવિ સહુને એવા ગુણની પ્રાપ્તિ થાય તેમ કહે છે. સાથોસાથ પ્રભુને સુકાની થઈ સંસારરૂપી સમુદ્રથી તારી દેવાની વિનંતી કરે છે. સંસાર અને સમુદ્રમાં ઘણે અંશે સામ્યતા હોવાથી શાસ્ત્રકારોએ સંસારને સમુદ્રતુલ્ય કહ્યો છે. સંસાર જન્મ–જરા રૂપી ખારા પાણીથી ભરેલો છે. સંસારમાં ડગલે ને પગલે આવતી આપત્તિઓ સુપેરે જીવનનિર્વાહમાં અડચણરૂપ છે. સંસારમાં રોગ-શોક-સંતાપ જીવને પીડા આપે છે અને ક્રોધાદિ કષાયો જીવની શાંતિ અને સમાધિને નષ્ટ કરે છે. આવા સંસારને પાર કરવો કઠિન છે; પણ જો પ્રભુ આપ સુકાની બનીને આવો તો મારી જીવનનાવડી ભવજળથી પાર તરી જાય. તેથી હે પ્રભુ આપ મારી અરજીને દિલમાં ધરી લેશો તો મારો બેડો પાર થઈ શકશે. હે પ્રભુ ! આપને વારંવાર વંદન કરી વિનંતી કરું છું કે મારી અરજ ઉરમાં ધારણ કરશો. આપ જેવા સંપૂર્ણ ગુણોના ધારક પરમાત્માની સ્તવના ભક્તિથી મારું પરમ કલ્યાણ થાઓ.

શ્રી જ્ઞાનવિમલસૂરિની આ એક લઘુ અને સરળ કૃતિ છે. બોધપ્રદ સ્તવન છે જેમાં શ્રી મહાવીરના જીવનના અમુક પ્રસંગો વણાયેલા છે. ચંડકોશિયો પૂર્વભવના ક્રોધકષાય સાથે લઈને આવે છે. પ્રભુની અવર્ણનીય ક્ષમા તેનો ઉધ્ધાર કરે છે. અંતઃકરણમાં જ્યાં સુધી કષાયભાવ પડ્યો હોય ત્યાં સુધી ચૈતન્ય પ્રગટ થઈ શકતું નથી. વર્તમાન સમયે કોઈ ખાસ કારણ ન હોય છતાં પૂર્વ ભવના કોઈ ઉત્કૃષ્ટ નિમિત્તો મળી જતાં ઘટના આકાર લે છે. પ્રભુના કાનમાં ખીલા ઠોકવાનું મુખ્ય કારણ ગોવાળનું પૂર્વભવનું વેર જ હતું. ત્યારે મહાવીરે પોતાના કર્મનું

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૫૮મું)

# દુર્લભ ભવ લહી દોહ્યલો

❑ ડૉ. પાર્વતી ખીરાણી

*[ડૉ. પાર્વતીબહેન ખિરાણીએ શ્રાવક કવિ ઋષભદાસ કૃત 'જીવવિચાર રાસ' પર સંશોધન કરી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે અને સંસ્કૃત વિષય સાથે એમ.એ. કરેલ છે. તેઓ જૂની હસ્તપ્રત લિપિવાંચનના કાર્યમાં રત છે. બૃહદ્ મુંબઈ વર્ધમાન જૈન મહાસંઘ સંચાલિત 'માતુશ્રી મણીબેન માણસી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બૉર્ડ'ના પ્રમુખ છે.]*

દુર્લભ ભવ લહી દોહલો રે, કહો તરીયે કેણ ઉપાય રે; પ્રભુજીને વીનવું રે.
સમકિત સાચો સાચવું રે, તે કરણી કિમ થાય રે, પ્રભુ. ૧.
અશુભ મોહ જે મેટીયે રે, કાંઈ શુભ પ્રભુને જાય રે; પ્રભુ.
નિરાગે પ્રભુને ધ્યાઈએ રે, કાંઈ તો વિણ રાગે કહેવાય રે. પ્રભુ ૨.
નામ ધ્યાતા જો ધ્યાઈએ રે, કાંઈ પ્રેમ વિના નવિ તાન રે; પ્રભુ.
મોહ વિકાર જિંહા તિહાં રે, કાંઈ કિમ તરીયે ગુણ ધામ રે. પ્રભુ ૩.
મોહ બંધ જ બંધીઓ રે, કાંઈ બંધ જિહાં નહિ સોય રે; પ્રભુ.
કર્મબંધ ન કીજીયે રે, કર્મબંધ ગયે જોય રે. પ્રભુ ૪.
તેહમાં શો પાડ ચઢાવીયો રે, કાંઈ તુમે શ્રી મહારાજ રે; પ્રભુ.
વિણ કરણી જો તારશો રે, કાંઈ સાચા શ્રી જિનરાજ રે. પ્રભુ ૫.
પ્રેમ મગનની ભાવના રે, કાંઈ ભાવ તિહાં ભવનાશ રે; પ્રભુ.
ભાવ તિહાં ભગવંત છે રે, કાંઈ ઉદ્દેશ્યે આતમસાર રે. પ્રભુ ૬.
પુરણઘટાભ્યંતર ભર્યો રે, કાંઈ અનુભવ અનુહાર રે; પ્રભુ.
આતમધ્યાને ઓલખ રે, કાંઈ તરસ્યું ભવનો પાર રે. પ્રભુ. ૭.
વર્ધમાન મુજ વીનતી રે, કાંઈ માન જો નિશદિન રે, પ્રભુ.
મોહન કહે મનમંદિરે રે, કાંઈ વસીયો તું વિસવાવીશ રે. પ્રભુ ૮.

**અઘરા શબ્દના અર્થ :**

૧. સમકિત-સુદેવ, સુગુરુ અને તેમના દ્વારા પ્રરૂપિત નવ તત્ત્વ આદિ સુધર્મ પ્રત્યે યથાર્થ શ્રદ્ધા કરવી તે. વીતરાગી એવા કેવળી ભગવંતે જે વસ્તુનું જેવું સ્વરૂપ કહ્યું છે તે યથાર્થ જાણીને તેના પર શ્રદ્ધા રાખવી.
૨. પુરણઘટાભ્યંતર-આત્મારૂપી ઘડો પૂર્ણ ભરેલો છે.
૩. અનુહાર–એમની જેમ, અનુકરણ.

**કવિનો પરિચય :**

પ્રસ્તુત સ્તવનના રચયિતા મોહનવિજયજી મહારાજ સાહેબ છે. પૂજ્ય શ્રી તપગચ્છના વિજયસેનસૂરિ પરંપરામાં થયેલા રૂપવિજયજીના શિષ્ય છે, જે વક્રોક્તિ કે ઉપાલંભ સભર વક્તવ્ય માટે પ્રખ્યાત હતા. વિશિષ્ટ શૈલીવાળી લાલિત્યસભર કાવ્યરચનાઓને કારણે 'લટકાળા' ઉપનામથી પ્રસિદ્ધ હતા. સં. ૧૭૫૪ થી ૧૭૮૩ સુધીના ગાળામાં એમની રચાયેલી રચનાઓ પ્રાપ્ત થાય છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે કવિ વિક્રમની ૧૮મી શતાબ્દીમાં થઈ ગયા છે.

એમની રચનાઓમાં મુખ્યત્વે 'નર્મદાસુંદરી રાસ', 'હરિવાહન રાજાનો રાસ', 'પુણ્યપાલ રાસ', 'રત્નપાલ રાજાનો રાસ', 'માનતુંગ-માનવતી રાસ', 'ગુણસુંદરી રાસ', આદિ કૃતિઓ મળે છે. એમની ચોવીશીના કાવ્યો એટલે પરમાત્મા જોડેની અનાદિકાળ મૈત્રીનું સ્મરણ અને પ્રમાણ છે.

કવિ કટાક્ષ, વક્રોક્તિ (નિંદા સ્તુતિ કરવાવાળો અલંકાર) અને વ્યાજસ્તુતિ અલંકાર માટે પ્રખ્યાત છે. વ્યાજ સ્તુતિ એટલે જ્યાં નિંદા દ્વારા સ્તુતિ અથવા સ્તુતિ દ્વારા નિંદા હોય તેવો અલંકાર.

જે ચોવીશીની નીચેની પંક્તિઓ વાંચતા ખ્યાલ આવે છે-

*'સુનિજર કરશો તો વરશો વડાઈ, સુકહીશે પ્રભુને લડાઈ,*
*તુમ અમને કરશ્યો મોટા, કુણ કહેશે પ્રભુ તુમને ખોટા રે.'*

સેવક પર કૃપાદૃષ્ટિ કરવાથી સ્વામીનો યશ જ ગવાશે, પ્રભુની કોઈ નિંદા નહિ કરે એમને ખોટા નહિ માને એની ખાતરી આપવા ઉપરોક્ત પંક્તિ લખી છે.

પ્રસ્તુત સ્તવનમાં પણ પાંચમી કડીમાં વ્યાજસ્તુતિ કે વક્રોક્તિનુંદર્શન થાય છે.

*'તેહમાં શો પાડ ચઢાવીયો રે, કાંઈ તુમે શ્રી મહારાજ રે; પ્રભુ.*
*વિણ કરણી જો તારશો રે, કાંઈ સાચા શ્રી જિનરાજ રે. પ્રભુ ૫.*

અહીં પણ પ્રભુને જાણે ઉપાલંભ ન આપતા હોય કે કર્મબંધ તોડવા માટે અમારે જ મહેનત કરવાની હોય તો તેમાં તમે શું ઉપકાર કર્યો ? અમે કાંઈ જ પ્રયત્ન ન કરીએ ને તમે મને તારી દો તો જ તમે સાચા ભગવાન છો.

આમ કવિની આગવી છટા પ્રસ્તુત સ્તવનમાં પણ ચરિતાર્થ થાય છે.

**રચના વર્ષ :** અઢારમી સદીમાં રચાયેલ આ સ્તવનની ચોક્કસ સં. પ્રાપ્ત નથી થઈ.

**ભાષાશૈલી :** મધ્યકાલીન ઉત્તરવર્તી ગુજરાતી ભાષાની છાંટ છે. અપભ્રંશ, દેશ જ આદિ શબ્દોનો પ્રયોગ થયો છે. શબ્દાનુપ્રાસ, અલંકાર તથા પ્રભુ સાથે વાર્તાલાપ કરતા હોય એ પ્રકારની શૈલી છે.

**સ્તવન કાવ્યસાર :** દુર્ભલ એવો માનવભવ ખૂબ મુશ્કેલીથી મળે છે, એ ભવ એળે ન જાય એ માટે કવિ પ્રભુ પાસે વિનંતી કરે છે કે કોઈપણ રીતે આ ભવ તરવો જોઈએ એનો ઉપાય બતાવો. જો તરવા માટે સમકિત એ સાચો ઉપાય છે તો એને મેળવવા અને મેળવીને સાચવવા શું કાર્ય કરવું જોઈએ. આગળ વધતાં કવિ કહે છે કે અશુભ (અપ્રશસ્ત) મોહને દૂર કરીને પ્રભુ પ્રત્યેનો શુભ ભાવ કરવો જોઈએ. રાગ એક મોહનો જ પ્રકાર છે, પણ રાગ વગર પ્રભુનું ધ્યાન થઈ

શકે ? અર્થાત્ પ્રભુ પ્રત્યે રાગ હોય તો જ પ્રભુનું ધ્યાન ધરી શકાય છે. નામમાત્રથી ધ્યાન કેવી રીતે ધરાય ? પ્રભુ પ્રત્યે પ્રેમ હોય તો જ મસ્તીમાં ડૂબી શકાય. જ્યાં ત્યાં ચોતરફ મોહનો વિકાર છવાયેલો છે. તો એવા મોહમાંથી તરીને ગુણધામ (સિદ્ધ સ્થાન)માં પહોંચી શકીએ એના માટે કર્મ બાંધવાનું અટકાવી દો. કર્મબંધ અટકી જાય તો તરી જવાય. આપણે જ કર્મબંધન તોડવાના છે તો ભગવાને એમાં શું ઉપકાર કર્યો ? આપણે કાંઈ જ ન કરીએ અને ભગવાન આપણને તારી દે તો જ તે સાચા ભગવાન કહેવાય. છતાંય પ્રેમમાં મગ્ન થવાની ભાવના જ ભવનાશ કરનારી બને છે. ભાવથી જ ભગવાન પ્રાપ્ત થાય છે. અર્થાત્ ભાવ છે ત્યાં ભગવાન છે. આત્માનો સાર પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ્ય હોય તો ભાવથી જ ભગવાન બની જવાય. આપણો આભ્યંતર આત્મરૂપી ઘડો ગુણથી ભરેલો છે પણ એનો અનુભવ કરવો હોય તો ભગવાનની ક્રિયાનું અનુસરણ કરવું જોઈએ. આત્મધ્યાનને ઓળખીને ધ્યાન કરશું તો ભવપાર થઈ જવાશે. હે વર્ધમાન, ભગવાન મહાવીર મારી આ વિનંતીને રાતદિન માનપૂર્વક સ્વીકારજે તો હું તું મારા મનમંદિરમાં આવીને વિશ્વાસપૂર્વક સ્થાન લઈ શકીશ. એમ મોહનવિજયજી મહારાજ સાહેબ એટલે કે કવિ આ પ્રમાણે કહે છે-

**વિવેચન :** દુર્લભ એવા મનુષ્યભવની સાર્થકતા કેવી રીતે કરવી એના ઉપાય બતાવ્યા છે. આ સ્તવનની શરૂઆતમાં જ માનવભવને દુર્ભલ બતાવ્યો છે. ભગવાન મહાવીરે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં ચાર અંગની દુર્લભતા બતાવી છે.

चत्तारि परमंगाणि दुल्लहाणहि जंतुणो ।
माणुसत्त सूई सद्धा संजमम्मिय वीरियं ।।

શ્રી ઉત્તરા. અ. ૩, ગાથા-૧.

અર્થાત્ આ સંસારમાં પ્રાણીઓ માટે ચાર પરમ અંગ દુર્લભ છે. ૧. મનુષ્યભવ, ૨. ધર્મશ્રુતિ, ૩. ધર્મશ્રદ્ધા અને ૪. સંયમમાં પરાક્રમ.

અહીં સૌથી પહેલા મનુષ્યપણાની દુર્લભતા બતાવી છે તેથી સૂત્રની ટીકામાં માનવભવની દુર્લભતા સ્પષ્ટ કરવા માટે ૧૦ દૃષ્ટાંત બતાવ્યા છે. મહાદુર્લભ મનુષ્યભવના દૃષ્ટાંત આ પ્રમાણે છે-૧. ચોલ્લક, ૨. પાશક, ૩. ધાન્ય, ૪. દ્યુત, ૫. રતન, ૬. સ્વપ્ન, ૭. ચક્ર, ૮. કર્મ, ૯. યુગ અને ૧૦. પરમાણું.

આ દશે દૃષ્ટાંતની છણાવટ ખૂબ જ સુંદર રીતે શ્રી ઉત્તરાધ્યયનની ટીકામાં કરવામાં આવી છે. અહીં વિસ્તારભયને કારણે માત્ર સાર પ્રસ્તુત છે..

૧. **ચોલ્લક**-ચૂલાનું દૃષ્ટાંત. ચક્રવર્તી છ ખંડના ધણી હોય છે. જેમાં ૩૨ હજાર દેશના ૯૬ ક્રોડ ગામ હોય છે. તો તેના ગામમાં કેટલા ચૂલા (રસોડા) હોય ? હવે કોઈને પ્રથમ ચક્રવર્તીના ચૂલે જમવાનું હોય અને પછી એની પ્રજાના દરેક ચૂલે જમવાનું હોય તો ફરી ચક્રવર્તીના ચૂલે જમવાનું ક્યારે મળે ? આખા ભવ દરમિયાન એકાદ રાજ્યના ઘર પતે અથવા ન પણ પતે તો ૩૨ હજાર દેશ કેવી રીતે પતે ? કદાચ કોઈ દેવની સહાયથી કે વૈક્રિય રૂપો દ્વારા આખા ભરત ક્ષેત્રના ઘરોમાં જમી આવે એવું બને પણ મનુષ્ય જન્મ પુનઃ પ્રાપ્ત કરવો મુશ્કેલ છે.

૨. **પાસક**-પાસાનું દૃષ્ટાંત. કોઈએ રમતમાં કળવાળા પાસાનો ઉપયોગ કરીને એક માણસનું બધું ધન પડાવી લીધું હોય અને તે ધન પાસાની રમતથી પાછું મેળવવું જેમ મુશ્કેલ છે એમ માનવ ભવ દુર્લભ છે.

૩. **ધાન્ય**–લાખો મણ ધાન્યના ઢગલામાં થોડા રાઈના દાણા ભેળ્યા હોય એ પાછા મેળવવા કોઈ ઘરડી ડોશીને બેસાડી હોય તો તે દાણા ક્યારે મેળવી શકે ? એમ મનુષ્યભવ મેળવવો મુશ્કેલ છે.

૪. **દ્યુત**–જુગાર એક રાજયના રાજમહેલમાં ૧૦૦૮ સ્તંભ હોય અને તે દરેક સ્તંભને ૧૦૮ હાંસો હોય તે દરેક હાંસને જુગારમાં જીતવાથી રાજ્ય મળે તેમ હોય તો એ રાજ્ય ક્યારે મળે ? એમ માનવભવ દુર્લભ છે.

૫. **રત્ન**–મૂઠીભર રત્નો સાગરમાં પડી જાય એને પાછા મેળવવા જેમ મુશ્કેલ છે એમ માનવભવ દુર્લભ છે.

૬. **સ્વપ્ન**–કોઈને રાજ્યની પ્રાપ્તિ થાય એવું સ્વપ્ન આવ્યું હોય ને ફળ રૂપે રાજ્યની પ્રાપ્તિ થાય એવું સ્વપ્ન લાવવાનો બીજો માણસ પ્રયત્ન કરે તો શું એવું સ્વપ્ન આવી શકે ? એમ માનવભવ દુર્લભ છે.

૭. **ચક્ર**-સ્તંભને મથાળે ૮ ચક્ર ને ૮ પ્રતિચક્ર ફરતાં હોય તેના પર એક પૂતળી ચક્કર ફરતી હોય, સ્તંભની મધ્યમાં ત્રાજવું હોય તેની નીચે તેલની કડાઈ ઊકળતી હોય ત્યાં ત્રાજવામાં ઊભા રહીને નીચે પડતા પ્રતિબિંબને આધારે બાણ મારીને પૂતળીની ડાબી આંખ વિંધવાનું કામ કોઈ એકાદ જ કરી શકે. એમ માનવભવ મેળવવા કોઈક જ સફળ થઈ શકે.

૮. **કૂર્મ-કાચબો**–એક ગીચોગીચ સેવાળથી ભરેલા તળાવમાં પવનથી બાકોરૂં પડ્યું ત્યાં નીચે રહેતા કાચબાએ નિરભ્ર આકાશમાં રહેલો પૂનમનો ચાંદ ને ટમટમતા તારાનું દૃશ્ય જોયું. આ અદ્ભુત દૃશ્ય પોતાના પરિવારજનોને બતાવવાનું મન થયું. તે પરિવાર-જનોને બોલાવવા ગયો એટલી વારમાં તો પેલું બાકોરૂં પૂરાઈ ગયું. પાછું ક્યારે ત્યાં બાકોરૂં પડે સાથે પૂનમનો યોગ, નિરભ્ર આકાશ જોવા મળે ? એ જ રીતે મનખાદેહ, મળવો મુશ્કેલ છે.

૯. **યુગ**–ધારો કે અસંખ્યાતા યોજનવાળા સમુદ્રના એક છેડેથી ધોંસરી (બળદગાડીના બળદ પર રખાતું ગાડાના આગળના ભાગનું લાકડું) રાખવામાં આવે ને બીજા છેડેથી એની ખીલી નાંખવામાં આવે અને એ બંને વહેતા વહેતા એકબીજામાં મળી જાય એ વાત જેમ દુર્લભ છે એમ માનવભવ મળવો દુર્લભ છે.

૧૦. **પરમાણુ**–એક સ્તંભનુ બારીક ચૂર્ણ એક બારીક ભૂંગળીમાં ભરીને એક પર્વત પરથી કોઈ દેવ તેને ફૂંક વડે ચોતરફ ફેલાવી દે પછી એ ચૂર્ણના બધા પરમાણુ ભેગા કરી ફરી સ્તંભનું નિર્માણ કરવું જેમ દુષ્કર છે એમ આ માનવ ભવ મળવો મહાદુષ્કર છે.

આ બધા દૃષ્ટાંતનો સાર એ જ છે કે ખૂબ મુશ્કેલીથી મળેલો માનવભવ વેડફાઈ ન જાય એનું ધ્યાન રાખવાનું છે. જે વાત કવિએ 'દુર્લભ ભવ લહી દોહલો રે' ચરણ દ્વારા કરી છે.

આવો દુર્લભ મનુષ્યભવ ભવસાગરમાં તરવા માટે નૌકા જેવો છે. પરંતુ એનો સુકાની બરાબર હોય તો જ કિનારે પહોંચાય, નહિ તો મનુષ્યભવ વેડફાઈ જાય. એ સુકાની એટલે સમકિત કે સમ્યગ્ દૃષ્ટિ જેનાથી સાચું દર્શન થાય, આત્માની સાચી ઓળખ થાય ને ભવસાગર તરાવી દે. સમકિતને રત્ન પણ કહેવાય છે. માટે એ રત્નને સાચવવા શું કરવું એમ પણ પ્રભુને પૂછ્યું છે. એના ઉપાય રૂપે કહે છે મોહને દૂર કરવો જોઈએ. અહીં પાછું કવિને એમ થાય છે કે મોહ એકદમ દૂર કેમ થઈ શકે? એટલે કહે છે કે અશુભ મોહ દૂર કરીએ પણ પ્રભુ પ્રત્યેનો મોહ શુભ છે માટે રહેવા દેવાનો. રાગ એ મોહને કારણે થાય છે. પણ રાગ વિના પ્રભુભક્તિ કેવી રીતે થઈ શકે? પ્રભુ પ્રત્યે રાગ હોવો એ કવિના મતે યોગ્ય છે. (હકીકતમાં પ્રભુ પ્રત્યે રાગ નહિ પ્રમોદભાવ હોય છે.) નામમાત્રથી ધ્યાન ન ધરી શકાય. પ્રભુ પ્રત્યે પ્રેમ હોય તો જ એના પ્રત્યે લાગણી જન્મે છે એમ કવિનું કહેવું છે. મોહનો વિકાર તો ચારે તરફ છવાયેલો છે. પ્રભુ પ્રત્યેનો પ્રેમ વિકાર નથી. તેથી ગુણોના ધામ એવા પ્રભુને પ્રાપ્ત કરવા અથવા સિદ્ધોમાં સ્થાન પ્રાપ્ત કરવા મોહનો બંધ થતો અટકાવવાનો છે. મોહનીયકર્મ બંધાવવાનું અટકી જાય તો તરી જવાય.

પાછા વક્રોક્તિ રૂપ કટાક્ષ કરતા કવિ પ્રભુને કહે છે–અમે જ કર્મ તોડવાનો પુરુષાર્થ કરીએ એમાં તમે શું મોટી ધાડ મારી? અમે કાંઈ ન કરીએ ને એમ જ બેઠા રહીએ, પુરુષાર્થ વગર જ અમારો ઉદ્ધાર કરો તો તમે સાચા જિનરાજ ગણાવ.

છતાંય અમે તો પ્રેમમાં મગ્ન થઈને ભાવથી તમારી ભક્તિ કરીશું. કહ્યું પણ છે ને કે 'ભાવે ભાવના ભાવીએ ભાવે દીજે દાન, ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળજ્ઞાન.' અર્થાત્ ભાવથી જ અમે ભગવાનના પદને પ્રાપ્ત કરી લઈશું. પણ એ માટે એ લક્ષ કે ઉદ્દેશ્ય રાખવો જરૂરી છે.

આપણો અંતરાત્મારૂપી ઘટ સિદ્ધ ભગવાનની જેમ જ ગુણોથી પૂર્ણ ભરેલો છે પણ એના પર આવરણ હોવાથી ઓળખી શકાતો નથી. એ અનુભવથી જ જાણી શકાય છે. એ માટે તમે જેમ આરાધના કરી છે એમ અમારે પણ આરાધના કરવી જોઈએ તો જ એ ગુણોનો અનુભવ થાય. અનુભવ થયા પછી ધ્યાન દ્વારા આત્માને ઓળખીને તપ આદિ કરીને ભવનો પાર પામી જશું.

અંતે કવિ પોતાનું નામ અંદર સાંકળીને કહે છે કે હે વર્ધમાન–ભગવાન મહાવીર! આપ જો મારી વિનંતી રાતદિવસ માનો તો મારા મનમંદિરમાં વિશ્વાસપૂર્વક આપનો વાસ થશે એવું મોહનવિજયજી મહારાજ સાહેબ કહે છે-

આમ આ કાવ્યમાં વિરોધાભાસી ભાવોને સુંદર રીતે ઉજાગર કર્યા છે. ભગવાન મહાવીર સ્વામીને નમ્રતાપૂર્વક જ્ઞાનપ્રાપ્તિ માટે, સમકિત મેળવવા માટે, સાચવવા માટે, મનુષ્યભવને સાર્થક બનાવવા માટે અને ગુણસભર બનાવવા માટે સુંદર વિનંતી કરી છે. આજીજી કરી છે. નમ્ર અનુરોધ કર્યો છે. ✷✷✷

જેઠવા નિવાસ, પલોટ નં. ૪૪૮, કિંગ્સ સર્કલ, માટુંગા (સેન્ટ્રલ રેલવે). મુંબઈ-૪૦૦ ૦૧૯. ટેલિફોન : ૦૨૨ ૨૪૦૧ ૧૬૫૭.

## દીન દુઃખીયાનો બેલી

(અનુસંધાન પૃષ્ટ ૫૫થી ચાલુ)

ફળ ભોગવવાનું સમજી શાંતભાવે સ્વીકાર્યું અને ગોવાળ કર્મોની ઉદીરણા-ક્ષય કરવામાં નિમિત્ત બન્યો. તીવ્ર પશ્ચાતાપથી પાપીમાં પાપી જીવ પણ પાવન બની શકે છે. જૈનશાસન તો દરેક ભવ્ય જીવને પરમાત્મા બનવાનો અધિકારી માને જ છે. તે માટેનો પ્રચંડ પુરુષાર્થ આત્માનો હોવો જરૂરી છે. બદલો લેવો કે ન લેવો તેના કરતાં પણ બદલો ચૂકવવો મહત્વપૂર્ણ બની જાય છે. કારણકે તેના નિમિત્તે પૂર્વ કર્મ વિપાકોનું વેદન થાય છે અને નવા બંધાતા કર્મોની શૃંખલા તૂટે છે અને આત્માની ઉન્નતિ થાય છે. આ બંને પ્રસંગો રોષ ઉપર તોષ, ક્રોધ ઉપર ક્ષમા, દાનવતા ઉપર માનવતાનો જયઘોષ ગુંજતો કરે છે. ગૌતમસ્વામી રાગી મટી વિરાગી બન્યા. રાગ પણ મોક્ષમાર્ગમાં બાધક છે. તેવો બોધ પણ સ્તવનમાં પ્રાપ્ત થાય છે. પોતાના દોષોનું દર્શન કરવું અને બીજાના ગુણોનું દર્શન કરવાથી જીવ દરેક પરિસ્થિતિમાં સમતા ધારણ કરી શકે છે. જેના વડે તે અવગુણો દૂર કરનારી પરમ ઔષધિ બની કર્મના ભુક્કા બોલાવી શકે છે. પ્રભુએ પૂર્વકર્મના ઢેરના ઢેર ક્ષણવારમાં નાશ કર્યા તેવો પરોક્ષ બોધ આ સ્તવનમાં પ્રાપ્ત થઈ શકે છે.

આ સ્તવનને ગુણોત્કીર્તન સ્તવન કહી શકાય. આ સ્તવન એકદમ સરળ ભાષામાં તેમ જ મધુર શબ્દો, ગંભીર આશય અને અર્થપૂર્ણ હોવાથી લોકપ્રિય બન્યું છે. તેમાં ભાવની અને ભાષાની સચોટતા-સરળતા-મધુરતા-પ્રાસાદિકતા-લય-ઢાળ-સંવેદનાની ઉત્કટતા કવિની કવિત્વ શક્તિનો પરિચય કરાવે છે. આ રચનામાં ગેય તત્ત્વ-ઓજસગુણ વર્તાય છે. અલંકાર આયોજન અને પ્રાસ કવિની પ્રતિભા દર્શાવે છે. તેમાં રહેલો ઉત્તમ બોધ અંતઃકરણમાં અદ્ભૂત આનંદ પ્રગટાવે છે. પ્રભુ મહાવીરના ચારિત્રનું સ્મરણ ગાયકના મનમાં ઉન્નત ભાવ જાગૃત કરે છે. ક્યારેક તો ભક્તની આંખો ઊભરાઈ આવે છે. પરમાત્માના ગુણોનું કીર્તન-સ્તવના-ભક્તિભાવે નમન કરવાથી પૂર્વના પાપોનું નિકંદન નીકળે છે. જડમૂળથી નાશ થાય છે કારણ કે તેમના એક એક ગુણ સાગર જેવા ગંભીર, વ્યોમ જેવા વિશાળ અને મેરૂ સમાન ઉન્નત હોય છે. વીતરાગનો રાગ સરવાળે તારક નીવડે છે. ચિત્રને રાગદ્વેષરહિત બનાવવાનું સામર્થ્ય સ્તવનમાં રહેલું છે. તીર્થંકર પરમાત્મા સદૈવ સ્તવનીય-મોક્ષ પ્રાપ્તિના આધાર સ્વરૂપ છે. સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી રત્નત્રયી આપી પ્રભુ અમને કૃતાર્થ કરો એજ અભ્યર્થનાસહ. ✷

શિવ સાગર હેરિટેજ, બિલ્ડિંગ-૩૦, બી-૭૦૨, તિલક નગર, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૮૯. ટેલિફોન : ૦૨૨ ૨૫૨૭ ૬૫૧૨.

# ભવદધિ પાર ઉતારણી

□ ડૉ. રતનબેન છાડવા

*[ડૉ. રતનબેન છાડવાએ કવિ ઋષભદાસ કૃત 'વ્રત વિચાર રાસ' વિષય પર પીએચ.ડી. કર્યું છે. ત્યાર બાદ તેમણે સંસ્કૃત વિષય સાથે એમ.એ.ની ડીગ્રી મેળવી. તેઓ જૂની હસ્તપ્રત લિપિ વાંચનના કાર્યમાં રત છે. બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ સંચાલિત 'માતુશ્રી મણીબેન મણસી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બૉર્ડના કારોબારી સભ્ય છે. 'જૈન પ્રકાશ' વગેરે પત્રોમાં તેઓ લેખ લખે છે. જ્ઞાનસત્ર અને જૈન સાહિત્ય સમારોહમાં અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે.]*

**મહાવીર સ્તવન (શ્રી આત્મારામજીકૃત )**

*ભવદધિ પાર ઉતારણી, જિનવરની વાણી;*
*પ્યારી હે અમૃત રસ રેલ, જિનવરની વાણી;*
*ભરમ મિથ્યાત નિવારીયો, જિન. સીધો એ અનુભવ રસ મેલ. પ્યારી.૧.*
*અમ સરીખા અતિ દીનને, જિ. દૂષમ હે અતિ ઘોર અંધાર;*
*ગ્યાન પ્રદીપ જગાવીયો, જિ. પામ્યો હે અતિ મારગ સાર...૨.*
*અંગ ઉપાંગ સરૂપશું, જિ. પઈન્ને હે છેદ ગ્રંથ; પ્યા.*
*ચુર્ણી ભાષ્ય નિર્યુક્તિ શું જિ. વૃત્તિ હે નીકી મોક્ષનો પંથ...૩.*
*સદ્ગુરુની એ તલિકા, જિ. જસુ હે ખુલે ગ્યાન ભંડાર; પ્યા.*
*ઈમ બિન સુત્ર વખાનીયો, જિ. તસ્કર હે તિણ લોપી કાર...૪.*
*સોહમ ગણધર ગુણનિલો, જિ. કીધો હે જિન ગ્યાન પરકાસ;*
*તુજ પાટોધર દીપતા, જિ. ટાર્યો હે જિન દુરનય પાસ...૫.*
*અમ સરીખા અનાથને, જિ. ફિરતાં હે વીત્યો કાળ અનંત;*
*ઈન ભવ વીતક જે થયા, જિ. તું જાણે હે તેસું મેં ન કહંત..૬.*
*જિન બાની બિન કૌન થા, જિ. મુજને હે દેતા મારગ સાર;*
*જ્યો જિન બાની ભારતી, જિ. જાર્યા હે મિથ્યામત ભાર....૭.*
*હું અપરાધી દેવનો, જિ. કરી હે મુજને બગસીસ; પ્યા.*
*નિંદક પાર ઉતારના, જિ. તુંહી હે જગ નિર્મલ ઈશ. પ્યા...૮.*
*બાળક મૂરખ આકરો, જિ. ધીઠો હે વળી અવિનીત; પ્યા.*
*તો પિણ જનકે પાળીયો, જિ. ઉત્તમ હે જનની રીત પ્યા...૯.*
*ગ્યાનહીન અવિવેકીયા, જિ. હઠીલો હે નિંદક ગુણચોર; પ્યા.*
*તો પિણ મુજને નારીયે, જિ. મેરી હે તોરો મોહની દોર...૧૦.*
*ત્રિશલાનંદન વીરજી, જિ. તું તો હે આશા વિસરામ; પ્યા.*
*અજર અમર પદ દીજીયે, જિ. થાવું હે જિમ આતમરામ. પ્યા. ૧૧.*

**કલશ**

*ચઉવીશ જિનવર સયલ સુખકર ગાવતાં મન ગહ ગહે,*
*સંઘ રંગ ઉમંગ નિજ મન ધ્યાવતાં શિવપદ લહે,*
*નામે અંબાલા નગર જિનવર વૈનરસ ભવિજન પીયે,*
*સંવત રોષ અગની નિધિ વિધુ રૂપ આતમ જસ કીયે.*

**કવિનો પરિચય:**

ઉપરોક્ત સ્તવનના રચયિતા પૂ. શ્રી આત્મારામજી છે. જેમનું બીજું નામ વિજય આનંદસૂરિ છે. તેમનો જન્મ વિ. સં. ૧૮૯૨ (કે ૧૮૯૩) ચૈત્ર સુદ એકમ મંગળવાર, પંજાબમાં જીરાનગર પાસે આવેલા લહેરા ગામે થયો હતો. શ્રી આત્મારામજી તપાગચ્છની નવી સાધુ પરંપરાના આદિ પુરુષોમાંના એક છે. અર્વાચીકાળની ચોવીશી સર્જકોમાં શ્રી આત્મારામજી પ્રથમ સર્જક છે. (રચનાકાળ-સં. ૧૯૩૦) સંગીતના જાણકાર, આગમોની ટીકાઓના સર્જક વિદ્વાન એવા આત્મારામજીએ અનેક પૂજાઓ અને વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૯૫૨માં થયો હતો.

સત્વનના અઘરા શબ્દોના અર્થ વિવેચનના અંતે આપેલ છે.

**રચના વર્ષ :** વિ. સં. ૧૯૨૧ અથવા ૧૯૩૧માં રચ્યું હશે એવું લાગે છે.

**ભાષા શૈલી** : રચનાકારની ભાષા અને શૈલી મધ્યકાલીન કવિઓના અનુકરણ રૂપ વિશેષ જણાય છે. સાથે સાથે પૂ. શ્રી આત્મારામજી મૂળ પંજાબના હોવાથી તેમની કૃતિઓમાં હિંદીભાષાની છાંટ વિશેષતઃ જોવા મળે છે. જેમ કે,

*૧. જનમ જનમ પ્રભુ પાસ જિનેસર.*
*વસો મન મેરે ભગત તીહારી. (ચોવીશી)*
*૨. જિન બાની બિન કૌન થા, જિ. મુજને દેતા મારગ સાર,*
*જ્યો જિન બાની ભારતી, જિ. જાર્યા હે મિથ્યામત ભાર.*
(મહાવીર સ્તવન)

**સ્તવનની પંક્તિઓનો ભાવાર્થ :**

*૧.ભવદધિ પાર ઉતારણી, જિનવરની વાણી,*
*પ્યારી હે અમૃત રસ રેલ, જિનવરની વાણી,*
*ભરમ મિથ્યાત નિવારીયો, જિન. સીધો રે અનુભવ રસ મેલ,પ્યારી.*

**ભાવાર્થ :** ઉપરોક્ત કડીમાં શ્રી આત્મારામજી જિનવરની વાણીનું અર્થાત્ તીર્થંકરની વાણીનું મહત્ત્વ બતાવતાં કહે છે કે, સંસારરૂપી સાગર પાર કરાવે એવી જિનવરની વાણી છે. આ વાણી અમૃતના રસ રેલાવે એવી મીઠી અને મધુરી છે કે, જેનાથી મિથ્યાત્ત્વરૂપી ભ્રમ દૂર થાય છે. એનો પ્રત્યક્ષ અનુભવ છે. (ઉદા. તરીકે ઈન્દ્રભૂતિ આદિ ગણધરોનો મિથ્યાત્ત્વરૂપી ભ્રમ પ્રભુ મહાવીરની વાણીથી દૂર થયો હતો.) આવી અમીરસથી યુક્ત મધુર, આનંદ પ્રદાયિની જિનવરની વાણી છે.

*૨. અમ સરીખા અતિ દીનને, જિ. દૂષમ હૈ અતિ ઘોર અંધાર,*
*ગ્યાન પ્રદીપ જગાવીયો, જિ. પામ્યો હે અતિ મારગ સાર.*

**ભાવાર્થ :** આ કડીમાં રચનાકાર પોતાને લાચાર દીન બતાવતાં

કહે છે કે, આ અવસર્પિણીકાળના દુષમ નામે પાંચમા આરામાં મારા જેવા દીન દુ:ખિયા જીવોની ચારે બાજુ અજ્ઞાનરૂપી ઘેરો અંધકાર વ્યાપેલો છે. છતાં પણ આ અંધકારરૂપી અજ્ઞાનને દૂર કરવા શ્રુતજ્ઞાનરૂપી દીપક પ્રગટેલો છે, કે જેનાથી સંસાર પાર કરવાનો માર્ગ મેળવી શકાય છે.

*૩. અંગ ઉપાંગ સરૂપશું, જિ. પઈન્ને હે છેદ ગ્રંથ; પ્યા.*
*ચુર્ણી ભાષ્ય નિર્યુક્તિ શું; જિ. વૃત્તિ હે નીકી મોક્ષનો પંથ.*

**ભાવાર્થ :** ત્રીજી કડીમાં જિનવરની વાણી રૂપે આગમના ભિન્ન ભિન્ન સ્વરૂપોની વાત કરી છે. જિનવરની વાણી બાર અંગ, બાર ઉપાંગ, દસ પયન્ના, છ છેદ, ચાર મૂળ સૂત્રો આદિ ગ્રંથરૂપે છે. તેમ જ વ્યાખ્યા સાહિત્ય તરીકે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ વગેરે લખાયું છે. આ જ્ઞાનની ગંગોત્રી નિશ્ચયથી મોક્ષનો માર્ગ બતાવે છે એમાં કોઈ શંકા નથી.

*૪. સદગુરુની એ તલિકા, જિ. જસુ હે ખુલે ગ્યાન ભંડાર; પ્યા.*
*ઈમ બિન સુત્ર વખાનીયો, જિ. તસ્કર હે તિણ લોપી કાર.*

**ભાવાર્થ :** ચોથી કડીમાં રચનાકાર, આગમ નિધિનો ઉલ્લેખ કરતાં કહે છે કે, સદ્ગુરુની બુદ્ધિનો તાલમેલ હોય (અર્થાત્ સદ્ગુરુની વિદ્વત્તાથી) તો આ જ્ઞાનરૂપી ભંડાર ખૂલી શકે છે. જો સદ્ગુરુની કૃપા વગર સૂત્રનું પઠન-પાઠન (વાંચન) કર્યું હોય તો ચોર કહેવાય; કારણ કે તેણે મર્યાદાનો ભંગ કર્યો કહેવાય.

*૫. સોહમ ગણધર ગુણનિલો, જિ. કીધો હે જિન ગ્યાન પરકાસ;*
*તુજ પાટોધર દીપતા, જિ. ટાર્યો હે જિન દુરનય પાસ.*

**ભાવાર્થ :** પાંચમી કડીમાં સુધર્મા ગણધરની વાત કરી છે. સુધર્મા ગણધર ગુણવાન છે. વળી જ્ઞાની છે કે જેમણે જિનજ્ઞાનને (વાણીને) પ્રકાશિત કર્યું છે. આર્ય સુધર્માસ્વામીએ પ્રભુ મહાવીરના પ્રથમ પટ્ટધર બની અજ્ઞાનનું પડળ (આવરણ) દૂર કરી જિન શાસનને દીપાવ્યું છે.

*૬. અમ સરીખા અનાથને, જિ. ફિરતાં હે વીત્યો કાળ અનંત,*
*ઈન ભવ વીતક જે થયા, જિ. તું જાણે હે તેસું મેં ન કહંત.*

**ભાવાર્થ :** છઠ્ઠી કડીમાં પૂ. શ્રી આત્મારામજી પોતાની વીતક કથા કહે છે. અમારા જેવા અનાથનો ચોર્યાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતાં કરતાં અનંતોકાળ પસાર થઈ ગયો છે અને એમાં જે જે ભવ વીત્યાં છે, એ બધાં તો તું જાણે છે માટે હું કહેતો નથી.

*૭. જિન બાની કૌન થા, જિ. મુજને હે દેતા મારગ સાર,*
*જ્યો જિનબાની ભારતી, જિ. જાર્યા હે મિથ્યામત ભાર.*

**ભાવાર્થ :** સાતમી કડીમાં રચનાકારે જિનવાણીની અણમોલતા, અનુપમતાનું દર્શન કરાવ્યું છે. જિનવાણી વગર બીજું કોણ હોઈ શકે ? જે મને સાચો માર્ગ બતાવી શકત. મોક્ષ માર્ગનો સાર બતાવત. જ્યાં સરસ્વતીદેવી રૂપે જિનવાણી હોય ત્યાં મિથ્યાત્ત્વી મતનો સમૂહ જીર્ણ થઈ જાય છે. અર્થાત્ ઝાંખો પડી જાય છે.

*૮. હું અપરાધી દેવનો, જિ. કરી હે મુજને બગસીસ; પ્યા.*
*નિંદક પાર ઉતારના, જિ. તું હી હે જગ નિર્મલ ઈશ. પ્યા.*

**ભાવાર્થ :** આઠમી કડીમાં શ્રી આત્મારામજી પોતાના દોષોનો, અવગુણોનો નિખાલસપણે એકરાર કરે છે. હે દેવાધિદેવ ! હું આપનો અપરાધી છું, છતાં પણ મને આશિષ આપજો. નિંદક છું પણ મને, ભવ-પાર ઉતારજો. કારણકે આ જગતમાં તું એક જ સાચો, શુદ્ધ ઈશ્વર છો.

*૯. બાળક મૂરખ આકરો, જિ. ધીઠો હે વળી અવિનીત; પ્યા.*
*તો પણ જનકે પાળીયો, જિ. ઉત્તમ હે જનની રીત. પ્યા.*

**ભાવાર્થ :** નવમી કડીમાં રચનાકાર પરમાત્માને પોતાના મનની વાત રજૂઆત કરતાં કહે છે કે, બાળક હોય, વળી મૂર્ખ અને ઉતાવળિયો હોય, લુચ્ચો વળી અવિનીત પણ હોય છતાં પણ પિતા તેને પાળે છે, પોષે છે. આ ઉત્તમ જનની રીત છે, ઉત્તમ જનનો વ્યવહાર છે.

*૧૦. ગ્યાનહીન અવિવેકીયા, જિ. હઠીલો હે નિંદક ગુણચોર, પ્યા.*
*તો પિણ મુજન તારીયે, જિ. મેરી હે તોરો મોહની દોર.*

**ભાવાર્થ :** દસમી કડીમાં રચનાકાર પરમાત્માના ચરણકમળમાં પોતાના દોષોનો એકરાર કરી પ્રાયશ્ચિત વડે નિર્મળ થયેલા આત્માને સમર્પિત કરતાં કહે છે કે, હું જ્ઞાન વગરનો અજ્ઞાની છું, અવિવેકી છું, હઠીલો અને વળી નિંદક તેમજ ગુણચોર પણ છું. છતાં પણ મને ભવ પાર કરાવજે, ભવ સાગરથી તારજે; કારણકે મારી અને તારી વચ્ચે અતૂટ મોહરૂપ દોર ગુંથાયેલી છે.

*૧૧. ત્રિશલાનંદન વીરજી, જિ. તું તો હે આશા વિસરામ, પ્યા.*
*અજર અમર પદ દીજીએ, જિ. થાવું હે જિમ આતમરામ. પ્યા.*

**ભાવાર્થ :** અગિયારમી કડીમાં રચનાકાર પરમ શરણાગતિના ભાવથી કહે છે કે, હે ત્રિશલાનંદન મહાવીર ! તું એક જ મારી આશાનો વિશ્રામ છે, સહારો છે. અજર-અમર એવું પદ આપજે. કારણકે મારે આત્મારામથી આતમરામ બનવું છે. પરમાત્મા બનવું છે.

**કલશ**

*ચઉવીસ જિનવર સયલ સુખકર ગાવતાં મન ગહ ગહે,*
*સંઘ રંગ ઉમંગ નિજ મન ધ્યાવતાં શિવપદ લહે,*
*નામે અંબાલા નગર જિનવર વૈનરસ ભવિજન પીયે,*
*સંવત રોષ અગની નિધિ વિધુ રૂપ આતમ જસ કીયે.*

**ભાવાર્થ :** ઉપરોક્ત કલશ સમાન પંક્તિઓમાં રચનાકાર કહે છે કે ચોવીસે ચોવીસ જિનવરો કલ્યાણરૂપે–મંગળ રૂપે છે, તેમની સ્તુતિ કરતાં મનમાં આનંદ આનંજ ઉપજે છે. ચતુર્વિધ સંઘને પણ આનંદ અને ઉમંગ થાય છે. પોતાના મનમાં તેમનું ધ્યાન ધરવાથી શિવપદ, અજર-અમર એવું પદ મળે છે. અંબાલા નગરમાં જિનવરની વાણીનો શાંત રસ ભવિજનો માણે છે. સંવત ૧૯૨૧ કે ૧૯૩૧માં પૂ. શ્રી આત્મારામજીએ આ સ્તવન રચ્યું હશે.

**વિવેચન : જિનવરની વાણીની મહત્તા**

આ સ્તવનમાં પૂ. શ્રી આત્મારામજીએ ખૂબ જ ગહન આધ્યાત્મિક ભાવોનું નિરૂપણ કર્યું છે. એક બાજુ જિનવરની વાણીની મહત્તા દર્શાવી

છે તો બીજી બાજુ મનુષ્ય ભવની દુર્લભતાની ચર્ચા કરી છે. તો સાથે સાથે પોતાના અવગુણોનો નિર્મળ ભાવે એકરાર કરી પોતાને અનાથ ગણાવી અનાથના સનાથ એવા પ્રભુ મહાવીરની કૃપા યાચી અજર–અમર એવું પદ માંગ્યું છે. આમ કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ ત્રણેનો ત્રિવેણી સંગમ આ સ્તવનમાં તાદૃશ્ય થાય છે.

જૈન પરંપરા અનુસાર આ સંસાર અનાદિ કાળથી સતત ગતિશીલ ચાલતો આવ્યો છે. એનો ન તો ક્યારેય આદિ છે કે ન તો ક્યારેય અંત. પ્રત્યેક જડ-ચેતનનું પરિવર્તન નૈસર્ગિક, ધ્રુવ અને સહજ સ્વભાવ છે. સમસ્ત દૃશ્યમાન જગત મૂળ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે પણ પરિવર્તનશીલ હોવાને લીધે પર્યાયની દૃષ્ટિથી અનિત્ય છે. આગમન-ગમન-પુનરાગમન અને પ્રતિગમનનું ચક્ર અનાદિકાળથી અવિરત ચાલતું આવી રહ્યું છે. સંસારના અપકર્ષ-ઉત્કર્ષમય (સારા-ખરાબ) કાળચક્રને અવસર્પિણી અને ઉત્સર્પિણીકાળની સંજ્ઞા આપવામાં આવી છે. આ સમયે હ્રાસોન્મુખ અવસર્પિણીકાળ ચાલી રહ્યો છે. આ કાળચક્રના છ વિભાગ આરાના નામે ઓળખાય છે. જેમકે ૧. સુષમા-સુષમા, ૨. સુષમ, ૩. સુષમા-દુષમ, ૪. દુષમા-સુષમ, ૫. દુષમ અને ૬. દુષમા-દુષમ. આ સમયે પંચમ આરો ચાલી રહ્યો છે. ત્રીજા, ચોથા આરામાં તીર્થંકરોની હાજરી હોય ત્યારે દેશ બધી રીતે સુખી અને જ્ઞાનની જ્યોતથી પ્રકાશમાન હોય. પરંતુ પાંચમા આરામાં તીર્થંકરની ગેરહાજરી હોવાથી ચારેબાજુ અજ્ઞાનરૂપી અંધકાર હોય, લોકોમાં ધર્મભાવનાનો અભાવ હોય ત્યારે આવી વિષમ પરિસ્થિતિમાં શ્રુતરૂપી દીપક જ્ઞાનનો પ્રકાશ ફેલાવી શકે છે. જિનવરની વાણી જ ચંદન જેવી શીતળતા અર્પે છે.

દેવાધિદેવની અત્થાગમ રૂપે નીકળેલી દેશનાને સહારે દ્વાદશાંગી સૂત્રની રચના કરનાર ગણધર ભગવંતો અને ત્યાર પછી ક્રમશઃ આગમભાવોને વ્યક્ત કરનાર પૂર્વધરો, નિર્યુક્તિકારો, ભાષ્યકારો, ટીકાકારો, વિવેચનકારો યુગની સાથે સમયાનુસાર તાલ મિલાવતા ભાષાવિદો, જન જનતાની પોષકવૃત્તિ, જ્ઞાનામૃત સંસ્કારનું સંવર્ધન કરવા કાળ પ્રમાણે અર્ધમાગધીમાંથી પ્રાકૃત, સંસ્કૃત, હિંદી, ગુજરાતીમાં અનુવાદ કરનારા સમયજ્ઞો, જ્ઞાની આચાર્યોદિ દ્વારા અંગ, ઉપાંગ, પઈન્ના, છેદ, મૂળ, નિર્યુક્તિ, ભાષ્ય આદિ વિવિધ સ્વરૂપે અમૂલ્ય વારસો મળ્યો છે જે આગમ તરીકે ઓળખાય છે.

આમ પૂર્વાચાર્યોએ શ્રમણ સંકૃતિની જ્ઞાનધારા, ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમોનું સંપાદન, સંશોધન, સંવર્ધન અને સંકલન કરી અદ્ભુત યોગદાન આપ્યું છે. આગમનું ચિંતન, સ્વાધ્યાય અને પરિશીલન અજ્ઞાનના અંધારા દૂર કરી જ્ઞાનનો દીપક પ્રગટાવે છે. એવી જિનવીરની વાણી છે.

અહીં હરિભદ્રસૂરિ મહારાજના કથન યાદ આવે છે, 'દુષમકાળના દોષથી દૂષિત અમારા જેવા અનાથ-દુર્ભાગી આત્માઓનું શું થાત? જો અમને જિનેશ્વર દેવોના આગમો ન મળ્યા હોત તો?' જિનવાણી પ્રત્યે આવો જ અહોભાવ પૂ.શ્રી આત્મારામજીએ વ્યક્ત કર્યો છે કે,

*'જિન બાની બિન કૌન થા, મુજને હે દેતા મારગ સાર.'*

આમ તેમણે જિનવરની વાણીની મહત્તાનું સુંદર પ્રતિપાદન કર્યું છે.

**મનુષ્યભવની દુર્લભતા:** આ દુનિયામાં દુર્લભમાં દુર્લભ કોઈ વસ્તુ હોય તો તે માનવભવ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ૧૦/૪ પણ કહ્યું છે,

'दुल्लहे खलु माणुसे भवे, चिरकालेणं व सव्वपाणिणं।
गाढाय विवाग कम्मुणो, समयं गोयमा मा पमायए ।।'

મનુષ્યભવના વિઘાતક કર્મોનો ક્ષય કર્યા વિના ચિરકાલ સુધી મનુષ્ય જીવન મળવું દુર્લભ છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુના જીવોમાં તે જ પર્યાયમાં ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ સુધી વારંવાર જન્મ-મરણ થાય. દ્વિન્દ્રિય, ત્રિન્દ્રિય, ચતુર્રિન્દ્રિય જીવોમાં ઉત્કૃષ્ટતઃ સંખ્યાતકાળ સુધી રહેવું પડે. પંચેન્દ્રિય અવસ્થામાં ૭-૮ ભવો સુધી નિરંતર જન્મ-મરણ થાય. દેવગતિ અને નરકગતિના જીવો એક ભવ કરે, પરંતુ તેમાં પણ અસંખ્ય વર્ષો સુધી રહે. આમ શુભાશુભ કર્મોના કારણે અનંતકાળ સુધી ભવભ્રમણ કરે પછી જ મનુષ્યભવ મળવાનો સંજોગ પ્રાપ્ત થાય છે.

મનુષ્યદેહની પ્રાપ્તિ થવા છતાં પણ મનુષ્યત્વની પ્રાપ્તિ માટે શ્રી સ્થાનાંગ સૂત્રમાં છ બોલની દુર્લભતા દર્શાવી છે. જેમ કે, ૧. મનુષ્યભવ, ૨. આર્યક્ષેત્રમાં જન્મ, ૩. સુકુળમાં ઉત્પત્તિ, ૪. કેવળી પ્રજ્ઞપ્ત ધર્મનું રક્ષણ, ૫. સાંભળેલા ધર્મ ઉપર શ્રદ્ધા અને ૬. ધર્મનું કાયાથી સમ્યક્ આચરણ. આમ મનુષ્યભવ, જૈન કુળમાં જન્મ તો મળે પરંતુ જિનવાણીનું શ્રવણ, સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ આચરણ થવું અતિ દુર્ભલ છે, અતિ કઠિન છે.

આ સ્તવનના રચનાકારના ઉપાસ્ય દેવ પ્રભુ મહાવીર છે. તેમને સખ્ય ભાવે સ્વીકારી પોતાની જાતને સમર્પિત કરે છે. આમ શ્રી આત્મારામજીએ અહીં ભક્તિના પ્રસિદ્ધ નવ પ્રકારોમાંથી સખ્યભાવનું સુંદર નિરૂપણ કર્યું છે. જેમ કે, 'મેરી હે તોરો મોહની દોર' જેવી આત્મિયતા વ્યક્ત કરી પરમાત્માના ચરણોમાં પોતાના દોષો, અવગુણો વગેરેનો શુદ્ધભાવે એકરાર કરી, નિર્મળ બની પોતાના આત્માને સમર્પિત કરે છે. અને પરમ શરણાગતિના ભાવ સાથે કહે છે કે, 'તું તો હે આશા-વિશરામ, તું જ મારો વિશ્રામ છે, આશરો છે.' આમ પૂ. શ્રી આત્મારામજીએ પોતાના હૃદયનો ભક્તિભાવ આ સ્તવન દ્વારા અભિવ્યક્ત કર્યો છે.

ઉપરોક્ત સ્તવનમાં ભાવપક્ષની દૃષ્ટિએ તાત્ત્વિક બોધનું સુંદર સરળ ભાષામા નિરૂપણ થયું છે. તેવી જ રીતે આ સ્તવન કલાપક્ષની દૃષ્ટિએ પણ સાહિત્યિક ગુણોથી સભર છે. વિ. ૧૯મી સદીમાં રચાયેલી આ રચના અનુપમ છે. આ રચનામાં હિંદી ભાષાની છાંટ જોવા મળે છે. અભિધા, લક્ષણા, અને વ્યંજના શબ્દ શક્તિઓના સમુચિત પ્રયોગથી સજીવતા લાગે છે. રચનાકારની ભાષાનું આકર્ષણ, ભાવાભિવ્યક્તિની

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૭૩મું)

# મહાવીર સ્તવના

☐ ડૉ. પુષ્પાબેન નિસર

*[ ડૉ પુષ્પાબહેન નિસરે એમ.એ. ગુજરાતી વિષય સાથે કરી 'જૈન વિશ્વભારતી વિદ્યાપીઠ'માંથી જૈનોલોજી સાથે એમ.એ. કરેલ છે. ત્યાર બાદ 'પ.પૂ. પાર્શ્વચંદ્રસૂરીશ્વરજીનું લક્ષિત સાહિત્ય' વિષય પર સંશોધન કરી પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. વર્તમાનમાં તેઓ 'જૈન પ્રકાશ' તથા 'પગદંડી' પત્રમાં લેખો લખે છે. ]*

**શ્રી મહાવીરસ્વામીનું શુદ્ધ આણાગર્ભિત સ્તવન**

(ક્ષેત્રવિદેહ સોહામણો – દેશીમાં)

*વીર જિણેસર વંદીએ, હરખ ધરી નિસદેસો રે;*
*જેહનું શાસન જગમગે, વરસ સહસ એકવીસો રે. (૧)*
*શ્રી જિન આણ આરાધીએ, દોષ પ્રવાહ ન દીજે રે;*
*ધરમ સોવન જેમ શોભતો, સૂત્ર કસવટિ કસ લીજે રે. (૨)*
*પડિકમણામાંહિ દેવી થુઈ, બીતી ચઉ કોઈ બોલે રે;*
*લાભ ઘણો કહે તેહમાં, ડાહ્યાશા ભણી ડોલે રે. (૩)*
*સમકિત ધારી જે દેવતા, તિણ કારણ કાઉસગ કીજે રે;*
*તે જિન પાસને કાઉસગે, કાંઈ મિથ્યાત કહી જે રે. (૪)*
*અવગ્રહ માણવા કારણે, સુર થુઈ કેમ ભણીજે રે;*
*હરિ હર યક્ષને દેહ રે, રહેતા સાધુ સુણી જે–રે. (૫)*
*ક્ષેત્રહ દેવી જે ચંડિકા, તેહ તણી થુઈ બોલે રે;*
*પડિકમણો અવિધે કરે, નિર્લજ થયાની ટોલે રે. (૬)*
*પંચમી પર્વ સંવત્સરી, કહી શ્રી જગન્નાથો રે;*
*તિણ દિન આરંભ સેવતાં, ઇણ હઠે શું આવે હાથો રે. (૭)*
*સ્વામિ! તુમે સિદ્ધ પધારિયા, મુક્તિ મારગ કોણ દાખે રે;*
*મુનિવર દીસે છે જે જગે, તે સૌ જુઓ જુઓ ભાખે રે. (૮)*
*કોઈ કહે પાખી પુનમે, કોઈ કહે ચૌદશ કીજે રે;*
*મુનિવર બે જિનશાસને, કેહનો કહ્યો કરીજે રે. (૯)*
*પાખી ચૌદશ દિન કહી, પુનમ ભણ્યો ચોમાસો રે;*
*એક દિન બે ન હુવે સહી, સૂયગડ અંગ વિસામો રે. (૧૦)*
*તિણ દિન દેવસી પડિકમે, પડિયા લોક પ્રવાહે રે;*
*ચતુર ચૂક્યા કેમ સૂત્રથી, એમ ફલસે ભવમાં હે રે. (૧૧)*
*પ્રભુ! તુમ આગમ છાંડીને, લાગ્યા છે છઉમત્થ લારો રે;*
*સુખ કેમ પામશે? પ્રાણિયા, ફલશે અનંત સંસારો રે. (૧૨)*
*જિણ તિથે આદિત ઉગમે, તેહ અહોરાત્રી તસુ સંગે રે;*
*શ્રી જિને ભગવતીમાં ભણ્યો, ચંદ પન્નતી ઉવંગે રે. (૧૩)*
*પંચમી સંવત્સરી મૂકતાં, મુનિવર મૂલથી ચૂક્યા રે;*
*વસ્ત્ર ધોવે જયણા કરી, મસ્તકે ઘાલે રે ભૂકા રે. (૧૪)*
*કોઈ કહે અમે શું કરીએ? પૂરવ આચારજ કીધો રે;*
*એમ કહી લોકને ભોળવે, ચારિત્ર જલાંજલિ દીધો રે. (૧૫)*
*શ્રાવક-શ્રાવિકા શિર ઠવે, તંદુલ વાસવ મેલી રે;*
*છલ કરી છેતર્યા જીવડા, ભલી ભલી વાનિય ભેલી રે. (૧૬)*
*જેહની કરીએ પરંપરા, તેહને પાસત્થા જાણે રે;*
*એહ વે પાંખડે જે ગયા, તે ગયા પહેલે ઠાણે રે. (૧૭)*
*રે જીવ! કુમતિ ન રાચીએ, તત્ત્વ વિગત મન આણો રે;*
*શ્રીજિન વીરને તીરથે, દેવ-ગુરુ-ધર્મ પિછાણો રે. (૧૮)*
*અરિહંત દેવ જ આદરો, ગુરુ શ્રી સાધુ વખાણો રે;*
*ધરમ કેવલીનો ભાખિયો, મુક્તિ મારગ એમ જાણો રે. (૧૯)*
*સ્વામી! હું સેવક તાહરો, જખ દેવ્યા નવિ ધ્યાવું રે;*
*હિત કરી પાર ઉતારજો, સિધ્ધ તણા સુખ પાવું રે (૨૦)*
*પ્રવચન મળતો જે જગે, કરે ક્રિયા ગુણવંતો રે;*
*પાર્શ્વચંદ્રસૂરિ એમ કહે, પામે તે સુખ સંતો રે. (૨૧)*

**અઘરા શબ્દોના અર્થ :**

સોવન- સુવર્ણ, છઉમત્થ- છદ્મસ્થ, આણ- આજ્ઞા, થૂઈ-સ્તુતિ, આદિત-સૂર્ય.

**કવિ પરિચય :**

*નાગપુરીય (નાગોરી) બૃહત્ તપાગચ્છના પ્રખર પંડિત આચાર્ય શ્રી સાધુરત્નસૂરિ પાસે. વિ. સં. **૧૫૪૬માં** અક્ષયતૃતીયાના શુભ દિને હમીરપુરના પાર્શ્વચંદ્રકુમાર (ફક્ત ૯ વર્ષની ઉંમરે) દીક્ષા અંગીકાર કરી મુનિ પાર્શ્વચંદ્ર બન્યા. તીવ્ર મેધાવી અને અદ્ભુત પ્રતિભાશાળી મુનિ પાર્શ્વચંદ્રજી સ્વ-પર શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કરી જૈન-અજૈન શાસ્ત્રોમાં પારંગત બની ગયા. વિનય, વિદ્વતા અને વૈરાગ્ય દ્વારા પાર્શ્વચંદ્રજીએ ગુરુદેવની પૂર્ણ કૃપા પ્રાપ્ત કરી, ઉપાધ્યાય પદ માટે યોગ્યતા મેળવી લીધી અને નાગોરી તપાગચ્છાધિપતિ આચાર્યશ્રી સોમરત્નસૂરિજીના હાથે, ૧૭ વર્ષની ઉંમરે, ઉપાધ્યાય પદથી વિભૂષિત થયા. ઉપાધ્યાય બન્યા પછી આત્મસાધના કરવા સાથે ઉપદેશાર્થે જુદા જુદા સ્થળોએ વિચરતા જોયું ને જાણ્યું કે આગમવિહિન આચરણ અને વર્તમાન આચરણ તેમ જ જિનાજ્ઞા પાલનમાં અને સાધુ સંસ્થા દ્વારા ધર્મના પાલનમાં ઘણું જ અંતર રહ્યું હતું. છિન્નભિન્ન અને અસ્તવ્યસ્ત કહી શકાય એવી સ્થિતિમાં જૈન સંઘ મૂકાઈ ગયો હતો. પાર્શ્વચંદ્રજીના અંતરમાં મંથન જાગ્યું અને ગુરુશ્રી સાધુરત્નસૂરિ પાસે ક્રિયોદ્ધારની આજ્ઞા*

*માગી જે ગુરુએ એમને સહર્ષ આપી. વિષમકાળમાં પણ ધર્મના માર્ગની રક્ષા અને શુદ્ધિ એ એમનું જીવનકાર્ય (Mission) થઈ ગયું. ધીમે ધીમે જૈન સમાજના જીજ્ઞાસુ અને મુમુક્ષુ આત્માઓ તેમના પ્રત્યે અને તેમના કથન પ્રત્યે શ્રદ્ધાન્વિત થયા અને એના ફળસ્વરૂપે ક્રિયોધ્ધારના બીજા વર્ષે, જોધપુરનગરમાં એમને આચાર્યપદ પર બિરાજમાન કરવામાં આવ્યા. દરમ્યાન સાહિત્ય ક્ષેત્રે પણ એમનું આગવું પ્રદાન રહ્યું. આમ આચાર્યશ્રી પાર્શ્વચંદ્રસૂરિની બહુમુખી પ્રતિભા, આધ્યાત્મિક ઉચ્ચતા, દિવ્ય શક્તિઓ, સત્ય અને શુદ્ધિના સંરક્ષણ માટે કરેલો ભગીરથ પુરુષાર્થ - આ બધું તેમની અસામાન્યતાને પ્રગટ કરતું હતું. એમના એ વ્યક્તિત્વને પારખીને વિ. સં. ૧૫૯૯માં સલક્ષણપુર સ્થાને શ્રી સોમરત્નસૂરિજીના હસ્તે 'યુગપ્રધાન' પદ અર્પિત થયું. તેમના નામે તેમનો પંથ 'પાર્શ્વચંદ્ર-ગચ્છ' ઓળખાય છે.*

*તેમના સમયકાળ દરમ્યાન સાધ્વાચારમાં શિથિલતા પ્રવર્તતી જોઈ સદા એમનું મન ખિન્ન રહેતું હતું. પ્રભુ મહાવીર રચિત આગમમાં દર્શાવ્યા પ્રમાણે આચારમાં શુદ્ધતા લાવવા સાધુજનોને સમજાવવાનો જબ્બર પ્રયત્ન કર્યો. તે સમયે ચાલતી શિથિલતાની અસર સામાજિક, ધાર્મિક પરિસ્થિતિ પર તેમ જ શ્રાવકોના આચાર પર પણ પડી. જેનું વર્ણન ખિન્ન મને આ સ્તવનમાં કર્યું છે.*

**વિવેચન**

સ્તવનની શરૂઆત વીર જિનેશ્વર પ્રભુ મહાવીર કે જેમનું શાસન ૨૧૦૦૦ વરસ સુધી ચાલવાનું છે તેમને મનમાં હરખ ધરી, વંદન કરતાં કહે છે કે શ્રી જિન પ્રભુની આણ (આજ્ઞા) સ્વીકારીએ, સુવર્ણ જેમ શોભતો ધર્મ અને ધર્મના સૂત્રો બરાબર કસીને, ધ્યાનથી સમજીએ જેથી દોષ પ્રવેશી ન જાય.

ત્યાર બાદ પ્રતિક્રમણમાં પ્રવેશેલા દોષો વિષે (ગાથા ૩ થી ૬) વ્યથા વ્યક્ત કરતાં કહે છે કે-

પ્રતિક્રમણમાં દેવીની સ્તુતિ કરે છે તે એટલા માટે કે એનાથી લાભ થાય છે. અને ડાહ્યાઓ મૂંગા મૂંગા હામી ભરે છે. સમકિત ધારી દેવો માટે કાઉસગ્ગ કરે. ખરેખર તો કાઉસગ્ગ જિનેશ્વરની સ્તુતિ છે. અન્ય માટે કાઉસગ્ગ એ મિથ્યાત્ત્વ છે.

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરી પરમાત્મા તરફ ગતિ કરવી તે. પાપથી પાછા ફરવું, દૂર જવું એ નકારાત્મક ભાવ છે. જ્યારે પરમાત્મા તરફ જવા માટે હકારાત્મક ભાવ આવી જાય તો નકારાત્મક ભાવ આવી જ ન શકે. આમ પરમાત્માનો ધર્મ એ નીરસ ધર્મ નથી પણ સ-રસ ધર્મ છે. આપણે વાસ્તવિક્તામાં એને ની-રસ બનાવી દીધો છે. પછી રસ લાવવા કે જીવંતતા લાવવા માટે ભૌતિક લાભ તરફ મન દોડી જાય છે અને એ માટે દેવીની સ્તુતિ કરાય છે.

એવું જ કાઉસગ્ગનું છે. કાઉસગ્ગ પણ અમુક તમુક દેવો માટે કરે જેથી એમને ભૌતિક લાભ મળી શકે. કાઉસગ્ગ એટલે કાયાનો ઉત્સર્ગ. આત્મા જે કાયાને છોડી દે, બહાર આવી કાયાનું નિરીક્ષણ કરે તો તરત જ ખ્યાલ આવી જાય કે કાયાએ શું ખોટું કર્યું અથવા કયું પાપ કર્યું. જેથી એ પાપને દૂર કરી, ક્ષમાવી, હળવા ફૂલ થઈ પરમાત્મા તરફ જઈ શકાય. ધ્યાન મુદ્રામાં બેસી લોગસ્સ બોલી કાઉસગ્ગ કરીએ પણ મન બહાર હોય તો આખી પ્રક્રિયા યાંત્રિક બની જવાની.

પ્રતિક્રમણ જ્યારે અવિધિથી થાય છે, ભાવ તો ક્યાંય રહેતો નથી ત્યારે એ કેવળ યાંત્રિક પ્રક્રિયા બની જાય છે.

તિથિ વિષે પણ જે મતભેદ પ્રવર્તે છે તે બદલ વ્યથા વ્યક્ત કરતાં (ગાથા ૭ થી ૧૧) કહે છે કે–

સંવત્સરી ચોથની કે પાંચમની? કોઈ પૂનમે પાંખી પાળે તો કોઈ ચૌદશે પાળે. આમ જિનશાસનમાં જ અલગ અલગ મુનિવરોનો મત. આમાં કોનું માનવું ? અગર પાંખી ચૌદશે કરીએ તો ચોમાસી પૂનમના દેવશી પ્રતિક્રમણ. આવું કેમ ચાલે ? સૂયગડઅંગમાં આજ વિમાસણ છે કે એક દિન બે વખત ન થઈ શકે.

એ જ પ્રમાણે ૧૨ અને ૧૩મી ગાથામાં વ્યથા વ્યક્ત કરતાં કવિશ્રી કહે છે, હે પ્રભુ ! તમારો આગમ છોડીને સહુ કોઈ છદ્મસ્થનો લારો કરે છે. પછી તે સુખ કેમ પામશે ? આ બધા જીવો અનંત સંસારમાં ભટકતા રહેશે.

વળી, જે તિથિએ સૂર્ય ઉગ્યો તે જ તિથિ રાત્રે ગણાય. આ શ્રી જિનેશ્વરે ભગવતી સૂત્રમાં કહ્યું છે.

ચોથની સંવત્સરી કરી પાંચમને દિવસે વસ્ત્રો વગેરે ધોઈ પાપારંભ કરે તે યોગ્ય તો નથી જ.

અંતે મનનું સમાધાન કરતાં કહે છે (૧૭-૧૯)

આપણે જેવી પરંપરા પાળીએ છીએ તે પ્રભુ જાણે છે. માટે કુમતિમાં જ ન વ્યસ્ત રહીએ, એને જ ન વળગીએ. શુદ્ધ તત્ત્વને જાણીને પ્રભુ વીરને તીરથ ગણી દેવ-ગુરુ-ધર્મને ઓળખીએ.

ગુણવંતો તો પ્રવચનમાં જે સાર ગ્રહણ કરે છે તે પ્રમાણે જ ક્રિયા કરે છે. શ્રી પાર્શ્વચંદ્રસૂરિ કહે છે કે એ જ જનો સુખને પામે છે.

શ્રી પાર્શ્વચંદ્રસૂરિના આ સ્તવનમાં સરળતા ને સહજતા છે. છતાં પણ ધાર્મિક વિધિઓમાં રહેલી કુઆચાર કે દ્વિઆચાર પ્રથા પર ખેદ વ્યક્ત કરે છે. પ્રભુ મહાવીરે પ્રરૂપેલા સિદ્ધાંતોને આજે મારી મચડીને અનુશાસનમાં જે રીતે પ્રવર્તાવી રહ્યા છે તે બદલ કવિશ્રીને નથી કોઈ રોષ કે નથી આક્રોશ છતાં મનમાં જે ભિન્નતાનો ભાવ છે તે સહજપણે અને એકદમ સરળતાથી આલેખાયો છે.

✶✶✶

ટેલિફોન : ૦૨૨ ૨૪૧૧ ૪૧૧૯.

# ભવિષ્યવાણી

□ ડૉ. રેણુકા પોરવાલ

*[ ડૉ. રેણુકાબહેને 'શ્રીમદ્ બુદ્ધિસાગરજી' વિષય પર પીએચ.ડી. કર્યું છે. મુંબઈ યુનિવર્સિટી જૈન એકેડેમીમાંથી 'ડિપ્લોમા ઇન જૈનિઝમ' તથા ડિપ્લોમા 'ઇન ઇન્ડિયન એસ્થેટિક્સ' કરેલ છે. તેઓ વિઝિટિંગ લેકચરર તરીકે સેવા આપે છે અને જ્ઞાનસત્ર તથા જૈનસાહિત્ય સમારોહમાં અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે. ]*

**ભવિષ્યવાણી**

એક દિન એવો આવશે એક દિન એવો આવશે,
મહાવીરના શબ્દો વડે સ્વાતંત્ર્ય જગમાં થાવશે,
સ્વાતંત્ર્ય જગમં થાવશે.
સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં શુભ દિવ્ય વાદ્યો વાગશે,
બહુ જ્ઞાનવીરો, કર્મવીરો જાગી અન્ય જગાવશે... (૧)
અવતારી વીરો અવતરી કર્તવ્ય નિજ બજાવશે.
અશ્રુ લુહી સૌ જીવનાં શાંતિ ભલી પ્રસરાવશે... (૨)
સહુ દેશમાં, સહુ વર્ણમાં, જ્ઞાનીજનો બહુ ફાવશે,
ઉદ્ધાર કરશે દુખીનો કરુણા ઘણી મન લાવશે... (૩)
સાયન્સની વિદ્યા વડે શોધો ઘણી જ ચલાવાશે,
જે ગુપ્ત તે જાહેરમાં અદ્‌ભુત વાત જણાવશે... (૪)
રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે,
હુન્નર કલા સામ્રાજ્યનું બહુ જોર લોક ધરાવશે.... (૫)
એક ખંડ બીજા ખંડની ખબરો ઘડીમાં આવશે,
ઘરમાં રહ્યા વાતો થશે, પરખંડ ઘર સમ થાવશે... (૬)
એક ન્યાય સર્વે ખંડમાં સ્વાતંત્ર્ય ન્યાયો થાવશે,
બુધ્યબ્ધિ પ્રભુ મહાવીરનાં તત્ત્વો જગતમાં વ્યાપશે... (૭)

(ભાગ-૮, પૃષ્ઠ-૪૨૦-૪૨૧, સંવત ૧૯૭૦, આસો સુદ-૧, રવિવાર)

**□ આ. બુદ્ધિસાગરસૂરિ**

**કવિ પરિચય**

યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજીનો જન્મ વિજાપુરના શીવા પટેલના ઘરે વિ.સં. ૧૯૩૦માં શિવરાત્રીના દિને- મહા વદ ચૌદશે થયો હતો. સંસારી નામ બહેચરદાસ. કિશોર વયે એકવાર રવિસાગરજી મહારાજ સાહેબને ભેંસની અડફટે આવતા બચાવ્યા ત્યારથી તેઓ જૈન સાધુઓના સંપર્કમાં રહેવા લાગ્યા. મહેસાણાની 'યશોવિજય સંસ્કૃત પાઠાશાળા'માં જૈન ધર્મ અને અન્ય ધર્મોના ગ્રંથોનું અધ્યયન કર્યું. ૨૫ વર્ષની ભરયુવાનીમાં દીક્ષા લઈ બુદ્ધિસાગરજી બન્યા. તેમનું આયુષ્ય ફક્ત ૫૧ વર્ષનું હતું. દીક્ષા પર્યાયના ૨૫ વર્ષમાં તેમણે સાહિત્યના દરેક પ્રકારો પર માતબાર કૃતિઓની રચના કરી.

આચાર્યશ્રીએ ધાર્મિક રંગે રંગાયેલા આત્મલક્ષી અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનથી ભરપુર અઢળક સ્તવનો, ગઝલો, ચોવીસીઓ, પદો ઉપરાંત નવીન પરિબળો ઝીલતાં કાવ્યોની રચના કરી. તેઓ પોતે સુધારક વિચારના હતા માટે ગુજરાતી સાહિત્યમાં પ્રસાર પામતી નવી લહેરમાં પોતાની લેખિનીને પણ દાખલ કરી. તેમની પદ્યસૃષ્ટિમાં બે ખંડ કાવ્યો 'સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય' અને 'ભારત સહકાર શિક્ષણ કાવ્ય'માં નદી અને વૃક્ષના સૌંદર્ય પરથી બોધ ગ્રહણ કર્યો છે તો 'કક્કાવલી સુબોધ'માં બારાખડીના અક્ષરો પરથી અઢળક પદોની રચના કરી છે. તેમના બાર ભજનાસંગ્રહોમાં દેશપ્રેમ, શ્રધ્ધાંજલિ, નગર વર્ણન, તીર્થદર્શન, અલખ ફકીરીની મસ્ત ગઝલો વગેરે ગીતો અઢારે આલમના લોકો માણી શકે એવા બિનસંપ્રદાયી છે.

ગુરુદેવે અધ્યાત્મ અને યોગ સાધનાના બળે જીવનમાં અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી. અહર્નિશ ''ૐ અર્હં મહાવીર''ના જાપમાં રમમાણ રહેતા. તેમને પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને વિશ્વમાં ફેલાવવા હતા.

**વિવેચન**

ગુરુદેવ બુદ્ધિસાગરજીએ આઠમા ભજન સંગ્રહમાં અગણિત કાવ્યોનું સર્જન તો કર્યું છે પરંતુ એ સર્વને જાતે જ સરળ શૈલીમાં ભાવ અને વિષયવસ્તુને સ્પષ્ટ કર્યા છે. એમાં ૯૦૦ પૃષ્ઠો છે. એની પ્રસ્તાવના ૬૫ પૃષ્ઠોમાં આલેખી છે જેમાં એમણે પોતાના હૃદયમાં સ્ફુરણા પામતી ભાવ સૃષ્ટિને શબ્દદેહ આપ્યો છે.

પ્રભુ મહાવીરના તેઓ અનુયાયી હતા. તેમણે પોતાના યોગબળથી ભવિષ્ય દર્શન કર્યું હતું. તે સમયે વિશ્વયુદ્ધમાં લાખો માણસોનો સંહાર થયો હતો. આવા સમયે તેમણે પોતાના યોગબળથી ભવિષ્યમાં લોકો કેવી રીતે રહેશે, કોને પ્રાધાન્ય આપશે તથા જ્ઞાનીજનોની શી સ્થિતિ

રહેશે, તેનું અવલોકન કર્યું. વિષય ઘણો ગંભીર અને ગૂઢ હતો છતાં જે યોગબળે સ્પષ્ટ થયું, તેનું સુરેખ આલેખન કાવ્યમાં કર્યું. આજથી સો વર્ષ પહેલાં જેની કલ્પના માત્ર પણ ન હોય એનું વર્ણન કરવું ઘણી હિંમત માંગે છે. આજે એ સર્વ બાબતો સહજ છે.

'ભવિષ્યવાણી' કાવ્યની રચના વર્ષ વિ. સં.૧૯૭૦ આસો સુદ-એકમને દિવસે થઈ હતી અર્થાત આજથી આઠ મહિના પછી એને સો વર્ષ પૂરા થશે.

કાવ્યની ભાષા સરળ સાદી ગુજરાતી છે. એમાં બે ધ્રુવ પંક્તિઓ છોડીને ૭ પદોમાં ૧૪ પંક્તિઓ છે. દરેક પંક્તિને અંતે પ્રાસ-અનુપ્રાસ યુક્ત શબ્દો આવશે... થાવશે... ફાવશે... ધરાવશે... વ્યાપશે... વગેરેની બાંધણી કરી છે. જેથી ગેયમાં સ્વરબધ્ધતા અને લય જળવાઈ રહે.

''એક દિન એવો આવશે... મહાવીરના શબ્દો વડે સ્વાતંત્ર્ય જ્ઞાનવીરો... જગમાં થાવશે....'' (૧)

કવિ કદિ પણ આસપાસના વાતાવરણથી અલિપ્ત રહી શકતો નથી. તે સમયે ગાંધીજી દેશને સ્વતંત્ર કરવા અહિંસક આંદોલન ચલાવતા હતા. તેઓ પ્રભુ મહાવીરના સિદ્ધાંતો અહિંસા, સત્ય, અચૌર્ય, અપરિગ્રહ અને બ્રહ્મચર્યના પ્રખર હિમાયતી હતા. તથા એનો ઉપયોગ ભારત અને બીજા દેશોમાં પણ કર્યો હતો. જ્યારે લોકો સ્વતંત્ર થશે ત્યારે કેટલા ખુશ થશે એ દર્શાવવા કવિએ ''સ્વાતંત્ર્યના શુભ દિવ્ય વાદ્યો વાગશે'' એમ લખીને સંપૂર્ણ વાતાવરણને સંગીતમય બનાવી દીધું. વિશ્વમાં ઘણા જ્ઞાનીજનો અને કર્તવ્યનિષ્ઠ મહાપુરુષો પાકશે જે દીનદુઃખીઓની સેવા સાચા અર્થમાં કરશે.

અવતારી વીરો અવતરી..... શાંતિ....પ્રસરાવશે (૨)

સંપૂર્ણ વિશ્વમાં મહાપુરુષો-વીર પુરુષો સેવાની પ્રવૃત્તિને જ પોતાના જીવનનું ધ્યેય બનાવી ગરીબોના દુઃખદર્દ મિટાડશે. તેઓ દુઃખીજનોને એમના જીવન જરૂરિયાતની વસ્તુઓની વહેંચણી કરશે જેથી તેઓનું જીવન શાંતિમય રહે.

સહુ દેશમાં સહુ વર્ણમાં... કરૂણા ઘણી મન લાવશે.... (૩)

સર્વત્ર વિદ્યા સંસ્થાઓની સ્થાપના થશે જે વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ, પુસ્તકો, વિદ્યાર્થીગૃહો વગેરેની સગવડ કરશે. અહીં તૈયાર થયેલ વિદ્યાર્થી જવાબદાર નાગરિક હોવાથી લોકોની સંપૂર્ણ જરૂરિયાતો જેવી કે શિક્ષણ બીમારીમાં સેવા, રોજગાર વગેરેનું ધ્યાન રાખશે.

સાયન્સની વિદ્યા વડે.... અદ્ભૂત વાત જણાવશે... (૪)

અહીં ગુરૂદેવને તેમની ધ્યાનની પ્રક્રિયા દરમ્યાન વિજ્ઞાનની અવનવી શોધોનો અણસાર પ્રાપ્ત થયો. આ સત્યને તેમણે અહીં ગેમ પ્રકારની શૈલીમાં રજૂ કરી એક ઉદાહરણ પૂરું પાડ્યું કે- જૈન કવિ ફક્ત અગમ-નિગમ, મોક્ષ, તત્ત્વજ્ઞાનની જ વાતો નથી કરતો પરંતુ તેને વિજ્ઞાનમાં થનારી નવી શોધોને પણ ભવિષ્યકથન થકી કહી શકે છે. આજે એવા અદ્યતન મશીનો ઉપલબ્ધ છે જેના વડે શરીરનાં અવયવો કેવી રીતે કાર્ય કરે છે તે જોઈ શકાય છે. મોટા મોટા 'સ્કેનરો' દ્વારા શૂટકેસમાં શું છે તે પણ જોઈ શકાય છે. 'નેટ કેમેરા' દ્વારા ઝવેરી પોતાની દુકાનનું ચિત્ર હર ક્ષણે નિરખી શકે છે. ગુરુદેવના સમયમાં વિજ્ઞાને પોતાની હરણફાળ ભરવાનું ચાલુ કર્યું હતું અને આજે એની પ્રગતિ પુરજોશ પર છે.

રાજા સકળ માનવ... જોર લોક ધરાવશે... (૫)

આ કડીની રચના ગુરુદેવની હિંમત દર્શાવે છે. ગુરુદેવને વડોદરાના રાજા સયાજીરાવ, મહેસાણાના સુબા, માણસાના ઠાકોર બધા સાથે ઘણા સારા સંબંધો હતા. રાજાઓને તેમના રાજપાટ છિનવાઈ જશે અને પ્રજા પોતે જ રાજ કરશે એમ જાહેરમાં વર્ણન કરવું એ નાનીસુની વાત નથી. જૈન સાધુની આ વાત સાંભળીને તે સમયના રજવાડાઓને ખોટું લાગ્યું પણ તેમની કલમ તેજ હતી સત્યથી વેગળી ન થઈ. ભારત દેશમાં તે સમયે ૫૬૨ રજવાડા હતા. એમાં પણ ૨૨૨ જેટલા રજવાડા તો ફક્ત સૌરાષ્ટ્રમાં જ હતા. આજે પ્રજાતંત્ર છે. ગુરુદેવે તે સમયે હુન્નર-કલા વિશે જે લખ્યું તે નવાઈ પમાડે તેવું છે કારણ કે આજે વિશ્વમાં હાથ-વણાટની વસ્તુઓ કમાણીનું સાધન બની છે.

એક ખંડ બીજા ખંડની... પરખંડ ઘર સમ થાવશે... (૬)

પ્રતિ ક્ષણ બનતા બનાવો અને મનુષ્યની દિનચર્યા સકળ વિશ્વમાં વેબકેમેરા, ઇન્ટરનેટ વડે જોઈ શકાય છે. હવે તો રેડિયો અને ટેલિવિઝન કરતાં પણ ઝડપથી કાર્ય કરતાં સાધનોનો વિકાસ થઈ ગયો છે. આપણા દિવાનખંડમાં બેઠા બેઠા અમેરિકામાં બિરાજતી વ્યક્તિઓ સાથે ઘરની જેમ જ વાતચીત કરી શકાય છે. આ કડીમાં ગુરુદેવે ઘણી સહજતાથી આ વાતો આજથી સો વર્ષ પહેલાં નોંધી છે.

એક ન્યાય સર્વે ખંડમાં સ્વાતંત્ર્ય ન્યાયો થાવશે

બુદ્ધબ્ધિ પ્રભુ મહાવીરનાં તત્ત્વો જગતમાં વ્યાપરે... (૭)

પ્રભુ મહાવીર સર્વજ્ઞ હતા. ગુરુદેવને તેમના પ્રત્યે અનેરો ભક્તિભાવ અને શ્રદ્ધા હતા. તેમને પ્રભુના સિદ્ધાંતોના અમલ દ્વારા વિશ્વમાં શાંતિ ફેલાય તેવી આકાંક્ષા હતી. આ કાવ્યની અંતિમ કડી હજી સંપૂર્ણ રીતે અમલમાં આવી નથી. આજે વિશ્વમાં એક ન્યાય વ્યવસ્થા આકાર પામી નથી. જોકે બધા દેશો એકબીજાને ન્યાય જાળવવા માટે સહકાર આપે છે. વિશ્વમાં વૈશ્વિક સમસ્યાઓના નિરાકરણ માટે ઘણી સંસ્થાઓ સ્થપાઈ ચુકી છે. છતાં હજી પ્રભુ મહાવીરના તત્ત્વો-સિધ્ધાંતોના અમલીકરણથી શાંતિ જરૂર સ્થપાશે. આ કાવ્યમાં જૈન કવિની નિર્ભિક કલમનો પરિચય થાય છે.

✶✶✶

મોબાઈલ : ૯૮૨૧૮૭૭૩૨૭

# શ્રી મહાવીર સ્તવન

❑ ડૉ. કેતકીબહેન શાહ

*[ ડૉ. કેતકીબહેન શાહ ઘાટકોપર નિવાસીએ મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓ સ્વયં કવિયિત્રી તથા સંગીતજ્ઞ છે અને તેઓ અનેક કાર્યક્રમમાં સ્વરચિત કાવ્યો સંગીતમય રીતે રજૂ કરે છે. તેઓ છંદોનું જ્ઞાન ધરાવે છે. 'મહાવીર સ્તવના' કાવ્ય તેમણે સ્વરચિત હરિગીત છંદમાં રચીને તેનો આસ્વાદ કરાવ્યો છે. ]*

**મહાવીર સ્તવના**

(હરિગીત છંદ)

(શ્રી આચારાંગ સૂત્રના નવમા અધ્યયનના આધારિત)

**રચયિતા : ડૉ. કેતકી શાહ**

✷ *ત્રિશલાનંદન સિદ્ધારથના વર્ધમાન છે વીરજી,*
*ગોયમાના પ્રિય ભંતે, વહાલા છે ગુરુરાયજી;*
*જિનશાસનમાં સૌથી વધુ કષ્ટો સહ્યા તે જિનજી,*
*પંચાંગભાવે દરેક જૈની નમતા પ્રભુ મહાવીરજી. (૧)*

માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થ રાજાના પનોતા પુત્ર એટલે વર્ધમાન. ગૌતમસ્વામીના ગુરુ એટલે મહાવીર. જેમને ગૌતમસ્વામી 'ભંતે ! ભંતે !' કહી સંબોધતા. તો ભગવાન મહાવીર તેમને 'ગોયમા !' કહી લાડ લડાવતા. જૈનદર્શનના દરેક સંપ્રદાય, પંથ, ફિરકાના લોકો ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરને પંચાંગ-ભાવે વંદન કરે છે. અવસર્પિણીકાળના ૨૪ તીર્થંકરોમાં ૨૩ તીર્થંકરનાં કર્મ એકબાજુ રાખીએ ને એકલાં મહાવીરનાં કર્મ એક બાજુ રાખીએ તો મહાવીરનાં કર્મનો જથ્થો વધારે હતો. માટે સૌથી વધુ કષ્ટ એમને સહન કરવા પડ્યાં. સાચે જ ! કષ્ટ પડે છે કિરતાર થાવા, મુશ્કેલી પડે છે મહાવીર થાવા....

✷ *જિનપ્રરૂપિત ગણધર ગૂંથિત, અંગસૂત્રમાં સ્થાન છે,*
*પ્રથમ અંગ આચારાંગ સૂત્રનું, ગણેશ જેવું માન છે;*
*નવમા અધ્યયને પરમપિતા કેરું શ્રુત ઉપધાન છે,*
*સંકટ પરીષહ ઉપસર્ગો, પ્રભુને મળ્યા વરદાન છે... (૨)*

અર્થરૂપે ભગવાનની દેશનાને ગણધર સૂત્રબદ્ધ કરી અંગસૂત્રની ભેટ ધરે છે. તેમાં પ્રથમ અંગસૂત્ર શ્રી આચારાંગસૂત્રના નવમા અધ્યયનમાં ભગવાનના ઉપધાન શ્રુતનું કથન છે. જેમાં પ્રભુની દીક્ષાથી લઈને કેવળજ્ઞાન પ્રાપ્તિ પહેલાંના જીવનની મુખ્ય ઘટનાઓનો ઉલ્લેખ છે. જેમાં પ્રાયઃ કરીને પ્રતિકૂળ સંયોગોની ભયંકરતાનું ચિત્રણ છે. પ્રભુએ એને વરદાન માન્યા માટે જ એ મુક્તિની વરમાળ બન્યા !....

✷ *સુખે સૂવા તકિયો જે, દ્રવ્ય ઉપધાન થાય છે,*
*જ્ઞાન દર્શન ચારિત્ર તપ જે, ભાવ ઉપધાન ગણાય છે;*
*મલિન વસ્ત્રો પાણી આદિ, દ્રવ્યથી શુદ્ધ થાય છે,*
*કર્મ મલિનતા આત્માની તપ વડે દૂર થાય છે... (૩)*

ઉપધાનનો સામાન્ય અર્થ તકિયો થાય છે–આ દ્રવ્ય ઉપધાન છે. ભાવ ઉપધાન જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ છે. ઉપધાનનો અર્થ ઉપધૂનન પણ કરાય છે. જેમ મેલાં વસ્ત્રો પાણી આદિ દ્રવ્યોથી શુદ્ધ થાય છે, ત્યાં પાણી આદિ દ્રવ્ય ઉપધાન છે. તેમ આત્મા પર લાગેલો કર્મમેલ બાહ્ય અને આભ્યંતર તપથી દૂર થાય છે ને આત્મા શુદ્ધ બની જાય છે. અહીં ઉપધાનનો અર્થ 'તપ' છે. (ઉપધાન શ્રુત એટલે પ્રભુના શ્રીમુખેથી સાંભળેલું વર્ણન)

✷ *માતાપિતાની વિદાય પછી બે વર્ષ ગૃહસ્થી રહ્યા,*
*સચેત ત્યાગ બ્રહ્મચર્ય ને સ્નાનાદિ ત્યાગ નિયમો ગ્રહ્યાં;*
*અવધિ જ્ઞાન દર્શનયુક્ત, વૈરાગ્ય જીવનને લહ્યા,*
*નિર્લેપ ભાવે રહેતા વીરે, સંસારી સુખો તજ્યા.... (૪)*

માતાપિતાના સ્વર્ગવાસ પછી બે વર્ષથી વધારે સમય ભગવાને ગૃહસ્થાશ્રમમાં અનાસક્તભાવે રહીને વૈરાગ્યપૂર્ણ અવસ્થાથી પસાર કર્યો હતો અને એકત્વભાવમાં ઓતપ્રોત રહ્યા હતા.

✷ *હેમંતઋતુમાં દીક્ષા લઈને, શીઘ્ર વિહાર કરતાં,*
*પરંપરાએ દેવદ્રવ્ય વસ્ત્રને, તેરમાસ સુધી ધરતા;*
*દિવ્ય સુગંધિત દ્રવ્ય શરીર વસ્ત્ર ઉપર લાગતાં,*
*સાધિક ચાર માસ ભમરાદિના ડંખ પ્રભુને વાગતા (૫)*

હેમંત ઋતુમાં માગસર વદ ૧૦ના (ગુજરાતી તિથિ અનુસાર કારતક વદ ૧૦) પ્રવ્રજિત થયા. તરત જ ત્યાંથી ક્ષત્રિયકુંડ નગરથી વિહાર કરી ગયા. નહીં તો પૂર્વ પરિચિત સગા-સંબંધીઓ પ્રતિ અનુરાગ અને મોહ પતનના માર્ગે લઈ જવાની સંભાવનાવાળો બને છે. દીક્ષા સમયે ખભા પર નાંખેલા દેવદ્રવ્ય વસ્ત્રને પરંપરાએ ધારણ કર્યું હતું. તેમ છતાં તે વસ્ત્રના ઉપભોગની કોઈ ઈચ્છા ન હતી. તેથી તેઓએ પ્રતિજ્ઞા કરી હતી કે આ વસ્ત્રથી શરીરને ઢાંકીશ નહીં. તેર માસ સુધી તે વસ્ત્રને ધારણ કર્યું. ત્યાર પછી તેનો ત્યાગ કરીને અચેલક બની ગયા.

દીક્ષા સમયે શરીર અને વસ્ત્ર ઉપર લાગેલા દિવ્ય સુગંધિત દ્રવ્યથી ખેંચાઈને ભમરાદિ આદિ ઘણા પ્રાણીઓએ ડંખ દઈને ચાર માસથી અધિક પ્રભુને હેરાન કર્યા હતા.

✷ *નગ્ન વીર જોઈ બાળકો, મારો મારો કહી દોડતા,*
*વળી કામાસક્ત સ્ત્રીઓ, ભોગ માટે હાથ જોડતાં;*
*કર્મબંધનાં કારણો જાણી, ક્યાંયે ના એ ભળતા,*
*મૌન રહી સંયમ ભણી, ધર્મધ્યાનમાં એ વળતા... (૬)*

ભગવાન મહાવીરના ધ્યાનમય જીવનનું અને વિચરણ સમયે બાળકો તથા સ્ત્રીઓના વ્યવહારનું નિરૂપણ છે. તો સામે પક્ષે ભગવાન તેને કર્મબંધનું કારણ ગણી, મૌન રહી, ધ્યાનમાં લીન રહેતા હતા.

✷ *અનાર્ય દેશમાં પુણ્યહીન જન ક્રોધાદિ કારણે કરી,*
*કેશ ખેંચે દંડા મારે, દુષ્ટ ભાવ મનમાં ધરી;*
*ધ્યાનસ્થ મુનિને જોઈ વળી, લોકો કરે વંદન લળી,*
*શરણ કોઈનું ના ઈચ્છે, ગયા મધ્યસ્થ ભાવે ભળી... (૭)*

અનાર્ય પુરુષો દ્વારા અપાયેલાં અત્યંત દુઃસહ્ય કષ્ટોની પરવા કર્યા વિના મુનીન્દ્ર ભગવાન સહન કરવાનું પરાક્રમ કરતા હતા, હર્ષ-શોકથી રહિત બની વિચરતા હતા, તો દુઃખથી દીન બની કોઈનું શરણ ઈચ્છતા નહીં. પરંતુ અદીન અને અશરણ ભાવે પોતાના લક્ષ્યની દિશામાં આગેકૂચ કરતા હતા.

✷ *સર્વ જીવ કર્મે કરી જન્મ મરણ કરતા રહે,*
*પરિગ્રહના કારણે અજ્ઞાની સદા ભમતા ફરે;*
*હિંસા અને સ્ત્રી સંસર્ગ એ કર્મના સ્રોત જાણી રે,*
*કર્મના ઉપાદાનરૂપ પાપોને સઘળા પરિહરે... (૮)*

ભગવાને એ સારી રીતે જાણી લીધું હતું કે સંસારમાં અજ્ઞાની પ્રાણી પરિગ્રહના કારણે કર્મથી લેપાઈને ક્લેશ પામે છે. હિંસા અને સ્ત્રી સંસર્ગથી આવતા કર્માશ્રવને જાણીને તેનાથી સર્વથા નિવૃત્તિના પ્રત્યાખ્યાન કરે છે.

✷ *આહાર વસ્ત્ર શરીર વિષયક દોષ ના રાખ્યો કોઈ,*
*સાધુ જિનકલ્પી બની, બોલે નહીં ચાલે જોઈ;*
*બે ભુજાઓ ફેલાવીને, શિશિરમાં ઠંડી સહે,*
*આગમકાર પ્રભુના જેવું, અનુકરણ કરવા કહે... (૯)*

પ્રભુએ ઈર્યા[૧], ભાષા અને એષણા[૨] સમિતિનું પૂરેપૂરું પાલન કરી કર્મમુક્તિની સાધના કરી હતી. આંખમાં રજકણાદિ પડે તો, તેનું પ્રમાર્જન ન કરવું, શરીરને ક્યારેય ન ખંજવાળવું એવા આકરા નિયમોને પાળ્યા હતા. આગમકાર આવા અપ્રતિજ્ઞ[૩], મહર્ષિ ભગવાન મહાવીરનું અનુકરણ કરવા માટે મુમુક્ષુજન (મોક્ષના અભિલાષી)ને કહે છે.

✷ *ક્યારેક શૂન્ય ખંડેરોંમાં ક્યારેક સભા ભવનમાં,*
*ક્યારેક દુકાન ઝૂંપડીમાં તો, સ્મશાન હોય કે વનમાં;*
*વરસ સાડા બાર કર્યો, અત્યધિક નિદ્રાનો ત્યાગ,*
*ધર્મજાગરણ ચિંતન કરી છોડ્યો મોહ મમતાનો રાગ... (૧૦)*

ભગવાને વિહાર કરતાં જે જે સ્થાનોમાં નિવાસ કર્યો તેનું વર્ણન છે. તે ઉપરાંત ભગવાને સાડાબાર વરસ પ્રકામ એટલે અત્યધિક નિદ્રાનો ત્યાગ કર્યો હતો અને આત્મચિંતન વડે શરીરનો રાગ છોડ્યો હતો.

✷ *મનુષ્ય દેવ તિર્યંચ ઉપસર્ગ આપી કરતા પજવણી,*
*સમતાભાવે સહન કરી સંયમની કરી ઉજવણી;*
*શીતઋતુમાં હિમ પડે, સંન્યાસી શોધે એક ખૂણો,*
*મહામાહણ[૪] મહાવીરે શું શું સહ્યું તે તો સુણો. (૧૧)*

સર્પ, નોળિયા, ગીધ આદિ તિર્યંચ તો ક્યારેક ચોર કે કોટવાળ, કુશીલ પુરુષો હાથમાં ભાલા આદિ શસ્ત્રે કરી પ્રભુને પજવતા હતા. તો પણ સંયમ અનુષ્ઠાનમાં મસ્ત મુનિ મધ્યસ્થ ભાવે મોજ કરતા હતા.

✷ *લાઢ દેશના અનાર્ય લોકો પ્રભુને દંડા મારતા,*
*છુ છુ કરી કૂતરાઓને પ્રભુની પાછળ દોડાવતા;*
*આહાર પણ મળે લુખા સુખા, તીક્ષ્ણ વચનો સુણાવતા,*
*તો યે ક્ષમાવીર નિર્જરાનું કારણ એને ગણાવતા... (૧૨)*

✷ *ગામ બહાર રોકે પ્રભુને, ન આવવા દે ગામમાં,*
*ઢેફાં ઠીકરાં દંડા ભાલા, મારવાના લે કામમાં;*
*શરીરમાંથી માંસ કાપે, ચામડી ઉતરડતા,*
*આસન પરથી દૂર કરી કે ઊંચા ઉઠાવી પછાડતા.... (૧૩)*

ભગવાને સાધના કાળમાં વિશેષ કર્મક્ષય કરવા માટે લાઢ દેશમાં વિચરણ કર્યું હતું. ત્યાં અનાર્ય લોકોના વિવિધ પ્રકારનાં કષ્ટ, ઉપસર્ગો સહન કર્યાં હતાં. ભગવાન એવું ચિંતન કરતા હતા કે કર્મનિર્જરાનાં કારણો લાઢ દેશમાં વધારે ઉપલબ્ધ થશે. માટે કઠિન ક્ષેત્રના કઠોર લોકોના રૂક્ષ વ્યવહાર સામે સમતાની સાધનાને અખંડ રાખી હતી.

✷ *હાથી કે યોદ્ધો વીંધાયે, યુદ્ધના મોરચે અગર,*
*પાછો ફરે ના તે કદી, શત્રુઓને જીત્યા વગર;*
*એમ સંયમ કવચધારી, ઘવાયા પરીષહ સેનાથી,*
*મેરુ સમ ડગ્યા નહીં, ન હાર્યા કદી એ કો'નાથી.... (૧૪)*

સંગ્રામના મોરચે ઊભેલો યોદ્ધો કે હાથી ભાલાદિથી વીંધાઈ જવા છતાં પણ પાછો ફરતો નથી અને યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરે છે તેમ ભગવાને વિકટ પરિસ્થિતિમાં વિજય પ્રાપ્ત કર્યો હતો.

✷ *ઉગ્ર તપસ્વી પ્રભુ મહાવીર કરતા તપ ઉણોદરી,*
*વેદનામાં પણ કદી ઈચ્છા ના ઔષધની કરી;*
*વમન વિરેચન માલિશ ચંપી દંતધોવન ન કરે,*
*વિષયોથી વિરક્ત થઈ ધર્મ-શુકલ ધ્યાને ઠરે... (૧૫)*

✷ *ભરઉનાળે આતાપના, સૂર્યાભિમુખે થઈ વીર લેતા,*
*ભાત, બોરકૂટ અડદ આદિ રૂક્ષ આહાર વાપરતા;*
*પંદર દિન તો છયે માસના, ચૌવિહારા ઉપવાસ રાખતા,*
*મનોજ્ઞ આહાર છોડીને, ઠંડા વાસીને વાપરતા (૧૬)*

ભગવાને તપોનિષ્ઠ જીવનમાં શરીર પરિચર્યાના ત્યાગનો સંકલ્પ કર્યો હતો. તેમની તપ સાધના આહાર પાણીના સ્વૈચ્છિક નિયંત્રણપૂર્વકની હતી. સામાન્ય લોકો પણ ગ્રહણ કરવા ઈચ્છે નહીં તેવો ઉજ્ઝિતધર્મા આહાર અર્થાત્ ફેંકવા યોગ્ય ખાદ્યપદાર્થનું સેવન કર્યું હતું. ભગવાને બે ઉપવાસથી લઈને છ માસ સુધીની તપશ્ચર્યાઓ

ચારે આહારના ત્યાગ સાથે કરી હતી અને ક્યારેય એક ઉપવાસ કે લગાતાર આહાર કર્યો નથી.

*✷ કરે કરાવે પાપ નહીં ને, ના કદી અનુમોદતા,*
*ગૃહસ્થોના ભોજનમાંથી નિર્દોષ આહાર શોધતા;*
*ભૂખ્યા કાગડા પક્ષીઓને ચણતાં જોઈને પ્રભુ,*
*વિઘ્ન ના પડે તેમને એમ ભિક્ષાએ જાતા લીધું... (૧૭)*

*✷ શ્રમણ બ્રાહ્મણ ભિખારી કે ચાંડાલ કૂતરા બિલાડી,*
*ગવેષણા[૫] કરી આહારની, ના કોઈના ભોજનમાં છેદ પાડી;*
*શુષ્ક અને વાસી મળે, ક્યારેક મળે વ્યંજન રસાળ,*
*તન્મય બન્યા સંયમમાં,પ્રભુએ રાખ્યું છે મન વિશાળ... (૧૮)*

અહીં ભગવાનની એષણા સમિતિ અંગે વિશિષ્ટ સાવધાની અને અહિંસક વૃત્તિનું આબેહૂબ વર્ણન છે. તીર્થંકરે પણ સાધક અવસ્થામાં સમિતિ અને ગુપ્તિનાં વિધિ નિયમોની આરાધના કરવાની હોય છે.

*✷ વિવિધ આસનોમાં બેસી, સ્થિર ચિત્તને કરતા,*
*જીવ અજીવ આદિ ત્રણ લોક વિશે, સ્થિત ધ્યાનને ધરતા;*
*વિષયોમાં અનાસક્ત ભાવે, આત્માની શુદ્ધિ કરી,*
*પ્રમાદ દોષ સેવન છોડી, સમ્યક સંયમ આચરી.... (૧૯)*

ધ્યાન માટે ઉક્કડુ, ગોદુહાસન, વીરાસન આદિ આસનોમાં સ્થિત થઈને, ત્રણ લોકના જીવ અજીવાદિ પદાર્થોના દ્રવ્ય-પર્યાય, નિત્યાનિત્યને ધ્યાનનો વિષય બનાવતા હતા અને સંકલ્પ-વિકલ્પોથી દૂર રહીને આત્મસમાધિને સાધતા હતા. ભગવાને ઇન્દ્રિયાદિના વિષયોમાં અમૂર્ચ્છિત બની, કષાયોની ઉપશાંતતા કરી, કર્મ સામે સંયમનો યજ્ઞ માંડ્યો હતો.

*✷ સ્વયં તત્ત્વો જાણી લઈને, ત્રિયોગે રાખી જાગૃતિ,*
*જાવજ્જીવ પાંચ સમિતિ પાળી, ત્રણ ગુપ્તિમાં નિવૃત્તિ;*
*ધર્મધુરંધર વીર પ્રભુની, ના છે કેવળ કલ્પના,*
*અનંતશક્તિનો સ્વામી કરે છે સ્વામી ઉપાસના... (૨૦)*

પ્રભુએ સ્વતઃ તત્ત્વોને સારી રીતે જાણી લીધા હતા કારણ કે તીર્થંકર પરમાત્મા સ્વયંબુદ્ધ હોય છે, તેમને કોઈ ગુરુ હોતા નથી. એવા જૈન ધર્મના શાસનપતિ ભગવાન મહાવીરે, જીવનપર્યંત અપ્રમત્તપણે તપધ્યાનની સાધના સંયમવિધિપૂર્વક કરી. આ કેવળ કલ્પના માત્ર નથી પરંતુ આત્માની અનંતશક્તિનો ઉપયોગ કરી યોગીમાંથી અયોગી બન્યા હતા.

*✷ 'બોલેમિ ભંતે' નહીં પરંતુ 'કરેમિ ભંતે' કરી કહ્યું,*
*સાધકને સાવધાન કરે કહી પોતે જે છે અનુભવ્યું;*
*ગૃહસ્થ કે ગૃહના ત્યાગમાં, ધ્યેયને ના છોડ્યું,*
*દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનું કારણ ના એમને નડ્યું... (૨૧)*

ભગવાન મહાવીરે પોતાના જીવનમાં અનુભવેલી અવસ્થાને સામે રાખી સાધકને સાવચેત કર્યા છે. કોઈ પણ સંયોગોમાં કોઈ બહાનાં કાઢ્યાં ન હતાં. ક્ષમા, અહિંસા, સહનશીલતા, સહિષ્ણુતાના અમોઘ શસ્ત્રે શૂરવીરતાથી લડ્યા અને વર્ધમાનમાંથી વીર અને વીરમાંથી મહાવીર બન્યા.

*✷ દીર્ઘ તપસ્યા એકાંત ધ્યાને સંયમમાં લાગી લગન,*
*કષ્ટ પરીષહ ઉપસર્ગોની, જરી ન અડી એમને અગન;*
*અષ્ટ કર્મને નષ્ટ કર્યા, વીરરસમાં થયા મગન,*
*ગૌરવવંતા જિનશાસનની, ધજા ફરકે ઊંચે ગગન.... (૨૨)*

*✷ અનાદિકાળના પૂર્વ સંસ્કારોને હવે છેદવા,*
*ભવભ્રમણ ચોરાશી ચક્કરોને હવે ભેદવા;*
*ચાર ગતિ ચોવીશ દંડકનાં દુઃખો નથી વેદવા,*
*ગરવા ગુણો દેવાધિદેવના ગાઇએ એ છે દવા... (૨૩)*

*✷ શૂરવીરતાનું પાન કરીએ આપના ગુણગ્રામથી,*
*મુક્તિનો નશો ચડે છે, ભાવભક્તિના જામથી;*
*દોષમય છે મમજીવન ને ક્યાં તારું ઉજ્જવળ કવન ?*
*શ્રદ્ધા છે કે મહાવીર માર્ગે, ટળશે સહુ આવાગમન.... (૨૪)*

ક્યાં મારા વીરપ્રભુનું નિર્મળ જીવન ચરિત્ર ? ને ક્યાં મારા જીવનની કરમ કહાણી ? ક્યાં મારા વીરપ્રભુની પળે પળની જાગૃત્તિ ? ને ક્યાં મારી ક્ષણેક્ષણની પ્રમત્તતા ? તોયે... તોયે... સમ્યક્ શ્રદ્ધા છે કે પરમ સખા પ્રભુ મહાવીર દયા, કરુણાની સખાવત કરી મારી કહાણીનો સુખદ અંત લાવશે....!

ચોવીશમા ચરમ તીર્થંકર ધર્મચક્રવર્તી એવા શ્રમણ ભગવાન મહાવીરની સ્તવના ચોવીશ ગાથા વડે કરીને, ચાર ગતિ, ચોવીશ દંડક અને ચોરાશીના ચક્કરને ચીરવા એક નવો ચીલો ચાતરી, શ્રી આચારાંગ સૂત્રના નવમા અધ્યયનને મારા ક્ષયોપશમ પ્રમાણે હરિગીત છંદમાં ઢાળવાનો પ્રયાસ કર્યો છે. તેમાં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.... ✷ ✷ ✷

**પાદટીપ :**

(૧) ઇર્યા સમિતિ : જયણા રાખી, ઉપયોગ સહિત, ચાર હાથ જેટલું પ્રમાણ જમીન, નજરે જોઈ ચાલવું તે.

(૨) એષણા સમિતિ : સમ્યક્ પ્રકારે નિર્દોષ આહાર, આદિની ગવિષણા કરવી.

(૩) અપ્રતિજ્ઞ : આહાર, નિવાસસ્થાન આદિ અંગે કોઈ અપેક્ષા, સંકલ્પ ન હોવો.

(૪) મહામાહણ : અહિંસક.

(૫) ગવિષણા : શુદ્ધિ-અશુદ્ધિની સાવધાની રાખવી તે.

૫/૫, સ્વામી લીલા શાહ સોસાયટી, ગાર્ડન લેન, સાંગાણી એસ્ટેટ,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : ૨૫૦૦૪૦૧૦; મોબાઈલ : ૯૩૨૩૫૫૬૯૯૯

# સિદ્ધશીલા

❑ સાધ્વી ચૈત્યયશા

[ *તપાગચ્છના સાગર સમ્રાટ નેમિસૂરિ સમુદાયના પ.પૂ. આ. વિજય દેવેશ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્તી પ્રતિબોધકુશલા પ્રવિણાશ્રીજી મહારાજ સાહેબના પ્રશિષ્યા છે. તેમણે જૈન વિશ્વભારતી વિદ્યાપીઠ (લાડનૂ)માંથી એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી અને વર્તમાનમાં તેઓ ડૉ. કલાબહેનના માર્ગદર્શનમાં* ***ઉપાધ્યાય યશોવિજયજીકૃત 'સડસઠ બોલતી સજઝાય'*** *વિષય પર પીએચ.ડી.ની પદવી માટે સંશોધન કાર્ય કરી રહેલ છે.* ]

**શ્રી સિદ્ધ શિલાનું સ્તવન (૨)**

*શ્રી ગૌતમ પૃચ્છા કરે. વિનય કરી શીશ નમાય હો પ્રભુજી; અવિચળ સ્થાનક મેં સુણ્યું, કૃપા કરી મુજને બતાવો હો પ્રભુજી, શિવપુર નગર સોહામણું. ૧.*

*આઠ કરમ અળગાં કરી, સાર્યા આતમકાજ હો પ્રભુજી; છૂટ્યાં સંસારના દુઃખ થકી, તેને રહેવાનું કોણ ઠામ હો પ્રભુજી. શિવપુર. ૨.*

*વીર કહે ઉર્ધ્વ લોકમાં, સિદ્ધ શિલા તસ ઠામ હો ગૌતમ; છવીસા ઉપરે, તેના બાર છે નામ હો ગૌતમ. શિવપુર. ૩.*

*લાખ પીસ્તાલીશ જોજને, લાંબી પહોળી જો જાણ હો ગૌતમ; આઠ જોજન જાડી વચ્ચે, છેડે પાતળી અત્યંત વખાણી હો ગૌતમ. શિવપુર. ૪.*

*અર્જુન સોના માંહે દીપતી, ગઢારી મઢારી જો જાણ હો ગૌતમ; ફટક તણી પરે નિર્મલી, સુંવાળી અત્યંત વખાણી હો ગૌતમ. શિવપુર. ૫.*

*શિલા ઓળંગી આઘે ગયા, અધર રહ્યા છે બિરાજ હો ગૌતમ; અલોકથી જાઇ અડ્યાં, સાર્યા આતમકાજ હો ગૌતમ. શિવપુર.૬.*

*જીહાં જનમ નહિ મરણ નહિ, નહિ જરા નહિ રોગ હો ગૌતમ; વૈરિ નહિ મિત્ર નહિ, નહિ સંજોગ નહિ વિજોગ હો ગૌતમ. શિવપુર.૭.*

*ભૂખ નહિ તૃષા નહિ, નહિ હર્ષ નહિ શોક હો ગૌતમ; કર્મ નહિ કાયા નહિ, નહિ વિષય રસ ભોગ હો ગૌતમ. શિવપુર. ૮.*

*શબ્દ રૂપ રસ ગંધ નહિ, નહિ ફરસ નહિ વેદ હો ગૌતમ; બોલે નહિ ચાલે નહિ, મૌન જીંહા નહિ ખેદ હો ગૌતમ. શિવપુર. ૯.*

*ગામ નગર એકે નહિ, નહિ વસ્તી નહિ ઉજ્જડ હો ગૌતમ; કાળ સુકાળ વર્ત્તે નહિ, નહિ રાતદિન તિથિવાર હો ગૌતમ. શિવપુર. ૧૦.*

*રાજા નહિ પ્રજા નહિ, નહિ ઠાકોર નહિ દાસ હો ગૌતમ; મુક્તિમેં ગુરુ ચેલા નહિ, નહિ લઘુ વડાઇ તાસ હો ગૌતમ. શિવપુર. ૧૧.*

*અનોપમ સુખ ઝીલી રહ્યાં, અરૂપી જ્યોતિ પ્રકાશ હો ગૌતમ; સઘળાને સુખ સારીખા, સઘળાનો અવિચળ વાસ હો ગૌતમ. શિવપુર. ૧૨.*

*અનંતા વ મુક્તે ગયા, ફરી અનંતા જાય હો ગૌતમ; તોયે જગ્યા રૂંધે નહિ, જ્યોતિમેં જ્યોત સમાય હો ગૌતમ. શિવપુર. ૧૩.*

*કેવલજ્ઞાન સહિત છે, કેવલ દર્શન પાસ હો ગૌતમ; ક્ષાયિક સમકિત દીપતાં, કદીય ન હોય ઉદાસ હો ગૌતમ. શિવપુર. ૧૪.*

*એ સિદ્ધ સ્વરૂપ કોઇ ઓળખે, પામે અવિચલ ઠામ હો ગૌતમ; શિવ રમણી વેગે વરે, પામે સુખ અથાગ હો ગૌતમ. શિવપુર. ૧૫.*

**અઘરા શબ્દોના અર્થ :**

પૃચ્છા-પૂછવું, અવિચળ-સ્થિર, ચલયમાન ન થાય તેવું, સાર્યા- પૂર્ણ કર્યા, ઠામ-સ્થાન, જોજને-યોજન, ગઢારી-શિખર, મઢારી- મઢેલા, ફટક-સ્ફટિક, આઘે-દૂર, અધર-અદ્ધર, જાઈ-જઈ (જવાના અર્થમાં), વિજોગ-વિયોગ, ફરસ-સ્પર્શ, કાળ-સુકાળ-અતિવૃષ્ટિ- અનાવૃષ્ટિ, રૂંધે-રૂંધાય, અથાગ-ઘણું બધું, શિવરમણી-મોક્ષસુખ.

**કાવ્યની સમજૂતી કડી પ્રમાણે**

શ્રી ગૌતમ વિનયપૂર્વક મસ્તક નમાવી પ્રશ્ન કરે છે કે હે પ્રભુજી મેં જે અવિચળ સ્થાનક વિષે સાંભળ્યું છે. તે કૃપા કરીને મને બતાવો. હે પ્રભુજી શિવપુર સોહામણું છે. (૧)

આઠ કર્મોને તોડીને આત્માનું કામ કર્યું છે અને સંસારના દુઃખોથી છુટવા અને તેવા જીવોને રહેવાનું સ્થાન કહો પ્રભુજી. (૨)

વીરપ્રભુ કહે છે કે ઉર્ધ્વલોકમાં સિદ્ધશિલા સ્થાન છે. છવ્વીસ સ્વર્ગ છે જેના બાર પ્રકારના નામ છે. શિવપુર નગર સોહામણું છે. (૩)

સિદ્ધશિલા ૪૫ લાખ યોજન લાંબી, પહોળી જાણો અને આઠ જોજન જાડી અને છેડેથી પાતળી અત્યંત વખાણવા લાયક છે. સિદ્ધશિલાના શિખર સોનેથી મઢેલા હોય એવા દીપ્તિવંત છે. (૪)

સ્ફટિક જેવી નિર્મળી, સુંવાળી અત્યંત તેને વખાણી છે. (૫)

શિલા ઓળંગીને ઉપર અડ્યા રહ્યા છે, અલોકથી જઈ અલોક જઈ રહ્યા છે અને આતમકાજ જેમણે સાર્યા છે. (૬)

જ્યાં જન્મ નહીં મરણ નહીં, નથી ઘડપણ નથી રોગ

વૈરી પણ નથી અને મિત્ર પણ નથી, સંયોગ કે વિયોગ પણ નથી (૭)

ભૂખ નથી તરસ નથી, હર્ષ નથી અને શોકપણ નથી

કર્મ નથી શરીર નથી, વિષય રસ ભોગ પણ નથી. (૮)

શબ્દ, રૂપ, રસ, ગંધ નથી, સ્પર્શ નથી વેદ નથી
બોલવાનું કે ચાલવાનું નથી, ખેદ નથી મૌન નથી. (૯)
ગામ, નગર કંઈ નથી, વસ્તી પણ નથી ઉજ્જડ પણ નથી
કાળ, સુકાળ પણ નથી, ત્યાં રાત દિવસ કે તિથિ પણ નથી. (૧૦)
રાજા નથી પ્રજા પણ નથી, ઠાકોર પણ નથી, દાસ પણ નથી. મુક્તિમાં
ગુરુ-ચેલા પણ નથી, ત્યાં નાનું મોટું એવું કંઈ નથી. (૧૧)
અનુપમ સુખ લઈ રહ્યા છે, અરૂપી જ્યોતિ પ્રકાશ
બધાં જીવોને સુખ સરખું છે, બધાનો અવિચળ વાસ છે. (૧૨)
અનંતજીવો મુક્તે ગયા હજી અનંતા જાય છે.
તોય ત્યાં જગ્યા ઓછી નથી, જ્યોતિની અંદર જ્યોતી સમાય છે. (૧૩)
કેવળજ્ઞાન, કેવળદર્શન વાળા છે.
ક્ષાયિક સમકિતથી શોભી રહ્યા છે અને ક્યારે પણ ઉદાસ હોતા નથી. (૧૪)
એવા એ સિદ્ધ સ્વરૂપને કોઈ ઓળખે અને અવિચળ સ્થાનને પામે
શિવરમણી વહેલા વળે અને અથાગ સુખને પામે. (૧૫)

**વિવેચન**

પ્રભુ મહાવીર વર્તમાન સમયમાં અત્યંત ઉપકારી તેમના વિનીત શિષ્ય ગૌતમ બંને વચ્ચે પ્રશ્નોતરી દ્વારા ધર્મ પ્રરૂપાય છે. પ્રભુવીર તો ત્રિકાળજ્ઞાની છે. પણ સાથે ગૌતમ પણ જ્ઞાની તો છે જ. પરંતુ અબુધ જીવોને જ્ઞાન થાય, સરળ રીતે સમજી શકે માટે સર્વજીવોના ઉપકારના હેતુથી પ્રશ્ન પૂછે છે.

એક સમય હતો. ઈન્દ્રભૂતિ ગૌતમ ગર્વ સાથે પ્રભુને હરાવવા આવ્યા હતા. પરંતુ પ્રભુની કરૂણા એટલી ઉત્કૃષ્ટ હતી કે ગૌતમનો અહં ઓગળી ગયો અને સંપૂર્ણપણે પ્રભુને સમર્પિત થઈ ગયા. એવા આ ગૌતમ સ્વામી પ્રભુને પ્રશ્ન કરે છે કે હે પ્રભુ, મેં જે અવિચળ સ્થાન સાંભળ્યું છે તે ક્યું ? આઠ કર્મોને તોડીને આત્માનું કામ ક્યું છે અને સંસારના દુઃખોથી છૂટેલા જીવોને રહેવાનું સ્થાન ક્યું છે ?

અહીંયા આઠ કર્મો એટલે (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અંતરાય.

અહીંયા ઘાતી તથા અઘાતી સર્વ કર્મનો નાશ કરીને અવિચળ સ્થાને જીવ પહોંચે છે.

ઘાતી = જ્ઞાનાવરણીય, મોહનીય, દર્શનાવરણીય, અંતરાય.

અઘાતી = વેદનીય, નામ, આયુષ્ય, ગૌત્ર.

પ્રભુ વીર જણાવે છે કે ઉર્ધ્વલોકમાં સિદ્ધશિલા છે. તે સ્થાને તે જીવો રહે છે. અત્રે કવિ ઉર્ધ્વલોકનું વર્ણન કરતાં ૧૨ દેવલોકનું વર્ણન કરે છે. જેના છવ્વીસ પ્રકારના સ્વર્ગ રહેલા છે. જે આ પ્રમાણે છે.

**ઉર્ધ્વલોકનું વર્ણન :**

મેરુપર્વતની સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન ઉપર તિર્ચ્છાલોક પૂર્ણ થાય છે. તેની ઉપર ઉર્ધ્વલોક છે. જ્યાં વૈમાનિક દેવો વસે છે. દેવો ચાર પ્રકારના છે. (૧) ભવનપતિ, (૨) વાણવ્યંતર, (૩) જ્યોતિષ્ક (૪) વૈમાનિક. ભવનપતિ દેવો તિર્ચ્છાલોકમાં રહે છે. વ્યંતર અને જ્યોતિષ્ક દેવો મધ્યલોકમાં અને વૈમાનિક દેવો ઉર્ધ્વલોકમાં રહે છે. (૧) સૌધર્મ, (૨) ઇશાન, (૩) સનત્કુમાર, (૪) મહેન્દ્ર, (૫) બ્રહ્મ, (૬) લાંતક, (૭) મહા શુક્ર (૮) સહસ્રાર, (૯) આણત (૧૦) પ્રાણત, (૧૧) આટણ, (૧૨) અચ્યુત. તેની ઉપર ૯ ગ્રૈવેયક, તેની ઉપર ચારે દિશામાં વિજય, વિજયંત, જયંત, અપરાજિત વિમાન, તેની મધ્યમાં સર્વાર્થ સિદ્ધ એમ કુલ ૨૬ પ્રકારના છે.

૧૨ દેવલોક + ૯ ગ્રૈવેયક + ૪ + ૧ = ૨૬ ભેદો.

આ દ્વારા કવિએ સિદ્ધશિલાની નીચે શું છે તેનું વિસ્તૃત વર્ણન કર્યું છે. અહીંયા સર્વાર્થ સિદ્ધ વિમાનની ઉપર બાર યોજન ઉપર સિદ્ધશિલા છે.

સિદ્ધશિલા મનુષ્યક્ષેત્ર પ્રમાણ ૪૫ લાખ જોજન વિસ્તારવાળી છે. યોજનની ઉપરના ગાઉના છઠ્ઠા ભાગમાં (૫૩૩ પૂર્ણાંક એકતૃતીયાંશ) લોકગ્રને અડીને સિદ્ધ ભગવાન છે. તેમની સ્થિતિ સાદિ અનંત છે. આઠ યોજન જાડી વચ્ચે અને છેડેથી અત્યંત પાતળી છે. સ્ફટિકના જેવી નિર્મળી છે. સિદ્ધશિલાને ઓળંગીને ઉપર સિદ્ધો અદ્ધર રહ્યા છે. અલોકને જઈ અડે છે.

સિદ્ધશિલાની ઉપર બિરાજમાન સિદ્ધ ભગવંત, જેઓ પોતાના આત્માને નિર્મળ કરી ચૂક્યા છે અને ત્યાંની અવસ્થા પણ કેવી છે. સિદ્ધશિલા ઉપર જન્મ-મરણ નથી, જરા-રોગ નથી. વૈરી-મિત્ર નથી. સંજોગ-વિજોગ નથી. ભૂખ નથી, તૃષા નથી. હર્ષ-શોક નથી, કર્મ-કાયા નથી, વિષયરસ-ભોગ નથી. શબ્દ રૂપ, રસ, ગંધ નથી. સ્પર્શ નથી, વેદ નથી, બોલે-ચાલે નહીં, મૌન-ખેદ નથી. ગામ-નગર નથી, વસ્તી-ઉજ્જડ નથી. કાળ-સુકાળ ત્યાં વર્તતો નથી. રાત-દિવસ-તિથિ નથી. રાજા-પ્રજા નથી, ઠાકોર-દાસ નથી, ગુરુ-શિષ્ય નથી, લઘુ-વડાઈ નથી. આવી સિદ્ધશિલા છે અને ત્યાં બિરાજમાન સિદ્ધો અનુપમ સુખ માણી રહ્યા છે. અરૂપી જ્યોતિ રૂપ છે. બધા જ સિદ્ધોને એકસરખું સુખ છે. બધાને અવિચલ સ્થાન છે. અનંતા મુક્તે ગયા અને હજી અનંતા મુક્તે જશે. પરંતુ ત્યાં જગ્યા ઓછી પડતી નથી. જ્યોતિમાં જ્યોતિ તેમ સિદ્ધો એકબીજામાં સમાઈ જાય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન સહિત ક્ષાયિક સમકિતથી દીપના કદી પણ ઉદાસ નથી હોતી. અહીંયા ક્ષાયિક સમકિત એટલે સર્વ કર્મનો ક્ષય કરીને શુદ્ધ જ્ઞાનને પ્રાપ્ત કર્યું છે. જે આવ્યા પછી કદી જતું નથી એટલે સંપૂર્ણ કેવળજ્ઞાન અવસ્થા.

આગમમાં સિદ્ધોના સ્વરૂપનું વર્ણન કરતાં જણાવે છે કે જેવી રીતે અગ્નિથી બળેલા બીજ ફરી અંકુરિત થતા નથી. તેવી રીતે કર્મરૂપી બીજ ક્ષય થવાથી સિદ્ધોની પણ ફરીથી જન્મોત્પત્તિ થતી નથી. સિદ્ધોની સાદિ અનંત સ્થિતિ છે.

**સિદ્ધ થનારા જીવોની યોગ્યતા**

(૧) **સંઘયણ :** મોક્ષ પ્રાપ્તિની સાધના માટે શરીરની મજબૂતાઈ જરૂરી છે. તે જ એક વજ્રઋષભનારાચ સંઘયણવાળા જીવો જ મોક્ષે જઈ શકે છે. શેષ સંઘયણવાળા સાધક આરાધક દેવગતિમાં જાય છે.

(૨) **સંસ્થાન :** મોક્ષ પ્રાપ્તિની સાધનામાં દેહાકૃતિનું કોઈ મહત્ત્વ નથી તેથી છ સંસ્થાનમાંથી કોઈપણ સંસ્થાનવાળા જીવો મોક્ષે જઈ શકે છે.

(૩) **અવગાહના :** જઘન્ય સાત હાથ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાના જીવો મોક્ષે જઈ શકે છે. તેનાથી અધિક અવગાહના યુગલિક મનુષ્યોમાં જ હોય છે. અને યુગલિકો રત્નત્રયની આરાધના કરી મોક્ષે જઈ શકતા નથી.

(૪) **આયુષ્ય :** જઘન્ય સાધક આઠ વર્ષની ઉંમરવાળા સિદ્ધ થાય છે. આ સ્થિતિ જન્મની અપેક્ષાએ કહી છે. ગર્ભકાળ સહિત ગણતા નવ વર્ષની ઉંમરે સિદ્ધ થાય છે, તેમ કહી શકાય છે. ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ વર્ષના આયુષ્યવાળા જીવો મોક્ષે જઈ શકે છે. તે પણ ગર્ભકાળ સહિત પૂર્ણ ઉંમર સમજવી. ક્રોડ પૂર્વથી આદિ આયુષ્યવાળા યુગલિકો મોક્ષે જતા નથી.

**સિદ્ધશિલા-સિદ્ધશ્રેત્ર :**

આલોકમાં આઠ પૃથ્વી છે. સાત નારક અધલોકમાં અને આઠમી ઈષ્ત પ્રાગ્ભારા પૃથ્વી ઉર્ધ્વલોકમાં છે. સર્વાર્ધસિદ્ધ મહાવિમાનના સર્વોચ્ચ શિખરના અગ્રભાગથી બારયોજનના અંતરે ઈષ્ત પ્રાગ્ભારા પૃથ્વી છે જે સિદ્ધશિલા નામે પ્રસિદ્ધ છે. તે પૃથ્વી પીસ્તાલીસ લાખ યોજના લાંબી અને પહોળી, તેની પરિધિ એક કરોડ, બેંતાલીસ લાખ, ત્રીસ હજાર બસો ઓગણપચાસ (૧,૪૨,૩૦,૨૪૯) યોજનથી પણ થોડી વધારે છે. પૃથ્વી પોતાના બરાબર મધ્યભાગમાં આઠ યોજન ક્ષેત્રમાં આઠ યોજન જાડી છે. જાડાઈમાં ક્રમથી થોડી થોડી ઓછી થતાં અંતિમ કિનારા પર માખીની પાંખથી પણ પાતળી એટલે અંગુલના અસંખ્યાતા ભાગની છે.

તે પૃથ્વી અરીસા જેવી નિર્મળ તથા શ્વેત પુષ્પ, કમળરાલ, જલકણ, બરફ, ગાયનું દૂધ અને મોતીના હારની સમાન શ્વેત સુવર્ણથી અત્યંત અધિક કાંતિમાન છે. સ્ફટિક જેવી સ્વચ્છ, લક્ષણ-કોમળ પરમાણુ સ્કંધોથી બનેલી હોવાથી મુલાયમ સુંદર, લાલિત્ય-યુક્ત, ઘૃષ્ટ સરાણ ઉપર ઘસેલા પથ્થરની જેમ સજાયેલી, ઘસીને લીસી સુંદર બનાવેલી, રજરહિત, મલરહિત, કીચડરહિત, આવરણરહિત, શોભાયુક્ત સુંદર કિરણો અને પ્રભાયુક્ત, ચિત્તને પ્રસન્ન કરનારી, મનમાં વસી જાય તેવી મનમોહક છે.

સિદ્ધશીલા એ શાશ્વત પૃથ્વી છે. તેના બાર નામો છે. (૧) ઈષત્ (૨) ઈષત્પ્રાગ્ભારા, (૩) તનુ, (૪) તનુ તનુ, (૫) સિદ્ધિ, (૬) સિધ્ધાલય, (૭) મુક્તિ, (૮) મુક્તાલય, (૯) લોકાગ્ર, (૧૦) લોકાગ્રસ્તૂપિકા, (૧૧) લોકાગ્રપ્રતિબોધના, (૧૨) સર્વ પ્રાણ. ભૂત, જીવ, સત્વસુખાવદા.

**સિદ્ધક્ષેત્ર**

ઈષિતપ્રાગ્ભારા પૃથ્વીથી ઉપર દેશોનના એક યોજનના આંતરે લોકાન્ત છે. ચાર ગાઉનો એક યોજન થાય છે. તેથી ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી ઉપરના એક યોજનના અંતિમ છેલ્લા ગાઉના છઠ્ઠાભાગમાં સિદ્ધ ભગવંતો સ્થિત થાય છે.

સિદ્ધશિલાના ઉપર તલથી એક યોજન દૂર લોકાન્ત છે. બધી શાશ્વત વસ્તુઓનું પરિમાણ પ્રમાણાંગુલથી મપાય છે. પરંતુ અહીં ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી ઉપરના એક યોજનનું પરિમાણ ઉત્સેઘાંગુલથી છે. ચાર ગતિના જીવોની અવગાહના ઉત્સેઘાંગુલથી મપાય છે. ઉત્સેઘાંગુલની અપેક્ષાએ ૫૦૦ ધનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થાય છે. તે ૫૦૦ ધનુષ્યવાળા મનુષ્યોની સિદ્ધ અવસ્થામાં અવગાહના બે તૃતીયાંશ અર્થાત્ ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ હોય છે. સિદ્ધક્ષેત્ર એક ગાઉના છઠ્ઠા ભાગ પ્રમાણ છે. તેથી તે ગાઉ અને યોજન પણ ઉત્સેઘાંગુલથી છે તેમ સ્પષ્ટ થાય છે. તે ગાઉ અને છઠ્ઠા ભાગનું ગણિત આ પ્રમાણે છે. ૨૪ અંગુલ એક હાથ, ચાર હાથ એટલે ૯૬ અંગુલ = એક ધનુષ અને બે હજાર ધનુષનો એક ગાઉ થાય છે. એક ગાઉનો છઠ્ઠો ભાગ અર્થાત્ ૨૦૦૦ ધનુષનો છઠ્ઠો ભાગ કરતાં ૨૦૦૦ ભાગ્યા ૬ = ૩૩૩ ધનુષ અને ૩૨ અંગુલ થાય છે. આ રીતે સિધ્ધક્ષેત્રનું અને સિદ્ધ આત્માની અવગાહનાનું માપ ઉત્સેઘાંગુલથી થાય છે. તે સ્પષ્ટ થાય છે.

**સિદ્ધોની ગતિ**

(૧) સિદ્ધ જીવોની ગતિ ક્યાં સુધી થાય છે? (૨) સિદ્ધના જીવો ક્યાં સ્થિર થાય છે? (૩) ક્યાં શરીરને છોડે છે? (૪) ક્યાં જઈને સિદ્ધ થાય છે?

(૧) સિદ્ધ જીવોની ગતિ ધર્માસ્તિકાય દ્રવ્યની સહાયતાથી જ થાય છે અને અલોકમાં ધર્માસ્તિકાય દ્રવ્યનો અભાવ હોવાથી ત્યાં જીવની ગતિ થતી નથી. લોકાંતે જ અટકી જાય છે.

(૨) લોકના અગ્રભાગ પર સિદ્ધક્ષેત્રમાં જ સિદ્ધજીવો શાશ્વત-કાળ પર્યંત સ્થિત થઈ જાય છે. અને તેમના સર્વ કર્મનો આત્યંતિક નાશ થયા પછી કર્મજન્ય કોઈ પ્રકારની ગતિની સંભાવના નથી.

(૩) જીવ જ્યારે સિદ્ધ થાય ત્યારે સર્વ કર્મો અને કર્મજન્ય સર્વભાવોને અહીં જ છોડી દે છે. તેથી આ મનુષ્યલોકમાં જ સ્થૂલ ઔદારિક શરીર અને સૂક્ષ્મ તૈજસ-કાર્મણ શરીરનો ત્યાગ કરીને અશરીરી બનીને સિદ્ધ જીવની ગતિ થાય છે.

(૪) જે સમયે કર્મ અને કર્મજન્ય ભાવો છૂટે છે તે સમયે તે જીવ સિદ્ધક્ષેત્રમાં જાય છે, ત્યાં જ તે સિદ્ધ થાય છે. તે જ અશરીરી કે કર્મરહિત અવસ્થાનો પ્રથમ સમય છે. અહીં કર્મ સહિત અને શરીર સહિત

અવસ્થાનો અંતિમ સમય હોય છે.

**સિદ્ધોનું સંસ્થાન અને અવગાહના :**

સિદ્ધ ભગવાન અશરીરી છે. તેથી તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત અરૂપી હોય છે. પરંતુ તેના આત્મપ્રદેશો અસંખ્યાત આકાશ પ્રદેશમાં સ્થિત થાય છે. તે અપેક્ષાએ તેઓની અવગાહનાનું કથન છે કે જીવ જે અંતિમ શરીર છોડીને સિદ્ધ થાય, તે શરીરનો ત્રીજો ભાગ ન્યૂન તેઓની અવગાહના રહે છે અને શરીરનો પોલાણનો ભાગ ઘટી જાય છે. સિદ્ધોની જઘન્ય અવગાહના એક હાથ આઠ અંગુલ અને ઉત્કૃષ્ટ ૩૩૩ ધનુષ ૩૨ અંગુલ હોય છે. તે બન્નેની વચ્ચે મધ્યમ અવગાહના છે.

**સિદ્ધોનું સંસ્થાન :**

સમચતુરસ્ત્ર આદિ છ અને સંસ્થાન, જીવને સંસ્થાન નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. સિદ્ધ ભગવાન સર્વ કર્મોથી મુક્ત છે. તેથી તેમના આત્મપ્રદેશોનું કોઈ ચોક્કસ સંસ્થાન હોતું નથી. પ્રાસંગિક સંસ્થાનોમાંથી એક પણ સંસ્થાન ન હોય તેના માટે સૂત્રકારે અનિત્યંસ્થ સંસ્થાનનું કથન કર્યું છે. જીવ જે શરીરમાંથી સિદ્ધ થાય છે તે અંતિમ શરીરમાંથી ત્રીજો ભાગ ન્યૂન થઈને તે જ આકારમાં આત્મપ્રદેશો અનંતકાલ પર્યંત સ્થિત રહે છે.

**સિદ્ધોની સ્પર્શના :**

જે ક્ષેત્રમાં સિદ્ધ બિરાજમાન છે ત્યાં જન્મ-મરણ રૂપ ભવભ્રમણથી મુક્ત થયેલા અનંત સિદ્ધો છે. તે પરસ્પર અવગાઢ છે. તેઓ લોકના અગ્રભાગને સ્પર્શ કરે છે. અર્થાત લોકાગ્રે રહે છે. પ્રત્યેક સિદ્ધ પોતાના સમસ્ત આત્મપ્રદેશો દ્વારા અનંત સિદ્ધોને પૂર્ણ રૂપે સ્પર્શ કરીને રહ્યા છે. અર્થાત્ સિદ્ધની અવગાહનામાં અનંતસિદ્ધોની અવગાહના છે. એકમાં અનંત અવગાઢ થઈ જાય છે અને તેનાથી પણ અસંખ્યાતગુણા સિદ્ધો એવા હોય છે કે જે દેશ અને પ્રદેશથી એકબીજામાં અવગાઢ હોય છે.

**સિદ્ધાવસ્થા : લક્ષણ અને ગુણ**

સિદ્ધ ભગવાન કર્મજન્ય સ્થૂલ ઔદારિક શરીર અને સૂક્ષ્મ તૈજસ-કાર્મણ શરીરથી સર્વથા મુક્ત હોવાથી અશરીરી હોય છે. સિદ્ધ થતાં પહેલાં જ શૈલેશીકરણ સમયે આત્મપ્રદેશો ઘનીભૂત-નક્કર થઈ જાય છે. તેથી સિદ્ધોને જીવઘન કહ્યા છે. સિદ્ધાત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ ક્રમશઃ સાકાર અને અનાકારોપયોગ યુક્ત હોય છે. જીવ જ્યારે મુક્ત થાય છે ત્યારે કર્મોનો, મિથ્યાજ્ઞાનનો, સમસ્ત વૈભાવિક ભાવોનો નાશ થાય અને અનંત આત્મગુણો પ્રગટ થાય છે. તેમ છતાં સિદ્ધોમાં જ્ઞાન અને દર્શન આ બે ગુણની મુખ્યતા છે. અપેક્ષાએ તેઓ જ્ઞાન દર્શન સહિત તેમ જ સાકાર–અનાકાર ઉપયોગ સહિત છે તે પ્રમાણે કથન કર્યું છે.

કેવળજ્ઞાન દ્વારા ત્રણે કાળના સર્વ પદાર્થોને સંપૂર્ણ રીતે જાણે છે અને કેવળ દર્શન દ્વારા તે પદાર્થોને સંપૂર્ણ રીતે દેખે છે.

**સિદ્ધસુખ**

સિદ્ધોનું સુખ તુલના કે ઉપમા રહિત અતુલ અને અનુપમ છે. સંસારી જીવોનું સુખ વેદનીય કર્મજન્ય છે. તેથી તે નાશવંત છે. તરતમતાવાળું છે. બધા પીડા રહિત છે. પૌદ્‌ગલિક અને પદાર્થ સાપેક્ષ છે. પરંતુ સિદ્ધોનું સુખ આત્મિક છે. સ્વાભાવિક છે. હંમેશા એક સમાન રહે છે. સર્વ પદાર્થોથી નિરપેક્ષ છે અને અનંત કાળ પર્યંત રહેવાનું છે.

**સિદ્ધ થવાની પ્રક્રિયાનું નિરૂપણ :**

**યોગનિરોધ :** આયુષ્યના અંતિમ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત કાલ દરમ્યાન કેવળી ભગવાન યોગનિરોધ કરે છે. સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ નામના શુકલધ્યાનમાં ત્રીજા ચરણમાં પ્રવર્તમાન સાધક સર્વપ્રથમ સ્થૂલ કાયયોગનો આશ્રય લઈને સ્થૂલ વચન યોગ અને મનોયોગને સૂક્ષ્મ બનાવે છે. પછી સૂક્ષ્મ મનોયોગનું આલંબન લઈને સ્થૂળ કાયયોગને સૂક્ષ્મ બનાવે છે. ત્યાર પછી સૂક્ષ્મ કાયયોગના આલંબનથી સૂક્ષ્મ મનોયોગ અને વચનયોગનો નિરોધ કરે છે અને ત્યાર પછી સૂક્ષ્મ કાય યોગનો નિરોધ કરે છે. અંતે અસંખ્યાત સમયમાં શ્વાસોચ્છ્‌વાસનો નિરોધ થઈ જાય છે.

**શૈલેશી અવસ્થા :** યોગનો નિરોધ થતાં જ કેવળી ભગવાન અયોગી તેમ જ શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરે છે. તેમાં આત્મપ્રદેશો સંપૂર્ણતઃ નિષ્કંપ થઈ જાય છે. તેની સ્થિતિ 'અ, ઈ, ઉ, ઋ, લૃ' પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણ કાલપ્રમાણ છે. તે કાલ દરમ્યાન પૂર્વ રચિત ગુણ શ્રેણી પ્રમાણે અનંત કર્મોનો નાશ કરે છે. આ રીતે ચારે અઘાતી કર્મો નાશ પામે છે. ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર છૂટી જાય છે. દેહમુક્ત થયેલો તે આત્મા સિદ્ધ થાય છે. સાકારોપયોગે સિદ્ધ થાય છે. મુક્ત થયેલા જીવને કેવળજ્ઞાન અને કેવળદર્શન તે બે ઉપયોગ હોય છે. તેમાં સિદ્ધ થવાના સમયે અવશ્ય સાકારોપયોગ – કેવળજ્ઞાનનો ઉપયોગ હોય છે; કારણકે કોઈપણ લબ્ધિ કે ઉપલબ્ધિ સાકારોપયોગમાં જ પ્રાપ્ત થાય છે.

**સિદ્ધોના ભેદ :**

सिद्धा पनरस जोया तित्था ऽतित्था- उडई ऽसिद्ध जोण्णां एए संखेवेणं जीव विगप्पा समक्खाया ।।

સંપૂર્ણ કર્મનો ક્ષય કરીને સિદ્ધપણું પ્રાપ્ત કરનારા મુક્ત આત્મા, જેને હવે ફરીથી સંસારમાં આવવાનું નથી તેવા સિદ્ધ ભગવંતોનો વિનય કરવો. તેના પંદર પ્રકાર છે.

(૧) જિનસિદ્ધ, (૨) અજિન સિદ્ધ, (૩) તીર્થ સિદ્ધ, (૪) અતીર્થ સિદ્ધ, (૫) ગૃહસ્થલિંગ સિદ્ધ, (૬) અન્યલિંગ સિદ્ધ, (૭) સ્વલિંગ

સિદ્ધ, (૮) સ્ત્રીલિંગ સિદ્ધ, (૯) પુરુષલિંગ સિદ્ધ, (૧૦) નપુંસકલિંગ સિદ્ધ, (૧૧) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ, (૧૨) સ્વયંબુદ્ધ સિદ્ધ, (૧૩) બુદ્ધ બૌધિત સિદ્ધ, (૧૪) એક સિદ્ધ, (૧૫) અનેક સિદ્ધ.

અહીંયા આ રચનામાં કવિએ પોતાનું નામ **અજ્ઞાત** રાખ્યું છે. પણ અંદર જે વિષય ગુંથ્યો છે તેમાં ખરેખર રચનાકારની ઉચ્ચપ્રકારની ભૂમિકા ઉપસી આવે છે. શાસ્ત્રનો આ ગહન વિષય કાવ્યાત્મક રીતે, સરળ ભાષામાં, અબુધ જીવો સરળતાથી સમજી શકે તેવું વિશિષ્ટ શૈલીથી રચ્યું છે.

સિદ્ધશિલાનું વર્ણન પણ જે કર્યું છે તેમાં વીર અને ગૌતમની **પ્રશ્ન-ઉત્તરની શૈલી** દ્વારા કર્યું છે. પ્રશ્નોત્તરીએ જિજ્ઞાસુ જીવોનો ઉત્સાહ વધે તથા સાથે સંતોષનો અનુભવ થાય.

જૈન શાસનમાં મહાવીર-ગૌતમ ગુરુ-શિષ્ય તરીકે પ્રસિદ્ધ છે. આવા વિનધિ ગૌતમનું પાત્ર લઈને જ્ઞાની હોવા છતાં લઘુતા સરળતા બતાવી છે. સર્વે જાણતાં હોવા છતાં વિનય-વિવેક સમર્પણ ઉત્કૃષ્ટ પ્રકારનું છે. આ રચના દ્વારા ભાવોની વૃદ્ધિ થાય અને પરંપરાએ સિદ્ધશિલામાં સિદ્ધ સ્વરૂપે સ્થાન મેળવે એ જ શુભ ભાવના.

આ રચના વિશે લખતાં - લખતાં આત્માના ભાવો પ્રકૃષ્ટ અને શુદ્ધનાત્મક વળે છે. તો વાંચનાર પણ અવશ્ય વાંચન કરવા સાથે મનન કરતાં કરતાં વિશિષ્ટ સ્પર્શના દ્વારા પરમાત્માના પરમસ્વરૂપને પામે.

જગતના જીવ માત્ર શુભવૃત્તિ દ્વારા પરમ પ્રવૃત્તિથી કર્મોથી નિવૃત્તિ મેળવીને પંચમ ગતિ એટલે કે સિદ્ધગતિને પ્રાપ્ત કરો.

✷ ✷ ✷

મોબાઈલ : ૦૯૩૨૦૯૦૬૧૧૧

## ભવદધિ પાર ઉતારણી

(અનુસંધાન પૃષ્ટ ૬૧થી ચાલુ)

સ્વાભાવિકતા અને પ્રભાવોત્પાદકતા છે. અલંકાર, રસયોજના, સમાસ, શબ્દવૈભવ આદિ રચનાનું સૌન્દર્ય વધારે છે. આ કૃતિ અંત્યાનુપ્રાસમયમાં રચી છે જે એક આગવી વિશેષતા છે. મણિ કાંચનની જેમ ભાવ અને કલાનો વિનિયોગ આ રચનામાં જોવા મળે છે.

**અઘરા શબ્દોના અર્થ:**

ભવદધિ=સંસાર રૂપી સાગર, ભરમ=ભ્રમ, મિથ્યાત=અજ્ઞાન, ગયાન=જ્ઞાન, પ્રદીપ=દીપક, તલિકા=લય, તાલ, તસ્કર=ચોર, આકરો=ઉતાવળિયો, ધીઠો=લુચ્ચો, નિંદક=નિંદા કરવાવાળો, વૈનરસ=શાંતરસ, અગની=ઉનાળો, અગ્નિ, નિધિ=નવ નિધિ, કાર=મર્યાદા, સોહમ=સુધર્માસ્વામી, દુરનયપાસ=અજ્ઞાનના પડળ, જિનબાની=જિનવાણી, ભારતી=સરસ્વતીદેવીનું નામ, જાર્યા=ઝાંખા પડવું, બગસીસ=આશિષ, ઈશ=ઈશ્વર, ગ્યાનહીન=અજ્ઞાની, ગહ ગહે=આનંદ, આનંદ, રોષ=ક્રોધ (ચાર કષાયમાંથી પ્રથમ), વિધુ=ચંદ્ર

**પારિભાષિક શબ્દોના અર્થ :**

૧. દૂષમ=જૈન પરંપરા પ્રમાણે આ અવસર્પિણી કાળના પાંચમા આરાનું નામ દૂષમ આરો છે.

૨. અંગ=તીર્થંકરોની અર્થરૂપ દેશનાને ગણધરો સૂત્રબદ્ધ કરે તે અંગ સૂત્ર અથવા મૂળ સૂત્ર. તે દ્વાદશાંગી કહેવાય છે. અંગસૂત્રો બાર છે. આચારાંગ, સૂત્રકૃતાંગ આદિ.

૩. ઉપાંગ=અંગ સૂત્રો (મૂળ સૂત્રો)ને આધારે પૂર્વધર સ્થવિરો રચે તે ઉપાંગ સૂત્ર કહેવાય, ઉપાંગ સૂત્રો પણ બાર છે. ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ આદિ.

૪. પયન્ના : પયન્ના અર્થાત્ પ્રકીર્ણ. જેનો અર્થ છૂટા છૂટા વિષયો અંગેનું લખાણ, પૂર્તિરૂપ લખાણ. પ્રાચીન મત અનુસાર અંગ સિવાયનું સમગ્ર સાહિત્ય પ્રકીર્ણ ગણાતું. શ્વેતાંબર પરંપરામાં ૧૦ પયન્નાઓનો ઉલ્લેખ છે. તેમાં ચઉસરમ આદિ દસ સૂત્રો મુખ્ય છે.

૫. છેદ સૂત્રો : જેમાં ચારિત્રાદિ-મૂલગુણાદિમાં લાગેલા અતિક્રમાદિ દોષોને શુદ્ધ કરીને ચારિત્રાદિ ટકાવવાના ઉપાયો વર્ણવવામાં આવ્યા છે. નિશીથ સૂત્ર, દશાશ્રુતસ્કંધ સૂત્ર આદિ છ છેદસૂત્રો છે.

૬. મૂળ સૂત્રો=જે આગમોમાં આચાર સંબંધી મૂળગુણોનું નિરૂપણ છે અને શ્રમણની જીવનચર્યામાં જે મૂળરૂપે સહાયક બને છે તે મૂળસૂત્ર છે. દશ વૈકાલિક, આવશ્યક સૂત્ર આદિ ચાર સૂત્રો છે.

૭. નિર્યુક્તિ : જેમાં સૂત્રોના શબ્દોને છૂટા પાડી, સૂત્રના અર્થને યથાર્થ રીતે વિસ્તારથી યુક્તિપૂર્વક યોજવામાં આવે તેવી રચનાને નિર્યુક્તિ કહે છે.

૮. ભાષ્ય=નિર્યુક્તિના આધારે નિર્યુક્તિમાં કહેલ તત્ત્વોને વિસ્તૃત રૂપે સમજાવાય તેવી રચનાને ભાષ્ય કહે છે.

૯. ચૂર્ણિ=ભાષ્યના અર્થ પણ સરળ કરીને સમજાવે તેવી રચના.

૧૦. વૃત્તિ=જેમાં સૂત્રોના રહસ્યોને સરળતાપૂર્વક અને સહેલાઈથી સમજાવાય તેવી રચનાને વૃત્તિ કહે છે.

૧૧. ગણધર=તીર્થંકર ભગવંતો પોતાની દેશનામાં અર્થરૂપે ત્રિપદીનો ઉપદેશ આપે છે ત્યારે દીક્ષિત થનાર શિષ્યોમાંથી કેટલાક વિશિષ્ટ બુદ્ધિના ધારક સુયોગ્ય જીવોને દ્વાદશાંગીના બાર સૂત્રોનું જ્ઞાન થઈ જાય છે. જેને ગણધર પદે સ્થાપિત કરાય છે.

રચનાકારે રચનાની સાલ ઉખાણા રૂપે મૂકી છે. તેનો ઉકેલ શોધવા પ્રયાસ કર્યો છે. વિધુ=ચદ્ર=૧, નિધિ=નવનિધિનો ૯, અગની=અગ્નિ, ઉનાળો. મુખ્ય ત્રણ અગ્નિ, ક્રોધાગ્નિ, જઠરાગ્નિ અને અગ્નિ, એટલે ૩ અને રોષ=ક્રોધ (ચાર કષાયનો પ્રથમ કષાય)=૧. આમ સં. ૧૯૩૧ બને અથવા ૧૯૨૧ (ઉનાળો અર્થ લઈએ તો બીજી ઋતુ=૨) થાય.

✷ ✷ ✷

F/૩૦૨, ગુંડેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨.
મોબાઈલ : ૯૮૯૨૮૨૮૧૯૬.

# મહાવીર ચાલીસા

❑ ડૉ. હંસા એસ. શાહ

*[ડૉ. હંસાબેન એસ. શાહે તત્ત્વજ્ઞાન-ફિલોસોફીના વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેઓ જ્ઞાનસત્ર-સાહિત્ય સમારોહમાં અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે. જૈન તત્ત્વજ્ઞાન તથા સાહિત્યના ક્ષેત્રે તેઓ સંશોધનકાર્ય કરે છે.]*

**श्री महावीर चालीसा**

*शीश नवाँ अरिहन्त को, सिद्धान करुं प्रणाम ।*
*उपाध्याय आचार्य का ले सुखकारी नाम ।।*
*सर्व साधु और सरस्वती, जिन मन्दिर सुखकार ।*
*महावीर भगवान को, मन मन्दिर में धार ।।*
*जय महावीर दयालु स्वामी, वीर प्रभु तुम जग में नामी ।*
*वर्धमान है नाम तुम्हारा, लगे हृदय को प्यारा, प्यारा ।।*
*शांत छवि और मोहनी मूरत, शान हसीली सोनी सूरत ।*
*तुमने वेष दिगम्बर धारा, कर्म शत्रु भी तुम से हारा ।।*
*क्रोध, मान और लोभ भगाया, माया मोह ने तुम से डर खाया।*
*तू सर्वज्ञ, सर्व का ज्ञाता, तुझ को दुनिया से क्या नाता।।*
*तुझ में नहीं राग और द्वेष, वीतराग तू हितोपदेश ।*
*तेरा नाम जगत में सच्चा, दिसको जाने बच्चा बच्चा ।।*
*भूत प्रेत तुम से डर खावें, व्यन्तर, राक्षस सब भग जावें ।*
*महा व्याध मारी न सतावे, महा विकराल काल डर खावे ।।*
*काला नाग हो या फेन धारी, या हो शेर भयंकर भारी ।*
*ना हो कोई बचानेवाला, स्वामी तुम्ही करो प्रतिपाला ।।*
*अग्नि दावानल सुलग रही हो, तेज हवा से भडक रही हो ।*
*नाम तुम्हारा सब दुःख खोवे, आग एकदम ठण्डी होवे ।।*
*हिंसामय था भारत सारा, तब तुमने किया निस्तारा ।*
*जन्म लिया कुण्डलपुर नगरी, हुई सुखी सब प्रजा सगरी ।।*
*सिद्धारथजी पिता तुम्हारे, त्रिशला के आँखों के तारे ।।*
*छोड सभी झंझट संसारी, स्वामी हुए बाल ब्रह्मचारी ।।*
*पंचमकाल महा दुःख दाई, चाँदनपुर महिमा दिखलाई ।*
*टीले में अतिशय दिखलाया, एक गाय का दूध गिराया ।।*
*सोच हुआ मन में ग्वाल के, पहुँचा एक पावडा लेके ।*
*सारा टीला खोद बगाया, तब तुमने दर्शन दिखलाया ।।*
*जोधराज को दुःख ने घेरा, उसने नाम जपा जब तेरा।*
*ठंडा हुआ तोप का गोला, तब सबने जयकारा बोला ।।*
*मंत्री ने मंदिर बनवाया, राजा ने भी दुप लगाया ।*
*बडी धर्मशाला बनवाई, तुम को लाने को ठहराई ।।*
*तुमने तोडी बीसों गाडी, पहिया मसला नहीं अगाडी।*
*ग्वाले ने जो हाथ लगाया, फिर तो रथ चलता ही पाया ।।*
*पहेले दिन वैशाख वदी के, रथ जाता है तीर नदी के ।*
*मीना गूजर सब ही आते, नाच कूद सब चित्त उमगाते।।*
*स्वामी तुमने प्रेम निभाया, ग्वाले का तुम नाम बढाया ।*
*हाथ लग ग्वाले का जब ही, स्वामी रथ चलता है तब ही ।।*
*मेरी है टूटी सी नैया, तुम बिन कोई नहीं खिवैया ।*
*मुझ पर स्वामी जरा कृपा कर, मैं हूं प्रभु तुम्हारा चाकर ।।*
*तुमसे मैं अब कुछ नहीं चाहूँ, जन्म जन्म तेरे दर्शन पाउँ।*
*चालीसे को 'चन्द्र' बनावे, वीर प्रभु को शीश नमावे ।।*

**।। सोरठा ।।**

*नित चालीसाहिं बार, पाठ करे चालीस दिन ।*
*खेय सुगन्ध अपार, वर्धमान के सामने ।।*
*होय कुबेर समान, जन्म दरिद्री होय जो ।*
*जिसके नहिं सन्तान, नाम वंश जग में चले ।।*
*जाप ऊं ह्रीं अर्हं श्री महावीराय नम :*

**'મહાવીર ચાલીસા'**

'ચાલીસા' એ ભક્તિ ગીતોનો એક પ્રકાર છે. બે લાઈનની એક ગાથા, એમ ૨૦ ગાથામાં કાવ્ય બન્યું છે. વીસ ગાથા એટલે ચાલીસ લાઈન થઈ. તેથી તેનું નામ 'ચાલીસા' રાખવામાં આવ્યું. શરૂઆતના ચાર લાઈનના દોહામાં પ્રભુને પ્રણામ કરી, કાવ્યની શરૂઆત થાય છે.

'ચાલીસા'નો ઇતિહાસ તપાસીએ તો સોળમી સદીમાં (કેટલાક અઢારમી કે ઓગણીસમી સદી કહે છે) થઈ ગયેલા સંત-કવિ ગોસ્વામી તુલસીદાસજીએ લખેલા 'હનુમાન ચાલીસા'નો ઉલ્લેખ નજર સમક્ષ આવે છે. તેમણે લખેલા આ ચાલીસાના ઇતિહાસમાંથી બે જુદી વાત મળી આવે છે.

એક માન્યતા અનુસાર તુલસીદાસજી રોજ સવારના લોટામાં પાણી લઈ વારાણસીના જંગલમાં જતાં. જંગલમાંથી બહાર નીકળતાં છેલ્લે જે પાણી લોટામાં વધ્યું હોય તે ઝાડને પાઈ દેતા. એ ઝાડમાં પ્રેત રહેતો હતો. કહેવાય છે કે પ્રેત હંમેશાં તરસ્યા હોય છે. તેથી આ ઝાડને જ્યારે પાણી મળતું ત્યારે આ પ્રેત ધરાઈને પાણી પીતો અને સંતોષ અનુભવતો.

એક દિવસ પાણી પીધાં પછી પ્રેત ઝાડમાંથી બહાર તુલસીદાસજી પાસે પ્રકટ થયો. કહેવા લાગ્યો તમારું પાણી પી હું સંતોષ અનુભવું

છું, તમે કોઈ વરદાન માંગો. તુલસીદાસજીએ વરદાન માંગવાની પહેલાં તો ના પાડી. પછી પ્રેતની સતત આજીજીથી તેમણે ઈચ્છા વ્યક્ત કરી કે મારે રામને મળવું છે. આ વાત સાંભળી પ્રેત ખુશ થયો અને કહ્યું કે, હું તમને રામના દર્શન નહીં કરાવી શકું. પણ તમારી કથામાં જે ફાટેલાં તૂટેલાં કપડામાં કુષ્ઠરોગી પહેલો આવે છે અને છેલ્લો જાય છે તે તમને રામના દર્શન કરાવી શકશે. તે જ હનુમાન છે.

આ સાંભળી બીજા દિવસે પહેલો આવનાર કુષ્ઠરોગીને જોઈ તુલસીદાસજીએ તેમને નમન કરી કહ્યું કે હું આપને ઓળખું છું. મારી તમને વિનંતિ છે કે તમે તમારું અસલી રૂપ પ્રકટ કરો. બહુ કહ્યા પછી કહેવાય છે કે હનુમાનજીએ તેમને પ્રત્યક્ષ દર્શન આપ્યા. એ પછી તેમણે હનુમાન ચાલીસા લખ્યા. આજે પણ વારાણસીમાં જે જગ્યાએ હનુમાન મંદિર છે તે તુલસીદાસજીને હનુમાન દર્શન થયેલા તે જ જગ્યા પર તેમણે બંધાવેલું છે.

બીજી વાત પ્રમાણે હરિદ્વારના કુંભમેળામાં તુલસીદાસજીએ સમાધિ અવસ્થામાં હનુમાન ચાલીસા લખ્યા છે એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે.

કેટલાક વિદ્વાનોનું એવું પણ માનવું છે કે હનુમાન ચાલીસા તેમની રચના નથી. આમ ચાલીસા લખવાની શરૂઆત કોણે કરી અને ક્યાંથી થઈ તેનો ઇતિહાસ મેળવવો જરૂરી છે.

જૈનોમાં 'ચાલીસા' લખવાની શરૂઆત ક્યારથી થઈ તેનો પણ ઇતિહાસ મેળવવો જરૂરી છે. કહેવાય છે કે ઉત્તર હિન્દુસ્તાનમાં 'હનુમાન ચાલીસા'ના પાઠ મંગળવારે ને શનિવારે લાખો હિંદુઓ કરે છે. તેમની અસરથી જૈનોમાં 'ચાલીસા' લખવા શરૂ થયા હોય, તે પણ છેલ્લા દસથી પંદર વર્ષની અંદર, એ ન માનવાને કોઈ કારણ નથી.

આ 'મહાવીર ચાલીસા' લખનાર કવિએ છેલ્લે ટૂંકમાં 'ચન્દ્ર' એવું નામ આપ્યું છે. હિન્દીમાં લખનાર આ ચાલીસાના કવિ દિગંબર જૈન હશે, એમ તેમણે જ્યારે આ કાવ્યમાં કહ્યું કે મહાવીર બાળ બ્રહ્મચારી છે. શ્વેતાંબર જૈનની માન્યતા અનુસાર મહાવીર બ્રહ્મચારી નહોતા. બીજું આ ચાલીસાના કવિ 'ચન્દ્ર' કોણ છે, ક્યારે અને ક્યાં તેમણે આ કાવ્ય લખ્યું તેનો ઇતિહાસ મેળવવો જરૂરી છે. આ બાબતમાં જેને પણ માહિતી હોય તેઓને અમને મોકલવા વિનંતી.

આગળ કહ્યું તેમ ચાલીસ લીટીમાં લખેલા કાવ્યને ચાલીસા નામ આપ્યું છે. પહેલી ચાર લાઈનની ગાથા કવિ 'નમોકાર મંત્ર'થી શરૂ કરે છે. 'અરિહંત, સિદ્ધ, ઉપાધ્યાય, આચાર્ય અને સર્વ સાધુ'ને વંદન કરી, સરસ્વતી દેવીને પ્રણામ કરી, જિન મંદિર જ સુખકારી છે એ કહે છે.

આપણે જાણીએ છીએ કે જૈન પરંપરામાં 'નમોકાર મંત્ર'ને મહામંત્ર કહ્યો છે. કહેવાય છે કે મંત્રની આસપાસ જ ધર્મનું આખું ભવન નિર્મિત થાય છે. આજનું ધ્વનિ-વિજ્ઞાન (Sound-Electronics) પણ આ વાત કબૂલે છે કે મંત્રોનો ઉચ્ચારરૂપી ધ્વનિ અનંત આકાશમાં સંગ્રહિત થઈ, ક્યારેય નષ્ટ નથી થતો.

'નમોકાર મંત્ર'નો વિચાર વૈજ્ઞાનિક દૃષ્ટિથી કરીએ. કારણ આજના યુવાન વર્ગને ધર્માભિમુખ કરવા હોય તો ધર્મને તર્ક અને વિજ્ઞાનની કસોટીમાંથી પાર કરી તેનું મહત્ત્વ સમજાવવું રહ્યું. વાત એમ છે કેઃ

રશિયન વૈજ્ઞાનિક કિરિલિયાને તેની ત્રીસ વર્ષની જહેમત પછી હાઈ ફ્રીક્વન્સી ફોટોગ્રાફીનો વિકાસ કર્યો. એક બહુ જ સંવેદનશીલ પ્લેટ પર આ કેમેરાથી ચિત્ર લેવાય છે. આ કેમેરાથી જે માનવીનો ફોટો લેવાય, તેમાં તેના એકલાનું જ ચિત્ર નથી ઉપસતું, પરંતુ તેની આસપાસ જે વિદ્યુત કિરણો બહાર નીકળી રહ્યા છે તેનું પણ ચિત્ર સાથે આવે છે. એથી એ વાત પુરવાર થાય છે કે આપણે એકલા નથી ચાલતા, આપણી સાથે આપણી આસપાસ આપણું વિદ્યુત ક્ષેત્ર (Electro-dynamic Field) આપણે એને 'આભા મંડળ' કહીએ છીએ, તે પણ આપણી સાથે જ રહે છે. આશ્ચર્યની વાત તો એ છે કે ફોટો લેતી વખતે જો તે માણસ મંગળ ભાવનાથી, શુભ વિચારોથી અને આનંદિત હોય, તો કિરણોની પ્રતિકૃતિ લયબદ્ધ, સુંદર, સાનુપાતિક અને વ્યવસ્થિત દેખાય છે. પણ જો તે નિષેધાત્મક વિચારોથી ભરેલો હોય તો તેની આસપાસની વિદ્યુત કિરણોની પ્રતિકૃતિ અત્યંત રુગ્ણ, અસ્વસ્થ, વેરવિખેર, અરાજક અને વિક્ષિપ્ત આવે છે.

આવા અરિહંતોની પાછળ લયબદ્ધ, સુંદર, સાનુપાતિક અને વ્યવસ્થિત આભામંડળ-વિદ્યુતક્ષેત્ર-(electro-dynamic field) હોય જ એ આ કિરિલિયાનનો કેમેરો સાબિત કરી આપે છે.

'નમોકાર' એ વિરાટ નમસ્કાર છે. નમસ્કાર દુનિયાના બધા જ અરિહંતોને છે. વિશ્વના કોઈ બીજા ધર્મમાં આવો સર્વાંગીણ સર્વસ્પર્શી, મહામંત્ર વિકસિત નથી થયો. એનું એક કારણ એ છે કે આ મંત્ર વ્યક્તિ કેન્દ્રિત નથી, એટલે કે મહાવીર, પાર્શ્વનાથ કે જૈન પરંપરાનું પણ નામ નથી. આ પરંપરા સ્વીકારે છે કે બધા જ અરિહંત થઈ શકે છે. એ વ્યક્તિ નહીં પણ શક્તિ તરફ ધ્યાન આપે છે. આ મંત્રના રૂપ પર ધ્યાન નથી, જે અરૂપ સત્તા છે તેના તરફ ધ્યાન છે. તે બધાને જ નમસ્કાર છે જેઓ આ મંજિલ પર પહોંચી ગયા છે. ખરેખર તો આ મંજિલને નમસ્કાર છે.

તેથી જ તો કવિ ચોથી લાઈનમાં કહે છે કે આ મંજિલ પર પહોંચેલા 'મહાવીર ભગવાન કો મન મંદિર મેં ધાર.'

મહાવીર એક ખૂબ લાંબી સંસ્કૃતિના અંતિમ વ્યક્તિ–વ્યક્તિત્વ હતા. જેણે જૈન પરંપરાની આખરી ઊંચાઈ (ચોવીસમા તીર્થંકરની) સર કરી.

મહાવીરના ગુણગાન ગાતાં કવિ પાંચમી લાઈનમાં કહે છે કે, 'જય મહાવીર દયાળુ સ્વામી, વીર પ્રભુ તમે જગમાં નામી.'

મહાવીરને દયાળુ એટલા માટે કહ્યા છે કે તેમણે જે કંઈ મેળવ્યું છે

તે દરેકે દરેક જીવ મેળવી શકે છે. તેમણે રસ્તો બતાવતાં કહ્યું કે તમારે જે મેળવવું છે તે આજથી જ જોવાનું શરૂ કરી દો. આપણે અરિહંતપણું મેળવવું છે તો એને જોવાની, એની ભાવના કરવાની, એની આકાંક્ષા અને અભીપ્સા તરફ આપણે ડગલાં ભરવાનું શરૂ કરવું જોઈએ. એટલે કે 'અરિહંતા મંગલ' એમ કહેવાનું શરૂ કરશો કે તરત જ અરિહંત બનવાની તમારી યાત્રા શરૂ થઈ જશે. મોટામાં મોટી યાત્રા પણ નાના નાના પગલાંથી જ શરૂ થાય છે. પહેલું પગલું તે મંગળની ધારણા.

મંગળની ભાવના હૃદયને જન્મ આપવાનું કામ કરે છે. મહાવીર સારી રીતે જાણે છે કે જે શ્રેષ્ઠતમ છે તે જ મંગળ છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને જેઓએ જાણ્યું છે, તેમના દ્વારા સમજાવાયેલો, પ્રરૂપિત ધર્મ જ મંગલ છે. આવી રીતે તેઓ દયાળુ હતા. તેથી જ જગમાં તેઓ નામી છે.

આમ જોવા જાવ તો મહાવીરનો માર્ગ સાહસ અને આક્રમણનો છે. આ માર્ગ પુરુષને પ્રસ્થાપિત કરી સાહસ, અસુરક્ષા અને અભયમાં લઈ જવાનો છે. તેઓ બીજા પર નિર્ભર રહેવાનું નથી કહેતા. વૃક્ષ જેવા છે. એટલે જ શીખ મેળવવા જેવી છે કે 'મા'ની આંગળી છોડી ભયાનક અને નિર્જન માર્ગ પર એકલા જ જાવ. બધી આપત્તિઓ અને બાધા સાથે ઝઝૂમી અંતે તમારા ગંતવ્ય સ્થળ પર તમારે જ પહોંચવાનું છે. કોઈ તમને મદદ કરનાર નથી. ભગવાન પણ નહીં.

કવિ મહાવીરના બાહ્ય શરીરના ગુણગાન ગાતાં કહે છે કે, 'શાંત છવિ ઔર મોહની મૂરત, શાન હસીલી સોની મૂરત.' મહાવીરનું મુખ શાંત અને પ્રફુલ્લિત છે. સુદૃઢ દેહ સોના જેવો ચમકતો છે.

મુખ પર શાંતતા અને પ્રફુલ્લિતપણું ત્યારે જ આવે જ્યારે માનવ સંયમી અને તપસ્વી હોય. મહાવીર સંયમી અને તપસ્વી હતા. સંયમ અને તપસ્યા દ્વારા તેમણે કર્મશત્રુઓનો નાશ કર્યો. અહીંયા આપણે વિચાર એ કરવાનો છે કે સંયમ અને તપસ્યા એટલે શું ?

પહેલાં આપણે સંયમ વિશે વિચારીએ. આપણી ભાષામાં સંયમ એટલે પોતાની જાત સાથે લડતો માણસ. એટલે કે આપણે ક્રોધને દબાવવો પડે છે, જેને માટે તાકાત વાપરવી પડે છે. માનસ-શાસ્ત્રીઓના કહેવા પ્રમાણે જે મનથી ક્રોધ અને એવા ભાવો દબાવવા પ્રયત્ન કરે છે ત્યારે તે કમજોર બે રીતે બની જાય છે. શારીરિક અને માનસિક રીતે. વખત પૂરતું માનસિક ભાવને દબાવવા પ્રયત્ન કરીએ એ સ્વાભાવિક છે. પણ તે હંમેશ માટે દબાયેલા નથી રહેતા. આપણી તાકાત અને એવા સંજોગો ઊભા થશે તો ભૂતકાળને યાદ કરી ફરીથી એ ઊભરો આવશે અને તે આપોઆપ વહેવા લાગશે.

પણ ના, મહાવીરના સંયમનો અર્થ થાય છે પોતાની જાત સાથે લડતો નહીં, પણ જાત સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરતો માણસ, તેને જ સંયમી કહી શકાય. તેમની દૃષ્ટિએ દરેક માનવી આત્મવાન છે. જ્યારે તેની શક્તિ સ્વયંમાં જ હોય ત્યારે વૃત્તિઓ સાથે તેને લડવું નથી પડતું. તેનાથી વિરુદ્ધ, આત્મવાન વ્યક્તિઓ સામે નીચું માથું રાખી ઊભી રહે છે. એટલે અહીંયા સંયમનો અર્થ 'દમન' નથી કરવાનો, પણ સંયમનો અર્થ `tranquility' એટલે એટલી શાંતિ કે જેનાથી અવિચલિતપણું, નિષ્કંપપણું અને સ્થિતપ્રજ્ઞતા આવે. તેને જ સંયમી કહેવાય.

હવે, મહાવીર તપસ્વી હતા, તેનો વિચાર કરીએ. તપસ્યાનો સામાન્ય અર્થ થાય છે અન્ન ત્યાગ. જૈનોમાં તેને ઉપવાસ કહે છે.

જૈન સમાજ માટે એમ કહેવાય છે કે જૈનો ભરપેટ ભોજન કરી શકે તેટલી તેઓમાં ક્ષમતા છે, એટલે કે સમાજમાં બહુ થોડા જ અથવા નગણ્ય કદી શકાય તેટલા દરિદ્રી છે. તેથી જ જૈનોમાં ઉપવાસ કે અનશનનો મહિમા છે. આપણે જોઈએ છીએ કે કેટલાક સમાજમાં ધાર્મિક તહેવારોમાં સારું સારું ભોજન કરવાનો શીરસ્તો છે. જ્યારે તેનાથી ઊલટું જૈન સમાજના ધાર્મિક તહેવારોમાં ઉપવાસ કરવાનું કહ્યું છે. આ ઉપરથી સમજાય છે કે મહાવીરની દૃષ્ટિએ ઉપવાસ એટલે રસમુક્તિ થવી જોઈએ. અને જો રસમુક્તિ થાય તો જ મન શાંત અને સુદૃઢ બની શકે. પણ આજના જૈન સમાજમાં ઉપવાસ પછીની વિરુદ્ધ જ પ્રણાલી પ્રદર્શિત થતી દેખાય છે.

તેથી જ કવિ આગળ વધતાં કહે છે કે મહાવીર! તમારાથી તો કર્મશત્રુ હાર્યા, માન, લોભને તમે ભગાડ્યા, માયા અને મોહ તમારાથી ડર્યા. તમે જ સર્વજ્ઞ છો અને સર્વના જ્ઞાતા છો. તમારે દુનિયાથી શું નિસ્બત ? તમે જ વીતરાગતાનો હિતોપદેશ બધાને આપ્યો.

આગળ જતાં કવિ મહાવીરને થયેલાં ઉપસર્ગોનું ટૂંકમાં અને સરળ શબ્દોમાં વર્ણન કરતાં કહે છે કે ભૂત, પ્રેત તમારાથી ડર્યા, વ્યન્તર, રાક્ષસ બધા જ ભાગી ગયા. કાળો નાગ હોય કે ફેણધારી, કે ભયંકર સિંહ હોય, કોઈ બચાવવાવાળું ન હોય, પણ સ્વામી તમે જ પ્રતિપાલક છો. દાવાનળ અગ્નિ સળગી રહ્યો હોય, તેજ હવાથી અગ્નિ ચારે બાજુ ફેલાતો હોય, તમારું નામ દેવા માત્રથી જ બધાના દુઃખ દૂર થાય છે અને આગ એકદમ ઠરી જાય છે.

કવિએ કહ્યું કે-'તેરા નામ જગમેં સચ્ચા, જિસકો જાણે બચ્ચા બચ્ચા.'

મહાવીરે ધર્મની પરિભાષા આપી છે. ધર્મ એટલે સ્વભાવ. સ્વભાવને જાણવો એ જ સાધ્ય. તે જ ધર્મ છે. સ્વભાવ જાણવાનું સાધન મહાવીરે અહિંસા, સંયમ ને તપનું આપ્યું. કદાચ આખા જગતમાં મહાવીર સિવાય ત્રણ શબ્દોનું નાનું સૂત્ર કોઈ બીજી વ્યક્તિએ આપ્યું નથી. ધર્મ પ્રાપ્તિનું સાધન મહાવીરે એ ક જ બતાવ્યું અને તે 'અહિંસા'.

કન્ફ્યુશિયસ લાઓત્સેને મળવા ગયા ત્યારે એમણે પૂછ્યું, 'ધર્મને પ્રાપ્ત થવાનો ઉપાય બતાવો.' લાઓત્સેએ કહ્યું, 'ધર્મને લાવવાનો ઉપાય ત્યારે જ કરવો પડે જ્યારે અધર્મ આવી ચૂક્યો હોય. તમે અધર્મને

છોડવાનો ઉપાય કરશો તો ધર્મ એની મેળે આવી જશે. સ્વાસ્થ્ય લાવવાનો કોઈ ઉપાય થઈ શકતો નથી. બિમારીને છોડવાનો, ઉપાય થઈ શકે છે. બિમારીથી છૂટી જાવ ને જે બચે છે તે સ્વાસ્થ્ય છે.'

મહાવીરની ગૌરવગાથા કરતાં કવિએ કહ્યું કે ભારત જ્યારે હિંસામય હતું, ત્યારે તમે જ તેનો નિસ્તાર કર્યો.

મહાવીર માટે પ્રાણમાત્રનું મૂલ્ય હતું. તરત જ પ્રશ્ન એ ઊઠશે કે મહાવીર જ્યારે રસ્તા પરથી પસાર થયા હોય અને કોઈની હત્યા થઈ રહી હોય, ત્યારે તેમણે એ હત્યા રોકવા શું કર્યું હશે? અહીંયા જ મહાવીરની અને આપણી થઈ રહી ક્રિયા જોવાની દૃષ્ટિ અલગ છે. એનો ભેદ સમજવાની કોશિશ કરીએ.

આપણી વાત કરીએ તો આપણે કોઈને મરાતું જોઈએ છીએ ત્યારે આપણે મારનાર વ્યક્તિને જ જવાબદાર ગણીએ છીએ. માર ખાનાર નિર્દોષ છે, કારણ આપણી દયા અને કરુણા મારા ખાનાર પ્રત્યે છે.

મહાવીરની બાબતમાં આ પ્રસંગમાં બે રીતે વિચાર કરી શકાય. એક તો ફિલસૂફીની ને બીજી કર્મની દૃષ્ટિથી.

ફિલસૂફીની દૃષ્ટિથી વિચારીએ તો તેમણે કહ્યું છે કે જીવનનું તત્ત્વ છે તેને કોઈ મારી શકતું નથી. તેથી મરાઈ રહ્યો છે તે તેના કોઈ ભવના ફળ ભોગવી રહ્યો છે. અથવા મારનાર જ પોતાના કોઈ કર્મનું ફળ ભોગવતો હોય અથવા તે કદાચ નવા કર્મ બાંધતો હોય!

બીજી રીતે વિચાર કરીએ તો, તેમણે કદાચ મારતાં રોક્યો હશે તો પણ તેઓ કોઈને કહેશે નહીં કે મેં મારનારને રોક્યો હતો. તેઓ કદાચ એમ કહેશે કે મેં જોયું કે હત્યા થવાની છે અને મેં એ પણ જોયું કે મારા શરીરે એ કાર્યને રોક્યું; અને હું માત્ર એનો સાક્ષી રહ્યો. આમ તેઓ માત્ર સાક્ષી બની રહેશે. એટલે કે કર્મ (હત્યા કરતાં રોક્યો)ની બહાર રહે. જે કાંઈ એ કરે છે તે બધું પ્રયોજન રહિત, ધ્યેય રહિત, ફળ રહિત, વિચાર રહિત, શૂન્યમાંથી ઉદ્ભવેલું કર્મ છે. તેમણે જે કંઈ કર્યું એ તેમનું કૃત્ય ન હતું, એ માત્ર ઘટના–happening હતી. જે કંઈ બની રહ્યું હતું તેને તેઓ સાક્ષી ભાવે જોઈ રહ્યા હતા.

ઇતિહાસમાં મહાવીર વિશે એવો એક પણ દાખલો નથી મળતો કે મહાવીરે જાતે જઈ વિરોધ પ્રદર્શિત કર્યો હોય. દા. ત. યજ્ઞમાં થતી હિંસાને રોકવા મહાવીર યજ્ઞવેદી પાસે જઈ, વિરોધ કરી, યજ્ઞ બંધ કરાવ્યો હોત.

આ જ વાત પુરવાર કરે છે કે હિંસામય ભારતને અહિંસામય બનાવવા મહાવીરે એ રીતે સમજાવ્યું હોય કે માનવીએ વાસનાગ્રસ્ત નહીં પણ વાસનામુક્ત બનવું જોઈએ. ત્યાં સુધી સમજાવ્યું કે મોક્ષ મેળવવાની તમારી વાસના હશે તો તમારી અહિંસા પણ હિંસક બની જશે.

એક માન્યતા એવી છે કે કોઈ સંતનો જન્મ થયા તો તેની આસપાસ અને જે નગરીમાં જન્મ થવાનો હોય તે નગરીના લોકો સુખી થાય. આ જ વાત કવિ કહે છે કે કુણ્ડલપુરમાં તમારો જન્મ થયો ને નગરી સુખી થઈ, પિતા સિદ્ધારથ અને માતા ત્રિશલાના આંખોના તારા થયા. તમે સંસારની ઝંઝટ છોડી બાળ બ્રહ્મચારી બન્યા. પાંચમો આરો બહુ જ દુઃખદાયી છે. મહાવીરના ચમત્કારોની વાત કરતાં કવિ દાખલાઓ આપે છે કે ચાંદણપુરમાં તમે તમારો મહિમા બતાવ્યો. પર્વતની એક જગ્યા પર (ટેકરી પર) એક ગાયે દૂધની ધારા કરી. ગાયોને ચરાવતા ગોવાળે આ જોયું. વિચાર કરી પાવડો લાવી આખી ટેકરી ખોદી નાંખી પણ કાંઈ ન મળ્યું. ત્યારે તમે તેને દર્શન આપ્યા.

બીજા ચમત્કારની વાત કરતાં કવિ વર્ણવે છે કે જોધરાજ (રાજા કે મંત્રી?)ના રાજ્ય પર બીજા રાજ્યે તોપના ગોળા છોડવા માંડ્યા. આ જોઈ (મંત્રી કે રાજાને) બહુ દુઃખ થયું. (મંત્રી કે રાજાએ) શ્રદ્ધાપૂર્વક તમારો જાપ કર્યો. પરિણામે તોપના ગોળા શાંત થયા. યુદ્ધ શમી ગયું. પછી મંત્રીએ મંદિર બંધાવ્યું ને મંદિરને રાજાએ કાચથી શણગાર્યું. મોટી ધર્મશાળા બંધાવી. આ બધાનું કારણ તમને (પ્રભુને) ત્યાં પ્રસ્થાપિત કરવા.

ત્રીજા ચમત્કારનું વર્ણન કવિએ એ રીતે કર્યું છે કે પ્રભુએ વીસ ગાડીના પૈડાંને તોડી નાંખ્યા. તેથી તે ગાડીઓએ આગળ ચાલવા મચક ન આપી. પણ જેવો ગોવાળે રથને હાથ લગાડ્યો કે રથ ચાલતો થયો.

મેળાનું વર્ણન કરતાં કવિ કહે છે કે વૈશાખ વદી એકમને દિવસે તમારી રથયાત્રા નદીને કિનારે જાય છે. એ રથયાત્રામાં મીના, ગુર્જર બધા જ આવે છે. નાચી, ગાઈ તમારી ગુણગાથા ગાય છે. સ્વામી તમે તો તમારો પ્રેમ નિભાવ્યો અને ગોવાળોનું નામ કીર્તિમાન કર્યું. કહેવાય છે કે જ્યારે પણ આ દિવસે રથયાત્રા નીકળે છે ત્યારે ગોવાળ હાથ લગાવે ત્યારે જ તમારો રથ ચાલવા માંડે છે.

સમર્પણ ભાવ બતાવતાં કવિ છેલ્લે કહે છે કે હે પ્રભુ! મારી તમને વિનંતી છે કે તમારા વગર મારી તૂટતી નૈયાને પાર કરનાર કોઈ નથી. હે સ્વામી! મારા પર દયા કરો. હું તમારો ચાકર છું. મારે તમારી પાસેથી કંઈ જ નથી જોઈતું. ફક્ત એટલું જ કે હું જન્મોજન્મ તમારા દર્શન કરું. આમ આ ચાલીસાના અંતની લીટીમાં કવિ પોતાનું નામ 'ચન્દ્ર' બતાવે છે અને વીર પ્રભુને નમન કરે છે.

અંતના 'સોરઠા' દુહાના પ્રકારમાં કવિ અંગૂલી નિર્દેશ કરી કહે છે કે, જે કોઈ દિવસના ચાલીસ વાર, એમ ચાલીસ દિવસ સુધી આ પાઠ કરશે તો તેને લાભ થશે. જો દરિદ્રી હશે, તો કુબેર સમાન બનશે, જે સંતાનહિન હશે તો તેને સંતાનની પ્રાપ્તિ થશે ને દુનિયામાં તેનો વંશ આગળ વધશે.'

જાપનો મંત્ર છે-'ૐ હ્રીં અર્હં શ્રી મહાવીરાય નમઃ' ✷ ✷ ✷

૨૦૨, સોમા ટાવર, ગુલમહોર સોસાયટી, ચીકુવાડી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨. મો. ૯૮૧૯૭૨૦૩૯૮.

# મહાવીર સ્વામી જીવન દર્શન

**☐ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી**

પચ્ચીસો વરસો પૂર્વે એક પૂંજ પ્રકાશ તણો પ્રગટ્યો
જુગ જૂનો અંધકાર વિદારતો ભારત-ભાગ્ય રવિ ચમક્યો,
કોયલ–મોર કરે કલશોર ને વાયુ વસંતનો વાઈ રહ્યો
ક્ષત્રિયકુંડની કુંજમહી ત્રિશલા-કૂખે પુત્રનો જન્મ થયો.

બાળને લાડ લડાવતી માવડી ઘોડિયાની દોરી ખેંચતી'તી
સૂર મધુર મધુર સુણાવીને ઉરના અમૃત સિંચતી'તી,
'વીર થજે, ગંભીર થજે તું' આશિષ એવી આપતી'તી
લળી લળી નિજ લાલના લોચન વ્હાલ ભરીને નિહાળતી'તી.

પુત્રના લક્ષણ પારણેથી પળવાર મહીં પરખાઈ ગયાં
બાળવયે વર્ધમાનકુમાર તો મહાવીર નામે પંકાઈ ગયા,
એક દી' સાપને દેખીને સાથીઓ બાપ રે બાપ પોકાર કરે
કાળ ભયંકર ભાળ્યો છતાં ભયભીત થયા વિણ હાથ ધરે!

રૂપ પિશાચનું ધારીને દેવતા વીરને ઊંચકી પીઠ ધરે
નાનડો બહાદુર બાળકુમાર આ દેવને મુષ્ઠિ-પ્રહાર કરે!
આમ અનેક પરાક્રમ કરતાં કિશોરમાંથી યુવાન બને
માત-પિતાના માનને ખાતર દેવી યશોદાનો હાથ ગ્રહે.

વૈભવમાં એનો વાસ છતાં યે જળ-કમળની જેમ રહે
ભોગી છતાં યે જોગીની જેમ જ રાગી થતાં ય વિરાગી રહે!
સર્પની કાંચળી માફક એક દી' આ સંસારનો ત્યાગ કરે
મ્હેલ-મ્હેલાતોમાં વસનારો હવે જંગલ જંગલ વાસ કરે!

ઘોર અરણ્યે ઘૂમતો જાતો જોગી આ પગપાળો
માન મળે અપમાન મળે કે આપે ભલે કોઈ ગાળો!
મારગ એનો જંગલ-ઝાડી ને કંટક ઝાંખરાવાળો
કંઈ કંઈ વેળા સાથમાં રે'તો મંખલીપુત્ર ગોશાળા!

આફત ને ઉપસર્ગની ફોજની ફોજ તેને પડકારતી'તી
આંધી-તોફાનને વીજ કડાકે કુદરત પણ લલકારતી'તી!
દેવ ને દાનવ, ને વળી માનવ, પશુપંખી કંઈ ડંખી રહ્યાં
હસતે મુખડે તો ય મહાવીર સહુનું મંગલ ઝંખી રહ્યાં.

દુઃખથી લેશ નહિ ડરનાર એ સામેથી દુઃખને ડારતો'તો
સુખની શીતળ છાંય તજીને દાવાનળે ડગ માંડતો'તો
પ્હાડનાં પ્હાડ તૂટ્યાં પણ એ પડછંદ બની ધીર ધારતો'તો
સહાય કરવા ઈંદ્ર આવ્યા ત્યારે ઈંદ્રને પણ વારતો'તો

ઘોર અંધકાર સંકટ વચ્ચે આતમ-સાધના ચાલતી'તી
ઝેર હળાહળ ઘૂંટ ગળી જઈ આંખ અમી વરસાવતી'તી!
પ્રેમની પાવનધાર નિરંતર પાપીના પાપ પખાળતી'તી
સ્નેહ–કરુણાની ભાવના એની ડૂબતાં વ્હાણ ઉગારતી'તી!

ચંડકોશી જેવા ભીષણ નાગને નાથવા વીર વિહાર કરે
ઝેર ભર્યાં કંઈ ડંખ દીધાં તો યે એને ઉપરથી પ્યાર કરે!
ભાન ભૂલી ભરવાડ ભલેને કાનમાં ખીલા પ્રહાર કરે
આતમ-ભાવને ઓળખનારો દેહની ના દરકાર કરે.

એક દી' શિષ્ય બનેલ ગોશાળો ગુરુને ભાંડતો ગાળો
સર્વજ્ઞ છું હું મહાવીર જેવો એવો કર્યો એણે ચાળો!
તોજોલેશ્યા છોડી ને પ્રગટાવી ભીષણ ઝાળો
વીરને બદલે ભીષણ આગમાં બળી રહ્યો ગોશાળો!

ક્ષમા તણા ભંડાર પ્રભુજી મારે એને પણ તારે
ચંદ્ર સરિખા શીતળ વેણ કહીને બળતાંને ઠારે
કંઈ કંઈ દિવસ-માસ તણા ઉપવાસ કરી વ્રત ધારે
ચંદનબાળાની જેમ પીડાતી અબળા કંઈક ઉગારે.

ગૌતમ જેવા પંડિતોને સત્યનો પંથ બતાવ્યો
ક્ષેણિક જેવા રાજવીઓને ધર્મનો મર્મ સુણાવ્યો.
રોહિણી જેવા ચોર-કુટિલોને મુક્તિનો માર્ગ દેખાડ્યો!
મેઘકુમાર સમાન જુવાનોને જીવન-મંત્ર સુઝાડ્યો.

તે સમે ધર્મને નામે ખરેખર પાખંડીઓનું રાજ હતું
યજ્ઞ મહીં નિર્દોષ બિચારાં પશુઓનું બલિદાન થતું!
કંચન-કામીની કાજ કંઈ કેટલાઓનું લોહી રેડાઈ જતું
દંભ ને દાનવતા દેખીને દિલ એનું વલોવાઈ જતું!

ગંગાના નિર્મળ નીર સરિખી પાવનકારી વાણી
હિંસાની બળતી આગમાં જાણે છાંટે શીતળ પાણી
એને ચરણે આવીને ઝૂકે કંઈ રાજા કંઈ રાણી
સિંહ ને બકરી, વેર વિસારી સ્નેહ રહ્યાં છે માણી!

સાડા બાર વરસ સુધી એણે ઘોર તપસ્યા સાધી
આતમ-ધ્યાનમાં લાગી રે'તી શાંત અને સ્થિત સમાધિ
સંસારનાં રોગ પારખ્યાં એણે કેવળજ્ઞાનને સાધી
ઔષધિ દીધી કે દૂર ટળે સૌ આધિ-વ્યાધિ-ઉપાધિ!

જાણી લીધું કે જીવનયાત્રા થવા આવી હવે પૂરી
વિહારનો કરી અંત પ્રભુજી આવી વસ્યા પાવાપુરી
અંતિમ શ્વાસ સુધી તો એમણે અખંડ દેશના દીધી
આસો અમાસની રાતને ટાણે નિર્વાણની ગતિ લીધી!

ધરતી પરનો સૂરજ આથમ્યો રાત થઈ ગઈ કાળી
અંતરને અજવાળવા કાજે ઉજવે લોક દિવાળી!
પાવનકારી પ્રેમળ-જ્યોતિ દેતી પાપ પખાળી
અંધકારે અટવાઈ રહેલાંની વાટ દીયે અજવાળી!

☐ **કવિ શાંતિલાલ શાહ** (મહાવીર દર્શન)

એ કાળ કેવો મહાન હશે જેણે આપણને ભગવાન મહાવીર જેવા તીર્થંકર પરમાત્માના દર્શન કરાવ્યા!

ભગવાન મહાવીર આ જગતને સંપૂર્ણ કલ્યાણના માર્ગે દોરી ગયા તે સમયની વાત કરવાની સરળ નથી. જ્યારે મંદિરે મંદિરે માનવી આસૂરી ઉપાસનામાં મસ્ત હતો, શૂદ્ર અને નારી મરણના અભિશાપ જેવું જીવન જીવતા હતા, નગરો અને જંગલમાંથી નિર્દોષ પ્રાણીઓની હત્યાની આહ સંભળાતી હતી તેવા સમયે ભગવાન મહાવીર જેવા જગદીપક પૃથ્વી પર પધાર્યા અને તેમણે જગતને અહિંસા તથા કરુણાના સંપૂર્ણ કલ્યાણના માર્ગે દોર્યું.

ભગવાન મહાવીરના સંપૂર્ણ જીવનને પ્રગટ કરતાં સ્તવનો આપણે ત્યાં બહુ ઓછા મળે છે. કવિ અને ગાયક શાંતિલાલ શાહનું આ સ્તવન સંપૂર્ણ મહાવીર જીવન દર્શન કરાવે છે. પ્રાતઃકાળે, શાંત સમયે આ સ્તવનને ગણગણીએ તો હૃદય ભાવવિભોર બની જાય છે.

પ્રત્યેક પંક્તિઓમાં ભગવાન મહાવીર કેવા દિવ્ય પુરુષ છે તેનું આપણને અહીં દર્શન થાય છે. ક્ષત્રિયકુંડમાં ભગવાનનો જન્મ થયો, માતા ત્રિશલા પોતાના બાળકને લાડ લડાવે છે એ પ્રારંભની ગાથાઓ કેટલી સુંદર છે! માતા ત્રિશલાનું નામ અહીં મુકાયું ન હોવા છતાંયે એ દેદીપ્યમાન દેવી આપણા સૌના ચક્ષુઓ સમક્ષ પ્રગટ થઈ જાય છે.

વર્ધમાનકુમાર નાનપણથી પોતાની મહાનતા પ્રગટ કરી રહ્યા છે. કવિ શાંતિલાલ કહે છે,

*'પુત્રના લક્ષણ પારણેથી પળવાર મહીં પરખાઈ ગયાં*
*બાળવયે વર્ધમાનકુમાર તો મહાવીર નામે પંકાઈ ગયા!'*

ભગવાન મહાવીરનું જીવન એટલે જળકમળનું જીવન. જે સ્વયં આત્મસાધના કરવાના છે અને અંનત જીવોને આત્મકલ્યાણનું માર્ગદર્શન આપવાના છે તેનું જીવન કેટલું નિર્લેપ અને નિર્મળ હોઈ શકે તે નિહાળવું હોય તો ભગવાન મહાવીરનું જીવનદર્શન કરવું પડે. ભગવાન મહાવીર સંસારના તમામ વૈભવો છોડીને એકદા જંગલના માર્ગે ચાલી નીકળે છે. તેમને પગલે પગલે કષ્ટ અને ઉપદ્રવ આવ્યા જ કરે છે. પણ તે મહાપુરુષ છે. આફતને અવસરમાં પલટાવવાનું તે જાણે છે. પ્રત્યેક આફતને તેઓ અધ્યાત્મનો પંથ બનાવે છે. કંટક કે કંકર, કોઈની ગાળ કે કોઈનો ડંખ એમને વિચલિત કરી શકતા નથી. તેમનું મન દૃઢ છે. તેમનો આત્મા મજબૂત છે. તેમનું ધ્યાન અપલક છે. પ્રત્યેક પગલે પોતાના લક્ષ્ય ભણી તેઓ આગળ વધ્યા જ કરે છે. ઇંદ્ર મહારાજા વિનંતી કરવા આવે કે હું તમારી સાથે રહું અને તમારા ઉપસર્ગોમાં તમારી રક્ષા કરું ત્યારે ભગવાન તેની વિનંતી નકારી દે છે. વાંચો :

*દુઃખથી લેશ નહિ ડરનાર એ સામેથી દુઃખને ડારતો'તો*
*સુખની શીતળ છાંય તજીને દાવાનળે ડગ માંડતો'તો*
*પ્હાડનાં પ્હાડ તૂટ્યાં પણ એ પડછંદ બની ધીર ધારતો'તો*
*સહાય કરવા ઈંદ્ર આવ્યા ત્યારે ઈંદ્રને પણ વારતો'તો*

ભગવાન મહાવીર સાધકનું આદર્શ જીવન જીવે છે. કોઈને પણ એમ કહેવું હોય કે સાધકનું જીવન કેવું હોય તો ભગવાન મહાવીરનું જીવન નિહાળે. સાડા બાર વર્ષના દીર્ઘકાળમાં તેમણે ઘોર કષ્ટ સહન કર્યાં છે અને ઘોર તપશ્ચર્યા કરી છે. વિચારો કે એમણે સાડા બાર વર્ષ દરમિયાન માત્ર ત્રણસો ઓગણપચાસ વખત દિવસમાં એકવાર ભોજન લીધું છે! એનો અર્થ એ થયો કે તેમણે સાડા અગિયાર વર્ષના ઉપવાસ કર્યા છે! ક્યારેક આંખ મીંચીને, શાંતિપૂર્વક બેસીને વિચારશો તો સમજાશે કે સાડા અગિયાર વર્ષના ઉપવાસ શું વસ્તુ છે! આટલી ઘોર તપશ્ચર્યા પછી પણ એમના મનની શાંતિ ડગતી નથી, એમનું ધ્યાન ડગતું નથી, એમની પ્રસન્નતા ડગતી નથી. આ એક સંપૂર્ણ ઇતિહાસની વિરલ ઘટના છે. આટલી વિરાટ તપશ્ચર્યા અને આટલી વિશિષ્ટ પ્રસન્નતા જગતમાં અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી.

આજથી પચ્ચીસો વર્ષ પહેલાં ધર્મ સ્થાપવો, ધર્મ સમજાવવો સરળ નહોતું. વાંચો :

*તે સમે ધર્મને નામે ખરેખર પાખંડીઓનું રાજ હતું*
*યજ્ઞ મહીં નિર્દોષ બિચારાં પશુઓનું બલિદાન થતું!*
*કંચન-કામીની કાજ કંઈ કેટલાઓનું લોહી રેડાઈ જતું*
*દંભ ને દાનવતા દેખીને દિલ એનું વલોવાઈ જતું!*

ભગવાન મહાવીરના જમાનાનું આ વર્ણન છે. એવા સમયમાં લોકોને ધર્મ માર્ગે દોરવા તે સરળ નહોતું. પરંતુ આ તો ભગવાન મહાવીર હતા. તેમણે તે કાળના લોકોને ધર્મનું તત્ત્વ સમજાવ્યું અને સૌને ધર્મ માર્ગે દોર્યા. વાંચો :

*ગંગાના નિર્મળ નીર સરિખી પાવનકારી વાણી*
*હિંસાની બળતી આગમાં જાણે છાંટે શીતળ પાણી*
*એને ચરણે આવીને ઝૂકે કંઈ રાજા કંઈ રાણી*
*સિંહ ને બકરી, વેર વિસારી સ્નેહ રહ્યાં છે માણી!*

ભગવાન મહાવીરની વાણી સાંભળવા દેશ-વિદેશના અસંખ્ય લોકો આવ્યા અને ધર્મ માર્ગે વળ્યા. ભગવાનની વાણી એટલે પશુમાંથી માણસ બનાવી દેવાની કળા! અસંખ્ય લોકોનું જીવન પરિવર્તન થઈ ગયું. કેટલાયે વ્યસનો છોડ્યા હતા, કેટલાયે ઘરબાર છોડ્યા હતા, કેટલાયે સુખ અને વૈભવ છોડ્યા હતા. આ ભગવાન મહાવીરની વાણીનો ચમત્કાર હતો. ભગવાન મહાવીરે તે સમયે જે તત્ત્વ સમજાવ્યું તે આજે પણ અદ્ભુત લાગે છે. ભગવાન મહાવીરે કહેલી ભૂગોળ તથા ખગોળ એટલું સ્પષ્ટ છે કે દુનિયાનો નકશો સમજવામાં વિજ્ઞાનનો આટલો વિકાસ થયા પછી આશ્ચર્યજનક લાગે છે. ભગવાન મહાવીરે કરેલી કર્મની સૂક્ષ્મ છણાવટ નિહાળીએ છીએ ત્યારે આશ્ચર્યમાં ડૂબી જવાય છે. ભગવાન મહાવીરે સમજાવેલું તત્ત્વજ્ઞાન એટલું સ્પષ્ટ છે કે જગતના કોઈ પણ ધર્મની ચેલેન્જ તેને પડકારી શકતી નથી.

ભગવાન મહાવીર પોતાના જીવનના અંતિમ સમયને પણ દિવ્ય બનાવી દે છે. વાંચો :

*જાણી લીધું કે જીવનયાત્રા થવા આવી હવે પૂરી*
*વિહારનો કરી અંત પ્રભુજી આવી વસ્યા પાવાપુરી*
*અંતિમ શ્વાસ સુધી તો એમણે અખંડ દેશના દીધી*
*આસો અમાસની રાતને ટાણે નિર્વાણની ગતિ લીધી!*

*ધરતી પરનો સૂરજ આથમ્યો રાત થઈ ગઈ કાળી*
*અંતરને અજવાળવા કાજે ઉજવે લોક દિવાળી!*
*પાવનકારી પ્રેમળ-જ્યોતિ દેતી પાપ પખાળી*
*અંધકારે અટવાઈ રહેલાંની વાટ દીયે અજવાળી!*

કવિ શાંતિલાલ શાહનું આ સ્તવન આપણા હૃદયમાં અનેક દિવ્ય ભાવ પ્રગટ કરે છે અને ભગવાન મહાવીર પ્રત્યે વિશેષ આકર્ષણ પ્રગટાવે છે. ✱

## જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૯ દેવલાલીમાં સંપન્ન

અર્હમ સ્પીરીચ્યુઅલ સેન્ટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર દ્વારા ડૉ. રતનબેન ખીમજીભાઈ છાડવા પ્રેરિત દેવલાલી કલાપૂર્ણમ તીર્થ મધ્યે જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૯ સાનંદ સંપન્ન થયું.

પૂજ્ય સુમિત્રાબાઈ મ. સ.ના મંગલાચરણથી શરૂઆત થઈ. જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન મહાવીર સેવા કેન્દ્રના પ્રવિણભાઈ મહેતાએ કર્યું હતું. ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રમુખસ્થાનેથી જૈન ધર્મના વ્યાપ અને પ્રવૃત્તિની દેશ-વિદેશના સંદર્ભ સાથે છણાવટ કરી હતી.

ગુણવંત બરવાળિયા સંપાદિત 'ડેવલપમેન્ટ એન્ડ ઈમ્પેક્ટ ઑફ જૈનીઝમ ઇન ઇન્ડિયા ઍન્ડ અબ્રોડ' ગ્રંથનું વિમોચન ચમનભાઈ વોરાના હાથે થયેલ. તેમણે ગ્રંથની છણાવટ કરતું મનનીય પ્રવચન ઇંગ્લિશમાં પ્રસ્તુત કર્યું હતું.

આ પ્રસંગે ડૉ. રતનબેન છાડવાનું 'જીવનશુદ્ધિનું અજવાળું' અને ડૉ. પાર્વતીબેન ખીરાણીનું 'જીવ વિચાર રાસ' ગ્રંથનું વિમોચન કરવામાં આવેલ.

ગુણવંત બરવાળિયાએ સ્વાગત પ્રવચનમાં સેન્ટરની વિવિધ પ્રવૃત્તિઓ અને જૈન સાહિત્ય જ્ઞાનસત્રની વિગતો કહી હતી.

રાષ્ટ્રસંત, યુગદિવાકર પૂ. નમ્રમુનિ મ. સા.નો આશીર્વચન સંદેશ વાંચી સંભળાવવામાં આવેલ.

પ્રથમ બેઠક 'આપણે સૌ મહાવીરના સંતાન' એ વિષયના સત્રપ્રમુખ 'પ્રબુદ્ધ જીવન'ના વિદ્વાન તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહે જિન શાસનના અલગ અલગ ફિરકા વચ્ચે સામંજસ્ય અને સંગઠનની વાત પર ભાર મૂકતાં વિષયની પૂર્વભૂમિકા કહી હતી.

આ બેઠકમાં ડૉ. કલાબેન શાહ, નવનીતભાઈ મહેતા, ડૉ. ફાલ્ગુનીબેન ઝવેરી, ઈલાબેન શાહ, ખીમજીભાઈ છાડવા, કાનજીભાઈ મહેશ્વરી અને જશવંતભાઈ શાહે પોતાના પેપર રજૂ કર્યાં હતાં. ડૉ. ધનવંતભાઈએ દરેક પેપરની છણાવટ કરી સમાપન કરેલ.

બીજી બેઠકમાં જૈન આગમ સાહિત્યના વૈશ્વિક પ્રચારની આવશ્યકતા અને પધ્ધતિ વિષયની બેઠકના મુંબઈ યુનિવર્સિટીના વિદ્વાન ડૉ. અભય દોશી સત્રપ્રમુખ હતા.

વિષયની પૂર્વભૂમિકામાં તેમણે આગમ સાહિત્યમાં રહેલું તત્ત્વજ્ઞાન અને તેની વિશિષ્ટતાની વાત કરી હતી.

આ બેઠકમાં ડૉ. રશ્મિભાઈ ઝવેરી, ડૉ. રસિકભાઈ મહેતા, બીના ગાંધી, ડૉ. પ્રવીણભાઈ શાહ (અમદાવાદ), ડૉ. ઉત્પલાબેન મોદી, ધનલક્ષ્મીબેન બદાણી (નાગપુર) એ પોતાના નિબંધો રજૂ કર્યા હતા.

'ડેવલપમેન્ટ એન્ડ ઈમ્પેક્ટ ઑફ જૈનીઝમ ઇન ઇન્ડિયા ઍન્ડ અબ્રોડ' એ વિષયના સત્રપ્રમુખ ડૉ. મહેન્દ્રકુમાર જૈન (ચંદીગઢ) હતા. તેમણે વિષયની પૂર્વભૂમિકામાં જૈન ધર્મના વિવિધ પ્રાંતોની ઐતિહાસિક ઘટનાઓની વાત કરી હતી.

આ બેઠકમાં ડૉ. બિનોદકુમાર તિવારી (બિહાર), ડૉ. કશ્યપ ત્રિવેદી (ભૂજ), ડૉ. જી. જવાહરલાલ ધંટા (તિરૂપુર), ડૉ. રેણુકા પોરવાલ (મુંબઈ), પંકજ હિંગાર (મુંબઈ) અને ડૉ. કોકિલા શાહે પેપર રજૂ કરેલ.

રાત્રે સ્તવન અને લોકગીતોનો કાર્યક્રમ રાખેલ.

ધર્મ અને અધ્યાત્મને વર્તમાન જીવનમાં સક્રિય કરવાવાળા પરિબળો – એ વિષયની બેઠકના સત્રપ્રમુખ ડૉ. પાર્વતીબેન ખીરાણી હતા.

બીજા દિવસની આ અંતિમ બેઠકમાં પાર્વતીબહેને વિવિધ પરિબળોનું જૈન તત્ત્વજ્ઞાનના સંદર્ભે સુંદર વિશ્લેષણ કર્યું.

આ બેઠકમાં ડૉ. રતનબેન છાડવા, રમેશભાઈ ગાંધી, જશવંતભાઈ શાહ (વાપી), જ્યોત્સના ધ્રુવ, વસંત વીરા, ગુણવંત ઉપાધ્યાય (ભાવનગર), પ્રદીપ શાહ, શ્રીકાંત ધ્રુવ, પ્રા. દીક્ષા સાવલા (આણંદ) વિગેરેએ પોતાના પેપર રજૂ કર્યા.

ડૉ. પાર્વતીબહેને દરેક પેપરનું વિશ્લેષણ કર્યું હતું.

ગુણવંત બરવાળિયાએ દરેક વિદ્વાનો અને સહયોગીઓનો આભાર માન્યો હતો. યોગેશભાઈ બરવાળિયાએ સંચાલન કરેલ. મધુબેન બરવાળિયાએ માંગલિક પઠન કર્યા પછી જ્ઞાનસત્રની પૂર્ણાહૂતિ થઈ હતી.

જ્ઞાનસત્રને સફળ બનાવવા માટે ખીમજીભાઈ છાડવા, પ્રકાશભાઈ શાહ, પ્રદીપભાઈ શાહ તથા સુરેશભાઈ પંચમીયાએ ખૂબ જહેમત ઉઠાવી હતી. મેમેન્ટો અને ગ્રંથ દ્વારા વિદ્વાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્ઞાનસત્રની પૂર્ણાહૂતિ પછી વિદ્વાનોએ દેવલાલી/નાસિકના તીર્થોના દર્શન તથા ત્યાં બિરાજતા સાધુ-સંતોના દર્શનનો લાભ લીધો હતો.

# Thus HE Was, Thus HE Spoke :

## LORD MAHAVIR

Lord Mahavir in Uttar Udhyayan Sutra tells his disciple Gautam these famous words (deshna)- 'Samayam goyam ma pamaye"

Shrimad Rajchandra, my Guru and Lord Mahavir's last Gandhar describes a human life as a a dewdrop , fleeting and quick.

He further explains that there are two deeper meanings to the above said deshna. One which is apparant that' Oh Gautam,Do not waste this time that you have so preciously got.' and second that unblinkingly this moment that swiftly glides by, even a fraction of that moment, one should not waste, one should not be unaware, one should not be lazy.The reason being this body is momentary- the hunter of time is constantly standing on us with his bow and arrow ready to strike.He could strike now or he could strike later but strike he will for sure, soon and since that moment is unknown , if we be unaware even for a moment, we could miss the bus... miss the fruits of a spiritual aware existance.

The liberated souls warn us to the extent that one moment gone is equal to one entire life failed.

Acharya Rajyasuriji Maharaj help us by defining what should we do with the time we have. The first step towards the discipline of 'samayam goyam..' is to wake up in Brahma Muhurat. Brahma Mahurat is a time of 48 minutes before sunrise which is considered the most auspicious time for meditation- Professor John. S. Hoyland has described it as the moment when "the veil between the things that are seen and the things that are unseen becomes so thin as to interpose scarcely any barrier at all between the eternal beauty and truth and the soul which would comprehend them."

This time of the morning the entire atmosphere in is charged with powerful electro-magnetic-intelligent carriers generally called spiritual vibrations that travel in a north-south direction. This time is also ideal for study, to obtain knowledge .

`O traveler get up; it is dawn-it is not right that you continue sleeping.

One who awakes, he finds, One who is asleep, he loses.

Get up and open your eyes from slumber and meditate on your Master'. **– Kabir**

**RESHMA JAIN**
The Narrators
Tel: 9820427444

### Twenty Fourth Tirthankar Bhagwan Mahavir : As a Fearless Child

He was fearless since his childhood. He was born on the thirteenth day of the bright half of the month of Chaitra before Two thousand six hundred years ago. His mother's name was Trishladevi and father's name was Siddharth.

Once upon a time few children were playing a game of cathching cook around a tree. All were busy playing. Suddenly a child was shocked to see a serpent on one of the trunks of the tree. Listening his loud screeching, the other children also ran here and there. One of the child – our Mahavir swiftly went near the tree and lifted the serpent and threw him for away. All the children were surprised. How could he catch the serpent and threw him away!

On another game he was taken away by a demon to kill him but instead Vardhman killed th demon.

When he grew up he was not inclined to get married. He loved and respected his parents a lot and therefore he agreed to get married at the proper age with Yashoda. He had one daughter named Priya Darshana. At the age of twenty eight he lost both of this parents. He wanted to leave the palace and worldly life but at the request of his elder brother Nandivardhan he left the idea of leaving everything and delayed for two years.

After a year he started giving away everything belonging to him. He gave away clothes and valuables, gold mohars also. he started discarding everything day by day. On the tenth day of the dark half of the month of Margashirsha he relinquished everything. He left the palace, the family and the worldly life. He became a monk and did penance for twelve and a half year. Ultimately he achieved Keval Gyan on the tenth day of Vaishakha. He was then known as Tirthankara who preached the Jain religion.

**By : Pushpa Parikh**

# SHANTILAL SHAH'S MAHAVIR STAVAN

**By PUSHPA PARIKH**

લડતી ઝઘડતી આ દુનિયાને એક દિન
મહાવીર ચીંધ્યા રાહે જાવું પડશે
પ્રભુ મહાવીર ચીંધ્યા રાહે જાવું પડશે
હિંસાના તાંડવમાં રાચનારા લોકોને
એક ’દિ જરૂર પસ્તાવું પડશે.
પ્રભુ મહાવીર ચીંધ્યા...

(૧)
કોટિ કોટિ માનવીને માથે નિરંતર, ગાજે છે યુદ્ધના નગારા
પડીકે બંધાયેલ જીવને પળેપળ, ભડકાવતા ભણકારા
લાખો નોંધારાના આંસુના શ્વાસની આગમાં એક દિ હોમાવું પડશે...
પ્રભુ મહાવીર ચીંધ્યા...

(૨)
વેરથી વેર શમે ન કદાપી, આગથી આગ બુઝાય ના
હિંસાથી હિંસા હણાય નહિ કોઈ દિ, શસ્ત્રોથી શાંતિ સ્થપાયના
બૉમ્બના બનાવનાર વૈજ્ઞાનિકોને, એક ’દિ જરૂર પસતાવું પડશે
પ્રભુ મહાવીર ચીંધ્યા...

(૩)
લાખ લાખ પ્રશ્નોના સાચા ઉકેલો, શસ્ત્રો થકી નહીં આવે,
ભીતિ બતાવે માનવીના હૈયામાં, પ્રીતિ કદિ નહીં જાગે.
સત્ય અહિંસાને શાંતિનું સંગીત, બુલંદ કંઠે ગાવું પડશે.
પ્રભુ મહાવીર ચીંધ્યા...

*Ladati Zagadti Aa Duniyane Ek din*
*Mahavir Chindhya Rahe jaavu padashe*
*Prabhu Mahavir Chindhya Rahe jaavun padashe*
*Hinsana Tandavma rachnara lokne*
*Ek Di jarur pasatavun padashe*
*Prabhu Mahavir...*

*Koti Koti Manvine Mathe Nirantar gajechhe yudhhana nagara*
*Padike bandhayel jeevne palepal bhadakvta Bhankara*
*Lakho nodharana Aansuna shvasni aagma Ek di Homavu Padashe...*
*Prabhu Mahavir...*

*Verthi Ver shame na kadapi, Aagthi Aag Buzay na*
*Hinsathi Hinsa Hanay nahi koidi, Shastrothi Shanti Sthapay na.*
*Bombna Banavnar vaigyanikone, Ek di Jarur pastavun padashe*
*Prabhu Mahavir...*

*Lakh Lakh Prashnona Sacha Ukelo Shastro thaki nahi Aave.*
*Bhiti Batave Manavina Haiyama, Preeti Kadi Nahi Jaage.*
*Satya Ahinsane Shsantinu Sangeet Buland Kanthe gavu Padashe*
*Prabhu Mahavir...*

This is a Stavan (Bhajan) by Shri Shantilal Shah a very famous poet. He was a famous composer as well as a singer. He has written very welknown stavans which are sung by our people at many places and at various functions and during our festivals.

Now I will try to explain the meaning of his stavan--Stanza by stanza.

In the beginnig he has clearly mentioned that the people of the world today who are occupied in fighting wil have to follow one day the path showed by Mahavir Bhagwan. The people who are busy in Hinsa like the terrorists will definately have to repent one day.

In the first stanza he tries to mention the mental agony that people are facing these days. He feels that the people busy in Hinsa will definetely have to repent and will be punished by god in such a way that they will be unhappy by experiencing the the fire of the tears of unprotected people

In the second stanza he mentions about the Jain religion which says that you can never abolish vengeance by vangeance and you can never extinguish fire by fire; violence can't be demolished by violence; peace can't be achieved by weapons, He further says that the inventors of bomb will definately have to repent one day. This is the basic knowledge or the lesson preached by our gurus or sadhus & saints.

In the last stanza he mentions the same idea in a different way. Here he clearly says that you cannot solve any problem with the help of the weapens. Here I am reminded of a sentence from a very recent famous book, `The secret of the Nagas' by Amish Tripathi. There he has mentioned (p.g. 190) `Vengeance is a luxury I cannot afford.' It is quite true that in war you need lots of money to produce weapons. You can never produce love in a human being by showing fear. We will hve to spread the message of peace, Ahimsa and Truth by an effective music and songs.

Though this stavan is written before many years, it is very appropriate in these days of the daily fear from the terrorists.

☐ **PUSHPA PARIKH**



# A beginner's guide to Lord Mahavir

Bhagwan Mahavira

A contemporary of Gautam Buddha, Bhagwan Mahavira's teachings and life form the perfect and limitless source of inspiration for Jains. Indeed, he is the rejuvenator, propagator and teacher of Jainism.

Queen Trishala saw 14 auspicious dreams when she conceived him. Asked by King Siddartha to explain the meaning, the dream interpreters announced that the queen would give birth to a Tirthankara. Mahavira was born in 543 before the Vikram era (599 B.C) on the 13th day of the bright half of the Chaitra month at Kshatriya Kundh. This region is today part of the state of Bihar in India.

His parents named him 'Vardhamana', because from the time he was conceived, the power, wealth and glory of not only the royal family but also the people multiplied.

From early childhood, Vardhamana had great physical strength. His fearlessness soon earned him the title of 'Mahavira'. His parents found him a bride in princess Yashoda and they had a daughter, Priyadarshana. Though he spent the first 30 years of his life as a householder, living in the royal palace, his mind continued to dwell on renunciation and spiritual practice.

Finally, when he was 30 years old, he took the vow of asceticism, renouncing the world. The next twelve and half years were spent in deep silence and meditation and practice of severe austerities. With the greatest equanimity and serenity, he faced the insults and ill-treatment of the rude and ignorant. He bore ungrudgingly the attacks of beasts and insects and other calamities of nature.

Once, he went through a forest where a venomous cobra called Chandkaushik lived. When the enraged snake bit his toe, a substance that was as pure as milk flowed from the wound. In fact, Mahavira's gentle words calmed Chandkaushik who recalled its past births and that it had suffered immensely due to its angry nature. He paid reverence to the Lord, took the vow of fast-unto-death and later died while meditating.

At another time, a heavenly figure known as Sangamdev visited 20 different and dreadful calamities on Bhagwan Mahavir in just one night. This entity assumed the forms of mosquitoes, beasts, sandstorms, scorpions and other poisonous creatures at different times and hurled itself at him or bit him. Nothing succeeded in shaking Mahavira's composure. So Sangamdev went to the opposite extreme and

began sending charming 'Apsaras'( beautiful women) to seduce him. This did not succeed either. After six months of harassing the Lord in this manner, Sangamdev himself fell in exhaustion at Mahavira's feet.

Jainism believes that time is infinite and has neither beginning nor end. It is divided into infinite and equal time cycles with each cycle being further divided into two equal halves. These halves have a distinct and characteristic feature. One half is the progressive phase known as Utsarpini while the other, the regressive part is known asAvsarpini. Each of these are further divided into six unequal parts called Aras.

The present period is the fifth Ara of the Avsarpini part.

Jains hold that in the previous Ara (i.e the fourth one), 24 souls became Tirthankaras.

A Tirthankar is one who has conquered all the enemies within himself (like anger, desire, falsehood, pride) and has thus created a "ford" across the "river of human misery" that is life.

In the present Avsarpini, Bhagwan Rishabhadev was the first Tirthankara and Bhawan Mahavira, the last and twenty-fourth Tirthankara.

**Reshma Jain**

The Narrators

Tel: 9820427444

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57. Published on 16th of every month &
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2012-14





જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર, વીતરાગ, સર્વજ્ઞ, પરમાત્મા, શ્રમણ, ભગવાન શ્રી મહાવીર
Bhagwan Mahavira; The great saviour in lotus postue, seated on a golden lotus

**Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.**

**Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.**